શ્રી પ્રાચીન સ્તવનાદિ સજ્ઝાયમાળા

જૈન સરસ્વતી સભા

આચાર્યશ્રી ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાલા ૬૧.

શ્રી મન્નાગપુરીય બૃહત્તપાગચ્છ (શ્રી પાર્શ્વચંદ્ર સૂરિગચ્છ)

ૐ અર્હં શ્રી નવ પલ્લવ પાર્શ્વનાથાય નમો નમઃ

શ્રી પ્રાચીન સ્તવન સઝાયાદિ સંગ્રહ

શ્રી નાગોરી બૃહત્ તપા ગચ્છીય પૂજ્યપાદ મહત્તરા
સાધ્વીજી શ્રી ચંદન શ્રીજી મ. તથા તેમના પ્રશિષ્યા
સાધ્વી ચારિત્ર શ્રીજીના સ્મરણાર્થે
સાધ્વીજી પ્રીતીશ્રીજી તથા મહોદય શ્રીજીના ઉપદેશથી
ભેટ

પ્રકાશક : સરસ્વતી સભા (શામળાની પોળ)
શ્રી કુમુદચંદ્ર ગોકળદાસ શાહ (લુહારની પોળ)
અમદાવાદ.

વિક્રમ સંવત	વીર સંવત	ક્રિસ્વીસન
૨૦૧૫	૨૪૮૫	૧૯૫૮
આવૃત્તિ પહેલી	અમુલ્ય	પ્રત ૭૫૦

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઇ પટેલ
મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ ૧.

બે બોલ

આ સંગ્રહમાં એવા અનેક નાના મોટા સ્તવનો તથા સઝાયો છે, જે જીવનની સમસ્યાઓનો આધ્યાત્મિક સમાધાનોના દર્શન આપી જાય છે, અને આ સંગ્રહના સ્તવન સઝાયો વર્તમાન રચિત નથી, એ પ્રાચીન છે. સંસારની ભૂમિથી અલિપ્ત રહી, આત્માની ધૂન ધખાવતા. જોગંદર જોગીઓની આ બધી રચના છે મહા તપસ્વીઓની ઉચ્ચ સાધકોની આવાણી છે તેમના અંતર આત્માએ અનુભવેલી આ બધી ભાષા છે.

સુજ્ઞજનો આ સંગ્રહમાંથી કોઈપણ નાના કે મોટા સ્તવન કે સઝાય કંઠાગ્ર કરશે તો સંગ્રહ કર્તાની મહેનત સફળ થઈ લેખાશે.

સંગ્રહ કરવામાં પૂ૦ સાધ્વીજી પ્રીતીશ્રીજી તથા મહોદયશ્રીજી તથા હર્ષપ્રભાશ્રીજી આદિએ ગુરૂ ભક્તિ નિમિત્તે મોટો ફાળો નોંધાવ્યો છે.

પૂજ્ય મુનિમહારાજ સાહેબજી વિદ્યાચંદ્રજી. મ સા. પણ આ પુસ્તક છપાવવામાં તથા સુધારવામાં ઘણો પ્રયાસ લીધો છે તેથી તેમનો પણ આભાર માનીએ છીએ.

અંતમા આ સંગ્રહનો ખૂબ સદુપયોગ થાય એમ ઇચ્છી પ્રેસના કારણની અશુદ્ધિની ક્ષતિઓની ક્ષમા માગીએ છીએ.

स्वर्गस्थ परमपूज्य जैनाचार्य
श्री भ्रातृचंद्रसूरीश्वरजी महाराज.

जन्म : सं. १९२०
वांकडीया वडगाम-मारवाड.
दीक्षा : सं. १९३५ फा. सु. २.
विरमगाम.

सूरिपद : सं. १९६७
वै. सु. १३, सीवगंज
स्वर्गवास : १९७२
वै. वदी ८, अमदावाद.

દિશાશૂલ	નક્ષત્રશૂલ	યોગિની	કાળ ચંદ્રવાસ		
દિશા	દિશાશૂલ	નક્ષત્રશૂલ	સન્મુખ યોગિની	સામો કાળ	સન્મુખ શુભ ચંદ્ર
પૂર્વ	શ. સોમ	જ્યે. પૂ. ષા.	તિથી૨-૯	શનિ	મેષ,સિંહ, ધનુ
અગ્નિ	સો. ગુ.	ઉ. ષા	૩-૧૧	શુક્ર	
દક્ષિણ	ગુ.	પૂ. ભા. વિ.	૫-૧૩	ગુરૂ	વૃષ,કન્યા, મકર
નૈઋત્ય	શુ. ૨.	શ્ર. ધ.	૪-૧૨	બુધ	
પશ્ચિમ	શુ. ૨.	રો. પૂષ્ય. મૂ.	૬-૧૪	મંગળ	મિન,તુલા,કુંભ
વાયવ્ય	મં.	રો. પુષ્ય. મૂ.	૭-૧૫	સોમ	
ઉત્તર	મં. બુ.	પૂ ફા. ઉ. ફા.	૨-૧૦	રવિ	કર્ક, વૃશ્ચિક, મીન,
ઇશાન	બુ. શ.	હસ્ત વિ.	૮-૩૦		

જે દિશામાં-દિશા-નક્ષત્રશૂલ-અને સામો કાળ (સન્મુખ ચંદ્ર સિવાય) હોય તે દિશામાં તે વારે જવું નહીં. યોગિની ડાબી બાજુ સુખ આપે પીઠ પાછળ રહેતો ઇચ્છીત સફળતા મળે, જમણી બાજુ ધન નાશ અને સન્મુખ યોગિનો પ્રયાણમાં મૃત્યુકષ્ટ આપે છે.

ચંદ્ર સન્મુખ હોય તો સફળતા જમણો લાભ, પીઠ પાછળ કષ્ટ, તથા ડાબો હોય તો પ્રયાણમાં વિઘ્ન કરે છે, દિશા પરત્વે કોઠામાં ચંદ્ર દર્શાવેલ છે.

અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
૧ શ્રી આત્મરક્ષા નવકાર મંત્ર	૧
૨ શ્રી ઋષિમંડલ સ્તોત્ર	૨–૮
૩ શ્રી જીન પંજર સ્તોત્ર	૯–૧૧
૪ શ્રી પાર્શ્વનાથ મંત્રાધિરાજ સ્તોત્ર	૧૨–૧૪
૫ શ્રી ચઉસરણ પયન્ના	૧૫–૨૦
૬ આઉર પચ્ચખાણ પ્રયન્ના	૨૧–૨૮
૭ શ્રી ધંટાકર્ણ મહામંત્ર	૨૯
૮ ઉવસગ્ગહરં મહા પ્રભાવિક સ્તોત્ર	૩૦–૩૨
૯ શ્રી ગૌતમાષ્ટકમ	૩૩
૧૦ શ્રી ભગવાન પાર્શ્વનાથનો મંત્ર	૩૪
૧૧ નેમનાથનો સલોકો	૩૫–૪૨
૧૨ શ્રી સિદ્ધગીરીના ૧૦૮ ખમાસણા	૪૩–૫૦
સ્તવનો.	
૧૩ શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું	૫૧
૧૪ શ્રી પાર્શ્વનાથજીના ૧૦૮ નામનું	૫૨–૫૪
૧૫ શ્રી શાન્તિનાથનું	૫૫
૧૬ શ્રી શાન્તિનાથનું	૫૬
૧૭ શ્રી નેમનાથનું	૫૭
૧૮ શ્રી અરિહંતજીનું	૫૮
૧૯ શ્રી નવપદનું	૫૯
૨૦ શ્રી મંધર સ્વામીનું	૬૦–૬૧
૨૧ સિદ્ધાચલજીની ભાવનાનું	૬૨
૨૨ શ્રી ઋષભદેવનું	૬૩
૨૩ શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું	૬૩–૬૪
૨૪ પારસનાથનો ચાળ	૬૫
૨૫ મહાવીર સ્વામીનું	૬૬
૨૬ પાર્શ્વનાથનું	૬૭
૨૭ મહાવીરસ્વામીનું	૬૮
૨૮ ઉપદેશકનું	૬૮
૨૯ સામાન્ય જીનનું	૬૯
૩૦ મહાવીર સ્વામીનું	૭૦
૩૧ શત્રુંજયના ૧૦૮ નામ ગર્ભીત	૭૧–૭૨
૩૨ મૌન એકાદશીનું	૭૩
૩૩ શ્રી ચઉસરણ	૭૪
૩૪ નવકાર મંત્રનો છંદ	૭૫–૭૭
૩૫ પ્રભુ પાસે કહેવાની સ્તુતીઓ	૭૮–૭૯

વિષય	પૃષ્ઠ
૩૬ શ્રી મહાવીર સ્વામીનો છંદ	૮૦
૩૭ શ્રી પાર્શ્વનાથનો છંદ	૮૦
૩૮ શ્રી ગોડી પાર્શ્વનાથની ઢાળો	૮૧–૮૫
૩૯ શાન્તિનાથનો છંદ	૮૬
૪૦ સરસ્વતી માતાની આરતી	૮૭
૪૧ ગોડી પાર્શ્વ પાર્શ્વનાથનું	૮૮
૪૨ નેમ રાજુલનું	૮૯
૪૩ દો દીનકા મહેમાન	૯૦–૯૧
૪૪ શ્રી ઋષભદેવનું પારણું	૯૨–૯૩
૪૫ મહાવીર સ્વામીનું પારણું	૯૪
૪૬ સાતવારની કરણીનું	૯૫
૪૭ શ્રી મંધર સ્વામીની ઢાળો	૯૬–૯૯
૪૮ જ્ઞાન પંચમીની ઢાળો	૧૦૦–૧૦૫
૪૯ ફલોધી પારસનાથનું	૧૦૬
૫૦ શ્રી પાર્શ્વનાથનું	૧૦૭–૧૦૮
૫૧ નારકીની ઢાળોનું	૧૦૯–૧૧૨
૫૨ આત્મ શિક્ષાની સઝાય	૧૧૩
૫૩ પુન્ય પ્રકાશનું	૧૧૪–૧૨૩
૫૪ ગોડી પારસનાથના મેધા કાજળના ઢાળીયા	૧૨૪–૧૪૩
૫૫ મંધર સ્વામીનું	૧૪૪–૧૪૬
૫૬ ગોડી પારસનાથનું	૧૪૭–૧૪૮
૫૭ જ્ઞાન પંચમીનું	૧૪૯–૧૫૨
૫૮ ચંદ્રપ્રભુનું	૧૫૩–૧૫૪
૫૯ મલ્લીનાથનું	૧૫૫–૧૫૮
૬૦ પદ્મ પ્રભુનું	૧૫૯
૬૧ ચિંતામણી પારસનાથનું	૧૬૦
૬૨ આત્મ નિંદા ગર્ભિત પાર્શ્વનાથજીનું	૧૬૧–૧૬૨
૬૩ કેસરીઆજીનું	૧૬૩
૬૪ મહાવીર સ્વામીનું	૧૬૩
૬૫ શાન્તિનાથનું	૧૬૪
૬૬ નેમનાથનું	૧૬૫
૬૭ કેસરીઆજીનું	૧૬૬
૬૮ ફલોધિ પાર્શ્વનાથજીનું	૧૬૭
૬૯ શ્રીમંધર સ્વામીનું	૧૬૮
૭૦ વિર નિર્વાણ કલ્યાણકનું	૧૬૯
૭૧ જ્ઞાનપદનું	૧૭૦
૭૨ ગૌતમ સ્વામીનો લઘુ રાસ	૧૭૧–૨૭૨
૭૩ પાર્શ્વનાથ મંત્ર ગર્ભિત સ્તવન	૧૭૩

વિષય	પૃષ્ઠ
૭૮ શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ	૧૭૪
૭૫ અરિહંતની સ્તુતિ	૧૭૫
૭૬ જીન પ્રતિમા સ્થાપનની સ્તુતિ	૧૭૬
૭૭ શ્રી ચિંતામણી પાર્શ્વનાથની સ્તુતિ	૧૭૬-૧૭૭
૭૮ સામાન્ય જીન સ્તુતિ	૧૭૮
સજ્ઝાયો	
૭૯ શ્રી વીર જીન કલ્યાણકની	૧૭૯-૧૮૦
૮૦ જીન પ્રતિમા વંદનની	૧૮૧
૮૧ વિજયશેઠને વિજ્યા શેઠાણીની	૧૮૨-૧૮૪
૮૨ શાલિભદ્રની	૧૮૫-૧૮૬
૮૩ બીજની	૧૮૭
૮૪ પાંચમની	૧૮૮
૮૫ આઠમની	૧૮૯-૧૯૦
૮૬ એકાદશીની	૧૯૧-૧૯૨
૮૭ સંસારના સ્વરૂપની	૧૯૩-૧૯૪
૮૮ જીવને શિખામણની	૧૯૫
૮૯ મનને શિખામણનાં	૧૯૬
૯૦ શિખામણની	૧૯૭
૯૧ નિંદ્રાની	૧૯૮
૯૨ રાવણને શિખામણની	૧૯૯-૨૦૦
૯૩ સમકિત ઉપર શ્રેણીક રાજાની ઢા. ૨	૨૦૧-૨૦૪
૯૪ મોહ મિથ્યાત્વની	૨૦૫-૨૦૬
૯૫ જંબુ સ્વામીની	૨૦૭
૯૬ કર્કશ સ્ત્રીની	૨૦૮
૯૭ મોક્ષ નગરની	૨૦૯
૯૮ દીવાની	૨૧૦
૯૯ મરવા ટાણાની	૨૧૧
૧૦૦ ગજસુકુમાલની	૨૧૨
૧૦૧ નટવાની	૨૧૩
૧૦૨ કલાવતીની	૨૧૪-૨૧૫
૧૦૩ દીવાળીની	૨૧૬-૨૧૭
૧૦૪ જીવ દયાની	૨૧૮-૨૨૦
૧૦૫ સાસુ વહુની	૨૨૧-૨૨૫
ઢાળો ૪	
૧૦૬ ઈરીયા વહિનિ	૨૨૬
૧૦૭ શ્રી વિજયદેવસૂરી કૃતશુદ્ધ આણાની	૨૨૭-૨૨૮
૧૦૮ જીનદાસને સોહગ્ગદેવીની	૨૨૯-૨૩૦
૧૦૯ મેઘરથ રાજાની	૨૩૧-૨૩૨
૧૧૦ કલાવતીની	૨૩૩-૨૩૬
૧૧૧ રાત્રિ ભોજનની	૨૩૭
૧૧૨ રાત્રિ ભોજનની	૨૩૮-૨૩૯

વિષય	પૃષ્ઠ
૧૧૩ નોકારવાળીની	૨૪૦
૧૧૪ સતી સુભદ્રાની	૨૪૧–૨૪૨
૧૧૫ નાગદત્ત શેઠની	૨૪૩–૨૪૭
૧૧૬ સ્થુલી ભદ્રની	૨૪૮–૨૫૦
૧૧૭ શીયલવતીની	૨૫૧–૨૫૩
૧૧૮ ચંદ્રાવતીની	૨૫૪–૨૫૫
૧૧૯ દશ ચંદરવાની	૨૫૬–૨૫૯
ઢાળો ૩	
૧૨૦ રોટલાની	૨૬૦
૧૨૧ ઘીના ગુણની	૨૬૧–૨૬૨
૧૨૨ બલભદ્રની	૨૬૩–૨૬૪
૧૨૩ સમકીતના સડસઠ બોલની	૨૬૨–૨૭૨

વિષય	પૃષ્ઠ
૧૨ ઢાળો	
૧૨૪ જંબુ સ્વામીના	૨૭૪–૨૭૭
૭ ઢાળીયા	
૧૨૫ છીંક વિચારની	૨૭૮–૨૭૯
૧૨૬ દીવાની	૨૮૦
૧૨૭ સામાયિકની	૨૮૧
૧૨૮ વૈરાગ્ય પચવીસી	૨૮૨–૨૮૩
૧૨૯ સિદ્ધની	૨૮૪
૧૩૦ સાર બોલની	૨૮૫–૨૮૬
૧૩૧ મૂરખની	૨૮૭
૧૩૨ સ્થાપના કુલકની	૨૮૮
૧૩૩ દીવાળીની ઢાળો	૨૮૮–૩૦૫
૧૩૪ પ્રભંજનાની	૩૦૫–૩૧૦
૧૩૫ દશારણ ભદ્રની	૩૦૯
૧૩૬ નવકારની	૩૧૦
૧૩૭ ગુરૂ વિનયની	૩૧૧

સહાય મુબારકોનાં નામ

રૂ.	નામ	ગામ
૨૦૧	જ્ઞાનખાતાના	ખંભાત
૧૦૧	ઝવેરી દલપતભાઈ ખુશાલચંદ	,,
૬૫૧	ઝવેરી કાન્તિલાલ કેશવલાલ વિલાસના સ્મરણ માટે	,,
૧૦૦	ચીમનલાલ પી. શા.	,,
૫૧	મોતીલાલ દલસુખભાઈ	,,
૫૧	રતીલાલ મુળચંદ	,,
૫૧	ઝવેરી વેણીભાઇ હઠીમચંદ હ. બેન સમરત	,,
૫૧	સાંકુબાઈ	,,
૨૦	ઝવેરી અંબાલાલ છગનલાલ	,,

૧૦	બેન રૂખમણી ભગનલાલ	,,
૧૧	જીવાભાઇ સાંકલચંદ	,,
૨૫	વાડીલાલ છોટાલાલ	,,
૨૫	જેઠાભાઈ ગોવર	થાણા
૨૫	મોરારજીભાઇ જેઠા	,,
૨૫	નેણુસીભાઇ મુનશી	,,
૨૫	ખીમજીભાઇ મુનશી	,,
૨૫	જીવરાજ ભુનાજી	,,
૧૧	સ્વ. કુંવરબાઈના સ્મરણાર્થે શા. ચુનીલાલ લાલજી	,,
૨૦	ચીમનલાલ નાનચંદ અમરતલાલ ,, ચંદુલાલ ,,	,,
૫	મીઠાભાઇ	,,
૫	મેઘજી હીરજી	,,
૫૦	નેમચંદ હઠીભાઈ હ. બેનગજી	અમદાવાદ
૨૫	વાડીલાલ કાલીદાસ હ. ચંપાબાઈ	,,
૨૫	મફાભાઇ નાથાભાઈ હ. બેન ભુરી	,,
૨૫	રતીલાલ મોકમભાઈ	,,
૨૦	જેસંગભાઈ ખીમચંદ	,,
૨૫	સાંકળચંદ વીઠ્ઠલદાસ	,,
૨૫	લાલભાઈ જેઠ્ઠતારામ	,,
૧૫	નેણુસી લીલાધર	દાદર
૨૫	નારંગીબેન નરેંદ્રભાઈના સ્મરણાર્થે	અમદાવાદ
૫	ત્રીકમભાઈ વાડીલાલ	,,

સ્વ. વયોવૃદ્ધ મહતરા સાધ્વી શ્રી ચંદનશ્રીજી મહારાજ

જન્મ સં. ૧૯૩૧ ભાદરવા સુદી ૭, **ત્રાંસદ**

દીક્ષા સં. ૧૯૫૨ ફાગણ સુદી ૬, **માંડલ.**

સ્વ. સં. ૨૦૧૧ ચૈત્ર સુદી ૩, **ખંભાત.**

સાધ્વી શ્રી મહોદયશ્રીજીની શિષ્યા બાળ બ્રહ્મચારી

સ્વ. સાધ્વી શ્રી ચારિત્રશ્રીજી મહારાજ

જન્મ સં. ૧૯૭૩ જેઠ વદી ૮ **અમદાવાદ.**

દીક્ષા સં. ૧૯૯૦ ફાગણ સુદી ૩ **ઉનાવા** (જી. સીધ્ધપુર)

સ્વ. સં. ૧૯૯૮ ભાદરવા વદી ૧૨ **ખંભાત.**

શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ શ્રી ગોડી પાર્શ્વનાથાય નમો નમઃ
શ્રી પાર્શ્વચંદ્ર સૂરીશ્વર સદ્‌ગુરૂભ્યો નમો નમઃ
શ્રી ભ્રાતૃચંદ્ર સૂરીશ્વર સદ્‌ગુરૂભ્યો નમો નમઃ

જીવન ચરિત્ર

પરમ કૃપાળુ શાન્ત દાન્ત મહંત પરમ ઉપગારી શ્રી પાર્શ્વચંદ્રગચ્છના શાસન ઉપગારી પાર્શ્વચંદ્ર ગચ્છાધિપતિ પ્રાતઃસ્મરણીય શાસનસમ્રાટ ન્યાયવિશારદ શાસનસંરક્ષકસૂરી શ્રી ૧૦૦૮ શ્રીમાન શ્રી આચાર્યદેવ શ્રી ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજીના આજ્ઞાવર્તીની સચ્ચારિત્રપાત્ર મહાપ્રતાપશાળી સૌમ્યાકૃતિ સુવિહિત પ્રથમ મહત્તરા સાધ્વીજી શ્રી ચંદનશ્રીજી મહારાજનું જીવનચરિત્ર ટુંકમાં રજુ કરીશું.

શ્રી ત્રંબાવટી નગરીમાં (હાલમાં ખંભાત) શ્રી સ્થંભન પાર્શ્વનાથનું ભવ્ય જીનાલય તથા શ્રી પ્રથમ જીનેશ્વર શ્રી આદિનાથ પ્રભુનું તથા નવપલ્લવ પાર્શ્વનાથનું આદિ ઘણા દહેરાસરો જેમાં છે તે નગરીમાં આપણા પરમ ઉપગારી આ. શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજીનું તથા અભયદેવ સૂરીશ્વરજી તથા કુમારપાલ રાજા આદિ ઘણા મહાન શાસનના ઉપગારી થઈ ગયા છે તેજ નગરીમાં આ એક ઉચ્ચકોટીના આત્માનું ટુંક જીવન ચરિત્ર લખાઇ રહ્યું છે. હવે તેમના ગુણોનું વર્ણન કરીશ, જેથી કરીને આપણામાં ગુણોની પ્રાપ્તિ થાય.

જો કે ધર્મની અંદર પ્રધાનતા પુરૂષોનીજ છે અને તેથી પુરૂષોના ચરિત્રો હોવા જોઈ એ. આવી શંકાના સમાધાનમાં જણાવવાનું કે તેમણે સ્ત્રી વર્ગ તરફે જન્મ લઈ ને યોગ્ય વયે અનેક પ્રકારના સાહસિક કાર્યો કરેલા જેથી અનેક સ્ત્રી વર્ગ સુશિક્ષિત થઇને સન્માર્ગે જોડાયો અને અનેક ધર્મ કાર્ય કરવા લાગ્યા આ કારણથી સ્ત્રી સબંધી વૃતાંત લખવાની આવશ્યકતા જણાય છે.

તેઓશ્રીની જન્મભુમિ પવિત્ર એવા ધોળકા પાસે ત્રાંસદ ગામમાં હતી. તેઓ ત્રંબાવટી નગરીના રહીશ હતા પણ તેમનું મોસાળ ત્રાસદ હતું જ્યાં તેમનો જન્મ થયો હતો. ત્રંબાવટી નગરીમાં વાંમાનભાઇ હેમચંદનું એક સુખી કુટુંબ રહેતું હતું. તે જ્ઞાતિએ દશા-શ્રીમાળી હતા. ઘણા સદાચારી ભદ્રિક પરિણામી હતા અને ધર્મ પ્રત્યે પ્રેમી હતા. તેમના પુન્ય પ્રતાપે તેમની ભાર્યા પાર્વતીબાઇ ભદ્રિક પરિણામી હોવાથી તે દંપતી પ્રેમપૂર્વક પોતાના ધાર્મિક તેમજ વ્યવહારિક કાર્યો કરતા હતા.

મહાન પુન્યના યોગે કાલાંતરે પાર્વતી બાઈ એ પોતાના પીયર ત્રાંસદ ગામમાં સંવત ૧૯૩૧ના ભાદરવા સુદ ત્રીજના રોજે શુભ ચોઘડીએ એક પુત્રી રત્નને જન્મ આપ્યો અને તેમનું નામ ચંદનબેન પાડવામાં આવ્યું હતું. તેમને બે ભાઈ ઓ અને એક બહેન હતાં. મોસાળ પક્ષમાં ઘણી જ લક્ષ્મી હતી પરંતુ સંતાન કાંઈ ન હોવાથી

આપણા જીવન ચરિત્રના નાયક ચંદનબેન ઘણાજ લાડપાનમાં ઉછર્યા હતા. મોસાળ પક્ષ વૈષ્ણુવ ધર્મના હતા પણ તેમના માતાપિતા જૈન ધર્મમાં ઘણા ચુસ્ત હતા તેથી તેમને પોતાની પુત્રને નાનપણથીજ જૈન ધર્મના ઘણા ઉત્તમ ગુણો રેડયા હતા. લગભગ દસ વર્ષ સુધી મોસાળમાં રહ્યા પછી ખંભાત આવ્યા. નાની ઉંમરમાં પોતાની ઇચ્છા નહિ હોવા છતાં માતપિતા તથા સગાવહાલાંઓએ ફક્ત તેર વરસની નાની વયમાં લલ્લુભાઈ ગુલાબચંદની સાથે વિધિસર લગ્ન કર્યાં ને હજુ જેમને દુનિયાનું જ્ઞાન પણ નથી અને જેમને સંસારની વાસના પણ સુંધી નથી તેમના પતિ બે દિવસની ગંભીર બિમારી ભોગવી આ ફાની દુનિયાનો ત્યાગ કરી ગયા.

ચંદનબેનની નાની ઉંમર હોવાથી માતાપિતાએ વિચાર કર્યો કે આ પુત્રીની આખી જીંદગી કઇ રીતે પસાર થાય. એ વિચાર આવતાની સાથેજ તેમણે તેમની સંપત્તિ લઈને તપગચ્છના સાધ્વીજી મહારાજ સંતોકશ્રીજીની પાસે ભણવા મુકયા. તે અવસરે ખંભાતમાં શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છના પ્રખર વક્તા આચાર્યદેવ ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજી તથા દીપચંદ્રજી મહારાજ આદિ થાણા ત્રણ બિરાજમાન હતા. તે વખતે ખંભાતમાં શા. દીપચંદભાઈ કુલચંદભાઇના આગ્રહથી ભગવતીસૂત્રનું વ્યાખ્યાન કરતા હતા. તેમની અમૃતમય વાણી સાંભળવા સૌ કોઇ આવતા હતા. તે વખતે આ ચરિત્ર નાયક ચંદનબેન પણ સાંભળવા આવતા

હતા. આવી અમૃતમય વાણી સાંભળતાં તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો ને સંસારની અસારતા જાણીને પોતાના માતા-પિતાની પાસે ચારિત્ર લેવાની આજ્ઞા માગી. પરંતુ મોહને લીધે તેઓએ ચંદનબેનને ચારિત્ર લેવાની ના પાડી ત્યારે તેમને ઘરમાં રહીને છ વિગયનો ત્યાગ કર્યો, એમ કરતાં છ વર્ષ નીકળી ગયા.

એક વખતે તેમના મામાને ઘેર ધોળકામાં **નોકારસી** કરવાની હતી, તેથી તેમના સગાવહાલા બધાને ત્યાં તેડાવ્યા હતા. તે અવસરે જેને અત્યંત વૈરાગ્ય લાગેલો છે તેવા ચંદનબેન અવસરનો લાભ લઈને દર્શન કરવાના બહાને હાથમાં ચોખાનો વાટવો લઈને ગામ બહાર નીકળી ગયા. ચંદનબેન એમ માનતા હતા કે આચાર્ય મહારાજ ભ્રાતૃચંદ્ર સૂરી, અમદાવાદ, શામળાની પોળમાં છે, તેથી તેમની ઇચ્છા હતી કે ત્યાં જઈને ચારિત્ર ગ્રહણ કરૂં. પણ ભાગ્યમાં હોય તેજ બને છે. તે વખતે ગુરૂદેવ અમદાવાદમાં ન હતા. શેઠ હઠીસીંગભાઈની વહુ હરકોરબેનને પુછવાથી ખબર મળી કે સાહેબજી માંડલ છે એટલે હરકોરબેનને સાથે લઈ ચંદનબેન માંડલ આવ્યા ને ગુરૂદેવને વંદણા કરીને કહ્યું કે મને ચારિત્ર આપો. ગુરૂદેવ ના પાડી કે માતાપિતાની આજ્ઞા વિના હું દીક્ષા આપીશ નહિ.

તો આ બાજુ ચંદનબેન કાંઇક જગ્યાએ જતા રહ્યા તેવું જાણી તેમની શોધખોળ કરતા કરતાં તેમના માતાપિતા

માંડલ આવી પહોંચ્યા અને ચંદનબેનને ઘણા સમજાવ્યા પણ તેમને તો પોતાનો નિશ્ચય જરાપણ ફેરવ્યો નહિ ને કહી દીધું કે તમે મને અહીંથી ખંભાત લઈ જશો તો મારે ખંભાતના આહાર પાણીના પચ્ચખાણ છે. આવો સચોટ જવાબ સાંભળીને ગામનો આખોએ જૈન સમાજ અંદર અંદર વિચાર કર્યો કે આ બાઈને આપણા ગચ્છમાં એટલે તપગચ્છમાં દીક્ષા આપીએ. પણ ભાવિ જે નિર્માણ કરેલું હોય તે કોઈથી મિથ્યા થતું નથી. જ્યારે આ વાતની પાર્શ્વચંદ્રગચ્છના અમદાવાદ તથા બીજા ગામોવાળાને ખબર પડી ત્યારે પાર્શ્વચંદ્રગચ્છના આગેવાનો માંડલ આવ્યા ને ચંદનબેનને પાર્શ્વચંદ્રગચ્છમાં દીક્ષા આપવી એમ નક્કી કર્યું. તેમના માતાપીતાને ખંભાત ખબર આપી એટલે તેઓ પણ માંડલ આવ્યા ને દીક્ષા લેવાનું નક્કી થયું. ચંદનબેનને ઘણો આનંદ થયો. તે દિવસથી માંડલમાં ઘરે ઘરે વાયણા જમાડવાના શરૂ કર્યા, માંડલ ગામ પહેલાના વખતમાં ઘણુંજ રીદ્ધિસિદ્ધીવાળું હતું કે ત્યાં સોનાના ટોપલે ટોપલા જોખાતા હતા તેવું હતું; ત્યાં ચંદનબેનની દીક્ષા સંવત ૧૯૫૨ના ફાગણ સુદી છઠના દિવસે હતી તે પહેલાં બે દિવસ અગાઉથી ઘણીજ ધામ-ધુમપૂર્વક બેન્ડ વાજા સાથે વરઘોડો વાજતે ગાજતે ચઢાવીને ઉપાશ્રયે ઉતાર્યો. દીક્ષાનો તમામ ખર્ચ નવલખાવાળા શેઠે આપ્યો ને વરઘોડો પણ તેમનેજ ઘરેથી ચઢાવ્યો હતો. વરઘોડો ગામ બહાર આસોપાલવના વૃક્ષ નીચે ઘણાજ

ઠામમાઠથી આવ્યો ત્યાં પૂજ્ય આચાર્યદેવ ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીના વરદ હસ્તે ફાગણ સુદી છઠના પ્રભાત સમયે ભાગવતી દીક્ષાની ક્રિયા કરવામાં આવી. ગુરૂદેવે શ્રી સંઘ સમુદાય વાસક્ષેપ નાંખીને ચંદનબેનનું સંસારી નામ બદલીને આચાર્યદેવ ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીના પ્રથમ સાધ્વી ચંદન શ્રીજી નામ જાહેર કરવામાં આવ્યું. તેમનું નામ સાર્થક હતું. જેવું નામ હતું તેવાજ ગુણો હતા. તે વખતે તેમના ગચ્છના સાધ્વીજી શ્રી લબ્ધિશ્રીજી તથા સાધ્વી શ્રી લાભશ્રીજી આદિ થાણા બિરાજમાન હતા તેમની સાથે ચંદનશ્રીને રાખવામાં આવ્યા. દીક્ષા નિમિત્તે મહોત્સવ ઘણીજ ધામધુમપૂર્વક કરવામાં આવ્યો. આ દીક્ષા મહોત્સવ માંડલમાં પહેલવહેલો થયેલો હતો એટલે આખા ગામમાં ઘણોજ આનંદને ઉત્સાહ હતો. તે પછી થોડા દિવસ રહીને ત્યાંથી વિહાર કરી ચંદનશ્રીજી મ. અમદાવાદ, શામળાની પોળમાં, આવ્યા, તે વખતે શામળાની પોળમાં, પાર્શ્વચંદ્રગચ્છનો ઉપાશ્રય હતો નહિ. ચંદનશ્રીજી મ. જે પાર્શ્વચંદ્રગચ્છના શ્રાવકોને કહ્યું કે અમે ઉપાશ્રય વિના કયાં ઉતરીએ. ત્યારે શેઠ હઠીસીંગ રાયચંદભાઇએ આ વાત સાંભળીને સાધ્વીજી ચંદનશ્રીજી મહારાજના ઉપદેશથી પ્રથમ અમદાવાદમાં પાર્શ્વચંદ્રગચ્છના સાધ્વીજીને ઉતરવાનો ઉપાશ્રય શેઠ હઠીસંગ રાયચંદભાઈ એ બનાવરાવ્યો.

ત્યાર પછી ચંદનશ્રી મ. જ્ઞાન ધ્યાન તથા શાસ્ત્ર ક્રિયામાં ઘણાજ ઉપયોગવંત તથા વિનય ભક્તિ તપસ્યા

વગેરેથી પોતાના આત્માને પવિત્ર કરતા અમદાવાદમાં જ શા. મોતીલાલ નગીનદાસના ઘરમાં ચોમાસું રહ્યા. ત્યાં સૂરીશ્વર મહારાજની પાસે માંડલીઆ જોગની ક્રિયા કરી. તેમ જોગમાં તેમને એક દિવસ ઉપવાસ અને એક દિવસ લુખી નિવિ કરતાં તેમની વડી દીક્ષા પણ અમદાવાદમાં વૈશાખ સુદ સાતમના દિવસે આચાર્ય મહારાજના હસ્તે થઈ.

ત્યાર પછી ત્યાંથી વિહાર કરી ધ્રાંગધ્રા ગયા. ત્યાંથી કચ્છ તરફ વિહાર કરતાં તેમની સાથે ગુણશ્રીજી મ. ઠાણા છ હતા. મહારાજ સાહેબજી તથા સાધ્વીજી સમુદાય વિહાર કરતાં કરતાં ટિકરનું રણ ઉતરીને ભદ્રેસર ગયા. ત્યાંની જાત્રા કરીને, આજુબાજુની તીરથની જાત્રા કરીને, મોટી ખાખર ગયા ને સંઘના આગ્રહથી ગુરૂદેવની છત્ર છાયામાં ચોમાસું પણ ત્યાંજ આનંદપૂર્વક કર્યું. ગુરૂદેવે ભગવતીસૂત્રનું વાંચન કર્યું આ રીતે ૧૯૫૩નું ચોમાસું મોટી ખાખરમાં થયું.

ચોમાસામાં ચંદનશ્રીજી મ. પાસે બે બેનો ભણતી હતી. તેમનું જ્ઞાન ઘણું હતું. અત્રેથી વિહાર કરીને સુથરી ગામ ગયા. આ બાઈ અત્રે પાઠશાળા ભણાવતી હતી તેનો સાધ્વીજી સાથે ઘણોજ સંબંધ હોવાથી દીક્ષાની તીવ્ર ભાવના થઈ. તેથી આચાર્યદેવને સુથરી ગામ બોલાવી બન્ને બેનોને ત્યાં ગુરૂદેવના હસ્તે દીક્ષા આપીને ચંદનશ્રીજીની શિષ્યા તરીકે રાખ્યા. તેમનું નામ શાન્તિશ્રીજી તથા આનંદ

શ્રીજી રાખ્યું. ૧૯૫૪ની સાલનું ચોમાસું સુથરીમાં થયું. વડી દીક્ષાઓ પણ ત્યાંજ થઈ.

ત્યાંથી ગુરૂદેવ વિહાર કરી ગુજરાત તરફ પધાર્યા, ને તેઓ સુથરીથી વિહાર કરી નવાવાસ આવ્યા. ત્યાં પૂ૦ મ૦ શ્રી કુશલચંદ્રજી મ. હસ્તે એક બાઈની દીક્ષા થઈને ચંદન શ્રીજીની શિષ્યા થયા. તેમનું નામ સુમતીશ્રીજી રાખવામાં આવ્યું. તે ૧૯૫૫ની સાલનું ચોમાસું નવાવાસમાં થયું.

ત્યાંથી વિહાર કરીને નાની ખાખરમાં આવ્યા અને અહીં ડુમરા ગામની એક બાઈ ને તેમની દીકરી બન્ને જણા ચંદનશ્રીજી મ. પાસે ભણતા હતા. તેમનો પ્રેમ દેખીને તે બન્ને જણાને દીક્ષાની ભાવના થઇ. પણ છોકરીનું વેવિશાળ કરેલું હતું તેથી તેમની રજા માગી ત્યારે તે લોકોએ ના પાડી. છોકરીએ પોતે કહ્યું કે મારૂં આયુષ્ય બાર મહીનાનું છે. તેવું લખી આપો તેવો ઉત્તર સાંભળી બધા છક થઈ ગયા ને રજા આપી. તે બન્ને જણાની દીક્ષા થઈ.

એકનું નામ પુણ્યશ્રીજી તથા બીજાનું નામ હરખ શ્રીજી બન્નેને ચંદનશ્રીજી મ. શીષ્યા તરીકે જાહેર કર્યા આ નિમિત્તે અઠ્ઠાઈ મોચ્છવ તથા સ્વામીવાત્સલ્ય આઠે દિવસ કરવામાં આવ્યા. આ નાની બાળાઓની દીક્ષા પહેલ વહેલી થઈ તેથી ગામમાં સૌને ઉત્સાહ હતો. આ ચોમાસું સં. ૧૯૫૬નું નાની ખાખરમાં થયું. ત્યાં સુમતીશ્રીજીની

તબિયત બગડીને થોડી બિમારી સમતાથી ભોગવીને સમતા ભાવે કાળ ધર્મ પામ્યા. પુન્યશ્રીજીની પણ તબિયત એકાએક બગડીને તે પણ થોડા વખતનું ચારિત્ર પાળી સમતાભાવે કાળધર્મ પામ્યા. તેમને સેવા ચાકરી નિર્યામણા ચંદનશ્રીજી મ. સારી રીતે કરાવી.

ત્યાંથી વિહાર કરી કચ્છ માંડવીમાં આવ્યા. ત્યાંથી ગુજરાત તરફ આવવાની ભાવના કરે છે ત્યાં તો એક નાના સાધ્વીની તબિયત બગડીને કાળ ધર્મ પામ્યા. આ ત્રણેનો આઘાત થવાથી તેમને ઘણુંજ દુઃખ લાગ્યું. તે ચોમાસું ૧૯૫૭મું માંડવીમાંજ પુરૂ કર્યું.

ત્યાંથી પોતાના પરિવાર સાથે વિહાર કરી ભદ્રેસર આવ્યા. ત્યાં જાત્રા કરી, ટિકરનું રણ ઉતરી, ધ્રાંગધ્રા આવ્યા. ત્યાંથી વિહાર કરીને ખંભાત પધાર્યા. ત્યાં ચંદન શ્રીજી મ.ના સંસારી ફઇબા મોતીબેન તથા ચંચળબેન તેમની પાસે ભણવા આવ્યા. સંવત ૧૯૫૮ની સાલનું ચોમાસું ખંભાત થયું.

ત્યાંથી આચાર્ય મહારાજ ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજીના ઉપદેશથી ખંભાતના શેઠ દીપચંદભાઇ કુલચંદે પાલીતાણાનો છ'રી પાળતો સંઘ કાઢ્યો, તે સંઘમાં પાલીતાણે પધાર્યા.

ત્યાંથી વિહાર કરી માંડલ આવ્યા ને સં. ૧૯૫૯નું ચોમાસું માંડલ થયું.

ત્યાંથી વિચરતા વિચરતા વિરમગામ આવ્યા અને ૧૯૬૦નું ચોમાસું વિરમગામમાં થયું. ત્યાં ખંભાતવાળા મોતીબેનની દીક્ષા ગુરૂદેવના હસ્તે થઈને ચંદનશ્રીજીની શિષ્યા રાજશ્રીજી તરીકે નક્કી થયું.

વિરમગામથી વિહાર કરી અમદાવાદ પધાર્યા ને ૧૯૬૧ની સાલનું ચોમાસું અમદાવાદ થયું ત્યાં જ્ઞાન ધ્યાનનો અભ્યાસ કરી, ૧૯૬૨નું ચોમાસું ખંભાત કર્યું. ત્યાં ચંચળબેન તથા ચુનીબેન બે બાઈઓ ભણવા આવ્યા. તેમને સંસારની અસારતા સમજાઈ. તેથી બન્ને જણાએ ગુરૂદેવના હસ્તે દીક્ષા લીધી. તેમાં એકનું નામ દેવશ્રીજીને *બીજાનું નામ દયાશ્રીજી. બે ચંદનશ્રીજી મ.ના શિષ્યા થયા.* પછી શેઠ દલસુખભાઈ કુલચંદે કાવીનો સંઘ કાઢયો. ગુરૂદેવના ઉપદેશથી તે કાવી ગંધારની જાત્રા કરીને પાછા ખંભાત પધાર્યા ત્યારે દલસુખભાઇની દીકરી મણીબેનને મહારાજ ઉપર ઘણોજ પ્રેમ થવાથી ભણવા માટે તેમની સાથેજ રહ્યા. પછી ચોમાસું પૂર્ણ થયે પાંચે ઠાણા સુરત પધાર્યા. કચ્છના રહેવાસી મીઠાભાઈને ખબર પડી કે આપણા ગચ્છના સાધ્વીશ્રી ચંદનશ્રીજી સુરત આવ્યા છે ત્યારે તે વંદન કરવા સુરત આવ્યા ને મુંબઈ ચોમાસું કરવાની વિનંતી કરી. ગુરૂ મહારાજની આજ્ઞા અમદાવાદ લેવા તેઓ અમદાવાદ આવ્યા અને વિનંતી કરી ગુરૂદેવે આજ્ઞા આપી એટલે વિહાર કરી વલસાડ આવ્યા. તે વખતે સહાય વિના મુંબાઇ જવાતું ન હતું તેથી મીઠાભાઈ એ વલસાડથી ઠેઠ મુંબાઈ

સુધીની સગવડ કરી દીધી. ફરતા ફરતા ફાગણ વદી બીજના ધામધુમપૂર્વક વાજતે ગાજતે સામૈયું કરી વિશાની વાડીમાં ઉતાર્યા. મુંબાઈ પહેલ વહેલુંજ ચંદનશ્રીજી મ. નું ચોમાસું થયું એટલે દરેક શ્રાવક શ્રાવિકાઓના મનને આનંદ થયો. ત્યાં કર્મસૂદન તપ ૬૪ દિવસનો કરાવ્યો. શ્રાવકોએ ઘણા સારા પ્રમાણમાં એટલે ૧૫૦૦) રૂપીઆનો ખર્ચ કર્યો ને ગચ્છનું બહુમાન કર્યું.

તે ૧૯૬૩ની સાલનું ચોમાસું મુંબાઇ થયું.

ત્યાંથી પુના પધાર્યા. ત્યાં રાજશ્રીજીની તબિયત બગડવાથી ૧૯૬૪નું ચોમાસું જલગામ કર્યું.

ત્યાંથી ગુજરાત તરફ વિહાર કર્યો. મેવાડ, મક્ષીજી, માંડવગઢ, રતલામ, ઉજ્જન, અને ગોધરા થઈ અમદાવાદ પધાર્યા. સંવત ૧૯૬૫ની સાલનું ચોમાસું અમદાવાદ થયું. તેમની સાથે બે બેનો હતી તેમને દીક્ષાની ભાવના થઈ, પણ તેમને આચાર્યદેવના હસ્તે દીક્ષા લેવી હતી.

આચાર્યદેવ બિકાનેર હતા, તેથી બિકાનેર તરફ વિહાર કર્યો ને ત્રણ મહીને બિકાનેર પહોંચ્યા. ત્યાં બે બેનોની ઘણા ધામધુમપૂર્વક દીક્ષા થઈ ને ચંદન શ્રીજી મ.ની શિષ્યા તરીકે જાહેર કર્યા. એકનું નામ પ્રધાનશ્રીજી ને બીજાનું નામ પ્રભાશ્રીજી. તેજ દિવસે કચ્છ માંડવીના એક ભાઈ એ દીક્ષા લીધી હતી તેથી કચ્છવાળાઓએ પણ

ઘણોજ પૈસો ખર્ચેલ હતો. તે સાહેબજીના શિષ્ય પ્રસાદચંદ્રજી નામ જાહેર કર્યું હતું. તે ચોમાસું ૧૯૬૬નું બિકાનેર થયું.

અત્રેથી વિહાર કરી નાગોર ખજવાણા વગેરે સ્થળોએ ફરતાં ફરતાં શિવગંજ પધાર્યા. ત્યાં ગુરૂદેવની આચાર્ય પદવી હતી, તેથી રોકાયા. પછી ત્યાંથી વિહાર કરીને અનેક જીવોને પ્રતિબોધતાં આબુજી, ઉનાવા થઈ, માંડલ પધાર્યા. ૧૯૬૭ની સાલનું ચોમાસું સંઘના આગ્રહથી માંડલ થયું.

ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા. ત્યાં નવીન સાધ્વીઓને વડી દીક્ષા અપાવી ખંભાત પધાર્યા. ૧૯૬૮નું ચોમાસું ખંભાતમાં થયું. ત્યાં જ્ઞાનનો અભ્યાસ કર્યો ને ચોમાસું પૂરૂં થયે પાલીતાણા ગયા.

પાલીતાણા નવાણું કરી ઢાંગધ્રા જતાં રસ્તામાં વઢવાણ આવ્યું. ત્યાં કોઈ સાધુ સાધ્વી નહિ હોવાથી સંઘના અત્યંત આગ્રહે ૧૯૬૯નું ચોમાસું વઢવાણ કર્યું. ત્યાં ચોમાસામાં બાઈ ઓએ સિદ્ધિતપ કર્યો હતો. ખંભાતવાળા સાંકળચંદ નાથાભાઈની દીકરી જે નાનપણમાંજ વિધવા થયા હતા તેમને દીક્ષા લેવાની ભાવના થઈ તેથી વઢવાણથી ચંદનશ્રીજી મ. વિહાર કરી, ઢાંગધ્રા આવ્યા ને ત્યાં શકરીબેનની દીક્ષા ૧૯૭૦ની સાલમાં ગુરૂદેવના હસ્તે ધામધૂમથી થઈ, ને ચંદનશ્રીજી મ.ના શિષ્યા પ્રભાશ્રીજીના શિષ્યા પ્રીતિશ્રીજી તરિકે જાહેર કર્યા. ત્યાંથી વિહાર કરી

ગામોગામ વિચરતા જુનાગઢ ગયા. ત્યાં સાત જાત્રા કરી, ત્યાંથી વેરાવળ ગયા. ત્યાં સંઘનો ઘણો આગ્રહ હતો પણ ગુરૂદેવનો પત્ર આવ્યો કે મીઠાબાઈની દીક્ષા લેવાની ભાવના છે તેથી વિહાર કરી ધ્રાંગધ્રા આવ્યા. અહીં મુહુર્તની વાર હતી, તેથી ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા, અને એક બેનની દીક્ષા થઈ. તે રાજશ્રીજી મહારાજના શિષ્યા પદમશ્રીજી તરીકે જાહેર કર્યા. ૧૯૭૦નું ચોમાસું અમદાવાદ થયું.

ત્યાંથી વિહાર કરી આબુજીની જાત્રા કરી ફરતા ફરતા દલસુખભાઈની વિનંતિથી ખંભાત પધાર્યા. ૧૯૭૧નું ચોમાસું ખંભાત થયું. તે સાલમાં અક્ષયનિધિ તપ તથા શહેરજાત્રા ગુરૂદેવે કરાવી તેમાં લાભ લીધો. ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા. ત્યાંથી પ્રભાશ્રીજીની તબિયત બગડવાથી હવાપાણી માટે ગોધાવી ગયા. પણ પૂ૦ ગુરૂદેવ શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીની તબિયત બગડવાથી ચંદનશ્રીજી મહારાજ એકજ દિવસમાં પાછા અમદાવાદ આવ્યા. ત્યાં આચાર્યદેવની તબિયત દિવસે દિવસે બગડતી જોઈને ચંદનશ્રીજી મહારાજે સાહેબજીને કહ્યું કે સો આંબીલ અને પચાસ એકાસણા આપની શાન્તિને માટે કરીશ. એટલું કહ્યા બાદ તેજ રાત્રે દોઢ વાગે તબિયત વધુ બગડી અને આચાર્યદેવ સમાધિપૂર્વક અરિહંતનું ધ્યાન ધરતાં ધરતાં કાળધર્મ પામ્યા. તે પછી શાંતિને માટે શ્રીસંઘે અઠ્ઠાઈ મહોચ્છવ, શાંતિસ્નાત્ર, સ્વામીવાત્સલ્ય, વગેરે ઘણો લાભ લીધો. આવી ગુરૂભક્તિ તેઓની હતી.

તે પછી ચંદનશ્રીજી મ. વિહાર કરી ત્રણ ઠાણા સાથે સાણંદ ગયા. અત્રે પ્રભાશ્રીજીની તબિયત બગડવાથી સાણંદ રહ્યા. તે ૧૯૭૩નું ચોમાસું સાણંદ કર્યું. ત્યાંથી વિહાર કરી ખંભાત જતા હતા, પણ રસ્તામાં આવળા ગામમાં સંઘના આગ્રહથી રોકાયા. ત્યાં પ્રભાશ્રીજી કાળધર્મ પામ્યા, ત્યાંથી વિહાર કરી પાલીતાણાની જાત્રા કરી પ્રીતિશ્રીજીની તબિયત ઠીક નહિ હોવાથી ખંભાત પધાર્યા ને ૧૯૭૪નું ચોમાસું ખંભાત થયું. ત્યાં ચારે માસ તપસ્યા કરી. તપસ્યા તો દરરોજ ચાલુ હતી, પણ ચોમાસામાં વિશેષે કરતા હતા.

ત્યાંથી વિહાર કરી ગામોગામ ફરતા ફરતા વતરા વાડોલ, ગંભીરા, વડોદરા, હલોઈ, ભરૂચ, ઝઘડીયા, પાલેજ, મીયા કરજન, પાદરા વગેરે ઠેકાણે ફરતા ફરતા ગંભીરા આવ્યા. ૧૯૭૫નું ચોમાસું થયું. ત્યાંથી વિહાર કરી ગામોગામ ઉપદેશ કરતાં ઉનાવા ગયાને ૧૯૭૬નું ચોમાસું ઉનાવા થયું. ત્યાંથી વિહાર કરી આબુજીની પંચતીર્થી જાત્રા કરીને ફરતાં ફરતાં પાછા ઉનાવા આવ્યા ને ૧૯૭૭નું ચોમાસું ઉનાવા કર્યું. ત્યાંથી બિકાનેરવાળા બાબુ ઉદયચંદજીએ મુનિ મહારાજ જગતચંદ્રજી તથા સાગરચંદ્રજીને તથા સાધ્વીજી ચંદનશ્રીજીને વિનતિ પાલીતાણા પધારવાની કરી તેથી બધા પાલીતાણા ગયા. ત્યાં ચંદનશ્રીજી મ. વર્ષીતપની શરૂઆત કરી. ત્યાંથી વિહાર કરી ઢાંગઢા તરફ ગયા. ને ૧૯૭૮નું ચોમાસું ઢાંગઢા કર્યું. ત્યાંથી વિહાર કરી

સંખેશ્વરની જાત્રા કરી, અમદાવાદ પધાર્યા. ત્યાં વર્ષીતપના પારણા માટે તેમના સંસારી સગાંવહાલાંઓ ખંભાતથી આવ્યા ને તેમને રસોડું ખોલાવીને, સાત દિવસ રહીને, વર્ષીતપનું પારણું કરાવ્યું. આ નિમિતે અઠ્ઠાઈ મહોચ્છવ વગેરે ખુબ ધામધૂમ થઈ. ખંભાત નીવાસી તેમના સંસારી દીયરના પુત્ર ઠાકોરલાલ પ્રાણજીવને (૨૦૦ રૂપીઆ) સાધારણમાં વાપરવા આપીને લાભ સારો લીધો હતો. તે ચોમાસું ૧૯૭૯નું અમદાવાદ થયું ત્યાંથી. વિહાર કરીને ભોયણી પાનસરની જાત્રા કરી, વિરમગામ આવ્યા, ત્યાં ૧૯૮૦નું ચોમાસું થયું.

ત્યાંથી વિહાર કરી ખંભાત પધાર્યા ને ૧૯૮૧ની સાલનું ચોમાસું ખંભાત થયું, અમદાવાદમાં મણીબેનની દીક્ષા થઈ ને રાજશ્રીજીના શિષ્યા મુક્તિશ્રીજી તરીકે જાહેર કર્યા. તે ચોમાસું પૂર્ણ થતાં રાજશ્રીજી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ત્યાંથી વિહાર કરી ઉનાવા પધાર્યા. ત્યાં બન્ને સાધ્વીઓની વડી દીક્ષા થઇ. ત્યાંથી વિહાર કરી પાટણ થઈ અમદાવાદ આવ્યા ને ૧૯૮૨ ને ૧૯૮૩નું ચોમાસું અમદાવાદ થયું. ત્યાંથી વિહાર કરી ખંભાત પધાર્યા ને પ્રીતિશ્રીજીની તબિયત બગડવાથી ૧૯૮૪-૮૫-૮૬નું ચોમાસાં ખંભાત થયાં. ૧૯૮૭નું ચોમાસું વિરમગામ અને ૧૯૮૮નું ચોમાસું અમદાવાદ થયું. ત્યાંથી વિચરીને પાછા ૧૯૮૯નું ચોમાસું અમદાવાદ થયું. બાદમાં ખંભાતવાળા શેઠ ઝવેરી દલપતભાઈની પુત્રવધુને દીક્ષાની ભાવના થવાથી ચંદનશ્રીજી

ખંભાત પધાર્યા ને ગુરૂદેવ જગતચંદ્રજી મ. તથા સાગરચંદ્રજી મ. સાહેબજી હસ્તે દીક્ષા થઇ, ચંદન શ્રીજીના શિષ્યા મહોદયશ્રીજી નામ જાહેર કર્યું, અને તે વખતે સાગરચંદ્રજી મ. ભગવતી સુત્રનું વ્યાખ્યાન કરતા હતા. તે વખતે ઉનાવાવાળા કાલીદાસ શેઠની સુપુત્રીએ ચોથા વ્રતની બાધા લીધી. તેમનું નામ ચંદનબેન હતું, તેમનું સગપણ કરેલું હતું. એક વખતે ગુરૂદેવ જગતચંદ્રજી મહારાજ સાહેબજીનું સં. ૧૯૮૭નું ચોમાસું ત્યાં હતું તે વેળાએ ત્યાં પાઠશાળા નહિ હોવાથી બન્ને બેનપણીઓ મહારાજસાહેબજી પાસે ગાથાઓ લેવા જતી હતી ને દિવસની પચાસ ગાથાઓ કરતી હતી. તેમની તીક્ષ્ણ બુદ્ધિ જોઈ ને જગતચંદ્રજી મહારાજ સાહેબે ઉપદેશ આપ્યો કે આવી સારી બુદ્ધિ છે તે ફોગટ ગામડામાં છાણ વાસીદા કરીને ગુમાવશો? આટલોજ ઉપદેશ સાંભળીને તેમનું મન વૈરાગ્યમય થયું ને ગુરૂદેવને કહ્યું કે સાહેબજી, અમે ગામડામાં નહી ગુમાવીએ, ચારિત્ર લઇશું. આવી ભાવના થઇ, પણ તેમના પિતાશ્રી તથા ભાઈઓની ઇચ્છા નહિ હોવાથી તેમને રજા આપે નહિ. છેવટે છ વિગય ત્યાગ કરીને ઘરમાં રહ્યા. તેમના પિતાશ્રીએ ઘણી ઘણી પરીક્ષાઓ કરી, પણ તેઓ તો દૃઢજ રહ્યા ને ડગ્યા નહિ. ત્યાર પછી તેમના સાસરેથી છૂટા કરીને, દીક્ષાની રજા આપી મહોદયશ્રીની દીક્ષા નિમિત્તે ખંભાત આવ્યા હતા, ત્યાં તેમના પિતાશ્રી તથા ભુધરભાઈ ત્યાં આવેલા. તે અવસરે દીક્ષાનું મુહુર્ત જોવરાવ્યું ને તે ફાગણ સુદ

ત્રીજનું મુહુર્ત આવ્યું એટલે અત્રે દિક્ષાનું કાર્ય પતાવી ત્રીજે દિવસે દેવશ્રીજી મ. તથા સોભાગ્યશ્રીજી મ. તથા મુક્તિશ્રીજી તથા મહોદયશ્રીએ વિહાર કર્યો. જગતચંદ્રજી મ. તથા સાગરચંદ્રજી મ. પણ વિહાર કરી ઉનાવા પધાર્યા. ફાગણ સુદ ત્રીજની ચંદનબેન તથા શકરીબેન બે બેનપણીઓની દીક્ષા જગતચંદ્રજી મ. તથા સાગરચંદ્રજી મ. સાહેબજીના હસ્તે થઈ ને મહોદયશ્રીની શિષ્યા ચારિત્રશ્રીજી નામ રાખ્યું ને બીજાનું નામ સુનંદાશ્રીજી તે ખાંતીશ્રીની શિષ્યા થયા. પછી ચંદનશ્રીજી મહારાજ ખંભાતથી વિહાર કરી માકુભાઇના સંઘના દર્શન નિમિત્તે અમદાવાદ આવ્યા ને ૧૯૯૧નું ચોમાસું અમદાવાદ થયું. ત્યાં નેણબાઈ કચ્છ-વાળાને દીક્ષાની ભાવના થઈ. તેમની દીક્ષા થઈ. તે દાનશ્રીજીની શિષ્યા નિશ્ચલશ્રીજી નામ જાહેર કર્યું. ૧૯૯૨ તથા ૧૯૯૩ની સાલનું ચોમાસું અમદાવાદ થયું ચોમાસું ઉતરે દાનશ્રીજી મહારાજે મહારાજના મુખથી શરણા લેતા લેતા કાળધર્મ પામ્યા. ત્યાંથી વિહાર કરી માંડલ પધાર્યા. ત્યાં જાસુદબેન તેમની દીક્ષા થઈ ને તે સોભાગ્યશ્રીજીના શિષ્યા જયશ્રીજી તરીકે પ્રસિદ્ધ કર્યા. ત્યાંથી વિહાર કરી વિરમગામ ગયા ને ૧૯૯૪ની સાલનું ચોમાસું માંડલ થયું. ત્યાંથી વિહાર કરી વિરમગામ આવ્યા. ૧૯૯૫ની સાલનું ચોમાસું વિરમગામ થયું. ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા કારણકે આચાર્ય મહારાજના કાળધર્મ નિમિત્તે અમદાવાદમાં ઓચ્છવ અને રચના હતી, તેથી

ચતુર્વિધ સંઘ ભેગો થયો હતો તે કારણથી અમદાવાદ આવ્યા પછી ઓચ્છવ પૂરો થયે વિહાર કરી ખંભાત પધાર્યા. તે ૧૯૯૬-૯૭નું ચોમાસું ખંભાતમાં થયું ત્યાં મુક્તિશ્રીજી મહોદયશ્રી આદિ ચાર ઠાણા ખંભાત આવ્યાને ચારિત્રશ્રીજીની તબિયત બગડી ગઈ ને આઠ વર્ષ દીક્ષાપર્યાય પાળીને અંતસમય સુધી નમસ્કાર મંત્ર તથા સર્વ જીવોને ખામણા કરતા કરતા કાલધર્મ પામી ગયા. તે પછી શેઠ ઝવેરી દલપતભાઈ ને ત્યાં ઉજમણું હતું ત્યાં સુધી રોકાયા. પછી તે ઠાણા વિહાર કરી ગયાને મહારાજને પગમાં વાનું દરદ હતું, તેથી વિહાર થાય તેમ ન હતું; તેથી પાછળના ચોમાસા ૯૭-૯૮-૯૯ ૨૦૦૦-૧-૨-૩-૪ની સાલનાં ચોમાસાં ખંભાતજ થયાં. ૨૦૦૬ની સાલમાં દયાશ્રીજી પણ અચાનક બે દિવસની બિમારીથી સમાધિપૂર્વક નમસ્કારમંત્રના સ્મરણ સાથે કાળધર્મ પામ્યા. પછી ૨૦૦૬ અને ૨૦૦૭નાં ચોમાસાં ખંભાત કર્યાં. તે ચોમાસામાં મહારાજની નિશ્રામાં મહોદયશ્રી તથા કંચનશ્રીજીએ સિદ્ધિ તપ કર્યો હતો તે નિમીત્તે અઠ્ઠાઈ ઓચ્છવો થયા હતા. તે પછી ૨૦૦૮નું ચોમાસું થયું તે સાલમાં ઝવેરી ઉમેદચંદભાઈ એ ગુરૂદેવની મૂર્તિ દહેરાસરમાં નવીન કરાવીને પધરાવી. તે પછી ૨૦૦૯ અને ૨૦૧૦ની સાલનાં ચોમાસાં ખંભાત થયાં ૨૦૧૦ ની સાલમાં થાણા નિવાસી જેઠાભાઈની સુપુત્રી હીરાબેનની દીક્ષા જેઠ સુદ ૧૦ના થઈ ને મહોદયશ્રીની શિષ્યા હર્ષપ્રભાશ્રી તરીકે જાહેર કર્યા. પછી વિહાર કરતાં કરતાં ધનશ્રીજીને સાથે

લઈ ને ખંભાત આવ્યા ને તે ચોમાસામાં ધનશ્રીજીની પણ તબિયત બગડી અને ચોમાસું ઉતરે માગસર સુદ છઠે કાળધર્મ પામ્યા. તે પછી તેજ સાલમાં ચંદનશ્રીજી મ.ની મગજ શક્તિ ધીમે ધીમે ઓછી થતી ગઈ. પણ ખબર ન પડી ને એકાએક મહા વદી ચોથના દિવસે સાંજે એકદમ ભાન જતું રહ્યું, તે એક કલાકે પાછું આવ્યું. તે પછી છઠને દિવસે સાંજે સાડા પાંચ વાગે એકદમ ભાન જતું રહ્યું અને તેથી શ્રાવકો બધા ભેગા થઈ ગયા. બાહ્ય ઉપચાર, ઈંજેકશન, વગેરે અપાવ્યાં પણ તેમને તો ભાન આવ્યું જ નહિ. તેઓશ્રી તો સાજા હતા ત્યારે પણ કહેતા હતા કે મને દાક્તરની દવા કે ઈંજેકશન કાંઈ કરશોજ નહિ. ભાન આવવાની આશાએ ઈંજેકશન અપાવ્યા, પણ તેમને ભાન આવ્યું નહિ. પોતાની મેળે તો બોલતા હતા અને ગુરૂદેવનું સ્મરણ કરતા હતા. જ્યારે તેઓશ્રી બોલે ત્યારે ગુરૂદેવનું જ નામ હોય, પણ કોઈ ને ઓળખતા ન હતા. એમ દોઢ મહીનાની માંદગી ભોગવી, અનાજ પાણી બંધ થઈ ગયા. આપણે દયાથી પરાણે પાણી મૂકીએ તે પણ તેમની ઈચ્છા હોય તો ઉતારે. આવા પ્રકારની માંદગી તે પૂર્વભવ બાંધેલા કર્મ તે અવસરે ઉદય થઈને આવા પુનિત આત્માને પણ ઘેરી લીધા અને ચૈત્ર સુદ ત્રીજના રાત્રે ૮૧ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને કાળધર્મ પામ્યા. શાન્તિને સમાધિપૂર્વક દેહનો અંત થયો. તેમના કાળધર્મથી તેમના શિષ્ય સમુદાયમાં તથા શ્રી સંઘમાં ઘણીજ ખામી પડી ગઈ છે ને પ્રીતિશ્રીજી તો

ચારિત્ર ગ્રહણ કર્યું ત્યારથી તે અત્યાર સુધી તેમની સાથે જ હતા તેમનું ઉચ્ચ ચારિત્રને તેમનું ભોળપણ તે અત્યાર સુધી તેમની બરાબર ભક્તિ વૈયાવચ્ચ કરી છે તેથી અત્યારે પણ તેમને ગુરૂ નહિ પણ મોટા ગુરૂ વિસરતા નથી. પણ તે તો કોઈ ઉપર રાગદ્વેષ પણ રાખતા ન હતા અને ચારિત્ર લીધા પછી બહારની બધી વસ્તુઓનો ત્યાગ, અમુકજ છૂટી રાખેલી, તે પણ મરજીમાં આવે તો લે. તેમને સાહેબજી ભ્રાતૃચંદ્રસૂરી પાસેથી અનુભવ જ્ઞાન તથા સિદ્ધાંતનું જ્ઞાન મેળવેલું હતું. સરલ પ્રકૃતિ હતી, ક્રિયારૂચી ચારિત્રમાં તત્પરતાને આત્માના કલ્યાણને મેળવવાની તમન્નાવાળા હતા. પોતાની શિષ્યાઓને પણ પઠન પાઠન કરાવવામાં પણ હિતેચ્છુ ને આત્મકલ્યાણના માર્ગને સમજાવનારા હતા તેઓ સન્મુખવર્તીની ચારિત્રશાલિની એવી દેશનાથી ભવ્ય જીવોને આત્મકલ્યાણ તરફ દોરતા હતા. તેમનો શિષ્ય પ્રશિષ્ય પરિવાર આશરે (૨૮ લગભગ) હતો ને તેમાંથી થોડા હાલમાં છે તે પણ ગુરૂ મહારાજના દેખાડેલા રસ્તે ચાલવાને ઉદ્યમવાળા છે. તેમના ઉપકારનો બદલો વળી શકે તેમ નથી. તેમની ડોલી પણ શ્રી સંઘે બરીયાણુનીજ કરેલી. તેમનું મુખકમળ તે વખતે જોતાં એમજ લાગે કે હમણા બોલશે એવું વિકસિત હતું. સ્મશાન જાત્રામાં પણ માણસની મેદની ઘણી હતી. પુન્યશાળી આત્મા હતો તેથી તે પુન્ય પણ શ્રી સંઘ તથા અન્ય મનુષ્યો તરફ સારૂ પામી ગયા. તે પછી તેમની પાછળ તેમના ભત્રીજા

ચીમનલાલ પી. શાહ એ અઠ્ઠાઇ ઓચ્છવ તથા નવાણું અભિષેકની પૂજા વગેરે તથા શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ ઓચ્છવ તથા ગુરૂ મહારાજના શુભ પાસે પણ અઠ્ઠાઇ ઓચ્છવ વગેરે સારા થયા હતા. દહનક્રિયાનો ખર્ચ પણ સંસારી ભત્રીજાએ કર્યો હતો ને અગ્નિદાહ ઝવેરી દલપતભાઈના હસ્તે થયો હતો. તેમને પણ લાભ સારો લીધો હતો ને તેમના પ્રત્યે સર્વને પોતાની મેળેજ ભાવના થતી હતી. આવા ગુણનિધાન ગુરૂવરોના ગુણગ્રામ કરવા તે આત્મ-કલ્યાણનું અનુપમ સાધન છે. તેઓ હંમેશાં નમસ્કાર મંત્રનુંજ ધ્યાન કરતા. તેઓ ૨૧) વર્ષ ગૃહસ્થાવાસમાં ને ૬૦ વર્ષને દશ દિવસ દિક્ષા પર્યાય પાળી ૮૧, વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમની વૈયાવચ્ચનો લાભ પ્રીતિશ્રીજીએ મહોદયશ્રીજી, તથા હર્ષપ્રભાશ્રીજીએ સારો લીધો હતો. તે જીવને ઠેઠ સુધી શાંતિ પમાડીને નવકારનુંજ સ્મરણ કરાવતા હતા. સર્વની આશા છે કે તે જીવનું કલ્યાણ થાએ ને તે પુન્યશાળી આત્માની તિથિને દિવસે હજુ પણ પૂજા દહેરાસરમાં ભણાવે છે ને તેમના ગુણનું સ્મરણ કરે છે. આમના જીવન ચરિત્ર લખવામાં કાંઈ અજ્ઞાન દશાથી ભૂલ થઈ હોય માટે ક્ષમા માગુ છું એજ ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !

ગુરુજીના વિલાપનો દુહો

સરસ્વતી સ્વામીને વિનવું, સદ્‌ગુરુને લાગું પાયરે,
આંખડી આંસુ ભરી.
પ્રાતઃસ્મરણ ઉઠ લીજીએ રે, શ્રી સદ્‌ગુરુકા નામ રે,
આંખડી આંસુ ભરી. (૧)

સ્થંભનપુરની શિતળ છાયામાં, સ્વર્ગે ગયા ગુરુરાજરે,
આંખડી આંસુ ભરી. (૨)

ચૈત્ર સુદી ત્રીજ છે કારમી, ગુરુજી ગયા દેવલોક રે,
આંખડી આંસુ ભરી. (૩)

ત્રણ ત્રણ વરસ પુરા થયા પણ, ઘડીય ન વિસરું ગુરુરાયરે,
આંખડી આંસુ ભરી. (૪)

ઘણા ઉપકાર કર્યા ખંભાત શહેરમાં, કેમ કરી તે ભૂલાય રે,
આંખડી આંસુ ભરી. (૫)

દેશેદેશમાં વિહાર કરી ને, જ્ઞાનની જ્યોત જગાવીરે,
આંખડી આંસુ ભરી. (૬)

સ્વપ્નામાં નિહાળી ઝબકીને જાગી, નજરે ના દેખું ગુરુરાયરે,
આંખડી આંસુ ભરી. (૭)

આપના જવાથી ખોટ પડી સંઘમાં, સમુદાય સૂનો થાયરે,
આંખડી આંસુ ભરી. (૮)

બંને ગુરુજી સ્વર્ગે જવાથી, અમ આધાર તુટી જાયરે,
આંખડી આંસુ ભરી. (૯)

અમ આધાર ગુરુ પ્રભાશ્રીજીનો, તે તો પહેલા ગયા સ્વર્ગમાં,
આંખડી આંસુ ભરી. (૧૦)
સર્વે ગુરુ સ્વર્ગે જવાથી, શિષ્યાઓ થઈ નિરાધારરે,
આંખડી આંસુ ભરી. (૧૧)
દુષ્ટ દૈવ ! આ તે શું કર્યું, હરી લીધા ત્રણ રત્નરે,
આંખડી આંસુ ભરી. (૧૨)
સેવા ભક્તિ ભાવી પ્રીતિશ્રીજી મહોદયશ્રીજી,
તે તો થયા ઘણા દિલગીરરે, આંખડી આંસુ ભરી. (૧૩)
શાસન દેવ પ્રત્યે અરજ કરું છું, આપો આત્માને શાંતિરે,
આંખડી આંસુ ભરી. (૧૪)
ભવોભવ મળજો એવા ગુરુજી, થાય આત્માનું કલ્યાણરે,
આંખડી આંસુ ભરી. (૧૫)
પૂજ્ય ગુરુજી આપના પ્રભાવે, સમુદાયમાં થયો જયજયકારરે.
આંખડી આંસુ ભરી. (૧૬)
પાર્શ્વમંડળની બાળાઓ અરજ કરે છે,સ્વપ્નામાં મળો ગુરુરાયરે,
આંખડી આંસુ ભરી. (૧૭)

ગુરૂ વિલાપ

ચંદનશ્રીજી ગુરૂ સ્વર્ગે આજ સીધાવીયા, જૈન શાસનમાં વર્ત્યો હાહાકારજો, પાર્શ્વચંદ્રસૂરી ગચ્છના જે શીરોમણી, નાથ વિનાનો કર્યો નિજ પરિવાર જો, ચંદનશ્રી૦ ૧. રાત દિવસ જે સમતા રસમાં ઝીલતા, ઉપદેશ દ્વારા રીજવતા ભવિ લોકજો, શાસન સેવા કરતા તનમનથી સદા, રોતા

મુકીને આજે ચાલ્યા પરલોકને, ચંદનશ્રીજી૦ ૨. મારા જવાથી શિષ્યાનું પાછળ શું થશે, તેનો પણ આપે કેમ ન કર્યો વિચારને, ઉતાવળ શું કીધી ગુરૂજી આવડી, નિરાગી થઇ બેઠા સ્વર્ગ મજારને, ચંદનશ્રીજી૦ ૩. હા હા દૈવ! તેં તો આજે શું કર્યું? ગચ્છનો હીરો હણી લીધો ક્ષણ માંયને, હસી હસીને કોણ હવે બોલાવશે, કોણ દેશે ધર્મતણો ઉપદેશને, ચંદનશ્રીજી૦ ૪. ગુરૂજી કહીને અમે કોને બોલાવશું, કયાં કરીએ હવે મહાન પુરૂષની શોધને, રાતદિવસ સમરણ કરીએ છીએ આપનું, પણ નહીં સ્વપ્નાંતર દેખાયને, ચંદનશ્રીજી૦ ૫. કરૂણાસાગર કરૂણા અમ પર લાવીને, સ્વર્ગમાં રહીને શિષ્યાને કરને સહાયને, વહાલા ગુરૂનો વિયોગ હૃદયે સાલતો, દર્શન દેને શિષ્યાઓને એક વારને, ચંદનશ્રજી ગુરૂ સ્વર્ગે આજ સીધાવીયા. ૬.

ગુરૂ વિરહ

ચંદનશ્રીજી ગુરૂ આમ ન મન મોહ્યા શું થયા, એકલડી મુજ મૂકી ગયા વિદેશને; એ મારગડે જે જનને વોળાવીયા, તેહતણી તો ખબરો નહિ આવે લેશને, ચંદનશ્રીજી૦ ૧. ગુરૂનો વિયોગ કેમ કરીને હું સહું, હા હા હૈયું કેમ ના ફાટે લગારને, આપ વિના હવે કરશું કોની સેવના, વંદન કરશું કોને ઉઠી સવારને, ચંદનશ્રીજી૦ ૨. આપને પૂછી જાતી હતી હું ગોચરી, વહોરી લાવીને દેખાડતી ગુરૂરાજને, સાથે બેસીને વાપરતાં ગુરૂ તે સમે, તે હું બધું કરીશ કોની સાથને, ચંદનશ્રીજી૦ ૩. ગુરૂ બાંધવ સગા સહોદર પરીહરી,

આપતણો મેં લીધો હતો આધારજી, તે આધાર ટાળીને
દગો ગઈ ગયા, શું કહીએ ગુરૂજી તમને ગુણ ભંડારજી,
ચંદનશ્રીજી૦ ૪. ગુરૂ વિના મહોદય કહી કોણ બોલાવશે,
ઉઠી પ્રભાતે મીઠાં મધુરા બોલજી, પખ્ખી ચોમાસી સંવત્સરી
ખામણા ખામતી, આપ વિના કોણ મૂકશે શિરપર હાથજી,
ચંદનશ્રીજી૦ ૫. પરદેશ જાતાં દે છે સુતને ભલામણો, પણ
આપે તો કાંઇ ન કીધું ગુરૂરાજજી, નિસ્નેહી થયા કેમ
ગુરૂજી આ સમે, આપ વિરહનું દુઃખ મુજને બહુ થાયજી,
ચંદનશ્રીજી૦ ૬. ક્રોધે ભરીયો પ્રાણી કોઈ આવે ઈહાં, તેના
સન્મુખ જોઈ તમે તત્કાલજી, વચનામૃતથી તેઓને શાંતિ
આપતા, શીતલ કરતા ગુરૂજી તમે તત્કાલજી, ચંદનશ્રીજી૦
૭. એહવા ગુરૂજી મુજને મળવા દોહિલા, કરતાં કાંઈ કોડી
કોડી ઉપાયજી, જન્મારો મારો તે કેમ કરીને જશે, ચિંતા
તેહ તણી ગુરૂજી મને બહુ થાયજી, ચંદનશ્રીજી૦ ૮. આજ
લગી ગુરૂજી સાથે સ્નેહ કરતા હતા, કીધી હતી તે તો મુજ
ગુરૂ સુખ કાજજી, તેહ સુખ તો સ્વપ્નાંતર જેવું વહી
ગયું, દુખ મધ્યે મેં જન્મ લીધો ફરી આજજી. ચંદનશ્રીજી૦
૯. એટલા દિન હુલરાવીને રાખી હતી મુજને, આપ પ્રતાપે
રાખતી બહુ હામજી, તેહ હામ તો હવે મારી તુટી ગઈ, આપ
જતાં કરી સર્વ ભગાડયું અમ કાજજી, ચંદનશ્રીજી૦ ૧૦.
ગુરૂજી કહી કોને હવે બોલાવશું, જી જી કહીને જાશું કોની
પાસજી, ચંદનશ્રીજી ગુરૂરાજ દેવલોકે સીધાવીયા; આ
શિષ્યાઓને દર્શન દેજો એક વારજી, ચંદનશ્રીજી૦ ૧૧.

પૂ. મહારાજ શ્રીચંદનશ્રીજીના શિષ્યા પ્રશિષ્યાનો પરીવાર

જન્મસ્થાન ગામ
જન્મસ્થાન—ત્રાંસદ (ધોળકા પાસે)
જન્મ-સંવત ૧૯૩૧ના ભાદરવા સુદ સાતમ
પિતાનું નામ-શેઠ વર્ધમાનભાઈ
માતાનું નામ-પારવતીબાઈ
જ્ઞાતિ-શ્રીદશાશ્રીમાળી જૈન

જન્મસ્થાન ગામ
દીક્ષા-ફાગણ સુદ છઠ ગામ માંડલ
વડી દીક્ષા-વૈશાખ સુદ ત્રીજ શહેર અમદાવાદ
ગુરૂનું નામ-આચાર્ય મહારાજ સાહેબશ્ર ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી સાહેબ

તેમની શિષ્યા પ્રશિષ્યાનો પરિવાર

નં.	શિષ્યા	પ્રશિષ્યા
૧.	સુમતી શ્રીજી—	
૨.	શાંતિશ્રીજી—	
૩.	આણંદશ્રીજી—	જીનશ્રીજી જયંતીશ્રીજી
૪.	હરખશ્રીજી—	ઘનશ્રીજી, તીલકશ્રીજી
૫.	પુન્યશ્રીજી—	
૬.	રાજશ્રીજી—	પદ્મશ્રીજી, મુક્તિશ્રીજીની સુશીલાશ્ર જી
૭.	દેવશ્રીજી—	સોભાગ્યશ્રીજીની જયશ્રીજી, શણગારશ્રીજી
૮.	દયાશ્રીજી—	
૯.	પ્રધાનશ્રીજી—	દાનશ્રીજી જીવશ્રીજી ના ચંદ્રોદયશ્રીજી નિશ્ચલશ્રીજી
૧૦.	પ્રભાશ્રીજી—	પ્રીતીશ્રીજી
૧૧.	મહોદયશ્રી—	ચારીત્રશ્રીજી હર્ષપ્રભાશ્રીજી ચંદ્રરેખા શ્રાજી

ચોમાસા રહ્યાની સંખ્યા

સંવત	ગામ	સંવત	ગામ
૧૯૫૨	અમદાવાદ	૧૯૬૯	વઢવાણ
૧૯૫૩	કચ્છ (મોટી ખાખર)	૧૯૭૦	અમદાવાદ
		૧૯૭૧	ખંભાત
૧૯૫૪	સુથરી	૧૯૭૨	સાણંદ
૧૯૫૫	નવા વાસ	૧૯૭૩–૭૪	ખંભાત
૧૯૫૬	નાની ખાખર	૧૯૭૫	ગંભીરા
૧૯૫૭	કચ્છ માંડવી બંદર	૧૯૭૬–૭૭	ઉનાવા
		૧૯૭૮	ધ્રાંગધ્રા (કાઠિયાવાડ)
૧૯૫૮	ખંભાત		
૧૯૫૯	માંડલ	૧૯૭૯	અમદાવાદ
૧૯૬૦	વીરમગામ	૧૯૮૦	વીરમગામ
૧૯૬૧	અમદાવાદ	૧૯૮૧	ખંભાત
૧૯૬૨	ખંભાત	૧૯૮૨–૮૩	અમદાવાદ
૧૯૬૩	મુંબાઈ (દક્ષિણમાં	૧૯૮૪–૮૫–૮૬	ખંભાત
૧૯૬૪	જલગામ (ખાનદેશ	૧૯૮૭	વીરમગામ
		૧૯૮૮–૮૯	અમદાવાદ
૧૯૬૫	અમદાવાદ	૧૯૯૦	ખંભાત
૧૯૬૬	બિકાનેર (મારવાડ)	૧૯૯૧–૯૨–૯૩	અમદાવાદ
૧૯૬૭	માંડલ	૧૯૯૪	માંડલ
૧૯૬૮	ખંભાત	૧૯૯૫	વીરમગામ

આ પ્રમાણે શ્રીચંદનશ્રીજી મહારાજ ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ, નાની મોટી મારવાડ, મેવાડ, દક્ષિણ દેશમાં, વિગેરે સ્થળોમાં વીચરીને ભવ્ય જીવોને ધર્મ ઉપદેશ આપી ધર્મમાં જોડતા હતા સં. ૧૯૯૬ થી ૨૦૧૦ના પંદર ચોમાસા ખંભાતમાં થયા. શરીરની શક્તિ કમ થવાથી સ્થીરવાસ રહ્યા હતા, છતાં પણ આગમ સિદ્ધાંતનું વાંચન કરતા, આત્મભાસમાં રહેતા અને નમસ્કાર મંત્રનું સ્મરણ કરતા, તેઓશ્રી ૨૧ વર્ષ ગૃહસ્થાવાસ તેમજ ૬૦ વર્ષ ને ૧૦ દિવસ દીક્ષા પર્યાય પાળી કુલ ૮૧ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયેથી સમાધિપૂર્વક ૧૯૧૧ના ચૈત્ર સુદ ત્રીજ કાળધર્મ પામ્યા. તે ટાઇમે પ્રીતીશ્રીજી તથા મહોદયશ્રીજી તથા હર્ષપ્રભાશ્રીજી આદિ ઠાણા ત્રણેએ સારી રીતે વૈયાવચ્ચ કરીને તે આત્માને સંતોષ પમાડ્યો હતો ને સૌના આશીર્વાદ છે કે તે આત્માને શાંતિ મેળવે.

સ્વ. વિલાસબેન કાન્તિલાલ ઝવેરી ખંભાતવાળાની પુત્રીનું

ટુંક જીવનવૃતાંત

ગામ ખંભાતના શેઠ ઝવેરી દલપતભાઈ ખુશાલચંદના પુત્ર કેશવલાલભાઈ તેમના પુત્ર કાંતિલાલની ધર્મપત્ની કમળાબાઈની કુક્ષીએ સં. ૧૯૯૨ના ભાદરવા વદી ૭ મે વિલાસબેનનો જન્મ થયો હતો. નાનપણથી હસમુખી અને આનંદી હતી, તેથી તેને જોઈ ને સૌ કોઈ આનંદ પામતું હતું, ને સર્વને આનંદ પમાડતી હતી. માબાપના ધાર્મિક

ઝવેરી કાન્તીલાલ કેશવલાલની સુપુત્રી

સ્વ. સૌભાગ્યવંતી બેન વિલાસ



જન્મ : ૬૯૯૨ ના ભાદરવા સુદી ૭ ખંભાત

સ્વ. સં. ૨૦૧૨ ફાગણ વદી ૨ ખંભાત

વયોવૃદ્ધ સાધ્વીશ્રી ચંદનશ્રીજીના
શિષ્યા સાધ્વી **શ્રી મહોદયશ્રીજી**
મહારાજ

વયોવૃદ્ધ સાધ્વી શ્રી ચંદનશ્રીજીના
પ્રશિષ્યા સાધ્વી **શ્રી પ્રીતિશ્રીજી**
મહારાજ

સાધ્વી શ્રી મહોદયશ્રીજીના શિષ્યા બાળ-
બ્રહ્મચારી સાધ્વી **શ્રી હર્ષપ્રભાશ્રીજી**
મહારાજ

જન્મ ૧૯૫૪ વૈશાખ સુદી ૧
ખંભાત
દીક્ષા ૧૯૬૦ માગસર વદી ૭
ખંભાત

જન્મ સં. ૧૯૫૦ પોષ સુદી ૧૫
ખંભાત
દીક્ષા ૧૯૭૦ કારતક વદી ૧૧
ઘાંગધ્રા

જન્મ ૧૯૮૧ કારતક વદી ૬
કોડાય (કચ્છ)
દીક્ષા ૨૦૦૬ જેઠ સુદી ૧૦
અમદાવાદ

અને સંસારી સંસ્કારો નાનપણથીજ તેના હૃદયમાં સારી રીતે ઉતરેલા હતા. તેને ધાર્મિક અભ્યાસ પંચપ્રતિક્રમણ, ચાર પ્રકરણો, આદિ નાની ઉંમરમાં કર્યો હતો અને દહેરાસરમાં પૂજાઓ પણ ઘણીજ આનંદથી ને સારી રીતે ભણાવતી હતી. વિક્રમ સંવત ૨૦૧૦ ના વૈશાખ સુદી ૧૧ના તેનું લગ્ન કરવામાં આવ્યું હતું. ગમે તેવા દુઃખ વખતે પણ પોતાના માતપિતાને ખૂબ આનંદ કરાવતી હતી. ૧૯ વર્ષની નાની વયમાં તો સિદ્ધાચલ, જુનાગઢ, વગેરે જાત્રાના સ્થળોની જાત્રાઓ ઘણી વખત કરી હતી ને સાધ્વીજી મ. સર્વેની સાથે પણ સારો પ્રેમ રાખતી હતી. તેમાં પણ ચારિત્રનાયક ચંદનશ્રીજી મ.નો પ્રેમ તો તેના ઉપર ઘણોજ હતો તે કારણથી ચંદનશ્રીજી મ.ની શિષ્યા મહોદયશ્રીજી (એટલે વિલાસબેનના સંસારી પક્ષના કાકી) એમના આગ્રહથી આ પુસ્તકમાં તેમનો ફોટો મુકેલ છે, કારણકે નાનપણથી ધર્મના સંસ્કારો હતા તે વાંચવાથી સર્વને પણ ધર્મના સંસ્કારો જાગ્રત થાય તે માટે મૂકાવેલ છે સંવત ૨૦૧૨ના ફાગણ વદી એકમના રાતના દસ વાગે સાધારણ ફાનસ સળગાવતા એકાએક હાઝી ગઈ ને ફાગણ વદી બીજના સવારે ત્યાં તે બેનની પાસે સાધ્વીજી મ. શાંતિશ્રીજી તેમના પરિવાર સહીત આવેલાને અંતિમ આરાધના કરાવતા હતા. તે સમયે પણ આનંદીત ચહેરે સર્વને ખમાવીને અરિહંત ભગવાનનું નામ લેતા લેતા અંતિમ દેહનો ત્યાગ કર્યો ને છેલ્લા સમય સુધી સારી ભાવના હતી.
પ્રભુ તેમના આત્માને શાન્તિ આપે.

અથ પદ્માવતી આરાધના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે, જાણુપણું જુગતે ભલું, ઇણ વેળા આવે. ૧. તે મુજ મિચ્છામિ દુક્કડં, અરિહંતની સાખ, જે મેં જીવ વિરાધીયા, ચઉરાશી લાખ તે મુજ૦ ૨. સાત લાખ પૃથિવી તણા, સાતે અપકાય, સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય. તે૦ ૩. દશ પ્રત્યેક વનસ્પતિ ચઉદહ સાધારણ, બિતિ ચઉરિંદ્રી જીવના, બે બે લાખ વિચાર; તે૦ ૪. દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી, ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી. તે૦ ૫. ઇણ ભવ પરભવે સેવિયાં, જે પાપ અઢાર, ત્રિવિધ ત્રિવિધ કરી પરિહરૂં, દુર્ગતિના દાતાર. તે૦ ૬. હિંસા કીધી જીવની. બોલ્યા મૃષાવાદ, દોષ અદત્તાદાનના મૈથુન ઉન્માદ. તે૦ ૭. પરિગ્રહ મેલ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ, માન માયા લોભ મેં કીયા, વળી રાગ ને દ્વેષ. તે૦ ૮. કલહ કરી જીવ દૂહવ્યા, દીધાં કૂડાં કલંક. નિંદા કીધી પારકી, રતિ અરતિ નિઃશંક. તે૦ ૯. ચાડી કીધી ચોતરે, કીધી થાપણ મોસો, કુગુરૂ કુદેવ કુધર્મનો. ભલો આણ્યો ભરોસો. તે૦ ૧૦. ખાટકીને ભવે મેં કીયા, જીવ નાના-વિધ ઘાત, ચીડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત. તે૦ કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર; જીવ અનેક ઝબ્બે કીયા, કીધાં પાપ અઘોર. તે૦ ૧૨. માછીને ભવે માછલાં,

ઝાલ્યાં જળવાસ, ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડપા પાસ. તે૦ ૧૩. કોટવાળને ભવે મેં કીયા, આકરા કર દંડ, અંદીવાન મરાવિયા, કોરડા છડી દંડ. તે૦ ૧૪. પરમાધામીને ભવે, દીધાં નારકી દુઃખ, છેદન ભેદન વેદના, તાડન અતિ તિક્ષ્ણ. તે૦ ૧૫. કુંભારને ભવે મેં કીયા, નીભાડ પચાવ્યા, તેલી ભવે તિલ પીલીયાં, પાપે પિંડ ભરાવ્યા. તે૦ ૧૬. હાલી ભવે હલ ખેડિયાં, ફાડયાં પૃથ્વીપેટ, સૂડ નિદાન ઘણાં કીધાં, દીયા બળદ ચપેટ. તે૦ ૧૭. માળીને ભવે રોપિયાં, નાનાવિધ વૃક્ષ, મૂળ પત્ર ફળ ફૂલનાં, લાગ્યાં પાપ તે લક્ષ. તે૦ ૧૮. અધોવાઇઆને ભવે, ભર્યા અધિકા ભાર, પોઠી પૂઠે કીડા પડ્યા, દયા નાણી લગાર. તે૦ ૧૯. છીપાને ભવે છેતર્યા. કીધા રંગણ પાસ, અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ. તે૦ ૨૦. શુરપણે રણ ઝુંઝતાં, માર્યા માણસ વૃંદ, મદિરા માંસ માખણ ભક્ષ્યાં, ખાધાં મૂળ ને કંદ. તે૦ ૨૧. ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં, આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યાં. તે૦ ૨૨. કર્મ અંગાર કીયાં વળી, ઘરમેં દવ દીધા, સમ ખાધા વીતરાગના, કૂડાકોશ જ કીધા. તે૦ ૨૩. બિલ્લી ભવે ઉંદર લીયા, ગીરોલી હત્યારી, મૂઢ ગમાર તણે ભવે, મેં જૂ લીખ મારી તે૦ ૨૩. ભાડ ભૂજા તણે ભવે, એકેંદ્રિયજીવ; જવારી ચણા ગહું શેકિયા, પાડંતા રીવ. તે૦ ૨૫. ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક; રાંધણ ઇંધણ અગ્નિનાં, કીધાં પાય ઉદ્રે. તે૦ ૨૬. વિકથા

ચાર કીધી વળી; સેવ્યા પાંચ પ્રમાદ; ઇષ્ટ વિયોગ પાડ્યા ઘણા, કીયા કૃદન વિષવાદ. તે૦ ૨૭. સાધુ અને શ્રાવક તણું, વ્રત લેઈને ભાંગ્યાં, મૂળ અને ઉત્તર તણાં, મુજ દૂષણ લાગ્યાં. તે૦ ૨૮. સાપ વીંછી સિંહ ચીવરા, શૂકરાને સમળી, હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી. તે૦ ૨૯. સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા, જીવાણી ઢાળ્યાં ઘણાં, શીળ વ્રત ભંજાવ્યાં. તે૦ ૩૦. ભવ અનંત ભમતાં થકાં, કીધા દેહ સંબંધ, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણ શું પ્રતિબંધ. તે૦ ૩૧. ભવ અનંત ભમતાં થકાં, કીધાં પરિગ્રહ સંબંધ, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તિણ શું પ્રતિ બંધ. તે૦ ૩૨. ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ, ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણ શું પ્રતિબંધ. તે૦ ૩૩. ઈણિ પરે ઈહ ભવ પરભવે, કીધાં પાપ અપાર; ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર. તે૦ ૩૪. એણિ વિધે એ આરાધના, ભવિ કરશે જેહ, સમય સુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ. તે૦ ૩૫. રાગ વેરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ, સમય સુંદર કહે પાપથી, છુટે તત્કાળ. તે૦ ૩૬.

શ્રી પ્રાચીન સ્તવન સજ્ઝાયાદિ સંગ્રહ

શ્રી આત્મરક્ષા નવકાર મંત્ર.

ૐ પરમેષ્ઠિ-નમસ્કારં, સારં નવપદાત્મકં,
આત્મરક્ષાકરં વજ્ર-પંજરાભં સ્મરામ્યહં. ૧

ૐ નમો અરિહંતાણું, શિરસ્કં શિરસિ સ્થિતં.
ૐ નમો સવ્વસિદ્ધાણું, મુખે મુખપટં વરમ્ ૨

ૐ નમો આયરિયાણું, અંગરક્ષાતિશાયિની,
ૐ નમો ઉવજ્ઝાયાણું, આયુધં હસ્તયોર્દૃઢં, ૩

ૐ નમો લોએ સવ્વસાહૂણું, મોચકે પાદયોઃ શુભે,
એસો પંચ નમુક્કારો, શિલા વજ્રમયી તલે. ૪

સવ્વપાવપ્પણાસણો, વપ્રો વજ્રમયો બહિઃ,
મંગલાણું ચ સવ્વેસિં, ખાદિરાંગાર-ખાતિકા. ૫

સ્વાહાંત ચ પદં જ્ઞેયં, પઢમં હવઈ મંગલં,
વપ્રોપરિ વજ્રમયં, પિધાનં દેહ-રક્ષણે. ૬

મહાપ્રભાવા રક્ષેયં, ક્ષુદ્રોપદ્રવ-નાશિની,
પરમેષ્ઠિ-પદોદ્ભૂતા, કથિતા પૂર્વસૂરિભિઃ. ૭

યશ્ચૈનં કુરૂતે રક્ષા, પરમેષ્ઠિપદૈઃ સદા,
તસ્ય ન સ્યાદ્ ભયં વ્યાધિ-રાધિશ્ચાડપિ કદાચન, ૮

શ્રી ઋષિમંડલ સ્તોત્રમ્

આદ્યન્તાક્ષરસંલક્ષ્ય,–મક્ષરં વ્યાપ્ય યત્સ્થિતમ્,
અગ્નિજ્વાલાસમં નાદ બિન્દુરેખાસમન્વિતમ્. ૧

અગ્નિજ્વાલાસમાક્રાન્તં–મનોમલવિશોધકમ્;
દ્વેદીપ્યમાનં હૃત્પદ્મે, તત્પદં નૌમિ નિર્મલમ્. ૨

અર્હંમિત્યક્ષરં બ્રહ્મ–વાચકં પરમેષ્ઠિનઃ;
સિદ્ધચક્રાદિમં બીજં, સર્વતઃ પ્રણિદધ્મહે. ૩

ૐ નમોઽર્હદ્ભ્ય ઇશેભ્ય, ૐ સિદ્ધભ્યો નમો નમઃ;
ૐ નમઃ સર્વસૂરિભ્ય, ઉપાધ્યાયેભ્ય, ૐ નમઃ. ૪

ૐ નમસ્સર્વસાધુભ્ય, ૐ જ્ઞાનેભ્યો નમો નમઃ;
ૐ નમસ્તત્ત્વદૃષ્ટિભ્ય–શ્ચારિત્રેભ્યસ્તુ ૐ નમઃ. ૫

શ્રેયસેઽસ્તુ શ્રિયેસ્ત્વેત–દ્દહંદાદ્યષ્ટકં શુભમ્;
સ્થાનેષ્વષ્ટસુ વિન્યસ્તં, પૃથગ્બીજસમન્વિતમ્. ૬

આદ્યં પદં શિખાં રક્ષેત્, પરં રક્ષેત્તુ મસ્તકમ્;
તૃતીયં રક્ષેન્નેત્રે દ્વ, તુર્યં રક્ષેચ્ચ નાસિકામ્. ૭

પંચમં તુ મુખં રક્ષેત, ષષ્ઠં રક્ષેચ્ચ ઘંટિકામ્;
સપ્તમં રક્ષેન્નાભ્યન્તં, રક્ષેત્ પાદાન્ત–મષ્ટમમ્. ૮

ૐ હ્રૂં હ્રીં હ્રુઁ હ્રૂં હ્રેં હ્રૈં હ્રૌં હ્રઃ;

ૐ અસિઆઉસા, જ્ઞાનદર્શનચારિત્રેભ્યો હ્રીં નમઃ. ૯

પૂર્વં પ્રણવતઃ સાન્તઃ, સરેફો દ્વિત્રિપંચષાન્;
સોમાષ્ટદશસૂર્યાંકાન્, શ્રિતો બિંદુસ્વરાન્પૃથક્. ૧૦

પૂજ્યનામાક્ષરા આદ્યાઃ, પંચૈતે જ્ઞાનદર્શને;
ચારિત્રેજ્યો નમો મધ્યે, હ્રૂં સાન્તસ્સમલંકૃતઃ. ૧૧

(બીજમિતિ ઋષિમણ્ડલસ્તવનયંત્રસ્ય મૂલમંત્રં આરાધકસ્ય
શુભનવબીજાક્ષરઃ અષ્ટાદશવિદ્યાક્ષરઃ એવં
એકત્ર સપ્તવિંશત્યક્ષર રૂપઃ)

જમ્બૂવૃક્ષધરો દ્વીપઃ, ક્ષારોદધિસમાવૃતઃ;
અર્હદાદ્યષ્ટકૈરષ્ટ, કાષ્ટાધિષ્ટૈરલંકૃતઃ. ૧૨
તન્મધ્યે સંગતો મેરુ, કૂટલક્ષૈરલંકૃતઃ
ઉચ્ચૈરુચ્ચૈસ્તરસ્તારઃ-તારામંડલમંડિતઃ. ૧૩
તસ્યોપરિ સકારાન્તં, બીજમધ્યાસ્ય સર્વગમ્;
નમામિ બિમ્બમાર્હન્ત્યં, લલાટસ્થં નિરંજનમ્. ૧૪
અક્ષયં નિર્મલં શાન્તં, બહુલં જાડ્યતોજ્ઝિતમ્;
નિરીહં નિરહંકારં, સારં સારતરં ઘનમ્. ૧૫
અનુદ્ધતં શુભં સ્ફીતં, સાત્વિકં રાજસંમતમ્;
તામસં ચિરસંબુદ્ધં, તૈજસં શર્વરીસમમ્. ૧૬
સાકારં ચ નિરાકારં સરસં વિરસં પરમ્;
પરાપરં પરાતીતં, પરંપર પરાપરંમ્. ૧૭
એકવર્ણં દ્વિવર્ણં ચ, ત્રિવર્ણં તુર્ય વર્ણકમ્;
પંચવર્ણં મહાવર્ણં, સપરં ચ પરાપરમ્. ૧૮
સકલં નિષ્કલં તુષ્ટં, નિવૃત્તં ભ્રાન્તિવર્જિતમ્;
નિરંજનં નિરાકારં, નિર્લેપં વીતસંશયમ્; ૧૯
ઈશ્વરં બ્રહ્મસમ્બુદ્ધં શુદ્ધં સિદ્ધં મતં ગુરુમ્.
જ્યોતીરૂપંમહાદેવં, લોકાલોકપ્રકાશકમ્. ૨૦

અર્હદાખ્યસ્તુવર્ણાન્તઃ, સરેફો બિન્દુમણ્ડિતઃ;
તુર્યસ્વરસમાયુક્તો, બહુધા નાદમાલિતઃ. ૨૧

અસ્મિન્ બીજે સ્થિતાસ્સર્વે, ઋષભાદ્યા જિનેશ્વરાઃ;
વર્ણૈર્નિજૈર્નિજૈર્યુક્તા, ધ્યાતવ્યાસ્તત્ર સંગતાઃ. ૨૨

નાદશ્ચન્દ્રસમાકારો, બિન્દુર્નીલસમપ્રભઃ;
કલારુણસમાસાન્તઃ સ્વર્ણાભઃ સર્વતોમુખઃ. ૨૩

શિરઃ સંલ્લીન ઇકારો, વિનીલો વર્ણતઃ સ્મૃતઃ;
વર્ણાનુસ્વાર-સંલીનં, તિર્થકૃન્મંડલં સ્તુમઃ. ૨૪

ચંદ્રપ્રભ-પુષ્પદન્તૌ, નાદ સ્થિતિ-સમાશ્રિતૌ;
બિન્દુમધ્યગતૌ નેમિ-સુવ્રતૌ જિનસત્તમૌ. ૨૫

પદ્મપ્રભ વાસુપૂજ્યૌ, કલાપદમધિષ્ઠિતૌ;
શિર-ઈ-સ્થિતિ સંલીનૌ, પાર્શ્વમલ્લી જિનોત્તમૌ. ૨૬

ઋષભં ચાજિતં વન્દે, સંભવં ચાભિનન્દનમ્;
શ્રીસુમતિં સુપાર્શ્વં ચ, વન્દે શ્રીશીતલં જિનમ્. ૨૭

શ્રેયાંસં વિમલં વંદે,-ઽનન્તં શ્રી ધર્મનાથકમ્;
શાંતિં કુન્થુમરાર્હન્તં, નમિં વીરં નમામ્યહમ્. ૨૮

ષોડશૈવં જિનાનેતાન્, ગાંગેયદ્યુતિસન્નિભાન્;
ત્રિકાલં નૌમિ સદ્ભક્ત્યા, હરાક્ષરમધિષ્ઠિતાન્. ૨૯

શેષાસ્તીર્થકૃતઃ સર્વે, હરસ્થાને નિયોજિતાઃ;
માયાબીજાક્ષરં પ્રાપ્તશ્ચતુર્વિંશતિરર્હતામ્. ૩૦

ગતરાગ-દ્વેષ-મોહાઃ, સર્વપાપ-વિવર્જિતાઃ;
સર્વદા સર્વકાલેષુ, તે ભવન્તુ જિનોત્તમાઃ. ૩૧

દેવદેવસ્ય યચ્ચક્રં, તસ્ય ચક્રસ્ય યા વિભા;
તયાચ્છાદિતસર્વાંગં, મા માં હિંસન્તુ પન્નગાઃ. ૩૨

દેવદેવસ્ય૦ યચ્ચક્રં, મા માં હિંસન્તુ પક્ષિણઃ. ૩૩

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ શૂકરાઃ, સિંહકાઃ ૩૪ ૩૫

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ શૃંગિણઃ. ૩૬

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ ગોનસાઃ, ૩૭

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ દંષ્ટ્રિણઃ. ૩૮

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ વૃશ્ચિકાઃ. ૩૯

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ ચિત્રકાઃ. ૪૦

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ હસ્તિનઃ. ૪૧

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ રેપલાઃ. ૪૨

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ દ્વાનવાઃ. ૪૩

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ ખેચરાઃ. ૪૪

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ દેવતાઃ. ૪૫

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ રાક્ષસાઃ. ૪૬

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ મુદ્ગલાઃ. ૪૭

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ કુગ્રહાઃ. ૪૮

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ વ્યન્તરાઃ. ૪૯

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ તસ્કરાઃ. ૫૦

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ ગ્રામિણઃ. ૫૧

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ ભૂમિપાઃ. ૫૨

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ દુર્જનાઃ. ૫૩

દેવદેવસ્ય૦ ,, મા માં હિંસન્તુ પાપ્મનઃ. ૫૪

દેવદેવસ્ય૦	,,	મા માં હિંસન્તુ વ્યાધયઃ.	૫૫
દેવદેવસ્ય૦	,,	મા માં હિંસન્તુ હિંસકાઃ.	૫૬
દેવદેવસ્ય૦	,,	મા માં હિંસન્તુ શત્રવઃ.	૫૭
દેવદેવસ્ય૦	,,	મા માં હિંસન્તુ વહ્નયઃ.	૫૮
દેવદેવસ્ય૦	,,	મા માં હિંસન્તુ મૃમ્ભિકાઃ.	૫૯
દેવદેવસ્ય૦	,,	મા માં હિંસન્તુ તોયદાઃ.	૬૦
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ ડાકિની.	૬૧
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ યાકિની.	૬૨
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ રાકિની.	૬૩
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ લાકિની.	૬૪
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ કાકિની.	૬૫
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ શાકિની.	૬૬
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ હાકિની	૬૭
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ જાકિલી.	૬૮
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ નાગિની.	૬૯
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ ઝૂંબિણી.	૭૦
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ વ્યંતરી.	૭૧
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ માનવી	૭૨
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ કિન્નરી.	૭૩
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ દૈવં હિ (દૈવકી ?)	૭૪
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ યોગિની.	૭૫
દેવદેવસ્ય૦	,,	મા માં હિનસ્તુ ભાકિની.	૭૬

દેવદેવસ્ય યચ્ચક્રં, તસ્ય ચક્રસ્ય યા વિભા;
તયાચ્છાદિતસર્વાઙ્ગં, સા માં પાતુ સદૈવ હિ. ૭૭
શ્રીગૌતમસ્ય યા મુદ્રા, તસ્યા યા ભુવિ લબ્ધયઃ;
તાભિરભ્યધિકંજ્યોતિ-રર્હન્ સર્વનિધીશ્વરઃ. ૭૮
પાતાલવાસિનો દેવા, દેવા ભૂપીઠવાસિનઃ,
સ્વર્વાસિનોઽપિ યે દેવાઃ, સર્વે રક્ષન્તુ મામિતઃ. ૭૯
યેઽવધિ લબ્ધયો યે તુ, પરમાવધિ લબ્ધયઃ;
તે સર્વે મુનયો દિવ્યાઃ, માં સંરક્ષન્તુ સર્વતઃ. ૮૦

ભવનેન્દ્ર વ્યન્તરેન્દ્ર જ્યોતિષ્કેન્દ્ર કલ્પેન્દ્રેભ્યો નમો નમઃ, શ્રુતાવધિ દેશાવધિ સર્વાવધિ પરમાંવધિ બુદ્ધિઋદ્ધિપ્રાપ્ત સર્વૌષધર્દ્ધિપ્રાપ્તાનન્તબલર્દ્ધિપ્રાપ્ત તત્ત્વર્દ્ધિપ્રાપ્ત રસર્દ્ધિ-પ્રાપ્ત વૈક્રિયર્દ્ધિપ્રાપ્ત ક્ષેત્રર્દ્ધિપ્રાપ્તાઽક્ષીણમહાનસર્દ્ધિ-પ્રાપ્તેભ્યો નમોઃ નમઃ

દુર્જના ભૂતવેતાલા;, પિશાચા મુદ્ગલાસ્તથાઃ
તે સર્વેઽપ્યુપશામ્યન્તુ, દેવદેવપ્રભાવતઃ. ૮૧
ૐ હ્રીઁ શ્રીઁ ધૃતિર્લક્ષ્મી, ગૌરી ચણ્ડી સરસ્વતી;
જયામ્બા વિજયા કિલન્ના, જિતા નિત્યા મદદ્રવા. ૮૨
કામાંગા કામબાણા ચ, સાનંદા નંદમાલિની;
માયા માયાવિની રૌદ્રી, કલા કાલી કલિપ્રિયા. ૮૩
એતાસ્સર્વા મહાદેવ્યો, વર્તન્તે યા જગત્ત્રયે;
મહ્યં સર્વાઃ પ્રયચ્છન્તુ, કાન્તિં લક્ષ્મીં ધૃતિં મતિં. ૮૪
દીવ્યો ગોપ્યઃ સુદુષ્પ્રાપ્યઃ, શ્રીઋષિમંડલસ્તવઃ;
ભાષિતસ્તીર્થનાથેન, જગત્ત્રાણકૃતેઽનઘઃ. ૮૫

રણે રાજકુલે વહ્નૌ, જલે દુર્ગે ગજે હરૌ;
સ્મશાને વિપિને ઘોરે, સ્મૃતો રક્ષતિ માનવમ્, ૮૬

રાજ્યભ્રષ્ટા નિજં રાજ્યં, પદભ્રષ્ટા નિજં પદમ;
લક્ષ્મીભ્રષ્ટા નિજાં લક્ષ્મીં, પ્રાપ્નુવન્તિ ન સંશયઃ. ૮૭

ભાર્યાર્થી લભતે ભાર્યાં, સુતાર્થી લભતે સુતં;
વિદ્યાર્થી લભતે વિદ્યામ્, નરઃ સ્મરણમાત્રતઃ. ૮૮

સ્વર્ણે રૌપ્યે પટે કાંસ્યે, લિખિત્વા યસ્તુ પૂજયેત્;
તસ્યૈવાષ્ટ મહાસિદ્ધિ-ર્ગૃહે વસતિ શાશ્વતી. ૮૯

ભૂર્જપત્રે લિખિત્વેદં, ગલકે મૂર્ધ્નિ વા ભુજે;
ધારિતં સર્વદા દિવ્યં, સર્વભીતિ-વિનાશકમ્. ૯૦

ભૂતૈઃ પ્રેતૈર્ગ્રહર્યક્ષૈ, પિશાચૈર્મુદ્ગલૈર્મલૈઃ;
વાત-પિત્ત-કફોદ્રેકૈ, મુચ્યતે નાત્ર સંશયઃ. ૯૧

ૐ ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીપીઠ-વર્તિનઃ શાશ્વતા જિનાઃ;
તૈઃ સ્તુતૈ-ર્વંદિતૈર્દષ્ટૈ-ર્યત્ફલં તત્ફલં સ્મૃતૌ. ૯૨

એતદ્ ગોપ્યં મહાસ્તોત્રં, ન દેયં યસ્ય કસ્યચિત્;
મિથ્યાત્વવાસિનો દત્તે, બાલહત્યા પદે પદે. ૯૩

આચામ્લાદિતપઃ કૃત્વા, પૂજયિત્વા જિનાવલિમ્:
અષ્ટસાહસ્રિકો જાપઃ, કાર્યસ્તત્સિદ્ધિહેતવે. ૯૪

શતમષ્ટોત્તરં પ્રાતર્યે પઠન્તિ દિને દિને,
તેષાં ન વ્યાધયો દેહે, પ્રભવન્તિ ચ સંપદઃ. ૯૫

અષ્ટમાસાવધિં યાવત્, પ્રાતરુત્થાય યઃ પઠેત્;
સ્તોત્રમેતન્મહાતેજ-સ્તવર્હદ્બિમ્બં સ પશ્યતિ. ૯૬

દૃષ્ટે સત્યાર્હતે બિમ્બે, ભવે સપ્તમકે ધ્રુવમ્;
પદં પ્રાપ્નોતિ શુદ્ધાત્મા, પરમાનન્દનન્દિતઃ ૯૭
વિશ્વવંદ્યો ભવેદ્ ધ્યાતા, કલ્યાણાનિચસોઽશ્નુતે;
ગત્વા સ્થાનં પરં સોઽપિ, ભૂયસ્તુ ન નિવર્તતે. ૯૮
ઈદં સ્તોત્રં મહાસ્તોત્રં,-સ્તુતીનામુત્તમં પદમ્;
પઠનાત્ સ્મરણાજ્જાપાલ્લભતે પદમવ્યયમ્. ૯૯
ઋષિમંડલનામૈતત્, પુણ્યપાપપ્રણાશકમ્;
દિવ્ય તેજો મહાસ્તોત્રમ્, સ્મરણાત્ પઠનાચ્છુભમ્. ૧૦૦
વિઘ્નૌઘાઃ પ્રલયં યાન્તિ, ચાપદો નૈવ કર્હિચિત્;
ઋદ્ધયઃ સમૃદ્ધયઃ સર્વા,, સ્તોત્રસ્યાસ્ય પ્રભાવતઃ. ૧૦૧
શ્રી વર્દ્ધમાન શિષ્યેણ, ગણભૃદ્ગૌતમર્ષિણા;
ઋષિમણ્ડલનામૈતત્, ભાષિતં સ્તોત્રમુત્તમમ્. ૧૦૨

કમલપ્રભાચાર્યવિરચિતમ્

શ્રી જિનપંજર સ્તોત્રમ્

ૐ હ્રીઁ શ્રીઁ અર્હઁ અર્હત્ભ્યો નમઃ, ૐ હ્રીઁ શ્રીઁ અર્હઁ સિદ્ધેભ્યો નમો નમઃ, ૐ હ્રીઁ શ્રીઁ અર્હઁ આચાર્યેભ્યો નમો નમઃ, ૐ હ્રીઁ શ્રીઁ અર્હઁ ઉપાધ્યાયેભ્યો નમો નમઃ, ૐ હ્રીઁ શ્રીઁ અર્હઁ ગૌતમસ્વામીપ્રમુખ સર્વ સાધુભ્યો નમો નમઃ. ૧

એષઃ પંચ નમસ્કારઃ, સર્વપાપક્ષયંકરઃ;
મંગલાનાં ચ સર્વેષાં, પ્રથમં ભવતિ મંગલમ્. ૨

ૐ હ્રીઁ શ્રીઁ જયે વિજયે, અહઁ પરમાત્મને નમઃ
કમલપ્રભસૂરીન્દ્રો, ભાષતે જિનપંજરમ્. ૩
એકભક્તોપવાસેન ત્રિકાલં યઃ પઠેદિદમ્
મનોઽભિલષિતં સર્વં, ફલં સ લભતે ધ્રુવમ્. ૪
ભૂશય્યા-બ્રહ્મચર્યેણ, ક્રોધ-લોભ-વિવર્જિતઃ.
દેવતાગ્રે પવિત્રાત્મા, ષણ્માસૈર્લભતે ફલમ્. ૫
અર્હન્તં સ્થાપયેન્મૂર્ધ્નિ, સિદ્ધં ચક્ષુર્લલાટકે;
આચાર્યં શ્રોત્રયોર્મધ્યે, ઉપાધ્યાયં તુ ઘ્રાણકે. ૬
સાધુવૃન્દં મુખસ્યાગ્રે, મનઃશુદ્ધિં વિધાય ચ;
સૂર્ય-ચન્દ્રનિરોધેન, સુધીઃ સર્વાર્થસિદ્ધયે. ૭
દક્ષિણે મદનદ્વેષી, વામપાર્શ્વે સ્થિતો જિનઃ;
અંગસંધિષુ સર્વજ્ઞઃ પરમેષ્ઠી શિવંકરઃ. ૮
પૂર્વાશાં ચ જિનો રક્ષે-દાગ્નેયીં વિજિતેન્દ્રિયઃ;
દક્ષિણાશાં પરં બ્રહ્મ નૈર્ઋતિં ચ ત્રિકાલવિત્. ૯
પશ્ચિમાશાં જગન્નાથો, વાયવીં પરમેશ્વરઃ,
ઉત્તરાં તીર્થકૃત્સર્વા-મીશાનીં ચ નિરંજનઃ. ૧૦
પાતાલં ભગવાનર્હન્, નાકાશં પુરુષોત્તમ;;
રોહિણીપ્રમુખા દેવ્યો, રક્ષંતુ સકલં કુલમ્. ૧૧
ઋષભો મસ્તકં રક્ષે,-દજિતોઽપિ વિલોચને;
સંભવઃ કર્ણયુગલં, નાસિકાં ચાભિનંદનઃ. ૧૨
ઓષ્ઠૌ શ્રીસુમતી રક્ષેદ્, દન્તાન્પદ્મપ્રભો વિભુઃ;
ઉડાડયો કાગ. એકવાર૦ ૪. સાહિબ ખટરસ ભોજન બહુ કર્યા, સાહિબ તૃપ્તિ ન પામ્યેા લગાર, સાહિબ હું રે અનાદિની ભુલમાં, સાહિબ રઝળ્યેા ઘણેા સંસાર, એકવાર૦ ૫. સાહિબ સજ્જન કુટુંબ મળ્યા ઘણાં, સાહિબ તે તે દુખે દુખી થાય, સાહિબ જીવ એક ને કર્મ જુજુઆ, સાહિબ તેહથી દુર્ગતિ જાય. એકવાર૦ ૬. સાહિબ ધન મેળવવા હું ધસમસ્યેા સાહિબ તૃષ્ણાનેા નાવ્યેા પાર, સાહિબ લેાભે લટપટ બહુ કરી, સાહિબ ન જોયેા પાપ વ્યાપાર, એકવાર૦ ૭. સાહિબ જેમ શુદ્ધાશુદ્ધ વસ્તુ છે, સાહિબ રવિકરે તેહ પ્રકાશ, સાહિબ તેમ હીજ જ્ઞાની મળે થકે, તે તેા આપે સમકિત વાસ, એકવાર૦ ૮. સાહિબ મેઘ વરસે છે વાડમાં, સાહિબ વરસે છે ગામેા ગામ, સાહિબ ઠામ કુઠામ જુએ નહિ, સાહિબ એહવા મહેાટાના કામ, એકવાર૦ ૯. સાહિબ હું વસ્યેા ભરતને છેડલે, સાહિબ તુમે વસ્યા મહા વિદેહ મઝાર, સાહિબ દૂર રહી કરૂં વંદના, સાહિબ ભવ સમુદ્ર ઉતારેા પાર. એકવાર૦ ૧૦ સાહિબ તુમ પાસે દેવ ઘણા વસે, સાહિબ એક મેાકલજો મહારાજ, સાહિબ મુખનેા સંદેશેા સાંભળેા, સાહિબ તેા સ્હેજે સરે મુજ કાજ. એકવાર૦ ૧૧. સાહિબ હું તુમ પગની મેાજડી, સાહિબ હું તુમ દાસનેા દાસ, સાહિબ જ્ઞાન વિમળસૂરી એમ ભણે, સાહિબ મને રાખેા તમારી પાસ. એકવાર મળેાને માસ સાહિબા. ૧૨.

શ્રી સિદ્ધાચલની ભાવનાનું સ્વવન

વિમલાચળ વિમળા પ્રાણી, શીતળ તરૂ છાયા ઠરાણી,
રસ વેધક કંચન ખાણી; કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી, સનેહી
સંત એ ગિરિ સેવો; ચૌદ ક્ષેત્રમાં તીરથ નહીં એવો, હાંરે
ત્રણ ભુવનમાં તીરથ નહીં એવો, સનેહી૦ ૧. ખટરી પાળી
ઉલસીયે, છઠ અઠુમ કાયા કસીએ, મોહ મલ્લના સામા
ધસીએ, વિમળાચલ વેગે વસીયે, સનેહી૦ ૨. અન્ય થાનક
કર્મ જે કરીએ, તે હીમગિરિ હેઠા હરીએ, પાછળ
પ્રદક્ષિણા ફરીએ, ભવજળ નિધિ હેલા તરીએ, સનેહી૦
૩. શીવ મંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે,
ચઢતાં સમકિતી છાજે, દુર્ભવ્ય અભવ્ય તે લાજે, સનેહી૦
૪. પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા,
પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચળ સિદ્ધા અનંતા. સનેહી૦
૫. ખટ માસી ધ્યાન ધરાવે, શુક રાજાનું રાજ તે પાવે,
બાહિર અંતર શત્રુ હરાવે, શેત્રુંજો નામ ધરાવે. સનેહી૦
૬. પ્રણિધાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નીકાચો,
મોહરાયને લાગે તમાચો, શુભવીર વિમળગિરિ સાચો,
સનેહી સંત એ ગિરિ સેવો. ૭.

શ્રી ઋષભદેવ જીન સ્તવન

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયા દૂરરે, મોહન મરૂદેવીનો લાડણોજી, દીઠો મીઠો આનંદ પુરરે. સમકિત૦ ૧. આયુ વરજીત સાતે કરમનીજી, સાગર કોડા કોડી હીનરે, સ્થિતિ પ્રથમ કરણે કરીજી, વીર્ય અપૂરવ મોઘર લીનરે. સમકિત૦ ૨ ભુંગળ ભાંગી આદ્ય કસાયનીજી, મિથ્યાત મોહની સાંકળ સાથરે, બાર ઉઘાડયાં સમ સંવેગનાંજી અનુભવ ભવને બેઠો નાથરે, સમકિત૦ ૩. તોરણ બાંધ્યું જીવદયા તણુ જી, સાથીયો પૂર્યો શ્રદ્ધારૂપરે, ધૂપ ઘટા પ્રભુ ગુણ અનુમોદનાજી, ધી ગુણ મંગલ આઠ અનુપરે, સમકિત૦ ૪. સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાનરે, આતમ ગુણ રૂચી મૃગમદ મહમહેજી, પંચાચાર કુસુમ પ્રધાનરે. સમકિત૦ ૫. ભાવ પૂજાએ પાવન આતમાજી, પૂજે પરમેશ્વર પૂન્ય પવિત્રરે, કારણ જોગે કારજ નીપજેજી, ખીમાવિજય જીન આગમ રીતરે, સમકિત દ્વાર ગભારે પેસતાંજી. ૬.

શ્રી ચીંતામણી પાર્શ્વનાથનું સ્તવન

શ્રી ચિંતામણી પાર્શ્વજીરે, વાત સુણો એક મોરીરે, માહરા મનના મનોરથ પૂરજો હું તો ભક્તિ ન છોડું તોરીરે. શ્રી૦ ૧. માહરી બિજમતમાં ખામી નહિરે, તાહરે

ખોટ ન કાંઈ ખજાનેરે, હવે દેવાની શી ઢીલ છે, કહેવું તે કહીએ છાનેરે શ્રી૦ ૨. તેંઉરણુ સવી પૃથ્વી કરી રે, ધન વરસી વરસીદાનેરે, માહરી વેળા શું એહવાદીએા, વાંછિત વાળેા વાનરે. શ્રી૦ ૩. હું તેા કેડ ન છેાડું તાહરારે, આપ્યા વિણ શિવસુખ સ્વામીરે, મુરખ તેએા છે માનશે, ચિંતામણી કરયલ પામીરે, શ્રી૦ ૪. મત કહેજ્યેા તુજ કર્મે નથીરે, કર્મે છે તેા તું પામ્યેારે, મુજ સરીખા કીધા મેાટકા, કહેા તેણે કાંઈ તુજ થામ્યેારે. શ્રી૦ ૫. કાલ સ્વભાવ ભવિતવ્યતારે, તે સઘળા તારા દાસેારે, મુખ્ય હેતુ તું મેાક્ષનેાએ, એ મુજને સબલ વિશ્વાસેરે. શ્રી૦ ૬. અમે ભકતે મુક્તિને ખેંચશુંરે, જીમ લેાહને ચમક પાષાણેારે, તુમે હેજે હસીને દેખશેા, કહેશેા સેવક છે સપરાણેારે. શ્રી૦ ૭. ભક્તિ આરાધ્યા ફળ દીયેરે, ચિંતામણી પણ પાષાણેારે, વળી અધિકું કંઈ કહાવશેા, એ ભદ્રક ભક્તિ તે જાણેારે. શ્રી૦ ૮. બાળક તે જીમ તિમ બેાલતેારે, કરે લાડ તાતની આગેરે, તે તેહશું વાંછિત પૂરવે, બની આવે સઘળું રાગેરે. શ્રી૦ ૯. માહરે બનનારૂં તે બન્યુંજ છેરે, હું તેા લેાકને વાત શીખાવું રે, વાચક જશ કહે સાહિબા, એ ગીતે એ ગુણ ગાવુંરે, શ્રી ચિંતામણી પાર્શ્વજીરે. ૧૦.

શ્રી પારસનાથનો થાલ

માતા વામાદે બોલાવે જમવા પાસને, જમવા વેળા થઈ છે રમવાને શીદ જાય, તાતજી વાટ જુએ છે બહુ થાયે ઉતાવળા, વેલા હીંડોને ભોજનીઆ ટાઢાં થાય, માતા૦ ૧. માતાના વચન સુણીને જમવાને બહુ પ્રેમશું, બુદ્ધિ બાજોઠ ઢાળી બેઠાં બહુ હુંશીયાર; વિનય થાલ અજુઆળી લાલન આગળ મુકીયેા, વિવેક વાટકીઓ શોભાવી થાલ મજાર, માતા૦ ૨. સમકિત શેલડીના છોલીને પીતા મુકીયા, દાનના દાડિમ દાણા ફોલી આપ્યાં બાસ, સમતા સીતાફલનો રસ પીજો બહુ રાજીયા, જુક્તિ જામફળ કેરાં આરોગોને આજ માતા૦ ૩. કરૂણા કેરી મીઠીને રસ વેલડી, કર્મના કેળાં ને વળી માંહે બીમા બાંડ, ભેલા જમીએ રસીયા પ્રેમે પકવાન પીરસું, ભાવે ઘીમાં તળીયાં રખે રાખતા છંદ, માતા. ૪. પ્રભુને મન મોતૈયાં ગુણ ગણ વડાં પીરસ્યાં, પ્રેમના પેંડા જમજો માન વધારણ કાજ, જાણપણાની જલેબી બાતાં ભાંગે ભુખડી, દયા દુધપાક અમીરસ આરોગોને આજ, માતા. ૫. મારા લાકડાને શીયલની સેવા મન ગમે, સમતા સાકર ઉપર ભાવસું ભેલ્યું ઘૃત, ભક્તિ ભજીયાં પીરસ્યાં પાસ કુમારને પ્રેમશું, અનુભવ અથાણું ચાખોને રાખી શરત, માતા. ૬. રૂચી રાયતા કેરી આગમ તુમને ઘણી હતી, પ્રભાવનારૂપી પુડલાનો ચમકાર, ચતુરાઈ ચુરમાનો લાડવો ભાવે ભાવે હોંશશું, દાક્ષિણ્યતારૂપી દાળ

તણો નહીં પાર, માતા, ૭. સરવ શીરોને વળી પુન્યની પુરી પામીએ, સંવેગ શાકતણો જે હરખ હવેજી સાર, રસ રોટલીઓ કુળી થોડી થોડી લીજીએ, વિચાર વડીઓ વધારી તીખી તમ તમ કાજ, માતા. ૮. પ્રભુને પ્રેમના પાપડ જમતાં પોચા લાગશે, ચીતના ચોખા ઓસાવ્યા અણીઆલા જીમ કુલ, ઇંદ્રિય દમન દુધ તપ તાપે તાતું કરી, હલવા હલવા જીમજો જગજીવન અમ કુલ, માતા. ૯. અષ્ટ સિદ્ધિ વાસના અમૃત જલ પીધાં ઘણું, તત્વના તંબોલ આપે પ્રભાવતી મન રંગ, શીયલ સોપારી ચુરી અકકલ એલાયચી આપીને, તાતજી સાથે ચાલે પાસકુંવર અભંગ, માતા. ૧૦. પ્રભુના થાલતણો અર્થ ગાયે શીખેને સાંભળે, ભેદ ભેદાંતર સમજે જ્ઞાની તેહ કહેવાય, પન્યાસ ગુમાનવિજયનો શિષ્ય કહે કરજોડીને, સોભાગ્યવિજય ભાવે ગુણ ગાય સદાય, માતા વામાદે. ૧૧.

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

ૐ અર્હં મહાવીર મહાવીર, પ્રભુ મહાવીરના ગુણ ગાવોરે, વીર પ્રભુનું સમરણ કરીને, ભવસાગર તરી જાઓરે, ૐ અર્હંમ૦ ૧. રોમે રોમે મહાવીર મહાવીર, નિત્ય નિત્ય ભજીએ ભાવે, શ્વાસો શ્વાસે મહાવીર ભજીએ, તો મહાવીર ગુણ આવેરે, ૐ અર્હંમ૦ ૨. ફરતાં ફરતાં મહાવીર મહાવીર, મહાવીર ધ્યાન ન છોડો ઉઠતાં બેસતાં ખાતાં

પીતાં, મહાવીરથી મનમેડોરે, ૐ અર્હંમ૦ ૩. વીર પ્રભુનું ધ્યાન ધરતાં, આતમ જ્યોતિ જાગે, આભવને પર ભવના સર્વે, અંતર વૈરી નાસેરે, ૐ અર્હંમ૦ ૪. વીર પ્રભુનું શરણું સાચું, બીજે કયાં ઇન રાચેા, ગુરૂજી એકજ રાહ બતાવે, મહાવીર મારગ સાચેારે, ૐ અર્હં મહાવીર૦ ૫.

શ્રી પાર્શ્વનાથનું સ્તવન

પાસજી તેારારે પાય, સ્વામી પલકમાં છેાડયા ન જાય, તુમસે લગન લગી. લગીલગી આંખીયાને, રહીરે લેાભાય, દુનિયામાં દુજો કેાઈ ન આવે દાય, તુમસે. ૧. આછી આછી આંગીયાને, રંગે અનુપ, અજબ બન્યું છે સાહિબા, આજનું રૂપ, તુમસે. ૨. શિર કાને, કર હૈયે, સેાહે ઉદાર, મુગટ કુંડળ બાજુબંધને હાર, તુમસે. ૩. તુજપદ પંકજ, મુજ મન ભૃંગ, ચિત્તમાં લાગ્યેારે સાહિબા, ચેાલનેા રંગ, તુમસે. ૪, દેવાધિદેવ તું તેા, દીન દયાળ, ત્રિભુવન નાયક તુજને, નમું ત્રણ કાળ, તુમસે. ૫. લાંબી લાંબી બાહુડીને, બડે બડે નેણ, સુરતરૂ સરીખાં સાહિબા, શિવ સુખ દેણ, તુમસે. ૬. જુની જુની મુરતિને, જ્યેાત અપાર, સુરત દેખીને પ્રભુની, મેાહ્યો સંસાર, તુમસે. ૭. સત્તરસેં એંશી સમેને, ચૈતર માસ, પુરણ માસે પહેાતી પુરણ આશ, તુમસેં. ૮. ઉદય રતન વાચક, વદે એમ, પાર્શ્વ સંખેશ્વર જોતાં, વાધ્યેા છે પ્રેમ, તુમસે. ૯.

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

નારે પ્રભુ નહિ માનું, નહિં માનું અવરની આણ, નારે પ્રભુ નહિ માનું મારે તાહરૂં વચન પ્રમાણ, નારે પ્રભુ હરિ હરાદિકદેવ અનેરા, તે દીઠા જગમાંયરે, ભામિની ભરમ ભ્રકુટીએ ભૂલ્યા, તે મુજને ન સોહાય, નારે. ૧. કેઇક રાગીને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવરે, કેઇક મદ માયામાં ભલીયા, કેમ કરીએ તસુ સેવ, નારે. ૨. મુદ્રા પણ તેમાં નવિ દીસે પ્રભુ, તુજ માંહેલી તિલ માતરે, તે દેખી દીલડું નવી રીજે, શી કરવી તેહની વાત, નારે. ૩. તું ગતિ તું મતિ તું મુજ પ્રિતમ, તું જીવ જીવન આધારરે, રાત દિવસ સ્વપ્નાંતર તુંહિ, તું માહરે નિરધાર, નારે. ૪. અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીને નિહાલરે, જગ-બંધવ એ વિનતિ મોરી, મહારાં સવિ દુખ દૂરે ટાલ, નારે. ૫. ચોવીસમાં પ્રભુ ત્રિભુવન સ્વામી, સિદ્ધારથના નંદરે, ત્રિશલા જીના નાનડીયા પ્રભુ, તુમ દીઠે અતિ આનંદ, નારે. ૬. સુમતિ વિજય કવિ રાયનોરે, રામવિજય કરજોડરે, ઉપગારી અરિહંતજી માહરા, ભવભવના બંધન છોડ, નારે. ૭

શ્રી ઉપદેશક સ્વતન

પ્રભુજી પટા લીખા દો મેરા, મેં સચ્ચા નોકર તેરા, પ્રભુજી પટા લિખાદો મેરા. મેં દીન ભર નોકર તેરા, પ્રભુજી પટા લીખા દો મેરા, મેં હુકમી ચાકર તેરા દવાત

મંગાવી દઉ, કલમ મંગાવી દઉં, પાના મંગાવી દઉં કોરા, મુક્તિ પુરીકી જાગીર લીખાઈ દો, મસ્તક મુજરા મેરા, પ્રભુજી૦ ૧. જ્ઞાન ધ્યાનકા મહેલ બનાવ્યાં, દરવાજે રખ પેરા, સુમતિ સિપાઈ નોકર રાખો, ચોર ન પાવે ઘેલા, પ્રભુજી૦ ૨. પંચ હથિયાર જતન કરી રાખો, મનમાં રાખો વીરા, ક્ષમા ખડગ લઈ પાર ઉતરજો, જબ તબ મુજરા મેરા, પ્રભુજી૦ ૩. કોડી કોડી માયા જોડી, માલ ભર્યા સબ તેરા, જમકા દૂત પકડને લાગ્યા, લુંટ લીયા સબ ડેરા, પ્રભુજી૦ ૪. તન વચ મન દરીયાબ ભર્યો હે, નાવ જોખાવે ઠેલા, કહે કાન્તિવિજય કર જોડી અંધ પંથકા ઘેલા, પ્રભુજી પટા લીખા દો મેરા, ૫.

શ્રી સામાન્ય જીન સ્તવન

પ્રભુ તુંહિ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ ધરતા ધ્યાનરે, સકલ સમતા સરલતાનો, તુંહિ અનુપમ કંદરે, તુંહિ કૃપા રસ કનક કુંભો, તુંહિ જીણંદ મુણીદંરે, પ્રભુ તુંહિ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ ધરતા ધ્યાનરે તુજ સ્વરૂપી જે થયાં, તે લહે તાહરૂં ધ્યાનરે. ૧. તુંહિ અલગો ભવથકી પણ જે ભવિક તાહરે નામરે, પાર ભવનો તેહ પામે, એહ અચરિજ ઠામરે, પ્રભુ૦ ૨. જનમ પાવન આજ માહરો, નીરખીયું તુંજ નુરરે, ભવોભવ અનુમોદના જે, થયો તુજ હજુરરે, પ્રભુ૦ ૩. એહ માહરો અખય આતમ, અસં ખ્યાત પ્રદેશરે,

તાહરાં ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશરે, પ્રભુ૦ ૪. એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંત નિવાસરે, એમ કહિ તુજ સેવ મિલતાં, હોવે જ્ઞાન પ્રકાશરે, પ્રભુ૦ ૫. ધ્યાન ધ્યાતા ધ્યેય કહીએ, ભાવ હોયે એમરે, એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોયે ક્ષેમરે. પ્રભુ૦ ૬. એક સેવતા હરિ પ્રભુજી, લહે અચલ સ્વભાવરે, જ્ઞાન વિમલસૂરિંદ પ્રભુતા, લહે સુજસ જમાવરે, પ્રભુ૦ ૭.

શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

ૐ અર્હં મહાવીર જીનેશ્વર, જાપ જપું દીન રાતરે, પ્રભુ વિણ બીજું કાંઈ ન ઇચ્છું, માતપિતા તું ભ્રાતરે, ૐ અર્હં૦ ૧. પરાપસ્યંતિ મધ્યમા વૈખરી, જાપે ટળે સહુ પાપરે, રાગ દ્વેષ ન પાસે આવે જાપ જપંતા અમાપરે, ૐ અર્હં૦ ૨. જ્યાં ત્યાં અંતર બાહિર ધાર, ત્રાટક તુજ ઉપયોગરે, જીભ ન હાલે માનસ જાપે, પ્રગટે આનંદ ભોગરે, ૐ અર્હં૦ ૩. જડ ચેતન સહુ વિશ્વમાં પ્રભુ, સત્તા ધારણા યોગરે, આત્મ મહાવીર સત્તા પ્રગટે, થાતો કર્મ વિયોગરે, ૐ અર્હં૦ ૪. પ્રભુ તુજ જાપના ધૂપથી, નાસે દુર્બુદ્ધિ દુર્ગંધરે, ક્ષણ ક્ષણ આતમ શુદ્ધિ વૃદ્ધિ, આતમ થાય અબંધરે, ૐ અર્હં૦ ૫. પ્રભુ જાપે પ્રભુ ઘટમાં પ્રકાશ્યા, પ્રગટી સુખની ખુમારીરે, બુદ્ધિસાગર મહાવીર લગની, પ્રગટી ન ઉતરે ઉતારીરે; ૐ અર્હં૦ ૬.

શ્રી શત્રુંજયના ૧૦૮ નામ ગર્ભિત સ્તવન

(ઢાળ પહેલી)

(આંખડીએ મેં આજ શેત્રુંજો દીઠો રે એ દેશી)

પ્રણમો પ્રેમે આજ, શેત્રુંજો સાચોરે, જેના નામ છે એકસોઆઠ ગુણગણ માંચોરે ॥ આંકણી પહેલો શત્રુંજય[૧] બીજો બાહુબલ.[૨] વાલા મારા ત્રીજોમરૂદેવ[૩] જાણોરે. પુંડરીક[૪] ગિરિવલી રૈવતગિરિ,[૫] વિમલાચલ[૬] મન આણોરે શેત્રુંજો૦ ૧ સિદ્ધરાજ[૭] ભગીરથ[૮] સિદ્ધક્ષેત્ર,[૯] વાલા સહસ્રકમલ[૧૦] સુખકારી રે, મુક્તિનિલય વલી[૧૧] સિદ્ધાચલજી,[૧૨] શતકુટ-ગિરિ[૧૩] દુઃખવારીરે. શેત્રુંજો૦ ૧. ઢંક[૧૪] અને કોડી-નિવાસ[૧૫] કહિજો, વાલા મારા કદમગિરિની[૧૬] કરો ભક્તિરે, લોહિત્ય[૧૭] તાલધ્વજ[૧૮] પુણ્યરાશિ,[૧૯] મહા-બલ[૨૦] દૃઢશક્તિરે[૨૧] શેત્રુંજો૦ ૩. રાતપત્ર[૨૨] વિજ્યાનંદ[૨૩] ભદ્રંકર, વાલામારા મહાપીઠ[૨૫] અને સુરગિરિરે,[૨૬] મહા-ગિરિ[૨૭] મહાનંદ[૨૮] તે પ્રણમો, કર્મસુદન[૨૯] કૈલાસ-ગિરિરે.[૩૦] શેત્રુંજો૦ ૪. પુષ્પદંત[૩૧] જયંતને[૩૨] આનંદ,[૩૩] વાલા મારા શ્રીપદ[૩૪] હસ્તગિરિ[૩૫] સાચોરે, શાશ્વત-ગિરિને[૩૬] ભવ્યગિરિ,[૩૭] સિદ્ધશેખર[૩૮] મહાયશ[૩૯] માંચોરે. શેત્રુંજો૦ ૫. માલ્યવંતને[૪૦] પુથ્વીપીઠ[૪૧] એ, વાલામારા દુઃખહર[૪૨] મુક્તિરાજ[૪૩] રે, મણીકંતને[૪૪] મેરુમહીધર,[૪૫] નમો કંચનગિરિ[૪૬] આજરે શેત્રુંજો સાચોરે૦ ૩.

(ઢાલ બીજી)

(ગિરિવર દરીશન વિરલા પાછે; પૂરવ સંચિત કર્મ ખપાવે એ દેશી)

સિદ્ધગિરિ મહિમા બહુપરે ગાવે આતમ આનંદ
નિત્ય પાવે. સિદ્ધ૦ ૧. આનંદઘર[૪૭] પુષ્પકંદ[૪૮] જયાનંદ,[૪૯]
પ્રણમો પાતાલમૂલ[૫૦] મહાનંદ. સિદ્ધ૦ ૨. વિભાસ[૫૧]
વિશાલ[૫૨] અને જગતારણ,[૫૩] અકલંક[૫૪] અકર્મક[૫૫]
પાતિક વારણ સિદ્ધ૦ ૩. મહાતીરથ[૫૬] મોટોને હેમગિરિ[૫૦]
સાચો, અક્ષયસુખ પામે નહિ કાચો. સિદ્ધ૦ ૪. અનંત-
શક્તિ[૫૮] પુરુષોતમ[૫૯] કહિએ, પર્વતરાજા[૬૦] જ્યોતિરૂપ[૬૧]
લહિએ. સિદ્ધ૦ ૫. વિલાસભદ્ર[૬૨] સુભદ્ર[૬૩] અજરામર,[૬૪]
ક્ષેમંકર[૬૫] નમતા નરામર સિદ્ધ૦ ૬. અમરકેતુ[૬૬]
ગુણકંદ[૬૭] કહાવે, સહસ્રપત્ર[૬૮] શિવંકર[૬૯] આવે સિદ્ધ૦
૭. કર્મક્ષય[૭૦] તમોકંદ[૭૧] રાજરાજેશ્વર,[૭૨] ભવતારણ[૭૩]
ગજચંદ્ર[૭૪] ગીરીશ્વર. સિદ્ધ૦ ૮. મહોદય[૭૫] સુરકાંત નમો
અચલ,[૭૭] અભિનંદ[૭૮] સેવો સુમતિવિમલ.[૭૯] સિદ્ધ૦ ૯.
શ્રેષ્ટ[૮૦] અભયકંદ[૮૧] ઉજ્જવલગિરિનામે,[૮૨] મહાપદ્મ[૮૩]
વિશ્વાનંદ[૮૪] વિજયભદ્ર પામે.[૮૫] સિદ્ધ૦ ૧૦. ઇન્દ્ર
પ્રકાશ[૮૬] કદર્પિવાસ[૮૭] લાયક, મુક્તિનિકેતન[૮૮] કેવલ
દાયક[૮૯], સિદ્ધ૦ ૧૧. અર્ચગિરિ[૯૦] અષ્ટતરશતકૂટશોહે[૯૧],
સૌંદર્ય[૯૨] યશોધર[૯૩] પ્રીતિમંડનમોહેર સિદ્ધ૦ ૧૨ કામુ-
કકામ[૯૪] અથવા કામદાયી[૯૫] સહજાનંદ[૯૬] મહેન્દ્રધ્વજભાઇ
સિદ્ધિ૦ ૧૩ સર્વાર્થસિદ્ધ[૯૮] પ્રિયંકર[૯૯] જાણો, બ્રહ્મગિરિ[૧૦૦]
નન્દિગિરિ[૧૦૧] સુપ્રમાણો. સિદ્ધ૦ ૧૪. શ્રેય પદ[૧૦૨]

પ્રભોપદ[૧૦૩] સર્વકામદાઈ[૧૦૪], સહસ્રાખ્ય[૧૦૫] સુવર્ણ-ગિરિ[૧૦૬] સુખદાઇ. સિદ્ધ૦ ૧૫. ઉદયગિરિ[૧૦૭] અરબુદ-ગિરિ[૧૦૮] પ્રમાણો, એકશત આઠ એ જાણો સિદ્ધ૦ ૧૬. સહજ કલાનિધિ પૂરણ પાવે, સાગરમાં નિત્ય વૃદ્ધિ આવે. સિદ્ધગિરિ મહિમા બહુપરે ગાવે.

શ્રી મૌન એકાદશી સ્તવન

(પાલીતાણા મન ભાવ્યું પ્રભુજી—એ દેશી)

મૌન પણું મન ભાવ્યું, પ્રભુજી, એકાદશી વ્રત આવ્યું, આજ તો દોઢસો છે કલ્યાણક, ઉત્તમ જીનેશ્વર કેરા, (૨) પ્રભુજી એકાદશી વ્રત આવ્યું. શ્રી અરજીનનું દીક્ષા કલ્યાણક, મલ્લી જનમ દીક્ષા કેવલ પાયક; નમિતે કેવલ પાયા. પ્રભુજી એકાદશી વ્રત આવ્યું૦ ૧. સપ્તમ ચક્રી થયા અરસ્વામી, ઇણ તિથિ દીક્ષા ગ્રહી મદવામી, તીર્થંકર પદ સોહાયા પ્રભુજી. એકાદશી વ્રત આવ્યું.૦ ૨. ઓગણીશમા શ્રી મલ્લીજીનવર, ત્રણ કલ્યાણક એહના સુખકર, નમિતે કેવલ પ્રગટાયા પ્રભુજી. એકાદશી વ્રત આવ્યું૦ ૩. જંબુદ્વીપના ભરતે જાણું, એહ કલ્યાણક મન આણું, એમ દશ ક્ષેત્રે કહાયાં પ્રભુજી. એકાદશી વ્રત આવ્યું૦ ૪. પાંચ ભરત પાંચ અર વ્રત કહિયે, અતિત અનાગત વર્તમાન લહીએ એમ દોઢસો ગણાયા પ્રભુજી. એકાદશી વ્રત આવ્યું૦ ૫ જન્મ કલ્યાણક ત્રીશના જાણું, દીક્ષા કલ્યાણક સાઈઠ પ્રમાણું,

કેવલીએ સાઇઠિ સોહાયા પ્રભુજી. એકાદશી વ્રત આવ્યું૰ ૬. કાન પુછે શ્રી નેમી જીનને, પ્રભુ પ્રકાશે એકાદશી દિનને, સુવ્રત શેઠ સુખપાયા પ્રભુજી. એકાદશી વ્રત આવ્યું૰ ૭. ઉત્કૃષ્ટ વર્ષ અગીયાર આરાધો, જઘન્ય માસ અગીયારે સાધો, ઉજમણું કરીએ મન ભાયા પ્રભુજી. એકાદશી વ્રત આવ્યું૰ ૮. જાપ જપો મલ્લીજિન કેરો ભવિયા, ભ્રાતૃસાગરસૂરિ ગુણના દરિયા, વૃધિચંદ્ર ગુણ ગાયા. પ્રભુજી, એકાદશી વ્રત આવ્યું૰ ૯.

શ્રી ચઉ શરણ

મુજને ચાર શરણાં હોજો,–અરિહંત સિદ્ધ સુસાધુજી, કેવળી ધર્મ પ્રકાશીએા, રત્ન અમૂલક લાધું જી. મુજને૰ ૧. ચિહું ગતિ તણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એહોજી, પૂર્વે મુનિવર જે હૂઆ, તેણે કીધાં શરણાં એહોજી. મુજને૰ ૨. સંસાર માંહિ જીવને, સમરથ શરણા ચારોજી, ગણિ સમય સુંદર ઈમ કહે, કલ્યાણ મંગલ કારોજી. મુજને૰ ૩. લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકોજી, મિચ્છામિ દુક્કડં દીજીએ, જીન વચને લહીએ ટેકોજી. લાખ૰ ૧. સાત લાખ ભૂદગ તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી, ષટ્ વિગલ સુરતિરિ નારકી, ચાર ચાર ચઉદે નરના ભેદોજી. લાખ૰ ૨. મુજ વૈર નહિ કેહ શું, સહુ શું મૈત્રી ભાવોજી ગણિ સમય સુંદર ઈમ કહે,

પામીએ પુન્ય પ્રભાવેાજી. લાખ૦ ૩. ઢાલ૦ ૩. પાપ અઢારે જીવ પરિહરેા, અરિહંત સિદ્ધની સાખેજી, આલેાયાં પાપ છૂટીએ, ભગવંત ઈણી પેરે ભાખેજી. પાપ૦ ૧. આશ્રવ કષાય દેાય બંધવા, વળી કલહ અભ્યાખાનેાજી, રતિ અરતિ પૈશુન નિંદાને, માયામેાસ મિથ્યાત્વજી. પાપ૦ ૨. મન વચન કાયાયે જે કીધાં, મિચ્છામિ દુક્કડં દેહેાજી, ગણિ સમય સુંદર ઈમ કહે, જૈન ધર્મનેા મર્મ અહેાજી. પાપ૦ ૩. ઢાળ૦ ૪. ધન ધન તે દિન મુજ કહી હેાશે, હું પામીશ સંયમ સુધેાજી, પૂર્વ ઋષિ પથે ચાલશું, ગુરૂ વચને પ્રતિ બુદ્ધેાજી. ધન૦ ૧. અંત પ્રાંત ભિક્ષા ગેાચરી, રણુવને કાઉસ્સગ્ગ કરશું જી, સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ શુદ્ધેા ધરશું જી. ધન૦ ૨. સંસારના સંકટ થકી, છૂટીશ જિન વચને અવધારેાજી, ધન્ય સમય સુંદર તે ઘડી, હું પામીશ ભવનેા પારેાજી ધનધન૦ ૩.

શ્રી નવકાર મંત્રનેા છંદ

(દુહા)

વંછિત પુરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર, નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જય જયકાર. ૧. અડસઠ અક્ષર અક્ષર અધિક ફળ, નવપદ નવે નિધાન, વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ટિ પ્રધાન. ૨. એકુ જ અક્ષર એક

ચિત્ત, સમર્યા સંપતિ થાય, સંચિત સાગર સાતના, પાતક દૂર પલાય. ૩. સકળ મંત્ર શિર મુકુટમણિ, સદ્‌ગુરૂ ભાષિત સાર, સોભવિયા મન શુદ્ધ શું, નિત્ય જપીએ નવકાર. ૪.

(છંદ)

નવકાર થકી શ્રીપાલ નરેસર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ, સ્મશાન વિષે શિવનામ કુમરને, સોવન પુરિષો સિદ્ધ. ૧. નવ લાખ જપંતા નરક નિવારે, પામે ભવનો પાર, સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત જપીએ નવકાર. ૫. આંધી વડશાખા શિંકે બેસી, હેઠલ કુંડ હુતાશ; તસ્કરને ચિત્તે મંત્ર સમર્પ્યો, ઉડયો તે આકાશ, વિધિ રીત જપતાં અહિ વિષ ટાલે; ઢાલે અમૃત ધાર. સો૦ ૬. બીજોરાં કારણ રાય મહાબલ, વ્યંતર દુષ્ટ વિરોધ; જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો યક્ષ પ્રતિબોધ, નવ લાખ જપંતા થાયે જીનવર, ઈસ્યો છે અધિકાર સો૦ ૭. પલ્લીપતિ શિખ્યો મુનિવર પાસે, મહા મંત્ર મન શુદ્ધ, પરભવ તે રાજસિંહ પૃથ્વી પતિ, પામ્યો પરિગલ રિદ્ધ, એ મંત્રથકી અમરાપુર પહોચ્યો, ચારૂદત્ત સુવિચાર સો૦ ૮. સન્યાસીકાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજાળે, દીઠો શ્રી પાસ કુમારે પન્નગ, અધ બળતો તે ટાળે; સંભળાવ્યો શ્રી નવકાર સ્વયંમુખ, ઈન્દ્ર ભુવન અવતાર. સો૦ ૯. મન શુદ્ધે જપતાં મયણા સુંદરી, પામી પ્રિય સંયોગ; ઈણ ધ્યાન થકી ટળ્યો કુષ્ટ ઉંબરનો રક્તપિત્તનો રોગ, નિશ્ચે શું જપતાં નવનિધિ થાયે, ધર્મ

તણો આધાર. સો૦ ૧૦. ઘટમાંહિ કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ધરણી કરવા ઘાત, પરમેષ્ઠિ પ્રભાવે હાર ફૂલનો, વસુધા માંહિ વિખ્યાત, કમલાવતીએ પીંગલ કીધો, પાપતણો પરિહાર. સો૦ ૧૧. ગયણાં ગણ જાતિ રાખીગ્રહીને, પાડી બાણ પ્રહાર; પદ પંચ સુણંતા પાંડુ પતિ ઘેર, તે થઇ કુંતાનાર, એ મંત્ર અમુલખ મહિમા મંદિર, ભવદુઃખ ભંજનહાર. સો૦ ૧૨. કંબલને સંબલે કાદવ કાઢયા; શકટ પાંચસે માન, દીધે નવકારે ગયા દેવ લોકે, વિલસે અમર વિમાન; એ મંત્ર થકી સંપત્તિ વસુધા લહી, વિલસે જૈન વિહાર. સો૦ ૧૩. આગે ચોવીશીહુઇ અનંતી, હોશે વાર અનંત; નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત; પુરવદિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યા સંપત્તિ સાર. સો૦ ૧૪. પરમેષ્ટિ સુરપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર, પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખો, મણિધર ને એક મોર; સહગુરૂ સન્મુખ વિધિએ સમરતાં, સફળ જન્મ સંસાર. સો૦ ૧૫. શૂલિકારોપણ તસ્કર કીધો, લોહ ખુરો પર સિદ્ધ તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની રિદ્ધ, શેઠને ઘેર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર. સો૦ ૧૬. પંચ પરમેષ્ઠિ જ્ઞાન જ પંચહ, પંચ દાન ચારિત્ર, પંચ સંજ્ઝાય મહા વ્રત પંચહ, પંચ સમિતિ સમકિત, પંચ પ્રમાદ વિષય તજે પંચહ, પાળો પંચાચાર. સો૦ ૧૭.

(કળશ)

નિત્ય જપીએ નવકાર, સાર સંપત્તિ સુખદાયક; સિદ્ધ મંત્ર

એ શાશ્વતો, એમ જંપે શ્રી જગનાયક, શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે; શ્રી ઉવજ્ઝાય સુસાધુ, પંચ પરમેષ્ઠિ થુણીજે; નવકાર સાર સંસાર છે. કુશલ લાભ વાચક કહે, એક ચિત્તે આરાધતાં વિવિધ ઋદ્ધિ વંછિત લહે ॥૧૮॥

પ્રભુની પાસ કહેવાની સ્તુતીઓ

(૧)

જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે, જે જીભ જીનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે; પીયે મુદ્રા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે, તુમ નામ મંત્ર વિશદધરે, વર, તે હૃદયને નિત્ય ધન્ય છે.

(૨)

સહુ આપ્તનાં શિરદાર હે, જગદીશ તું એકજ સદા, મુજ મળ્યો તું સકલ મનને, ઈષ્ટ આપે સંપદા; હે નાથ, નિજ સેવક ગણી, મુજને સ્વીકારો સ્નેહથી, તુલના ધરૂં હું તાહરી, ઉત્કર્ષ પામું જેહથી.

(૩)

સુણ્યા હશે પૂજ્યા હશે, નિરખ્યા હશે પણ કો ક્ષણે, હે જગત બંધુ ચિત્તમાં, ધાર્યા નહિ ભક્તિપણે; જન્મ્યો પ્રભુ તે કારણે, દુઃખ પાત્ર હું સંસારમાં, હા ભક્તિ તે ફળતી નથી, જે ભાવ શુન્યાચારમાં.

(૪)

ઈહ જગત સ્વામી મોહ વામી, મોક્ષગામી સુખકરૂં, પ્રભુ અકલંક અમલ અખંડ, નિર્મળ ભવ્ય મિથ્યાત્વ હરૂં;

દેવાધિ દેવા ચરણ સેવા, નિત્ય મેવા આપીયે, નિજ દાસ જાણી, દયા આણી, આપ સમોવડ થાપીયે.

(૫)

પંચમ કાળે પામવો દુર્લભ પ્રભુ દેદાર તોપણ તારા નામનો, છે મોટો આધાર.

(૬)

જે પ્રભુના અવતારથી અવનિમાં, શાંતિ બધે વ્યાપતી, જે પ્રભુની સુપ્રસન્નને અમીભરી, દૃષ્ટિ દુઃખો કાપતીઃ જે પ્રભુએ ભરયૌવને વ્રતગ્રહી, ત્યાગી બધી અંગના, તે તારક જીન દેવના ચરણમાં હોજો સદા વંદના.

(૭)

શું કર્મ કેરો દોષ આ, અથવા શું મારો દોષ છે, નથી ભવ્યતા મારી અરે, હત કાલનો શું દોષ છે; અથવા શું મારી ભક્તિ નિશ્ચલ, આપમાં શું થઇ નથી, જેથી પરમપદ માગતા પ્રભુ દાસને દેતા નથી.

(૮)

ભયથી ભનેલો ગાભરો, હું ચઉદિશાએ રખડતો, આધારથી અલગો થયેલો, આપ વિના દુઃખ પામતો, ધારક અનંતા વીર્યના, દેનારા ટેકો જગતને, હે નાથ ભવ અટવી ઉતારી, કર હવે નિર્ભય મને.

શ્રી મહાવીર સ્વામીનો છંદ

શ્રી સિદ્ધરથ કુલ શણગાર, ત્રીશલાદેવી સુત જગ આધાર;
શોભે સુંદર સોવન વાન, શરણ તમારૂં શ્રી વર્ધમાન ॥૧॥
તુમ નામે લહીએ સંપદા, તુમ નામે મન વંછીત મુદા;
તુમ નામે લહીએ સન્માન ॥ શરરણ૦ ॥૨॥ દુર્જન દુષ્ટ
વૈરી વિકરાલ, તુમ નામે નાસે તતકાલ; તુમનામે દીન
દીન કલ્યાણ ॥શરણ૦ ॥૩॥ તુમ નામે નાવે આપદા,
ભુતપ્રેત વ્યંતર નહિ કદા; રોગ શોક ચિંતા નવિ જાણ
॥ શરણ૦ ॥૪॥ જ્વરાદિક પીડા નવી કરે, નામ તમારૂં
જે અનુસરે, ધર્મસિંહ મુનિ ભાવ પ્રધાન ॥શરણ૦ ॥૫॥

શ્રી પાર્શ્વનાથનો છંદ

આપણે ઘેર બેઠાં લીલ કરો, તુમે પુત્ર કલગ શું પ્રેમ ધરો;
તમે દેશ દેશાંતર કંઈ દોડો, નિત્ય પાસ જપો શ્રી જીન રૂડો.
॥૧॥ મન વંછીત સઘળાં કાજસરે, શીર ઉપર છત્ર ચામર
ઢળે, કલકમલ આગલ ચાલે ગુડો. ॥ નિત્ય૦ ॥૨॥ ભુતપ્રેત
પિશાચ વળી, શાકિની ડાકિની ન જાય છલી; છલ છિદ્ર
ન લાગે કોઈ જુઠો. ॥ નિત્ય૦ ॥૩॥ એકાંતરો તાવ શીયો
દાહ, ઔષધ વિણ જાયે ક્ષણ માંહ્ય; નવિ દુખે માથું પગ
ગુડો, નિત્ય૦ ॥૪॥ કંઠમાલ ગડગુમડ સબળા, તસ ઉદર
રોગ ટળે સઘળા; પીડા ન કરે ફીનગલ ફોડો ॥ નિત્ય૦

॥૪॥ જાગતો તીર્થંકર પાસ સહુ, એમ જાણે સઘલો જગત સહુ, તતક્ષણ અશુભ કર્મ તોડો, ॥ નિત્ય૦ ॥૬॥ પાસ બનારસી પુરી નગરી ત્યાં ઉદયો જીનવર ઉદય કરી; સમય કહે કરજોડો ॥ નિત્ય૦ ॥૭॥

શ્રી પાર્શ્વનાથનો છંદ

(શ્રી ગોડી પાર્શ્વ જીન સ્તવન) (દુહા)

વાણી બ્રહ્મા વાદિની, જગે જગ વિખ્યાત: પાસતણા ગુણ ગાવતા, મુજ મુખ વસજ્યો માત ॥૧॥ નારંગે અણહિલપુરે, અડમદાવાદે પાસ- ગોડીનો ધણી જાગતો, સહુની પુરે આશ ॥૨॥ શુભ વેલા શુભ દિન ઘડી, મહુરત એક મંડાણુ; પ્રતિમા તે ઈહ પાસની, થઈ પ્રતિષ્ઠા જાણ. ॥૩॥

ઢાલ

ગુણહિં વિશાલા મંગલિક માલા, વામાનો સુત સાચોજી: ધણ કણ કંચણ મણી માણક દે, ગોડીનો ધણી સાચોજી; ગુણહિં૦ ॥૪॥ અણહિલપુર પાટણ માંહે પ્રતિમા, તુરક તણે ઘર હું તીજી, અશ્વની ભૂમી અશ્વની પીડા, અશ્વની વાલી વિગુ તીજી, ગુણહિં૦ ॥૫॥ જાગતો જક્ષ જેહનો કહિએ, સુહણો તુરકને આપેજી, પાસ જીણેસર કેરી પ્રતિમા, સેવક તુજ સંતાપેજી ॥ ગુણહિં૦ ॥૬॥ પ્રહ ઉઠીને પરગટ કરજો, મેઘા ગોઠીને દેજેજી, અધિકો મલેજે ઓછો મલેજે, ટકા પાંચશે લેજેજી ॥ ગુણહિં૦ ॥૭॥

નહિં આપીશ તો મારીશ મુરડીશ, મોર બંધ બંધાસોજી, પુત્ર કલગ ધનહય હાથી તુજ, લચ્છી ઘણી ઘર જાસ્યેજી ॥ ગુણહિં૦ ॥૮॥ મારગ પહિલો તુઝને મિલસ્યૈ, સારથવાહ જે ગોઠીજી; નીલવટ ટીલો ચોખા ચોઢચા, વસ્તુ બહૈ તસું પોઠીજી ॥ ગુણહિં૦ ॥૯॥

દુહો

મનસું બીહનો તુરકડો, માને વચન પ્રમાણ; બીબીને સુહણાતણો, સંભલાવે સહિ નાણ ॥૧૦॥ બીબી બોલે તુરકને, બડા દૈવ હય કોય; અબ સતાબ પરગટ કરો, નહીંતર મારે સોય, ॥૧૧॥ પાછલી રાત પરોઢીએ, પહેલી આંધૈ પાજ, સુપના માંહે શેઠને, સંભલાવે જક્ષરાજ ॥૧૨॥

ઢાલ

એમ કહી જક્ષ આચો રાતે, સારથવાહને સુહણેજી, પાસ તણી પ્રતીમા તું લેજે, લેતો શીર મત ધૂણેજી. ॥ એમ૦ ॥૧૩॥ પાંચસે ટકા તેહને આપજે, અધિકોમ આપીશ વારૂજી, જતન કરી પહુંચાડે થાનિક, પ્રતીમા ગુણ સંભારેજી ॥ એમ૦ ॥૧૪॥ તુજને હોસી બહુ ફલ દાયક, ભાઈ ગોઠીતું સુણજેજી, પૂજીશ પ્રણમીસ તેહના પાયા, પ્રહ ઉઠીને થુણજેજી. ॥ એમ૦ ॥૧૫॥ સુહણો દઈને સુર ચાલ્યો, આપને થાનક પહુંતોજી, પાટણ માંહે સારથવાહ, હિંડે, તુરકને જોતોજી ॥ એમ૦ ॥૧૬॥ તુરકે જાતા દીઠો ગોઠી, ચોખા તિલક નિલાડેજી; સંકેત પહુતો સાચો જાણી;

ઓલાવે બહું લાડેજી, ।। એમ૦ ।।૧૭।। મુજ ઘરની પ્રતીમા તુજને આપું, પાસ જીણેસર કેરીજી, પાંચસે ટકા જો મુજને આપે, મોલન માગું ફેરીજી ।। એમ૦ ।।૧૮।। નાણો દેઈ પ્રતીમા લેઈ, થાનક પહુંતો રંગેજી, કેસર ચંદન મૃગમદ ઘોલી, વિધિશું પૂજા કરી રંગેજી ।। એમ૦ ।।૧૯।। ગાદી રૂડી રૂની કીધી, તે માંહી પ્રતીમા રાખેજી, અનુક્રમે આવ્યા પારકર માંહે, શ્રી સંઘને સુર સાખેજી ।। એમ૦ ।।૨૦।। ઓચ્છવ દિન દિન અધિકા થાયે, સત્તરભેદ સનાત્રજી ઠામઠામના દરસણ કરવા, આવે લોક પ્રભાતેજી ।। એમ૦ ।।૨૧।।

દુહો

એક દિન દેખે અવધિ શું, પરિકરપુરનો ભંગ, જતન કરું પ્રતિમાતણો, તીરથ અછે અભંગ ।। ૨૨ ।। સુહણો આપે શેઠને, થલ અટવિ ઉજ્જાડ, મહિમા થાસે અતિ ઘણી, પ્રતિમા તિહાં પહોંચાડ ।।૨૩।। કુશલ ખેમ તીહાં અછે, તુજને મુજને જાણિ, શંકા છોડી કામ કરો, કરતો મકરીશ સંકાણિ ।।૨૪।।

ઢાલ

પાસ મનોરથ પુરા કરે, વાહણ એક વૃષભ જોતરે, પારકરથી પરિયાણો કરે એક થલ ચઢી બીજે ઉતરે, ।।૨૫।। બારે કોસ આવ્યા જેટલે, પ્રતિમા નવી ચાલે તેતલે, ગોઠી મનહ વિમાસણ થઈ, પાસ ભુવન મંડાવું સહી ।।૨૬।। આ અટવિ કિમ કરું પ્રયાણ, કટકો કોઈ ન દિસે પાહાણ, દેવલ પાસ જીનેશ્વરતણો, મંડાવું કિમ ગરથે વિણો ।।૨૭।।

જલ વિણ શ્રી સંઘ રહસ્યૈ કિહાં, સિલાવટો કિમ આવે ઈહાં, ચિંતાતુર થયો નિંદ્રા લહૈ, જક્ષરાજ આવીને કહ ॥ ૨૮ ॥ ગહુંલી ઉપર નાણો જીહાં, ગરથ ઘણો જાણીજે તીહાં, સ્વસ્તિક સોપારીને ઠાણી, પાહણ તણી ઉલટ રચૈ આણિ ॥૨૯॥ શ્રી ફલ સજલ તિહાં કિલ જુઓ, અમૃત જલની સરસિ કુવો, ખારા કુવા તણો ઈદ્ધિ સૈનાંણુ, ભૂમિ પડયો છે. નીલો છાણ ॥૩૦॥ સિલાવટો સિરોહી વસે, કોઢ પરાભવીઓ કિસ મિસૈ, તિહાં થકી તું ઈહાં આણુ જે, સત્ય વચન મારો જાણુજે ॥૩૧॥ ગોઠીનો મન થીર થાપીઓ, સિલાવટને સુહણો દિયો, રોગ ગમાઉંને પુરૂં આસ, પાસતણો મંડે આવાસ ॥૩૨॥ સુપન માંહે માન્યો તે વેણ હેમ વરણ દેખાડ્યો નેણ, ગોઠી મનહ મનોરથ હુઆ, સિલાવટને ગયા તેડવા. ॥૩૩॥ સિલાવટો આવૈ સૂરમો, જીમે ખીર ખાંડ ઘૃત ચુરમો, ઘડૈ ઘાટ કરૈ કોરણી, લગન ભલૈ પાયા રોયણિ. ॥૩૪॥ થંભ થંભ કીધી પુતલી, નાટક કૌતક કરતી રલી, રંગ મંડપ રલિયામણો રસૈ, જોતાં માનવનો મન વસૈ ॥૩૫॥ નીપાયો પૂરો પ્રાસાદ, સ્વર્ગ સમો, મંડે આવાસ, દિવસ વિચારી ઈન્દો ઘડયો, તતખિણ દેવલ ઉપર ચઢયો ॥૩૬॥ શુભ લગન શુભ વેલાવાશ, પધ્વાસણ બેઠા શ્રી પાસ, મહિમા મોટી મેરૂ સમાન, એકલ મિલ વગડે રહૈવાન. ॥૩૭॥ વાત પુરાણી મેં સાંભલી, તવનમાંહિ સુધી સાંકલી, ગોઠી તણા ગોતરીયા અછે, યાત્રા કરીને પરને પુછે ॥૩૮॥

દુહો

વિઘન વિડારણ યક્ષ જગી, તેહનો અકલ સરૂપ;
પ્રીત કરે શ્રી સંઘને દેખાડે નીજરૂપ ॥૩૯॥ ગીરૂઓ
ગોડી પાસ જીન, આપે અરથ ભંડાર સાનિધ કરે શ્રી સંઘને;
આશા પૂરણહાર ॥૪૦॥ નીલ પલાણે નીલ હય નીલો થઈ
અસવાર; મારગ ચૂકયા માનવી, વાટ દિખાવણહાર ॥૪૧॥

ઢાલ

વરણ અઢાર તણો લહે ભોગ, વિઘન નિવારે ટાલે
રોગ; પવિત્ર થઈ સમરે જે જાપ, ટાલે સઘલા પાપ સંતાપ.
॥૪૨॥ નિરધનને ઘરે ધનનો સૂત, આપે અપુત્રીયાને પુત્ર;
કાયરને સૂરાપણ ધરે; પાર ઉતારે લચ્છિ વરે ॥૪૩॥ દે
અભાગીને દે સોભાગ, પગ વિહુણાને આપે પગ, ઠામ
નહિં તેહને આપે ઠામ, મન વંછીત પુરે અભિરામ ॥૪૪॥

નિરાધાર યાને દે આધાર, ભવ સાયર ઉતારે પાર,
આરતિઆની આરત ભંગ, ધરે ધ્યાન તેલહે સુરંગ ॥૪૫॥
સમર્યાં સહાય દીયે યક્ષરાજ, તેહના મોટા અછે દિવાજ;
બુદ્ધિ હિણને દે બુદ્ધિ પ્રકાશ ગુંગાને ધ્યે વચન વિલાસ
॥૪૬॥ દુખીયાને સુખનો દાતાર, ભય ભંજન રંજન
અવતાર, બંધન તુટે બેડી તણા, શ્રી પાસ નામ અક્ષર
સમરણા ॥૪૭॥

દુહો

શ્રી પાર્શ્વનામ અક્ષર જપે, વિઘ્ન નર વિકરાલ,

હસ્તિ યૂથ દૂરે ટલે, દુર્ધર સિંહ સિયાલ ॥૪૮॥ ચોરતણુ ભય ચુકવે, વિષ અમૃત ઓડકાર, વિષધરનો વિષ ઉતરે, સંગ્રામે જય જયકાર ॥૪૯॥ રોગ સોગ દારિદ્ર દુખ, દોહગ દૂર પુલાય. પરમેશ્વર શ્રી પાસનો, મહિમા મંત્ર ઉપાય. ૫૦

શ્રી શાંતિનાથનો છંદ

શાન્તિ નાથ કો કીજે જાપ, કોડ ભવના કાપે પાપ, શાન્તિ નાથજી મોટા દેવ, સુરનર સારે જેની સેવ ॥૧॥ દુઃખ દારિદ્ર જાવે દૂર, સુખ સંપતિ પાવે ભરપુર, ઠગ ફાંસી ઘર જાવે ભાગ, બળતી હોવે શીતલ આગ ॥૨॥ રાજ-લોકમાં કીર્તિ ઘણી, શાન્તિજીનેશ્વર માથે ધણી, જો ધ્યાવે પ્રભુનું, ધ્યાન રાજા દેવે અધિકું માન ॥૩॥ ગડ ગુમડ પીડા મટ જાય દેખી દુશ્મન લાગે પાય, સઘલો ભાંગ્યો મનનો ભ્રમ, પામ્યા સમકિત કાપ્યા કર્મ ॥૪॥ સુણો પ્રભુજી મોરી અરદાસ, હું સેવક તુમ પુરો આશ, મુજ મન ચિંતિત કારજ કરો, ચિંતા આરતિ વિઘન હરો ॥૫॥ મેટો મારા આલ જંજાલ, પ્રભુજી તું મુજ નયન નિહાલ, આપની કીર્તિ ઠામો ઠામ, સુધારો પ્રભુજી મારા કામ ॥૬॥ જે નિત નિત પ્રભુજીને રટે, મોતી બંધા ફૂલા કટે, ચેપ લાવણુ દોનું જલ જાય, વિણ ઔષધ કટ જાયે છાય ॥૭॥ શાન્તિનાથના નામથી થાય, આંખે તુટ પડલ કટ જાય, કમળો પીળો ઝર ઝર ઝરે, શાન્તિજીનેશ્વર શાતા કરે

॥૮॥ ગરમી વ્યાધિ મિટાવે રોગ, સયલ મિત્રનો મીલે સંયોગ, એહવો દેવ ન દીઠો ઓર, નહિ ચાલે દુશ્મન કો જોર. ॥૯॥ લુંટારા સબ જાએ નાશ, દુર્જન પ્રીતી હોવે દાસ, શાંતિનાથની કીર્તિ ઘણી, કૃપા કરો તુમે ત્રિભુવન ધણી. ॥૧૦॥ અર્જ કરૂં છું જોડી હાથ, આપશું નહિ કોઈ છાની વાત, દેખી રહ્યા છો પોતે આપ, કાપો પ્રભુજી મારા પાપ ॥૧૧॥ મુજ મન ચિંતિત કરીએ કાજ, રાખો પ્રભુજી મારી લાજ, તુમ સમો જગમાં નહિ કોઈ, તુમ ભજવાથી શાતા હોઈ ॥૧૨॥ તુમ પાસે ચાલે નહિ મરકી રોગ, તાવ તેજરો નાંખે તોડ, મારી મિટાઈ કીધી પ્રભુ શાંત, તુજ ગુણનો નવી આવે અંત ॥૧૩॥ તુજને સમરે સાધુ સતી, તુમને સમરે જોગી જતી, કાટો સંકટ રાખો માન, અવિચલ પદનું આપો સ્થાન ॥૧૪॥ સંવત અઠાર ચોરાણું જાણ, દેશ માળવો અધિકો વખાણ, શહેર જાવરા ચૈત્ર માસ, હું પ્રભુજી છું તુમ ચરણનો દાસ. ॥૧૫॥ રવિ સાગરજીએ કીધો છંદ, કાપો પ્રભુજી મારા ફંદ; હું જોવું પ્રભુજીની વાટ, મુજ ચિંતા આરતિ વિઘન સવિ કાટ. ॥૧૬॥ સંપૂર્ણ.

સરસ્વતી માતાની આરતિ

મા ભગવતી વિદ્યાની દેનારી રે માતા સરસ્વતી. વાણી વિલાસની કરનારી અજ્ઞાન તિમીરની હરનારી, તું

જ્ઞાન પ્રકાશની કરનારી. મા ભગવતી૦ ॥૧॥ તું બ્રહ્માણી જગ માતા. આદિ ભવાની તું ત્રાતા, કાશ્મિર મંડની સુખ દાતા, મા ભગવતી૦ ॥૨॥ માથે મસ્તક મુગટ બિરાજે છે, દોય કાને કુંડલ છાજે છે, હૈડે હાર મોતીનો રાજે છે, મા ભગવતી૦ ॥૩॥ એક હાથે વીણા સોહે છે. બીજે પુસ્તક પડિબોહે છે, કમલાકર માલા મોહે છે. મા ભગવતી૦ ॥૪॥ હંસાસને બેઠી જગત ફીરે, કવિ જનના મુખમાં સંચરે, મા મુજને બુદ્ધિ પ્રકાશ કરે. મા ભગવતી૦ ॥૫॥ સચરાચરમાં તું વસી, તુજ ધ્યાન ધરે ચિત્ત ઉલસી, તે વિદ્યા પામે હસી હસી, મા ભગવતી૦ ॥૬॥ ક્ષુદ્રોપદ્રવની હરનારી, કહે કવિજનને સુખકારી, શાસના દેવી મનોહારી, હું જાઉં તોરી બલિહારી, મા ભગવતી ॥૭॥

શ્રી ગોડીપાશ્વનાથનું સ્તવન

જીનજી ગોડી મંડણ પાસકે, વિનતિ સાંભળો રે લોલ, જીનજી અરજ કરૂં સુવિલાસ કે, મુકી આમળો રે લોલ, જીનજી તુમ દર્શનને કાજ કે જીવડો ટલવલે રે લોલ, જીનજી મહેર કરો મહારાજ કે આશા સવિ ફલે રે લોલ, જીનજી૦ ॥૧॥ જીનજી મન ભમરો લલચાય કે પ્રભુની ઓલગે રે લોલ, જીનજી જેમ તેમ મેલો થાય કે તે કરજો વગેરે લોલ, જીનજી દુર થકાં પણ નેહ કે સાચો માનજો રે લોલ, જીનજી તુમથી બહુ ગુણ ગેહ કે અમૃત

પાન જો રે લોલ, જીનજી૦ ॥૨॥ જીનજી પ્રભુ શું બાંધ્યો પ્રેમ કે તે કેમ વિસરે રે લોલ, જીનજી બીજે જાવા નિયમ કે પ્રભુથી દીલ ઠરે રે લોલ જીનજી જોતાં તાહરૂં રૂપ કે અનુભવ સાંભરે રે લોલ, જીનજી તહારી જ્યોતિ અનુપ કે, ચિંતા દુઃખ હરે રે લોલ, જીનજી૦ ॥૩॥ જીનજી એહું ભોજન ખાય કે મિઠાઈની લાલચે રે લોલ, જીનજી આતમને હિત થાય કે પ્રભુના ગુણ રૂચે રે લોલ, જીનજી કર્મ તણા બલ જોર કે, તેહથી તારીએ રે લોલ, જીનજી સમકિતના જે ચોર કે તેહને વારિયે રે લોલ, જીનજી૦ ॥૪॥ જીનજી નિજ સેવક જાણીને કે મુક્તિ બતાવીયે રે લોલ, જીનજી કરૂણા રસ આણીને કે મનમા લાવીયે રે લોલ, જીનજી વાચક સહજ સુંદરનો સેવક ઈમ કહે રે લોલ, જીનજી પંડિત શ્રી નિત્ય લાભ કે પ્રભુથી સુખ લહેરે લોલ, જીનજી ॥૫॥

શ્રી નેમ રાજુલનું સ્તવન

નેમજી ચાલો તો તમને આખડીજી, રાજા શ્રી સમુદ્ર વિજયની આણ જો, એમ કહેતાં પીયુજી ચાલીયાજી, રાજુલને પાણીનાં પચખાણજો, નેમજી૦ ૧ પાલવ ઝાલીને ઉભી રહીજી, સો સો સાહેબજી અમારો દોસજો, આઠ ભવોની નારી કેમ તજોજી, નવમે ના કરીએ વાલમ રીસજો, નેમજી૦ ૨. જાદવરાય જાને લાવશેજી, રાત્રે શ્રી રાજીમતી

પરણાવજો, છેલ છબીલા નારી કેમ તજોજી, સમજાવ્યા વિના કેમ જાવો નેમ, નેમજી૦ ૩. માતા શીવાદેવીના લાડલાજી, નેમજી કાંઈ જાદવ કુલ શણગાર જો, પશુડાં દેખીને પાછાં વળ્યાજી, નેમજી કાંઈ દયાના ભંડારજો, નેમજી૦ ૪. સરખી સાહેલી જાશે સાસરેજી, સાસરીએ સુખ વાસજો, જઈને સાસુને પાય લાગશેજી, સસરો કાંઈ પૂછે મનની ખાંતજો, નેમજી૦ ૫. આડાને અવળા ઉભા ડુંગરાજી, વચમાં કોઈ નદીઓ કેરા પૂરજો, કેમ કરી આવું પીયુડા તુમ કનેજી, તુમ શું વરૂધ્યો મારો જીવજો, નેમજી૦ ૬. ગાજે વાજેને ઝબકે વીજળીજી, ઝરમર વરસે ઝીણા મેઘજો, આંસુડે ભીંજાય રાજુલનો કંચવોજી, હૈયે ભીંજાય નવસરો હારજો, નેમજી૦ ૭. સહેસાવનમાં જઈ સંજમ આદર્યું જી, પાંચમી ટુંકે કર્યું અણસણજો, હીરવીજય ગુરૂ હિરલોજી, કાન્તિ નમે કરજોડજો, નેમજી ચાલો તો તમને આખડીજી૦ ૮.

દો દિનકા મહેમાન, મુસાફીર ભાથું બાંધી લે, મુસાફીર ભાથું બાંધી લે. મોહ માયામાં મસ્ત બનીને, પાયા વિનાના ઘર ચણીને, પાવે દુખ અપાર, મુસાફીર૦ ૧. ગર્ભોમાં તું ઉંધો લટકે, એ દુખ તુજને કેમ ન ખટકે, કરને કાંઈ વિચાર, મુસાફીર૦ ૨. તું માને છે મારૂં મારૂં, જ્ઞાની કહે છે કોઈ નહીં તારૂં, વીર વચન દીલધાર, મુસા-

ફી૨૦ ૩. દેવગુરૂને ધર્મ છે તારા, સ્નેહી સંબંધી સૌ છે ન્યારા, સ્વારથીઓ સંસાર, મુસાફી૨૦ ૪. પુન્ય પાપને નહિ પીછાણે, મારૂં તું એ સાચું માને, સાચું મારૂં જાણુ, મુસાફી૨૦ ૫. આ પરાયો આ છે મારો, તુચ્છ ભાવના દીલથી વારો, સૌને આપના માન, મુસાફી૨૦ ૬. ધર્મ ક્રિયાઓ કાલે કરશું, નહિ જાણે પણ કયારે મરશું, ક્ષણનો નહિ વિશ્વાસ, મુસાફી૨૦ ૭. અભિમાનમાં અક્કડ ફરતો, ગુણી જન દેખી તું નહિ નમતો, રાવણ હાલ નિહાલ, મુસાફી૨૦ ૮. એક દિન દુનિયા છોડી જાવું, ધર્મ ભાથા વિણ ત્યાં શું ખાવું, કરલે ધર્મ ધ્યાન, મુસાફી૨૦ ૯. માનવ ભવ અતિ દુર્લભ જાણો, શાસ્ત્ર વચન એ સત્ય પ્રમાણો, મળે ન વારંવાર, મુસાફી૨૦ ૧૦. હિંસા આદિ પાપો છોડી, જન્મ મરણની બેડી તોડી, સ્વરાજ કરલે હાથ, મુસાફી૨૦ ૧૧. પરનારીને માતા માને, બ્રહ્મચર્યની કિંમત જાણે, એહીજ ચતુર સુજાણ, મુસાફી૨૦ ૧૨. વૈદ્યની આજ્ઞા શિરે ચઢાવે, વીર આજ્ઞામાં યુક્તિ લડાવે, નહિ ધર્મનો પ્રેમ, મુસાફી૨૦ ૧૩. તપ જપ કરવા આકરા લાગે, માંદો પડતાં સઘળું ત્યાગે, ડહાપણ નહિ કહેવાય, મુસાફી૨૦ ૧૪. એકલો આવ્યો એકલો જાશે, વૈભવ સઘલો અહીં રહી જાશે, ભજલે વીર ભગવાન, મુસાફી૨૦ ૧૫. જીવનમાં સુશીલતા લાવો, સદ્‌ગતિ કેરા સુખડા પાવો, સુંદર એ સંદેશ, મુસાફી૨૦ ૧૬. વિષ થકી છે વિષયો ભુંડા, તુજને તે કેમ લાગે રૂડા, દુર્ગતિના દેનાર, મુસાફી૨૦ ૧૭. આત્મ કમલને

ઝટ વિકસાવી, લબ્ધિનો ભંડાર વસાવી, તરી જાએ સંસાર, મુસાફીર૦ ૧૮. રાગદ્વેષને શત્રુ જાણે, જ્ઞાની તેને પ્રવીણ પ્રમાણે, મહિમા વેણ સ્વીકાર, મુસાફીર ભાથું આંધી લે. ૧૯.

શ્રી ઋષભ દેવનું પારણું

શ્રી જીન વનમાં જઈ તપ કરે, ફરીયા માસ છ માસ, તપતાં તપતાંરે પુર માંહિ, આવ્યા વહોરવા કાજ, પ્રથમ જીનેશ્વર પારણે ૧. વિનિતા નગરી રળીયામણી, ફરતા શ્રી જીન રાજ, ગલીયે ગલીયેરે જો ફરે, વહોરાવે નહિ કોઈ આહાર, પ્રથમ૦ ૨. હાલી હાલેરૂં ફેરવે, બળદ ધાન્યજ ખાય, હાલો મારેરે મુરખો, તે દેખે જીનરાજ, પ્રથમ૦ ૩. સીંકલી સારીરે શોભતી, કરી આપે જીનરાજ, બળદને શીંકા બંધાવીયા, ઉદ્યે આવ્યાએ આજ, પ્રથમ૦ ૪. હાથી ઘોડાને પાલખી, લાવી કર્યારે હજુર, રથ શણગાર્યારે શોભતા, લ્યો લ્યો કેવળી શૂર, પ્રથમ૦ ૫. થાળ ભર્યો સગ મોતીડે, ઘુમર ગોતડી ગાય, વીરા વચનેરે ઘણું કરે, તે લે નહિ લગાર, પ્રથમ૦ ૬. વિનિતા નગરીમાં વેગશું ફરતા શ્રી જીનરાય, શેરીયે શેરીયેરે જો ફરે, આપે નહિ કોઈ આહાર, પ્રથમ૦ ૭. હરિશ્ચંદ્ર સરિખોરે રાજવી, સુતારા સતી નાર, માથે લીધોરે મોરીઓ, નીચ ઘેર પાણીડાં જાય, પ્રથમ૦ ૮. સીતા

સરખીરે મહાસતી, રામ લક્ષ્મણ દોય જુદ્ધ, કર્મે કીધારે ભમતડાં, બાર વરસ વન દૂખ, પ્રથમ૦ ૯. કર્મ તો કેવળીને નડ્યાં, મૂક્યા લોહીજ ઠામ, કર્મથી ન્યારારે જે હુવા, પહોંચ્યા શીવપુર ઠામ, પ્રથમ૦ ૧૦. કર્મે સુધાકર સૂરને, ભમતો કર્યો દિન રાત, કર્મે કરણી જેવી કરી, જ'પે નહીં તિલ માત્ર, પ્રથમ૦ ૧૧. વિનિતા નગરી રળીયામણી, માંહિ છે વર્ણ અઢાર, લોક કોલાહલ ઘણો કરે, કંઈ ન લે મહારાજ પ્રથમ૦ ૧૨. પ્રભુજીને તિહાં ફરતા થકાં, માસ ગયા દશ દોય, ત્યાં કને અંતરાય તુટશે, પામશે આહારજ સોય, પ્રથમ૦ ૧૩. શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ બેઠા ચોબારાબાર, પ્રભુજીને ફરતારે નીરખીયા, વહોરાવે નહિ કોઈ આહાર, પ્રથમ૦ ૧૪. શ્રી શ્રેયાંસ નરેશ્વરૂ, મોકલ્યા સેવક સાર પ્રભુજી પધારોરે પ્રેમશું, છે સૂજતો આહાર, પ્રથમ૦ ૧૫. સો દશ ઘડા તિહાં લાવીયા, શેરડી રસનોરે આહાર, પ્રભુજીને વહોરાવે પ્રેમશું, વહોરાવે, ઉત્તમ ભાવ, પ્રથમ૦ ૧૬ કર પાત્રજ તિહાં માંડીયા, શગજ ચઢી અધનાશ, છાંટો એક ન ભૂમિ પડે, ચોત્રીસ અતિશય સાર, પ્રથમ૦ ૧૭. પ્રથમ પારણું તિહાં કર્યું, દેવ બોલ્યા જયજયકાર, ત્યાં કને વૃષ્ટિ સોનાતણી, થઈ કોડો સાડારે બાર, પ્રથમ૦ ૧૦. ૧૮. શ્રી શ્રેયાસ નરેશ્વરૂ, લેશે મુક્તિનો ભાર, જ્યોતમે જ્યોતિ જળમળે, ફરીએ નાવે સંસાર, પ્રથમ૦ ૧૯. સંવત અઠ્ઠારક શોભતું, વર્ષ એકાણું જાણ, સાગરચંદ્ર કહે શોભતું, પારણું કીધું પ્રમાણ, પ્રથમ૦

૨૦. જે એ શીખે એ સાંભળે, તેને અભિમાન ન હોય, તે ઘર અવિચળ વધામણા, લેશે શિવપુર સોય, પ્રથમ પારણે૦ ૨૧.

શ્રી મહાવીર સ્વામીનું પારણું

ભવિજન ભાવે ગાઈએ વીર કુંવરનું પારણું રે, સુણતાં ભણતાં સુધરે ધર્મ અર્થ ને કામ, મંગળ માળા લચ્છી વિશાળા આ ભવમાં લહેરે, પરભવ સ્વર્ગ અને અપ વર્ગ લહે શુભ ધામ, ભવિજન૦ ૧. કુંડન પુર વિષે પ્રાણાંત વિમાન થકી ચવી રે, અવતરીયા સિદ્ધારથ કુળ ગયણ દિણંદ, ત્રિશલા માતા ઉરસર આવ્યો અભિનવ હંસલો રે, શુદ્ધિ આસાઢી છઠ્ઠ દિન ચવીયા ચરમ જીણંદ, ભવિજન૦ ૨. નવ મસ વાડા સાડા સાત દિવસ ગર્ભે રહ્યા રે, ઉતરા ફાલ્ગુની ચૈતર શુદ્ધિ તેરસ શુભ યોગ, પ્રભુજી જન્મ્યા તે દિન, નરકે અજવાળાં થયાં રે, દીધાં દાન ને માન યાચક નાઠાં રોગ, ભવિજન૦ ૩. ફરકે ઘર ઘર તરીયા તોરણ ગુડીઓને ધજા રે, મુક્તા ફળના સ્વસ્તિક પૂરે મનોહર ભાલ; મુકત કર્યા બંદીજન, બિરૂદા વળી બંદી ભણે રે, કુંડન પુરમાં વરતે ઘર ઘર મંગળ માળ, ભવિજન૦ ૪. માતા ત્રિશલાજીને આનંદ માય ન અંગમાં રે, દેખી વીર કુંવરની કાયા કંચન વાન, વપુ શુભ કોમળ નિરખી હરખે હૈયું માતનું રે, રૂપ પ્રભુનું દેખી ભુલ્યો રતિપતિ ભાન, ભવિજન૦ ૫. શરદ શશીની કાંતિ પ્રભુ

મુખ જોઈ ઝાંખી થઈ રે, જોઈ તેજ નિસ્તેજ થૈ રવિ પશ્ચિમ જાય, રક્ત કમળ દલ પગલાં ભૂતળ ઠવી પાલન કરે રે, મંગળકારી સુખકારી અંતિમ જીનરાજ ભવિજન૦ ૬. રતન જડિત ઝુલાવે માતા પ્રભુનું પારણું રે, પુલકિત મન વિકસે તન ફરસી કરે લાલ પાલ, અલેા લેાલેા હાલ અમા લાડકડા મારા લાલને રે, ભુચકારી કહે, લઉ ઓવારણા પ્રિય લાલ, ભવિજન૦ ૭. આશીર્વાદ વદી જગ માતા હાલેા ગાવતાં રે, બે કર ભીડી ભીડી હૃદય વિષે જીનરાજ, કુંવરજી ઘણું જીવેા કુળનેા દીવેા તમે થજો રે, તારણ તરણ થજો વળી, ભવેાદધિ પારક જહાજ, ભવિજન૦ ૮. વીર કુંવર આ માતા કુળની લાજ વધાર જો રે, કરમ કટકથી કરજો ભવરણમાં સંગ્રામ, અંતિમ જીન શાસન પતિ થઈ શાસન વરતાવ જો રે, ઉદ્ધરી ભવિનર નારીને દેજો શિવ ધામ, ભવિજન૦ ૯. ધર્મ ધુરંધર ધેારી રથ શીલાંગ ચલાવજો રે, અનુભવ યેાગી થઈને કરજો ભવનેા પાર, સહજ કલાનિધિ ગાવે, વીર કુંવરનું પારણું રે, તસ ઘર લીલા લચ્છી બાળ ગેાપાળ વિસ્તાર, ભવિજન ભાવે ગાઈએ વીર કુંવરનું પારણું રે. ૧૦.

શ્રી સાતવારની ઠરણીનું સ્તવન

મહાવીર આવ્યેા તુંજ દ્વાર જય જયકારી રે, મેારી અર્જ ધરી ઉરમાય, હેત વધારી રે. ૧. આદિત વારે મુખ લાગે સારૂં રે, કાંઈ ત્રિશલા કેરાનંદ નામ છે પ્યારૂં રે.

૨. સોમવારે ધરી પ્રીત પ્રેમે પૂજુ રે, આશાતના થાય લગીર, તેહથી ધ્રુજું રે. ૩. મંગલ આંગી અનોપમ શોભે સારી રે, પ્રભુ દરિક્ષણ કેરી આશ, આવે નર નારી રે. ૪. બુધે બહુ બળવાન જીનજી કૃપાલુ રે, હે ત્રિભુવન નાયક દેવ, હું સંભારૂં રે. ૫. ગુરૂવારે શુદ્ધ સેવાહોજો અમને રે, ભવસાગરમાંથી તાર, કહીએ તમને રે. ૬. શુક્ર છે છઠ્ઠો દિન શણગાર ઝાઝા રે, પ્રભુ કંઠે શોભે વળી માળ, હીરા છે સાચા રે. ૭. શનીવારે શુભ ધ્યાન ધરીયે તુંમારૂં રે, વળી મંત્ર થકી નવકાર, ચિત્તમાં સમરીયે રે, ૮. મુનિ જગતચંદ્ર વિનવે હેતે રે, પ્રભુ સેવકને પાર ઉતાર, તુજને ભેટે રે. ૯.

શ્રીમંધર સ્વામીની ઢાળો

દુહા

સુણ સુણ સરસ્વતી ભગવતી, તાહરી જગ વિખ્યાત
કવિજનની કીર્તિ વધે, તિમ તુમ કરજો માત. ૧. સીમંધર સ્વામી વિદેહમાં, બેઠા કરે વખાણ, વંદણા મારી ત્યાં જઈ કહેજો ચંદાભાણ. ૨. મુજ હૃદય સંશય ભર્યું, કોણ આગળ કહું વાત, જેહ શું બાંધું ગોઠડી, તસ મુજ ન મિલે ઘાત. ૩. જાણું તો આવું કને, વિષમ વાટ પંથ દૂર ડુંગરને દરીયા ઘણા, વચ્ચે નદી વહે ભરપુર. ૪. તે માટે ઈહાં કને રહી, જે જે કરૂં વિલાપ, તે તમે પ્રભુજી સાંભળી; અવગુણ કરજો માફ. ૫.

ઢાળ—૧

ભરત ક્ષેત્રના માનવી રે, જ્ઞાની વિનારે મુંઝાય, તેણે કારણ તું મને ઘણું રે, પ્રભુજી મનમાં ચહાયરે, સ્વામી આવો આણે ક્ષેત્ર. ૧. તુમ દર્શન જો દેખીયે રે, તો નિર્મળ થાય મારા નેત્ર રે, સ્વામી આવો આણે ક્ષેત્ર. ૨. ગાડરીયો પરિવાર મીલ્યો રે, ઘણા કરે તે ખાસ, પરીક્ષા વંત થોડા હુઆ રે, સરધાનો વિશ્વાસ રે, સ્વામી. ૩. ધર્માંનો તો હાંસી કરે રે, પક્ષ વિહુણો સીદાય, લોભ ઘણો જગ વ્યાપીયો રે, તેણે સાચું નવિ થાય રે, સ્વામી૦ ૪. સમાચારી જુદી જુદી રે, સહુ કહે માહરો ધર્મ, ખોટું ખરું કેમ જાણીએ રે, તે કોણ ભાંગે ભર્મ રે, સ્વામી૦ ૫.

ઢાળ—૨

વીરજી જ્યારે ઈહાં વિચારતા, ત્યારે વર્તતી શાંતિ રે, જે જન આવીને પૂછતા, તસ ભાંગતી ભ્રાંતિ રે. ૧. હૈ હૈ જ્ઞાનીનો વિરહ પડયો, તે તો દહે મુજ દુખ રે. સ્વામી શ્રીમંધર તુંજ વિના, તે મુજ કોણ કરે સુખ રે, હૈ હૈ૦ ૨. વિરહિણીની રયણી જેસી, તેસી મુજ ઘડી જાય રે, વાત મુખે નવનવી સાંભળી, પણ નિર્ણય નવિ થાય રે, હૈ હૈ૦ ૩. જે જે દુર્ભાગી જીવડા, તે તો અવતર્યા આંહિ રે, ભુલા ભમે રે વાડોલીયે જીહાં કેવળી નાહિં રે, હૈ હૈ૦ ૪. ધન્ય મહાવિદેહના માનવી, જીહાં જીનજી આરોગ્ય રે, જ્ઞાન દર્શન ચરણ આદરી, સંયમ લીયે ગુરૂ યોગ રે, હૈ હૈ૦ જ્ઞાનીનો વિરડ પડયો. ૫.

ઢાળ ૩.

સીમંધર સ્વામી મહારારે, તું ગુરૂને તુંજ દેવ, તુંજ વિણ અવર ન ઓળખું રે, ન કરૂં અવરની સેવરે. ઇંહાં કને આવજો. વળી ચતુર્વિધ સંઘને સાથે લાવજો. ૧૦ તે સંઘ કેમ કિયા કરે રે, કેણી પેરે ધ્યાવેરે ધ્યાન, વ્રત પચ્ચખાણ કેમ આદરેરે, કેણી પેરે દીયે દાનરે, ઇંહાં કને૦ ૨. ઇંહાં ઉચિત કિયા નહિંરે, અનુકંપા લવલેશ, અભય સુપાત્ર અલ્પ હુઆરે, એવો ભરત આ દેશરે, ઇંહાંકને૦ ૩. નિશ્ચય સરસવ જેટલોરે, બહુ ચાલ્યો વ્યવહાર, અભ્યંતર વીરલા હુઆરે, ઝાઝો બાહ્ય આચારરે, ઇંહાં કને આવજો૦ ૪.

ઢાલ ૪.

સીમંધર તું મારો સાહિબ, હું સેવક તારો દાસરે, તુજ વિના ભવ ભમી કરી થાકયો, હવે આપો શીવ વાસરે, સીમંધર૦ ૧. એણી વાટે વટેમાર્ગુ નાવે, નાવે કાસદ કોઈ રે, કાગળ કોણ સાથે પહોંચાડું, હું મોહ્યો તુજ માંહિરે, સીમંધર૦ ૨. તૃષ્ણાનું દુખ હોતન મુજને, હોત સંતોષનું ધ્યાનરે, તો હું ધ્યાન ધરત પ્રભુ તાહરૂં, સ્થિર કરી રાખત મનરે, સી સીમંધર૦ ૩ ચાર કષાય ઘટમાં રહ્યા વ્યાપી. રાતો ઇંદ્રિય રસરે, મદનપણું કહો કયારે વ્યાપે, મન નાવે મુજ વશરે, સીમંધર૦ ૪. નિવડ પરિણામે ગાંઠો બાંધી, તે કેમ છુટશે સ્વામરે, તે હુન્નર છે તુજમાં પ્રભુજી, આવો અમારે કામરે, સીમંધર તું મારો સાહિબ૦ ૫.

ઢાળ ૫.

સીમંધર જીન એમ કહે, પૂછે તિહાંના લોકરે, ભરત ક્ષેત્રની વાટડી સાંભળે સુરનર થોકરે, સીમંધર૦ ૧. ત્રીજો આરો બેઠા પછી, જાશે કેટલોક કાળરે, પદ્મનાભ જિન તવ હોશે, જ્ઞાનનો ઝાકઝમાળરે, સીમંધર૦ ૨. છઠ્ઠે આરે જે હોશે, તે પ્રાણી મહા પાપરે, સાતા નહિ એક ઘડી, રવિના ઝાઝેરા તાપરે, સીમંધર૦ ૩. ઓછા આયુ માણુસ તણા, મોટા દેવના આયરે, સુખ ભોગવતાં સ્વર્ગમાં, સાગર પલ્યોપમ જાયરે, સીમંધર૦ ૪. સરાગીનર એમ કહે, તુમે તારો ભગવંતરે, આપેથી આપે તરે, એમ સુણો સહુ સંતરે, સીમંધર જીન એમ કહેર૦ ૫.

ઢાળ ૬.

એવી સૂત્રમાં જીવ તેં વાતો સાંભળીરે, મકર તું હવે વિખવાદ, જોરે જીવતેં પુરણ પુન્ય કીધાં નહિંરે, તો કિમ પહોંચે આશ; જીનજી કિમ મળેરે, ભોળાશું ટળવળેરે૦ ૧. ચોળ મજીઠ સરીખો જીનજી સાહિબોરે. તું તો ગળી-નોરે રંગ, કટકા કાચતણું મૂલ્ય તુજમાં નહિંરે, પ્રભુ તો નગીનો નંગ, જીનજી૦ ૨. ભમર સરખો ભોગી શ્રી ભગ-વંતજીરે, તું તો માખી તોલ, સરખા સરખી વિણ કિમ આઝે ગોઠડીરે, હૃદય વિચારી બોલ, જીનજી૦ ૩. તું સરાગી પ્રભુ વિરાગીમાં વડોરે. કિમ તેડે તુજ ત્યાંહિ, સો ગુણ દેખી તુજ ઉપર કરૂણા કરેરે, કિમ આવે પ્રભુ આંહિ,

જીનજી૦ ૪. કર્મ સાથે લપટાણો જીવડો જીહાં લગેરે, તિહાં લગે નહિ અવકાશ, જ્યારે તુજમાં સમતાના ગુણ આવશેરે, ત્યારે જઈશ પ્રભુજીની પાસ જીનજી કિમ મળેરે૦ ૫.

ઢાળ ૭. (કળશ)

સીમંધર સ્વામી તણી ગુણ માળા, જે નર ભાવે ભણુશેરે, તસ શિર વૈરી કોઈ ન થાયે, કર્મ શત્રુને હણુશેરે, હમચડી૦ ૧. સીમંધર સ્વામી તણી ગુણ રચના, જે નારી નિત્ય ગણુશેરે, સખી સોભાગણી પિયર પનોતી, પુત્ર સુલક્ષણ જણુશેરે, હમચડી૦ ૨. સીમંધર સ્વામી શિવપુરગામી, કવિતા કહે શીરનામી, વંદના મારી હૃદયમાં ધારી, ધર્મ લાભ દો સ્વામીરે, હમચડી૦ ૩. શ્રી તપગચ્છનો નાયક સુંદર, વિજયદેવ પટ્ટ ધારી, કીર્તિ જેહની જગમાં ઝાઝી, બોલે નરને નારીરે હમચડી૦ ૪.

શ્રી જ્ઞાન પંચમીની ઢાળો

ઢાળ ૧. (ઇંણ પુર કંબલ કોય ન લેસી એ એ દેશી)

પ્રણમી પાસ જિનેશના ચરણ કમલ સુખદાઈરે; પંચમી તપ મહિમા ભલો, કહિસ્યું તેહ બનાઈરે, ભવિ પંચમી તપ આદરો૦ ૧. ઈમ નેમીસર શ્રી મુખે, કહે પંચમી તુમ્હે કરજોરે; ગુણમંજરી વરદત્ત જયું, આરાધક ફળ વરજોરે, ભવિ૦ ૨. જેણુદ્વીપે ભરતમાં, નયર પદમપુર

ખાસરે; અજિતસેન રાજા તિહાં, રાણી યશોમતી તાસરે, ભવિ૦ ૩. વરદત્તકુંવર તેહનો, કોઢી જેહની દેહોરે; નાણ વિરાધન કર્મજો, તેહતણો ફલ એહોરે, ભવિ૦ ૪. સિંહદાસ મહાધની, તેણે નયરે વ્યવહારીરે; કપૂર તિલકા તસસુંદરી, રૂપે રંભા હારીરે, ભવિ૦ ૫. તસ બેટી ગુણ મંજરી, રોગીણી સા અસરાલારે; મુંગી પણ વચને ખરી, એહવી છે તે બાલારે, ભવિ૦ ૬. શ્રી વિજયસેન સૂરીશ્વરૂ, ચઉનાણી ત્યાં આવ્યારે; રાયશોઠાદિ વંદવા ગયા, દેશના સુણી સુખ પાવ્યારે, ભવિ૦ ૭. સિંહદાસ પૂછે ગુરૂ પ્રતે, ભાખો ભગવન એકરે; મુજ પુત્રી છે રોગીણી, મૂંગી તે વલી છેક રે, ભવિ૦ ૮. તેહથી કોઈ પરણે નહિં, એ કહો એ શ્યાં કર્મરે; ગુરુ કહે તુમ્હે સાંભલો, પૂર્વભવનાં મર્મરે, ભવિ૦ ૯.

ઢાળ ૨.

(મોહ્યો મુજ મન તુમ ગણે...એ દેશી)

ખેટકપુર નયરે શાહ જીનદેવ, સુંદરી છે. તસુ ધરણીરે; બેટા પાંચ અછે વલી તેહને, પુત્રી ચાર છે કરણી રે, હવે પૂરવ ભવ સાંભળજો તુમે૦ ॥૧॥ ભણવા મૂક્યા પાંચે સુતને, અધ્યાપકને પાસેરે; ચપલાઈમાં દિન તે ખોવે, ખ્યાલ વિનોદ તમાસેરે, હવે૦ ૨. રીસ કરી પંડિત શીખાડે, તે નવિ શીખે કોઈ રે; છુટી પામી માતા પાસે, આવી કહે તે રોઈ રે. હવે૦ ૩. માતા અધ્યાપક ઘણું અમ મારે, તે કહો કેમ ખમાયરે; ભણવા ગણવાની અમ વાતો, તેમને

નાવે દાયરે હવે૦ ૪. માત કહે તવ સુતને ગમતું, ભણીયે શું થાયે ભાઇરે; ભણ્યાથી મૂરખને બહુ સુખ, જાશો મ ભણવા ભાઈરે, ભવિ૦ ૫. ભણીએ મરવું અભણીએ મરવું, બેહુની ગતિ સરખીરે; ઈમ ભણીને શું ગલું તોડો, બેસી રહો ઘરે હરખીરે, હવે૦ ૬. તેડણ આવે પંડિત જબ તુમે, ધાએ પથ્થર ઝાલીરે; શીખ દેઈ ઈસી પાટી પોથી, લેઈ અગ્નિમેં ઘાલીરે, હવે૦ ૭. સાંભલી શેઠ ઘણું તે ખીજ્યો, ભદ્રે એ શ્યું કીધુંરે; પુત્ર અમારા મૂરખ રાખ્યા, એ કાંઇ કામ ન સીધુંરે, હવે૦ ૮. મૂરખને કોઈ પુત્રી ન દેશે, નવી કોઈ બેસાડશે પાસેરે; ધીરપશે નહિ એહ પુત્રોને, વલી જિહાં તિહાં હાંસી થાસેરે, હવે૦ ૯. એહ વચન સુણી નારી બોલી, વાંકું જિન દેવ સાથેરે; ક્રોધ કરી તવ શેઠે નાખ્યો, પાષાણ તેહને માથેરે, હવે૦ ૧૦. મરણ લહિ સા થઇ તુજ પુત્રી, રોગીણી મૂંગી બાલારે; પૂરવ કૃત જે નાણ વિરાધન, તેહના ફલ સુવિશાલારે, હવે પૂરવ ભવ સાંભળજો તુમે૦ ૧૧.

ઢાળ ૩.

(ધારા મહિલ પર મેહ ઝબૂકે વીજળી—એ દેશી)

નિજ પૂરવભવ વાત સુણી ગુણમંજરી હો લાલ, સુણી૦ જાતિ સ્મરણ લહ્યું તામ ગુરૂને વયણે કરી હો લાલ, ગુરૂ૦ કરે પ્રશંસા લોક ગુરૂના જ્ઞાનની હો લાલ, ગુરૂ૦ તવ શેઠ પૂછે વાત રોગ સમાધાનની હો લાલ. રોગ૦ ॥૧॥ ગુરૂ કહે સાંભળો એહ તણી વિધિ જે કહું હો લાલ, એહ૦

જે કહી શાસ્ત્ર મઝાર વલી જે હું લહું હો લાલ, વલી૦ કાર્તિક શુદિ જે પંચમી પુસ્તક પુર ધરી હો લાલ, પુસ્તક૦ દીવો પંચ દીવેર તણો સ્વતિક વળી કરી હો લાલ, સ્વસ્તિક૦ ૧૨૧ નમો નાણસ્સ એગણુણું ગણો ઉપવાસ શું હો લાલ, ગણો૦ પડિકમણા બે ટંકના કરો ઉલ્હાસ શું હો લાલ, કરો૦ દેવ વંદન ત્રણ વારના વંદો ભવિ ભાવશું હો લાલ, વંદો૦ પંચ વરસ પંચ માસ કીજે ચોખ્ખા ભાવશું હો લાલ, કીજે૦૧૩૧ જો નહિ થાયે એમ તો વરસદિવસ તણી હો લાલ૦ વરસ૦ કાર્તિક સુદી પંચમી કરો ભવિયણ હિત ભણી હો લાલ, ભવિયણ૦ જેહથી નાસે રોગ સર્વ વાંછિત મિલે હો લાલ, સર્વ૦ દુઃખ દોહગ જાયે દૂર અરતિ અલગી ટલે, હો લાલ, અરતિ૦ ૧૪૧ હવે ઉજમણું પારણે વિધિશું બનાઈને હો લાલ, વિધિ૦ પોથી આગે સઉ વાનાં પંચ પંચ ઠાઈ રે હો લાલ, પંચ૦ પાઠાં ઠવણી પુંજણી નવકાર વાલિકા હો લાલ, નવ૦ પ્રતિ લેખણ ડાબી ડાવલા કાંબી માલિક હો લાલ, કાંબી૦ ૧૫૧ પાટી કવલી ધાન્ય ફલાદિક ઢોઈએ હો લાલ, ફલા૦ કીજે જ્ઞાનની ભગતિ જુગતે પાપ ખોઈએ હોલ, જુગતે૦ શક્તિ યથોચિત દ્રવ્ય તુમ્હે તિહાં ખરચ કરો હો લાલ, તિહાં૦ તેહ સુકૃત કૃત પુન્ય કરી કોશહ ભરો હો લાલ, કરી૦ ૧૬૧ ઉજમણું એમ કીજે ભવિ ભલા ભાવશું હો લાલ, ભવિ૦ ગુરૂવાણી સુણી પંચમી કીધી ખાંત શું હો લાલ, કીધી૦ ગુણ મંજરીના રોગ ગયા દૂરે વહી હો લાલ, ગયા૦ મૂંગી પણું થયું દૂર

સુજસ વાધ્યો સહી હો લાલ, સુજસ વાધ્યો સહી હો લાલ. ॥૭॥

ઢાળ ૪

(શ્રી જિન આણું આરાધીયે—એ દેશી)

રાજા પૂછે રે વંદી સાધુને, વરદત્ત કુંવરને અંગે રે; કોઢ રોગ કિમ એહને ઉપનો, તે કારણ કહો રંગે રે, ધન ધન સાધુ તુમ્હચા જ્ઞાનને ॥૧॥ ગુરૂ કહે જંબુદ્વીપના ભરતમાં, નયર શ્રી પુર નામ આસ રે; વસુનામા વ્યવહારી તિહાં વસે, દોય પુત્રો છે તાસ રે, ધન ધન૦ ॥૨॥ વસુસાર અને વસુદેવજી, બે બાંધવ એક વાર રે, વનક્રીડાએ ગયા ત્યાં ગુરૂ કને, દીક્ષા ગ્રહી સુવિચાર રે, ધન ધન૦ ॥૩॥ બે ભાઈમાં રે લઘુ પંડિત થયો, ગુરૂ સોંપ્યો તસ પાટ રે, પંચ સયા અણગારને વાચના, તે આપે ગહગાટ રે, ધન૦ ધન૦ ॥૪॥ સૂતા સૂરી સંથારે એકદા, પદ પૂછણ મુનિ એક રે, આચારજની પાસે આવિયો, સૂરિ કહ્યો સુવિવેક રે, ધન ધન૦ ॥૫॥ તે મુનિ પૂછી વલીયો જેટલે, તેટલે બીજો સાધુ રે, ઈમ બહુ મુનિવર પદને પૂછવા, આવે જાવે અબાધ રે, ધન ધન૦ ॥૬॥ આચારજને ઉંઘ તણો ઘાત થયો તિણવેલા રે; સૂરી તદા મનમાં ચિંતવે, એ શ્યા કર્મના મેલા રે, ધન ધન૦ ॥૭॥ જો મેં એટલા રે શાસ્ત્ર ભણ્યા અ છે, તો મુઝ પુછણ આવે રે, પદ ન કહ્યું હવે મૂલગું ભુલવું, જ્ઞાન શું ક્રોધ ઉપાવે રે, ધન ધન૦ ॥૮॥

એમ વિચારીને મૌન ગ્રહી રહ્યા, બાર દિવસ તિંહા જાણી રે, રૌદ્ર ધ્યાન વસે મરણ લહી કરી, એ તુંજ સુત તે પ્રાણી રે, ધન ધન૦ ॥૯॥ વાણી સાંભળી વરદત્ત કુંવરને, જાતિ સ્મરણ લહ્યું તામ રે, કોઢ રોગ એ દૂરે કિમ ટલે, તે મુજ ભાખો સ્વામ રે, ધન ધન૦ ॥૧૦॥ સદ્‌ગુરૂ ભાખે પંચમી તપ કરો, જ્ઞાન આરાધો ભાવે રે, વયણ સુણીને તેણે તિમ કર્યું, દૂરે રોગ ગમાવે રે. ધન ધન૦ ॥૧૧॥ રાજ-પાટની રે લીલા ભોગવી, પછી સંજમ લીધું રે, ગુણ મંજરી પરણી જિનચંદ્રને, તેણીયે પછે તેમ કીધું રે, ધન ધન૦ ॥૧૨॥ ચારિત્ર પાલી રે, તે બે જણા, પોહતા વિજય વિમાન રે, તિહાં સુરનું આઉખું ભોગવી. જંબુ વિદેહ પ્રધાન રે, ધન ધન૦ ॥૧૩॥ તિહાં માનવ અવતાર ગ્રહી કરી, ભોગવી રાજ્ય ઉદાર રે, અંતે ચારિત્ર કેવલ લહી કરી, પામ્યા ભવનો પાર રે, ધન ધન સાધુ તુમારા જ્ઞાનને. ॥૧૪॥

ઢાળ ૫

(શેત્રુંજા કેરી વાતડી—એ દેશી)

જગજીવન નેમીસરે, એહ કહ્યો ઉપદેશ હો ભવિયાં; પરખદા બારે આગલે, છંડી મનનો કલેશ હો ભવિયાં. ॥૧॥ પંચમીનો તો તુમે તપ કરો, ધારો જ્ઞાનનું ધ્યાન હો ભવિયાં; દુઃખ દારિદ્ર દૂરે દહો, લહો જિહાં તિહાં સનમાન હો ભવિયા. પંચમી૦ ॥૨॥ એમ સુણી ભલે

ભાવિયાં, પંચમી તપને તૈયાર હો ભવિયાં; કરવા અતિ ઉતાવળા, જ્ઞાન સેવણ હુશિયાર હો ભવિયા, પંચમી૦ ॥૩॥ કાર્તિક શુદિ જે પંચમી, સૌભાગ્ય પંચમી કહાય હો ભવિયા; યશ વાધે એહથી ઘણો, વંછિત કારજ થાય હો ભવિયા, પંચમી૦ ॥૪॥ એહથી સંપત્ત પામીયે, દુઃખ જાયે દહવટ્ટ હો ભવિયા; દૂર હુવે જેમ આંખનો, જ્ઞાના વરણી પટ્ટ હો ભવિયા, પંચમી૦ ॥૫॥ એહથી સુગમ શિવ સુંદરી, વરીયે ઝાક ઝમાલ હો ભવિયા; જે એહને કરશે સહી, લહેશે મંગલ માલ હો ભવિયા, પંચમી૦ ॥૬॥

(કળશ)

ઈમ દારિદ્ર ભંજણ. જગત રંજન, મહિમા શ્રી પંચમી તણો, ગાઈયેા રંગે, ચિત્તચંગે, સુણતાં એહ સેાહામણેા; શ્રી પાશ્વચંદ્ર સુરીંદ્ર ગચ્છે, શ્રી અખયચંદ્ર સૂરીસરેા, તસ ચરણ કમલ પસાય પામી, ખુશીયાલ મુનિવર સુખ કરેા. ॥૭॥

શ્રી ફલેાધી પાર્શ્વનાથનું સ્તવન

(દેશી—ચેાપાઇ)

પ્રભુ નમિકિંપિ ઉણુજગનહી, સ્વામીની સેવા જેલહી તુટે તતખિણુ ભવદુહ પાસ, ફલ વધી પહુ વંદુ શ્રી પાસ. ૧. ભૂપતિ અશ્વસેન મલહાર, વામારાણી ઉર અવતાર,

વિસહર લંછન લીલ વિલાસ, ફલવધિ૦ ૨. વસુહ મંડલ મંડણ અવતર્યો, દુરિત વિહંડણ બહુ ગુણ ભર્યો, તૂઠો પૂરે વંછિત આશ, ફલવધિ૦ ૩. જિણ દરિશણ તજ પન્નગ અંગ, પરતિખ જવલતો જવલન ફુલિંગ, સુરપતિ થયો પાતાલ નિવાસ, ફલવધિ૦ ૪. મોટી મહીમા મહિ મહ મહે, ભુવન શિખર તિહાં ધ્વજ લહ લહે, પસરે ચિહું દિશી કરય ઉલ્લાસ, ફલવધિ૦ ૫. તુમ પાય કમલ ભમર જેમ રમું, તુમ પસાય અરિદલ બલ દમું, થિર કરી થાપ્યો હું તુમદાસ; ફલવધિ૦ ૬. અશરણ શરણ અનાથનો નાથ, અબંધુ બાંધવ તું જગનાથ, બુદ્ધિ હીણાને દો બુદ્ધિ પ્રકાશ. ફલવધિ પદુ વંદુ શ્રી પાસ. ૭.

(કલશ)

એમ અઢાર અક્ખર સિંહસ્સ પક્ખર, પાર્શ્વનાથ સંથવ કરે એ, પ્રભુ ચરણે લાગું, વાંછિત માગું, પાર્શ્વ ચંદ્ર સૂરિ એમ ઉચ્ચરે એ. ૮.

શ્રી પાર્શ્વ જિનેશ્વર સ્તવન

(ઋષભ જિણંદ શું પ્રીતડી—એ દેશી)

સ્વામી પાર્શ્વ જિણેસર વિનવું, મોરા સ્વામી હો, તુમે પરમ દયાલ કે, સરણ લીયો પ્રભુ તાહરો, નિજ સેવકની કરવી સંભાળ કે, પાર્શ્વ૦ ૧. તુમ દરિશન વિના હું ભમ્યો, ભવરણમાં હો દુઃખ સહ્યાં અનંત, જિન આણા

નવિ ઓલખી, જેથી ન લહ્યો હો ચાર ગતિનો અંત કે, પાર્શ્વ૦ ૨. મદ મમતા મનમાં વસી, સત્યતા નવિ હો *ઉલસી ચિત્તમાય, જિન વાણી સુખ કારિણી, નવિ જાણી* હો દીયો જનમ ગુમાય કે; પાર્શ્વ૦ ૩. મદિરા વિષય કષાયમાં, રમ્યો નિદ્રા હો વિકથા માંહિ નાથ; પંચ પ્રમાદ પાપે કરી, ઉછેદ્યો હો સુરતરૂ નિજ હાથ કે, પાર્શ્વ૦ ૪. ચિંતામણી કામકુંભ સમો, અતિ દુર્લભ હો નરભવ છે. પ્રસિદ્ધ; આગમમાં કહ્યું જિનવરે, તે પામી હો નવી લાવો લીધ કે, પાર્શ્વ૦ ૫. આલસ મોહાવજ્ઞા સ્તબ્ધ ક્રોધ પ્રમાદ હો કૃપણ ભય શોક; અજ્ઞાન વિક્ષેપ કુતુહલે, રમણે રમી હો કર્યો જન્મનો ફોક કે, પાર્શ્વ૦ ૬. કાઠિયા તેર એ દુઃખકરા, ધર્મ કાર્યમાં હો કરે બહુલી હાણ; એહના કંદમાં હું ફસ્યો, પ્રભુ શું કહું હો તુમે ચતુર સુજાણ કે, પાર્શ્વ૦ ૭. અધમ ઉદ્ધારણ તું ધણી, પાતકીનાં હો પાતક હરનાર; શરણાગત્, વત્સલ પ્રભુ, મુઝ પાપીને હો ભવ પાર ઉતાર કે, પાર્શ્વ૦ ૮. અશ્વસેન નૃપ કુલતિલો, વામા માતા હો નંદનજગ ભાણ, શ્યામ ઘનાઘન તનુ સોહે નવ કર, શત હો વર્ષાયુ પ્રમાણ કે, પાર્શ્વ૦ ૯. વડ તપ ગચ્છ નભ દિન મણી જિન શાસને હો ઉત્તમ ગણધાર; સહજ શશિ રવિ સાહિબા, ગુણ સાગર હો પ્રભુ કર ભવ પાર કે, સ્વામી પાર્શ્વ જીનેસર વિનવું. ૧૦.

નારકીની છ ઢાળોનું સ્તવન

ઢાળ ૧.

(ઉત્સરપિણી અવસર–એ દેશી)

વર્ધમાન જિન વિનવું, સાહેબ સાહસ ધીરોજી; તુમ દરિસણ વિણ હું ભમ્યો, ચિહું ગતિમાં વડ વીરોજી. વર્ધમાન. ૧. પ્રભુ નરક તણાં દુઃખ દોહલા, મેં સહ્યા કાળ અનંતોજી; શોર કિયો નવિ કો સુણે, એક વિના ભગવંતોજી. વર્ધમાન. ૨. પાપ કરીને પ્રાણીઆ, પહોતા નરક મઝારોજી; કઠિન કુભાષા સાંભળી, નયણ શ્રવણ દુઃખ કારોજી. વર્ધમાન. ૩. શીતલ યોનિમાં ઉપન્યો, રહેવું તપતે ઠામોજી; જાનું પ્રમાણે રૂધિરમાં, કિચડ ત્યાં બહુ તામોજી. વર્ધમાન. ૪. તવ મનમાંહે ચિંતવે, જાઈએ કિણિ દિશે નાસોજી; પરવશ પડીયો પ્રાણીયો, કરતો ક્રોડ વિખાસોજી. વર્ધમાન. ૫. ચંદ્ર નહિં ત્યાં સુરજ નહિં, ત્યાં ઘોર ઘપટ અંધકારોજી; સ્થાનક અતિય બીહામણું, ફરસ જીસ્યો ક્ષુર ધારોજી. વર્ધમાન. ૬. નવો નરકમાં ઉપન્યો, જાણે અસુર તિણી વારોજી; કોપ કરીને આવે તિહાં, હાથ ધરી હથીઆરજી. વર્ધમાન. ૭. કરે કાતરણી દેહની, કરતો ખંડો ખંડજી; રીવ અતિય કરે બહુ, પામે દુઃખ પ્રચંડોજી. વર્ધમાન. ૮.

ઢાળ ૨.

(વૈરાગી થયેા એ દેશી)

ભાંજે કાયા ભાંજતોરે, મારે ફિંચાયેં માંહે; ઉંધે મસ્તકે અગ્નિ દીએરે, ઉંચા બાંધે પાયરે. જીનજી સાંભળેા, કડવા કરમ વિપાકેારે. વિરજી સાંભળેા એ ટેક. ૧. વૈતરણી તટિની તણેારે, જલમાં નાંખે પાસ; કરિય કુહાડા તરૂ પરે, છેદે અધિક ઉલ્લાસેારે. જીનજી. ૨. ઉંચા જોયણ પાંચસેરે, ઉછાળે આકાશ; શ્વાનરૂપ કરે તિહાંરે, મૃગ જેમ પાડે પાસેારે. જીનજી. ૩. પન્નર ભેદે સુર મલીરે, કરવત દીયેરે કપાલ; આરેાપે શૂલિ શિરેરે, ભાંજે જિમ તરૂ ડાળરે. જીનજી. ૪. બેાળે તાતા તેલમાંરે, તળી તળી કાઢેરે તામ; વળી લેાભરમાં ક્ષેપવેરે, વિરૂઆ તાસ વિરામેારે. જીનજી, ૫. ખાળ ઉતારે દેહનીરે, આમિષ દીએ આહાર; બહુ બરાડા પાડતેારે; તન વિચે ઘાલે ખારરે. જીનજી. ૬.

ઢાળ ૩.

(રાગ–મારૂ. જીનજી કબ મિલેરે. કે ભેાલા સું ટળવળેરે એ દેશી)

તાપ કરીને તે વળી ભૂમિકારે, મન શું શીતળ જાણુ; આવિ બેસે તરૂવર છાંયડેરે, પડતાં ભાંજે પ્રાણ. ૧. ચતુર મત રાચજ્યેારે, વિરૂઆ વિષય વિલાસ; સુખ થેાડા દુઃખ દેાહિલારે, જેહથી લહીએ નરક નિવાસ. ચતુર, ૨. કુંભિ માંહે પાક કરે તસ દેહનેારે, તલ જેમ ઘાંણી માંહે;

પિલીપીલીને રસ કાઢે તેહનોરે, મહેર ન આવે તાંહિ. ચતુર. ૩. નાઠો જાઈ ત્રીજી નરક લગેરે, મન ધરતો ભય ભ્રાંતિ; પછી પરમા ધામી શુલિ ઉપરે રે, જેહવોકાલ કલ્પાંત. ચતુર. ૪. ખાલ ઉતારે તેહની ખાંતસું રે, ક્ષાર ભરે તસ દેહ રે ખાસ; પુરાની પરે તે તિહાં ટળવળેરે, મહેરન આવે તાસ. ચતુર. ૫. દાંત વિચે દઈ દશ આંગુલી રે, ફરી ફરી લાગેરે, પાય; વેદના સહતાં કાળ ગયો ઘણોરે, હવે એ સહ્યો ન જાય. ચતુર. ૬. જીહાં જાય તિહાં ઉઠે મારવારે, કોઈ ન પુછેરે સાર; દુઃખ ભરી રોવે દીન પણે કરીનેરે, નિપટ હૈયાની ધાર. ચતુર. ૭.

ઢાળ ૪.

(રાગ વેલાઉવ–રે જીવ જીન ધર્મ કીજીએ–એ દેશી)

પરમા ધામિ સુર કહે, સાંભળરે તું ભાઈ; કિયાં દોસ અમારડોરે, નિજ દેખો કમાઈ. પરમાધામિ. ૧. પાપ કરમ કિધાં ઘણાંરે, બહુ જીવ વિણસ્યા; પીડા ન જાણી પરતણીરે, કુડાં મુખે ભાખ્યાં. પરમાધામિ, ૨, ચોરી લાવ્યા ધન પારકુંરે, સેવી પરનાર; આરંભ કામે કિધાં ઘણારે, પરિગ્રહનો નહિ પાર પરમાધામિ. ૩. નિશિ ભોજન કીધાં ઘણાંરે, બહુ જીવ સંહાર; અભક્ષ અથાણાં આચર્યારે પાતિકનો નહિં પાર. પરમાધામિ. ૪. માતપિતા ગુરૂ ઓળખ્યારે, કિધા ક્રોધ અપાર; માન માયા લોભ મન વસ્યારે, મતિ હીણુ ગમાર. પરમાયામિ.

ઢાળ ૫ મી

(બેવડીની દેશી)

ઈમ કહી સુર વેદનાએ, વળી ઉદ્વેરે દેહતો; ખિલા કંટાલા વની તણા એ, તિહાં પછાડે દેહતો. ૧. તૃષા વશે તાતો તરૂએ, મુખમાં ઘાલે તામ તો; અગ્નિ વરણ કરી પૂતલીએ, આલિંગન દે જામતો. ૨. સયલ વદન ક્રીડા ભરે એ, જીભ કરે શતખંડતો, એ ફળ નિશિ ભોજન તણાંએ, જાણે પાપ અખંડતો. ૩. અતિ ઉનો અતિ આકરોએ, આણે તાતો તીરતો; તે ઘાલે તસ આંખમાએ; કાને ભરે કથીરતો. ૪. કાલા અધિક બિહામણાએ, હુંડક સંઠાણુતો; તે દિસે દિન દયામણાએ, વળી નિરાધાર પ્રાણુતો. ૫

ઢાળ ૬ ઠી.

(વાડી કુલી અતિ ભલી મન ભમરારે-એ દેશી)

ઇણિ પરે બહુ વેદના સહિ ચિત્ત ચેતોરે, વસતા નરક મઝાર, ચતુર ચિત્ત ચેતોરે; જ્ઞાની વિણ ન જાણે કોઈ, ચિત્ત. કહેતાં ન આવે પાર. ચતુર. ૧. દશ દૃષ્ટાંતે દોહિલો, ચિત્ત. લાધો નરભવ સાર; ચતુર. પામ્યો એળે હારી ગયો; ચિત્ત. કરજ્યો એહ વિચાર ચતુર. ૨. શુદ્ધો સંજમ આદરો, ચિત્ત ટાળો વિષય વિકાર, ચતુર. પાંચે ઇંદ્રિય વશ કરો; ચિત્ત. જિમ હોય છુટક બાર. ચતુર ૩. નિંદા વિકથા પરિહરો, ચિત, આરાધો જિન ધર્મ; ચતુર. સમકિત રત્ન હૈયે ધરો, ચિત્ત. ભાંજે મિથ્યા ભર્મ. ચતુર.

૪. વીર જિણુંદ પસાઉલે, ચિત્ત. અહિપુર નગર મોઝાર, ચતુર. સ્તવન રચ્યો રળિયામણો, ચિત્ત. પરમ કૃપાળ ઉદાર. ચતુર. ૫. સંપૂણ.

અથ આત્મશિક્ષા સજ્ઝાય

(રાગ-રામગ્રીમા સહેજાનંદીરે આતમા એ દેશી)

આતમ રામેરે મુનિ રમે, ચિત્ત વિચારીને જોયરે; તાહારૂં દીસે ન કોયરે; સહુ સ્વાર્થી મળ્યું તોયરે, જન્મ મરણ કરે લોયરે, પૂંઠે સવિ મળી રોયરે, આતમ. ૧. સજ્જન વર્ગ સવિ કારમું, કૂડો કુટુંબ પરિવારરે, કોઈ ન કરે તુજ સારરે, ધર્મ વિણ નહિં કોઈ આધારરે જિણે પામો ભવ પારરે. આતમ. ૨. અનંત કલેવર મૂકયાં, તેં કીયા રાગ પણ અનંતરે, ભવ ઉદ્વેગેરે તું ભમ્યો, તો હિન આવ્યો તુજ અંતરે, ચેતો હૃદયમાં સંતરે, આતમ. ૩. ભોગ અનંતા તેં ભોગવ્યા, દેવ મણુએ ગતિ માંહેરે, તૃપ્તિન પામ્યો રે જીવડો, હજી તુજ વાંછા છે ત્યાંહિ રે, આણ સંતોષ ચિત્ત માંહિરે. આતમ. ૪. ધ્યાન કરોરે આતમ તણું, પર વરતુથી ચિત્ત વારીરે, અનાદિ સંબંધ તુજકો નહીં, શુદ્ધ નિશ્ચે ઈમ ધારીરે, ઇણ વિધ નિજ ચિત્ત ઠારીરે, મણિચંદ્ર આતમ તારીરે. આતમ. ૫.

શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન

દુહા.

સકલ સિદ્ધિ દાયક સદા ॥ ચોવીશે જિનરાય ॥ સદ્ગુરૂ સામિની સરસતી ॥ પ્રેમે પ્રણમું પાય ॥ ૧ ॥ ત્રિભુવનપતિ ત્રિશલાતણો ॥ નંદન ગુણ ગંભીર ॥ શાસન નાયક જગ જયો ॥ વર્ધમાન વડ વીર ॥ ૨ ॥ એક દિન વીર જિણુંદને ॥ ચરણે કરી પ્રણામ ॥ ભવિક જીવના હિત ભણી ॥ પૂછે ગૌતમ સ્વામિ ॥ ૩ ॥ મુક્તિ માર્ગ આરાધીએ ॥ કહો કિણ પેરે અરિહંત ॥ સુધા સરસ તવ વચન રસ ॥ ભાખે શ્રી ભગવંત ॥ ૪ ॥ અતિચાર આળોઇએ ॥ વ્રત ધરીએ ગુરૂ સાખ ॥ જીવ ખમાવો સયળ જે ॥ યોનિ ચોરાશી લાખ ॥ ૫ ॥ વિધિશું વળી વોસરાવીએ ॥ પાપસ્થાન અઢાર ॥ ચાર શરણ નિત્ય અનુસરો ॥ નિંદો દુરિતાચાર ॥ ૬ ॥ શુભ કરણી અનુમોદીએ ॥ ભાવ ભલો મન આણ ॥ અણસણ અવસર આદરી ॥ નવપદ જપો સુજાણ ॥ ૭ ॥ શુભ ગતિ આરાધનતણા ॥ એ છે દશ અધિકાર ॥ ચિત્ત આણીને આદરો ॥ જેમ પામો ભવ પાર ॥ ૮ ॥

॥ ઢાળ ૧ લી ॥

॥ એ છિંડી કીહાં રાખી—એ દેશી ॥

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ ॥ એ પાંચે આચાર ॥ એહ તણા ઈહ ભવ પરભવના ॥ આળોઈએ અતિચાર

રે ॥ પ્રાણી ! જ્ઞાન ભણો ગુણ આણી ॥ વીર વદે એમ વાણી રે પ્રા૦ ૧ ॥ એ આંકણી ॥ ગુરૂ ઓળવીએ નહિ, ગુરૂ વિનયે ॥ કાળે ધરી બહુમાન ॥ સૂત્ર અર્થ તદુભય કરી સૂધાં ॥ ભણીએ વહી ઉપધાન રે ॥ પ્રા૦ ૨ ॥ જ્ઞાનો-પગરણ પાટી પોથી ॥ ઠવણી નોકરવાળી ॥ તેહ તણી કીધી આશાતના ॥ જ્ઞાન ભક્તિ ન સંભાળી રે ॥ પ્રા૦ ૩ ॥ ઈત્યાદિક વિપરીતપણાથી ॥ જ્ઞાન વિરાધ્યું જેહ ॥ આભવ પરભવ વળી રે ભવો ભવ ॥ મિચ્છા દુક્કડ તેહ રે ॥ પ્રા૦ ૪ ॥ સમકિત લ્યો શુદ્ધ જાણી ॥ વીર વદે એમ વાણી રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ જિનવચને શંકા નવિ કીજે ॥ નવિ પરમત અભિલાખ ॥ સાધુતણી નિંદા પરિહરજો ॥ ફળ સંદેહ મ રાખ રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૫ ॥ મૂઢપણું છંડો પરશંસા ॥ ગુણવંતને આદરીએ ॥ સામીને ઘરમે કરી થીરતા ॥ ભક્તિ પ્રભાવના કરીએ રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૬ ॥ સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે ॥ અવર્ણવાદ મન લેખ્યો ॥ દ્રવ્ય દેવકો જે વિણસાડયો ॥ વિણસંતાં ઉવેખ્યો રે ॥ પ્રા૦ ॥ સ૦ ॥ ૭ ॥ ઈત્યાદિક વિપરીતપણાથી ॥ સમકિત ખંડયું જેહ ॥ આભવ૦ ॥ મિચ્છા૦ પ્રા૦ ॥૮॥ ચારિત્ર લ્યો ચિત્ત આણી ॥ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી ॥ આઠે પ્રવચન માય ॥ સાધુતણે ઘરમે પરમાદે ॥ અશુદ્ધ વચન મન કાય રે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૯ ॥ શ્રાવકને ઘરમે સામાયક ॥ પોસહમાં મન વાળી ॥ જે જયણાપૂર્વક એ આઠે ॥ પ્રવચન માય ન પાળી રે ॥પ્રા૦॥

ચા૦ ॥ ૧૦ ॥ ઇત્યાદિક વિપરીતપણાથી ॥ ચારિત્ર ડોળ્યું જેહ ॥ આભવ૦ ॥ મિચ્છા૦ ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૧ ॥ બારે ભેદે તપ નવિ કીધો ॥ છતે જોગે નિજ શક્તે ॥ ધર્મે મન વચ કાયા વિરજ ॥ નવિ ફોરવીઉં ભગતે રે ॥ પ્રા૦ ॥ ચા૦ ॥ ૧૨ ॥ તપ વિરજ આચારે એણી પરે ॥ વિવિધ વિરાધ્યાં જેહ ॥ આભવ૦ ॥ મિ૦ ॥ પ્રા૦ ॥ ચા૦॥૧૩॥ વળીય વિશેષે ચારિત્ર કેરા ॥ અતિચાર આળોઇએ ॥ વીર-જિનેશ્વર વયણ સુણીને ॥ પાપ મેલ સવી ધોઇએ ॥પ્રા૦॥ ચા૦ ॥ ૧૪ ॥

॥ ઢાળ ૨ જી ॥

॥ પામી સુગુરૂ પસાય–એ દેશી ॥

પૃથ્વી પાણી તેઉ ॥ વાયુ વનસ્પતિ ॥ એ પાંચે થાવર કહ્યાં એ ॥ ૧ ॥ કરી કરસણ આરંભ ॥ ખેત્ર જે ખેડીયા ॥ કુવા તળાવ ખણાવીયાએ ॥ ૨ ॥ ઘર આરંભ અનેક ॥ ટાંકા ભોંયરાં ॥ મેડી માળ ચણાવીઆએ ॥ ૩ ॥ લીંપણ ગુંપણ કાજ ॥ એણી પરે પરપરે ॥ પૃથ્વીકાય વિરાધીયાએ ॥ ૪ ॥ ધોયણ નાહણ પાણી ॥ ઝીલણ અપકાય ॥ છોતિ ધોતિ કરી દુહવ્યાએ ॥ ૫ ॥ ભાઠીગર કુંભાર ॥ લોહ સોવનગરા ॥ ભાડભુંજા લિહાળાગરાએ ॥ ૬ ॥ તાપણ શેકણ કાજ ॥ વસ્ત્ર નિખારણ ॥ રંગણ રાંધણ રસવતીએ ॥ ૭ ॥ એણી પરે કર્માદાન ॥ પરે પરે કેળવી ॥ તેઉ વાયુ વિરાધીયાએ ॥ ૮ ॥ વાડી વન આરામ ॥ વાવી વનસ્પતિ

॥ પાન ફૂલ ફળ ચૂંટીયાંએ ॥ ૯ ॥ પુંખ પાપડી શાક ॥ શેકયાં સૂકવ્યાં ॥ છેદ્યાં છુદ્યાં આથીઆંએ ॥ ૧૦ ॥ અળશી ને એરંડ ॥ ઘાણી ઘાલીને ॥ ઘણા તિલાદિક પીલીયાએ ॥ ૧૧ ॥ ઘાલી કોલુમાંહે ॥ પીલી શેલડી ॥ કંદમૂળ ફળ વેચીયાંએ ॥ ૧૨ ॥ એમ એકેંદ્રી જીવ ॥ હણ્યા હણાવીયા હણુતાં જે અનુમોદિયાએ ॥ ૧૩ ॥ આ ભવ પરભવ જેહ ॥ વળીય ભવોભવે ॥ તે મુજ મિચ્છાદુક્કડં એ ॥ ૧૪ ॥ કમી સરયીયા કીડા ॥ ગાડર ગંડોલા ॥ ઈયલ પૂરા અલશીયાંએ ॥ ૧૫ ॥ વાળા જળો ચુડેલ ॥ વિચલીત રસ તણા ॥ વળી અથાણાં પ્રમુખનાંએ ॥ ૧૬ ॥ એમ બેઇંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડં એ ॥ ૧૭ ॥ ઉધેહી જુ લીખ ॥ માંકડ મંકોડા ॥ ચાંચડ કીડી કુંથુઆએ ॥ ૧૮ ॥ ગદ્ધેહિઆં ધીમેલ કાનખજુરીયા ॥ ગીંગોડા ધનેરીયાંએ ॥૧૯॥ એમ તેઇંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છા-દુક્કડં એ ॥ ૨૦ ॥ માખી મચ્છર ડાંસ ॥ મસા પતંગીયાં ॥ કંસારી કોલિયાવડાએ ॥ ૨૧ ॥ ઢીંકુણ વિંછુ તીડ ॥ ભમરા ભમરીયો ॥ કોતાં બગ ખડમાંકડીએ ॥ ૨૨ ॥ એમ ચૌરિંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડં એ ॥ ૨૩ ॥ જળમાં નાંખી જાળરે ॥ જળચર દુહવ્યા ॥ વનમાં મૃગ સંતાપીયાએ ॥ ૨૪ ॥ પીડ્યા પંખી જીવ ॥ વાડી પાસમાં ॥ પોપટ ઘાલ્યા પાંજરેએ ॥ ૨૫ ॥ એમ પંચેંદ્રી જીવ ॥ જે મેં દુહવ્યા ॥ તે મુજ મિચ્છાદુક્કડં એ ॥ ૨૬ ॥

।। ઢાળ ૩ જી ।।

।। વાણી વાણી હિતકારીજી–એ દેશી ।।

ક્રોધ લોભ ભય હાસ્યથીજી ।। બોલ્યા વચન અસત્ય ।। કૂડ કરી ધન પારકાંજી ।। લીધાં જેહ અદત્તરે ।। જિનજી મિચ્છાદુક્કડ આજ ।। તુમ સાખે મહારાજરે ।। જિનજી ।। દેઈ સારૂં કાજરે ।। જિનજી ।। મિચ્છાદુક્કડં આજ ।। ૧ ।। એ આંકણી ।। દેવ મનુજ તિર્યંચનાંજી ।। મૈથુન સેવ્યાં જેહ ।। વિષયારસ લંપટ પણેજી ।। ઘણું વિડંબ્યો દેહરે ।। જિનજી૦ ।। ૨ ।। પરિગ્રહની મમતા કરીજી ।। ભવે ભવે મેલી આથ ।। જે જીહાંની તે તીહાં રહીજી ।। કોઈ ન આવી સાથરે ।। જિનજી૦ ।।૩।। રયણી ભોજન જે કર્યાજી ।। કીધાં ભક્ષઅભક્ષ ।। રસના રસની લાલચેજી ।। પાપ કર્યાં પ્રત્યક્ષરે ।। જિનજી૦ ।। ૪ ।। વ્રત લેઈ વિસારીયાંજી ।। વળી ભાંગ્યાં પચ્ચખાણ ।। કપટ હેતુ કીરીયા કરીજી ।। કીધાં આપ વખાણુ રે ।। જિનજી૦ ।। ૫ ।। ત્રણ ટાળ આઠે દુહેજી ।। આલોયા અતિચાર ।। શિવગતિ આરાધન તણોજી ।। એ પહેલો અધિકારરે ।। જિનજી૦ ।। ૬ ।।

।। ઢાલ ૪ થી ।।

।। સાહેલડીની દેશી ।।

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે ।। અથવા લ્યો વ્રતબાર તો ।। યથાશક્તિ વ્રત આદરી સાહેલડીરે ।। પાળો નિરતિચાર તો ।। ૧ ।। વ્રત લીધાં સંભારીએ ।। સા૦ ।।

હૈડે ધરીય વિચારતો ।। શિવગતિ આરાધન તણો ।। સા૦ ।। એ બીજો અધિકારતો ।। ૨ ।। જીવ સવે ખમાવીએ ।। સા૦ ।। ચોનિ ચોરાશી લાખતો ।। મન શુદ્ધે કરી ખામણાં ।। સા૦ ।। કોઈશું રોષ ન રાખતો ।।૩ ।। સર્વ મિત્ર કરી ચિંતવો ।। સા૦ ।। કોઈ ન જાણો શત્રુતો ।। રાગ દ્વેષ એમ પરિહરો ।। સા૦ ।। કીજે જન્મ પવિત્રતો ।। ૪ ।। સ્વામી સંઘ ખમાવીએ ।। સા૦ ।। જે ઉપની અપ્રીતિતો ।। સજન કુટુંબ કરો ખામણાં ।। સા૦ ।। એ જિનશાસન રીતિતો ।। ૫ ।। ખમીએ ને ખમાવીએ ।। સા૦ ।। એહજ ધર્મનો સારતો ।। શિવગતિ આરાધન તણો ।। સા૦ ।। એ ત્રીજો અધિકારતો ।। ૬ ।। મૃષાવાદ હિંસા ચોરી ।। સા૦ ।। ધનમૂર્ચ્છા મૈથુનતો ।। ક્રોધ માન માયા તૃષ્ણા ।। સા૦ ।। પ્રેમ દ્વેષ પૈશૂનતો ।। ૭ ।। નિંદા કલહ ન કીજીએ ।।સા૦।। કૂડાં ન દીજે આળતો ।। રતિ અરતિ મિથ્યા તજો ।। સા૦ માયામોહ જંજાળતો ।। ૮ ।। ત્રિવિધ ત્રિવિધ વોસરાવીએ ।। સા૦ ।। પાપસ્થાન અઢારતો ।। શિવગતિ આરાધન તણો ।। સા૦ ।। એ ચોથો અધિકારતો ।। ૯ ।।

।। ઢાલ ૫ મી ।।

।। હવે નિસુણો ઈહાં આવીયાએ—એ દેશી ।।

જનમ જરા મરણે કરી એ ।। એ સંસાર અસારતો ।। કર્યાં કર્મ સહુ અનુભવે એ ।। કોઈ ન રાખણહાર તો ।। ૧ ।। શરણ એક અરિહંતનું એ ।। શરણ સિદ્ધ ભગવંત

તો ।। શરણુ ધર્મ શ્રી જૈનનો એ ।। સાધુ શરણુ ગુણવંત તો ।। ૨ ।। અવર મોહ સવિ પરિહરીએ ।। ચાર શરણુ ચિત્ત ધાર તો ।। શિવગતિ આરાધન તણો એ ।। એ પાંચમો અધિકાર તો ।। ૩ ।। આભવ પરભવ જે કર્યાં એ ।। પાપ કર્મ કેઈ લાખ તો આત્મ સાખે તે નિંદીએ એ ।। પડિકમીએ ગુરૂ સાખ તો ।। ૪ ।। મિથ્યા મતિ વર્તાવિયા એ ।। જે ભાખ્યા ઉત્સૂત્ર તો ।। કુમતિ કદાગ્રહને વશે એ ।। જે ઉથાપ્યાં સૂત્ર તો ।। ૫ ।। ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાંએ ।। ઘંટી હળ હથીયાર તો ।। ભવ ભવ મેલી મૂકીયાં એ ।। કરતાં જીવ સંહાર તો ।। ૬ ।। પાપ કરીને પોષીયાં એ ।। જનમ જનમ પરિવાર તો ।। જનમાંતર પોહોત્યા પછીએ ।। કેઈએ ન કીધી સાર તો ।। ૭ ।। આ ભવ પરભવ જે કર્યાં એ ।। એમ અધિકરણ અનેક તો ।। ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ ।। આણી હૃદય વિવેક તો ।। ૮ ।। દુઃકૃત-નિંદા એમ કરી એ ।। પાપ કરો પરિહાર તો ।। શિવગતિ આરાધન તણો એ ।। એ છટ્ઠો અધિકાર તો ।। ૯ ।।

।। ઢાલ ૬ ઠી ।।

આદિ તું જોઈને આપણી–એ દેશી ।।

ધનધન તે દિન માહરો ।। જીહાં કીધો ધર્મ ।। દાન શિયળ તપ ભાવના ।। ટાળ્યાં દુષ્કૃત કર્મ ।। ધન૦ ।। ૧ ।। શેત્રુંજાદિક તીર્થની ।। જે કીધી જાત્ર ।। જુગતે જિનવર પૂજીયા ।। વળી પોખ્યાં પાત્ર ।। ધન૦ ।। ૨ ।। પુસ્તક જ્ઞાન

લખાવીયાં ॥ જિનહર જિનચૈત્ય ॥ સંઘ ચતુર્વિધ સાચવ્યા ॥ એ સાતે ખેત્ર ॥ ધન૦ ॥ ૩ ॥ પડિકમણાં સુપરે કર્યાં ॥ અનુકંપા દાન ॥ સાધુ સૂરિ ઉવઝાયને ॥ દીધાં બહુ દાન ॥ ધન૦ ॥ ૪ ॥ ધર્મકાજ અનુમોદીએ ॥ એમ વારોવાર ॥ શિવગતિ આરાધન તણો સાતમો અધિકાર ॥ ધન૦ ॥ ૫ ॥ ભાવ ભલો મન આણીએ ॥ ચિત્ત આણી ઠામ ॥ સમતા ભાવે ભાવીએ ॥ એ આતમરામ ॥ ધન૦ ॥ ૬ ॥ સુખ દુઃખ કારણ જીવને ॥ કોઈ અવર ન હોય ॥ કર્મ આપે જે આચર્યાં ॥ ભોગવીએ સોય ॥ ધન૦ ॥ ૭ ॥ સમતા વિણ જે અનુસરે ॥ પ્રાણી પુન્ય કામ ॥ છાર ઉપર તે લીપણું ॥ ઝાંખર ચિત્રામ ॥ ધન૦ ॥ ૮ ॥ ભાવ ભલી પરે ભાવીએ ॥ એ ધર્મનો સાર ॥ શિવગતિ આરાધન તણો ॥ આઠમો અધિકાર ॥ ધન૦ ॥ ૯ ॥

॥ ઢાળ ૭ મી ॥

॥ રૈવતગિરિ ઉપરે–એ દેશી ॥

હવે અવસર જાણી ॥ કરીએ સંલેખણ સાર ॥ અણસણ આદરીએ ॥ પચ્ચખ્ખી ચારે આહાર ॥ લલુતા સવિ મૂકી ॥ છાંડી મમતા અંગ ॥ એ આતમ ખેલે ॥ સમતા જ્ઞાન તરંગ ॥ ૧ ॥ ગતિ ચારે કીધા ॥ આહાર અનંત નિઃશંક ॥ પણ તૃપ્તિ ન પામ્યો ॥ જીવ લાલચીઓ રંક ॥ દુલહો એ વળી વળી ॥ અણસણનો પરિણામ ॥ એહથી પામીજે ॥ શિવપદ સુરપદ ઠામ ॥ ૨ ॥ ધન્ય ધના શાલિભદ્ર

॥ ખંધો મેઘકુમાર ॥ અણુસણ આરાધી ॥ પામ્યા ભવનો પાર ॥ શિવમંદિર જાશે ॥ કરી એક અવતાર ॥ આરાધન કેરો ॥ એ નવમો અધિકાર ॥ ૩ ॥ દશમે અધિકારે ॥ મહામંત્ર નવકાર ॥ મનથી નવિ મૂકો ॥ શિવ સુખ ફલ સહકાર એ જપતાં જાયે ॥ દુર્ગતિ દોષવિકાર ॥ સુપરે એ સમરો ॥ ચૌદ પૂરવનો સાર ॥ ૪ ॥ જનમાંતર જાતાં ॥ જો પામે નવકાર ॥ તો પાતીક ગાળી ॥ પામે સુરઅવતાર ॥ એ નવ પદ સરિખો ॥ મંત્ર ન કોઈ સાર ॥ ઈહ ભવ ને પરભવે ॥ સુખ સંપત્તિ દાતાર ॥ ૫ ॥ જુઓ ભીલ ભીલડી ॥ રાજા રાણી થાય ॥ નવપદ મહિમાથી ॥ રાજસિંહ મહારાય ॥ રાણી રત્નવતી બેહુ ॥ પામ્યા છે સુરભોગ ॥ એક ભવ પછી લેશે ॥ શિવવધુ સંજોગ ॥૬॥ શ્રીમતીને એ વળી ॥ મંત્ર ફળ્યો તતકાળ ॥ ફણીધર ફીટીને ॥ પ્રગટ થઈ કુલમાળ ॥ શિવકુમરે જોગી ॥ સોવનપુરૂષો કીધ ॥ એમ એણે મંત્રે ॥ કાજ ઘણાનાં સિદ્ધ ॥ ૭ ॥ એ દશ અધિકારે ॥ વીર જિનેશર ભાખ્યો ॥ આરાધન કેરો ॥ વિધિ જેણે ચિત્તમાં રાખ્યો ॥ તેણે પાપ પખાળી ॥ ભવભય દૂરે નાખ્યો ॥ જિન વિનય કરતાં ॥ સુમતિ અમૃતરસ ચાખ્યો ॥ ૮ ॥

॥ ઢાળ ૮ મી ॥

॥ નમો ભવિ ભાવશું એ–એ દેશી ॥

સિદ્ધરથ રાય કુળતિલો એ ॥ ત્રિશલા માત મલ્હાર તો અવનિતળે તમે અવતર્યા એ ॥ કરવા અમ ઉપકાર ॥ જયો જિનવીરજી એ ॥ ૧ ॥ મેં અપરાધ કર્યા ઘણાએ ॥

॥ કહેતાં ન લહું પાર તો ॥ તુમ ચરણે આવ્યા ભણી એ ॥ જો તારે તો તાર ॥ જયો૦ ॥ ૨ ॥ આશ કરીને આવીયો એ ॥ તુમ ચરણે મહારાજ તો ॥ આવ્યાને ઉવેખશો એ ॥ તો કેમ રહેશે લાજ ॥ જયો૦ ॥ ૨ ॥ કરમ અલુંજણ આકરાં એ ॥ જનમ મરણ જંજાળ તો ॥ હું છું એહથી ઉભગ્યો એ ॥ છોડાવો દેવ દયાળ ॥ જયો૦ ॥ ૪ ॥ આજ મનોરથ મુજ ફળ્યા એ નાઠાં દુઃખ દંદોળતો ॥ તુઠ્યો જિન ચોવીશમો એ ॥ પ્રગટ્યા પુન્ય કલ્લોલ ॥ ॥ જયો૦ ॥ ૫ ॥ ભવભવ વિનય તુમારડો એ ॥ ભાવભક્તિ તુમ પાય તો ॥ દેવ દયા કરી દીજીએ એ ॥ બોધિબીજ સુપસાય ॥ જયો૦ ॥ ૬ ॥

॥ કળશ ॥

ઈહ તરહ તારણ સુગતિ કારણ ॥ દુઃખનિવારણ જગ જયો ॥ શ્રીવીર જિનવર ચરણ થુણતાં ॥ અધિક મન ઉલ્લટ થયો ॥ ૧ ॥ શ્રીવિજયદેવસૂરીંદ પટધર ॥ તીરથ જંગમ ઇણે જગે ॥ તપગચ્છપતિ શ્રીવિજયપ્રભસૂરિ ॥ સૂરિતેજે ઝગમગે ॥ ૨ ॥ શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક ॥ કીર્ત્તિવિજય સુરગુરૂસમો ॥ તસ શિષ્ય વાચક વિનય-વિજયે ॥ થુણ્યો જિન ચોવીશમો ॥ ૩ ॥ સય સત્તર સંવત ઓગણત્રીશે ॥ રહી રાંદેર ચોમાસએ ॥ વિજય દશમી વિજય કારણ ॥ કિયો ગુણ અભ્યાસએ ॥ ૪ ॥ નર ભવ આરાધન સિદ્ધિસાધન ॥ સુકૃત લીલવિલાસએ ॥ નિર્જરા હેતે સ્તવન રચિયું ॥ નામે પુન્યપ્રકાશ એ ॥ ૫ ॥ ઇતિ શ્રી. શ્રી. શ્રી. શ્રી. શ્રી.

શ્રી ગોડીપાર્શ્વનાથજીનાં

અથવા

મેઘાકાજળનાં ઢાળીયાં.

દોહા

સાનિધ્યકારી ભારતી, પદ્મમાસન સુખદાય; સમરતાં ગુરૂતા કરે, તેમ સુખ સંપતિ થાય. ૧ મયા કરી માતા હવે, ઘો મુજ વયણ વિલાસ; ગુણ ગાઉં જિનરાજના, શ્રી ગોડી સુખવાસ. ૨ અવ્યય પદ તેહને દીયે, જે કરે એહનો સંગ; મહેમદાવાદી પાર્શ્વજી, નારંગો નવ રંગ. ૩ પ્રતિમા ત્રણે પાર્શ્વની, પ્રગટી પાટણ માંહે, જીન પ્રતિમા જીનવર જીસી, વંદો ભવિ ઉત્સાહે. ૪ ઉત્પત્તિ પ્રતિમાતણી, કહું નમી ગુરૂ સુવિવેક; મહોટાના ગુણ ગવાતાં, જગમાં વાધે ટેક. ૫.

ઢાળ ૧ લી

(ગોકુળ મથુરાં રે વાલા—એ દેશી.)

જંબુદ્વીપે રે ભરતે, કાશી દેશ મનોહર વરતે; નયરી વણારસીરે રાજે, અશ્વસેન નરપતિ તિહાં ગાજે. જંબુ૦ ૧ વામા રાણીરે મોહે, ચઉદ સ્વપ્ન સુચિત તે સોહે; પાર્શ્વ કુંવરજીરે જાયા, અનુક્રમે યૌવનવય પ્રભુ પાયા. જંબુ૦ ૨ પ્રભાવતી કન્યા રે પરણી, સુખ વિલસે જીન સાથે ઘરણી; ત્રીસ વરસ મંદિર સુખ વરતા, દીક્ષા લઈ જીન તપ બહુ

કરતા. જંબુ૦ ૩ ઘાતી કર્મનેરે નાસે, કેવળ લહે જીનજી ઉલ્લાસે; દેશના દેઈ કેઈ જીવવાળી, આયુ એક શત વર્ષનું પાળી. જંબુ૦ ૪ ચાર અઘાતી કર્મને ટાળી, વરિયા શિવ વધુ જીન લટકાળી; આઠ કરમને નાશે સોહે, આઠ ગુણે જીનજી વળી મોહે. જંબુ૦ ૫ જન્મ જરા ને મરણ ન આવે, સુખ અનંતુ ક્ષાયિક ભાવે; ક્રોધને બાળી કર્મને ગાળી, એહને નમતાં નિત્ય દિવાળી. જંબુ૦ ૬.

ઢાળ ૨ જી

(તને ગોકુળ બોલાવે કાન, ગોવિંદ ગોરી રે—એ દેશી)

પાર્શ્વની પ્રતિમા ત્રણ્ય, મોહનગારીરે; ભરાવે શ્રાવક જાણ પ્રભુ સુખકારી રે. ૧ હેમાચાર્ય ગુરૂ રાય, વારે ભરાવેરે; અંજનશિલાકા થાય, મુહુર્ત્ત શુભ આવે રે. ૨ પ્રતિમા પાટણ માંહે, ભુયરૂં સોહે રે, પધરાવી સ્થાનક ત્યાંહી, શ્રાવક મોહે રે. ૩ ભુમિ ખણીને એક, તુરક તે લાવ્યેા રે; પ્રભુ ગોડીપાર્શ્વની એક, લઈ ઘર આવ્યેા રે. ૪ ઘરમાં બોદ્દી ખાડ, માંહે ઘાલી રે; નિત્ય સુવે ઉપર તે મદ, શય્યા વાળી રે. ૫ એક દિન સુપના માંહે, યક્ષ તે બોલે રે; હવે તેણે સમે તે તુરક, હઈડું બોલે રે. ૬ નહીં તર મારીશ મદ, મરડીશ તુજને રે; તે માટે ઘરથી કાટ, હવે તું મુજને રે. ૭ પારકર દેશ વિશેષ, તિહાંથી આવશે રે; શેઠ બોધાશા શત પાંચ, ટક્કા લાવશે રે. ૮ પાંચશે ટક્કા તેહ, તુજને દેશે રે; આપજે કાઢી એહ, બેધા લેશે રે. ૯

મત કરજે તું વાત, કોઈની પાસે રે; આજથી કોડી કલ્યાણ તાહરે થાશે રે. ૧૦ સુખ સંપત્તિ વળી ભોગ, એહનેને નામે રે; એમ કહીને તે યક્ષ, ગયો નિજ ઠામે રે. ૧૧ બીહીનો તે મનમાંહે, આકલો થાય રે; શુભ વીર કહે સુણ સંત, આગળ જે થાય રે. ૧૨.

ઢાળ ૩ જી

(પરોણુલીની દેશી)

પારકર દેશ વિશેષ, મનોહર શોહે રે; સુર માંહે જેમ ઇંદ્ર, અધિક રૂપ મોહે રે; સુણજો રંગ લાલ, ભવિજના; રાગ અભંગે લાલ, ભવિજના; મન સુવિલાસે લાલ, ભવિજના, અધિક આણંદે લાલ, ભવિજના. એ આંકણી. તારામાં જીમ ચંદ્રબલી મનોહાર જો, નરમાંહે જેમ ચક્રી તેજ ઉદારજો. સુ૦ ૧ કાનનમાં જેમ નંદન ગુણ ગંભીરજો, ગિરિવરમાં જેમ મેરૂ મોહોટો ધીરજો; ઘ૦ ઇંધનમાં જેમ ચંદન સમરૂં સારજો, વાજીંત્રમાં જેમ ભંભા શબ્દ ઉદારજો. સુ૦ ૨. ધાતુમાં સુવર્ણ પુરાણે ગિતા જો, કુંજરમાં ઐરાવણ શિયલે સીતા જો; સુ૦ તિમ જંબુમાં સહસ બત્રીશે દેશજો, તેહમા સોહે પારકર દેશ વિશેષજો. સુ૦ ૩. તિહાં ભુદેશર નામે નયર વિલાસ જો, જેમાં નહીં કોઈ કોઈનો વયરી વાલજો; સુ૦ શોભે જેમાં શ્રેષ્ટ આવાશ પ્રધાન જો, સંખ્યા તેહની ચૌદશેં બાવન જો. સુ૦ ૪. ભુપતિ રાજ્ય કરે તિહાં રાયખેંગાર જો, તેતો સોહે જાતિતણો પરમાર જો; સુ૦ નયરી

માંહે વણજ કરે વ્યાપારી જો, અપચ્છરા સરખી સોહે તસ ઘર નારી જો. સુ૦ ૫. તિહાં કાજલશા મહોટો છે વ્યવહારી જો, સહુ સંઘમાંહે અધિકો તે અધિકારી જો; સુ૦ કાજલશા નો મેઘો થાય બનેવી જો, વાત કરે છે એક દિન સાળો બનેવી જો. સુ૦ ૬ ગુર્જરદેશે ઈહાંથી જઇને આવોજો, પૈસા ખરચી કેઈ કેઈ વસ્તુ લાવો જો; સુ૦ કાજલ કહે મેઘા ભણી સુણ સંતજો, વીર કહે સુણો આગળ કહું વિરંત તજો. સુણો રંગે લાલ. ૭.

ઢાળ ૪ થી

(ઉજળી છઠ આષાઢની જો—એ દેશી)

વલતું તે મેઘો એમ કહે જો, હવે ચાલીશ હું પરભાતે જો; શકુન ભલાં હોશે કદા જો, ચાલુ સાથ કરી ગુજરાતે જો. ૧ લોક સહુ જય જય વદે જો. એ આંકણી બહુ પરિવારે પરવર્યો જે, વળી ધન ઘણું લઈ સાથ જો; કંકુ તિલક શિરમાં કીયો જો, રૂડું શ્રીફળ લીધું હાથ જો. લોક૦ ૨. ઊંટ કતાર લેઈ કરી જો, હવે આવ્યા ચઉટા મોજારજો; તવ સન્મુખ કન્યા મળીજો, તે તો કરતી રંગ રસાળ જો. લોક૦ ૩. માલણ કુલડે વધાવતી જો, વળી મત્સ્યયુગલ મળ્યું પાસ જો; ભાજન દધી ભરિયું મળ્યું જો, કવિ વેદ બોલંતો વ્યાસ જો. લોક૦ ૪ રાસભ ડાબો બોલતો જો, હનુમંતે દીધી હાક જો; જન કહે કામ હોસે સહી જો, વળી મધુરા બોલે કાક જો. લોક૦ ૫ અનુક્રમે

ચાલ્યા મારગે જો, આવ્યા પાટનગર મોઝાર જો; ઉતારા શેઠે કીયા જો, મનમાંહે હરખ અપાર જો. લોક૦ ૬ નિશા શયન નિદ્રા ભરે જો. યક્ષ આવી બોલે તામ જો; શેઠ તે સઘળું સત્ય છે જો, ઈહાં તુરક તણું છે ધામ જો. લોક૦ ૭. તેહને ઘેર જઈ આપજે જો, રૂડા પાંચશે દોકડા સાર જો; લેજે તું પ્રતિમા પાર્શ્વની જો, થાશે કોડી કલ્યાણ મનોહાર જો. લોક૦ ૮. એમ કહી યક્ષ તુરક ભણી જો, કહે દેજે પ્રતિમા સાર જો; વીર કહે ભવિ સાંભળો જો, ઈહાં વાટ જુએ નિરધાર જો, લોક૦ ૯.

ઢાળ ૫ મી.

(માતા યશોદા ·તમારો કાન, મહી વેચંતાં દાણ માગે. એ દેશી.)

હવે એમ કરતાં પરભાત જો, વાત કરે એકાંત જો; તિહાં શેઠજી પાંચશેં દામજો; આપી પ્રતિમા લાવ્યા ઠામ જો. ૧. પ્રતિમા પૂજી એક ચિત્ત જો, ભાવે ખરચે વિત્ત જો; જેમ વ્યાપારી મન દામ જો, સીતાને મન રામ જો. ૨. વડ વખતે મુરતી આવી જો, આપશે વિત્ત કમાવી જો; ધન ખરચી રૂ તિહાં લીધું જો, ધાર્યું કારજ કીધું જો. ૩. ઊંટ વીસ તે રૂનાં ભરિયાં જો, માંહે બેઠા ગુણના દરિયા જો; તે પાટણથી હવે વળિયા જો, સાજન સહુ તિહાં મળીયા જો. ૪. અનુક્રમે ચાલ્યા જાજો જો, રાધનપુરમાં આવે જો; તિહાં દાણી દાણજ લેવા જો, એકઠા થઈને

આવ્યા જો. ૫. ગણતાં ઊંટને ભૂલે લેખે જો, અધિકો ઓછો દેખે જો; આશ્ચર્ય હુઓ એણે ઠામે જો, દાણી વિસ્મય પામે જો. ૬. તે મેઘાશાને પૂછે જો, કહો એ કારણ શું છે જો; મેઘો કહે સુણ દાણી જો, ચિંતા મણી સમ આણી જો. ૭. પાટણથી પ્રતિમા લાવી જો, તે એહમાં પધરાવી જો; કહો કેમ જળવીયે દાણી જો, જીન પ્રતિમા ગુણ વખાણી જો. ૮. પ્રભુ પાર્શ્વતણે સુપસાય જો, દાણ મેલી ઘર જાય જો; તિહાં જાત્રા કરે મન ભાવે જો, લાભ ઘણેરો પાવે જો. ૯. તે રાધનપુરથી વળિયા જો, પારકર માંહે ભળિયા જો; ભુદેસર નગરે આવે જો, વધામણી દેવરાવે જો. ૧૦. વધામણી જબ આવી જો, શેઠતણે મન ભાવી જો; તિહાં આવ્યા ઉજમાળે જો, તે કહીએ આગળ ઢાળે જો. ૧૧.

ઢાળ ૬ ઠ્ઠી

(રસીઆના ગીતની દેશી.)

રસીઆ જીનવર દરશન કરવા, કાજલશા તિહાં રે લોલ, રસીઆ સંઘ સહિત તે આવે, જીન પ્રતિમા જીહાં રે લોલ; રસીઆ ઢોલ નગારાં વાજતે ગાજતે, આવીયા રે લોલ, રસીયા હરષ ઘણો મન માંહે, જીનવર ભાવિ યારે લોલ. ૧, રસીયા આવ્યા ઓચ્છવ મહોચ્છવ કરતા, તે ઘણારે લોલ, રસીયા વંદે પદકજ ભાવશું, શ્રી જીન વરતણારે લોલ; રસીયા સંવત તે ગુણસ્થાનક, આંકે

જાણુજારે લેાલ, રસીયા બત્રીશે શુદ્દી કારતીક, માસ વખા. ણુજારે લેાલ. ૨, રસીયા બીજને થાવર વારે, જીનવર થાપતા રે લેાલ, રસીયા યાચક જનને દાન, અનર્ગલ આપતા રે લેાલ; રસીયા એક દિન કાજલશા કહે, તિહાં મેઘા ભણીરે લેાલ, રસીયા નાણું અમારૂં લઈને, ગયા ગુર્જર ભણીરે લેાલ. ૩. રસીયા કિહાં તે વાવર્યું વિત્તકે, તવ લેખું કરેારે લેાલ, રસીયા મેઘાશા કહે શેઠજી, તે હવે સાંભળેારે લેાલ, રસીયા જીનવર લીધા દીધા, પાંચશેં તેહનેરે લેાલ, રસીયા કાજલશા કહે કામ, આવે એ કેહેને રે લેાલ. ૪. રસીયા મેઘેા કહે સુણ કાજલ, એ શિર માહરે રે લેાલ, રસીયા એહ માંહે વળી ભાગ, ન દેવેા તાહરે રે લેાલ; રસીયા મેઘાશાની ભારીયા એકજ મેાહતી રે લેાલ, રસીયા મરગાદે અભિધાને, સદ્દગુણે શેાહતી રે લેાલ, ૫. રસીયા દેા વસુ છે તેહને, રવિ શશી સારિખા રે લેાલ, રસીયા મહીયેાને મેહેરા નામે, દેાય સુત પારીખારે લેાલ; રસીયા રૂજુ વિનયાદિ ગુણે કરી, શેાભિત છે સદારે સેાલ, રસીયા રૂપવંત બહુ બુદ્ધિ કે, વીર કહે મુદારે લેાલ. ૬.

ઢાળ ૭ મી.

(ઊંચી માધવજીની પીંપળીરે લેાલ.–એ દેશી.)

એમ કરતાં બેહુને તદારે, વાદ હુએા વિકરાલ વાલા;

મેઘાશા ધનરાજને રે, બોલાવે તતકાળ વાલા. ભવિયણ ભાવે સાંભળો રે. એ આંકણી. ૧ જીન પ્રતિમા પુજો તમો રે, ભાવે ધરી નિરધાર વાલા; બાર વરસ ધન રાજજી રે, પુજ્યા જીન જયકાર વાલા. ભ. ૨. એક દિન યક્ષ સુહને કહે રે, સુણ મેઘા એક વાત વાલા; અમ સાથે તું આવજે રે, પરિવારી પરભાત વાલા. ભ૦ ૩. વેહેલ કરી ભાવલતણી રે, બેસાડી વિશ્વ દયાળ વાલા; દેવાણુંદરાયકા તણા રે, દોય વૃષભ છે બાલ વાલા. ભ૦ ૪. એકલો વેહેલ તું હાંકજે રે, સાથે ન લઈશ કોય વાલા; ચાલજે બાંડાથલ ભણી રે, પુંઠ વાલી નવ જોય વાલા. ભ૦ ૪. મેઘાશાને એમ કહી રે, યક્ષ ગયો નિજ ઠામ વાલા; રવિ ઉદ્યોત થયો યદા રે, કરવા માંડયું કામ વાલા. ભ૦ ૬. વેહેલ તિહાં તે લાવિયો રે, વૃષભ આણ્યા સાર વાલા; વેહેલ હાંકીને ચાલિયો રે. લોક મલ્યાં તેણીવાર વાલા. ભ૦ ૭. દુરિત સકળ દૂરે ગયાં રે, રવિ તેજે તમ જાય વાલા; હર્ષ ઘણો શેઠને તિહાં રે, જીમ કોઈ પરણવા જાય વાલા. ભ૦ ૮. મારગ ચાલતાં આવીયા રે, બાંડા થલમાં તેહ વાલા; જીન પ્રતિમા પાસે રહી રે છાયા ન છોડે દેહ વાલા. ભ૦ ૯. ભુત પ્રેત જીહાં છે ઘણારે, દુંખ તણો નહીં પાર વાલા વ્યંતર કોઇ ચાળા કરેરે, શેઠ કરે વિચાર વાલા. ભ૦ ૧૦. એણી અવસર હું એકલોરે, કોણ કરશે મુજ સાર વાલા; યક્ષ તદા આવી કહેરે, મત કર ફીકર લગાર વાલા ભ૦ ૧૧. વેહેલ હાંકીને ચાલી યોરે, આવ્યું ઉજડ ગોડી

ગામ વાલા; વીર કહે જીન જીહાં નહીંરે, નહીં મંદીરનું ઠામ વાલા. ભ૦ ૧૨.

ઢાળ ૮ મી

(વનમાં વાજેરે વાંસલી—એ દેશી.)

એણી અવસર તિહાં ચિંતે ચિત્ત, શેઠજી મનમોજાર ; શેઠજી ભાવેરે સાંભળો. વેહેલતણી ગતિ અચરિજ અછે, સન્મુખ જોઇ લગાર શેઠ૦ ૧. વસુધા ઉપરરે ચાલતી, થંભાણી તેણે ઠામ; શેઠ૦ નવિ તણાયરે બળે કરી, ભીંત કીયો ચિત્રામ. શેઠ૦ ૨. ચિંતા ચિત્તે વ્યાપતી, શેઠ હુવો દિલગીર; શેઠ૦ રાત્રી પડી સુતા શેઠજી, ચિંતાતુર શરિર. શેઠ૦ ૩. સુપના માંહેરે શેઠને, યક્ષ કહે તેણીવાર; શેઠ૦ આ ગોડીપુર ગામ છે, જીનનો કરજે વિહાર. શેઠ. ૪. દક્ષિણ દિશાયેરે તું જજે, તિહાંછે નિલુરે છાણ; શેઠ૦ કુઓ ઊમટશેરે નીરનો, પ્રગટસે પથ્થર ખાણ. શેઠ૦ ૫. પાસેં ઉગ્યેરે ઉજલો, આકડા હેઠલ સાર; શેઠ૦ શ્વસ્તિક પૂર્યોરે ચોખાતણો, ધન બહુલું સુવિશાળ. શેઠ૦ ૬. સિરોહી ગામેરે એક છે, શિલાવટમાં મનોહાર; શેઠ૦ તે અતિ ચતુર છે કામમાં, પણ શરીરે રોગ ઉદાર. શેઠ૦ ભ. નમણ કરી છાંટજે તેહને, જાશે રોગ વિકાર; શેઠ૦ પાયો મંડાવજે દેહરાતણો, પામીશ જગસુખ સાર. શેઠ૦ ૮. એમ કહી યક્ષ તે ચાલીયો, નિજ થાનક મોઝાર; શેઠ૦ શ્રી શુભવીર કહે સુણો, આગળ વાત રસાળ. શેઠ૦ ૯.

ઢાળ ૯ મી

(શેાગઠડાં માંડયાં સેાળરે—એ દેશી.)

ગિરિ આશન ઉગ્યેા વતંગરે જીનવરશું જાગ્યેા રંગરે; તુઠા જીનવરારે. તિહાં શિલાવટને તેડાવેરે, ઘણી ધનની ખાણ ખણાવેરે. તુ૦ ૧ સાજનસહુને તેડાવેરે, ગેાડીગામ તે શેઠ વસાવેરે; તુ૦ અનુક્રમે કેતા દિન જાતાં રે, મેઘેા હુએા જગત વિખ્યાતારે. તુ૦ ૨. તે સાંભળી કાજલે આવીરે, એક મેઘારે વાત સુણાવીરે; તુ૦ જીન ચૈત્ય કરેા ઇહાં સારેારે, માંહે અર્દ્ધો ભાગ અમારેા રે. તુ૦ ૩. જબ કાજલશા એમ કહેછેરે, તબ મેઘેા ઉત્તર દેછેરે; તુ૦ સુણ કાજલ તું એક ચિત્તરે, જોઈ છે કેણે તુજ વિત્તરે. તુ૦ ૪. જીનરાજતણેા સુપસાયરે, ઘણું ધન મળ્યું મુજ આંહી રે; તુ૦ પ્રતિમા લાવ્યેા હું જામરે, માગ્યા પાંચશેં પાછા દામરે. તુ૦ ૫. એ પથ્થર છે કુણ કાજરે, એમ કરતાં નાવી તુજ લાજરે, તુ૦ ચઢયેા ક્રોધે તે કાજલ કાળેારે, ઘરે આવ્યેા અતિ વિકરાળેારે. તુ૦ ૬. મારૂં મેઘાને હું જ્યારેરે, શાંતિ વળશે મુજ ત્યારેરે; તુ૦ એહ ચિંતાયે અન્ન ન ભાવેરે, રૌદ્રધ્યાને નિંદ ન આવે રે. તુ૦ ૭. તાકે છલ હણવાને કામરે, જીસ્યેા નામ તિસ્યેા પરિણામરે; તુ૦ ભવિ દુર્જન સંગત જાઇરે, કહે વીરવિજય સુખદાઇરે. તુઠા જીનવરારે. ૮.

ઢાળ ૧૦ મી

રાયજી અમે તો હિંદુઆણીકે રાજ ગરાશીયારે લોલ.

એ દેશી.

પરણાવું સુતા હું માહારી કે, ગુણવંતી સદારે લોલ; વિવાહ ઓચ્છવ મંડાવું કે, ઇમ ચિંતે તદારે લોલ. ૧. વળી ન્યાતી જમાડું મહારી કે, ચૈત્ય કરૂં વહીરે લોલ; મેઘાને તેડું ભલી ભાંતિ કે, વિષ દેઉં સહીરે લોલ. ૨. વિવાહ ઓચ્છવ મંડાવ્યો કે, તે શેઠે હવેરે લોલ; સાજન સહુ ન્યાતી રસાળ કે, તેડે તેહવેરે લોલ. ૩. મેઘાશાને મોકલે બહુમાને કે, નોતરૂં તે સહીરે લોલ; વિવાહ કારણ છે મહોટો કે, આવજો તુમે અહીં રે લોલ. ૪. મેઘાશાને સમીપે આવી કે તે વિનવે ઘણું રે લોલ; તવ મેઘો કહે કામ મોટું કે, દેહેરાસરતણું રે લોલ. ૫. કહો કેમ અવાયે અમથી, તે જાણો તમોરે લોલ; મુજ તેડી જાઓ પરિવાર કે, નવી આવીયે અમોરે લોલ. ૬. મરગાદેવી આંદે પરિવાર કે, જઇ કરી તિહાંરે લોલ; ભુદેસર નગરે આવ્યા કે, કાજલ છે જીહાં રે લોલ. ૭. તવ કાજલ પુછે કેમ નાવ્યા કે, શું કારણ અહીં રે લોલ; મેઘા વિણ કિમ ચાલે કે, ન્યાતિ જીમે પછેરે લોલ. ૮. એમ કહે છે કાજલ શેઠ કે, ચિંતાતુર થયો રે લોલ; આગળ વાત સુશોભિત થાય, તે વીરવિજય જયોરે લોલ. ૯.

દોહા

એણીપેરે કાજલ ઝુરતો, ચિંતે ચિત્ત મઝાર;
કૂડ કપટ કેલી કરી, તેડી લાવું ઘર બાર. ૧

ઈમ ચિંતવતો ચાલીયો, કાજલશા તેણીવાર;
છડે પ્રયાણે આવીયો, તેહ નયરને બાર. ૨

ગોડીપુરમાં કિમ હુઓ, મેઘાશા ગુણવંત:
વીર કહે તસ સાંભળો, આગળ કહું વૃતાંત. ૩

ઢાળ ૧૧ મી

વહાલા તમારી વાડીયું વિણસી જાય રે વહાલાજી.
એ દેશી

એક દિન સુતા શેઠજી શય્યા માંહેરે સંતાજી, એ
ણીપરે બોલે વ્યંતર આવી ઉત્સાહે રે હો સંતાજી; કૂડ
કપટનું મંદિર કાજલ કાળોરે સંતાજી, તેડવા આવશે તુજને
તાહારો શાળોરે હો સંતાજી. ૧ ઘણુ કહે પણ તું નવિ
જાજે તેહને ઘેરરે સંતાજી, તુજને હણશે કાજલશા દેઈ
ઝેરરે હો સંતાજી; તો જીનવર નમણ કરીને લેજે હાથેરે
હો સંતાજી ૨ ગોપયમાહે દેશે કાજલ ઝેરરે સંતાજી,
નમણ પીધાથી વળશે પાછું તેહરે હો સંતાજી; હિતકારણ
એ સુણજે વયણ રસાળરે સંતાજી, એમ કહી ચાલ્યો
વ્યંતર તે તત્કાલરે હો સંતાજી. ૩ દિનકર ઉગ્યો
તિમિરનો હુઓ નાશ રે સંતાજી, કાજલ આવ્યો મેઘાશાની

પાસ રે હો સંતા; ઇણી પરે બોલી ઇષ્ટ વચન રસાળ રે સંતાજી, જીમ જનનીની આગળ બેલે બાળરે હો સંતાજી. ૪ માન્યું જોશે વચન અમારું પેલરે સંતાજી, આવો સઘળો મુકી મનનો મેલરે હો સંતાજી; તુમ સરિખા જે સજ્જન મુજ કહેવાયરે સંતાજી; તે નાવે તો વિવાહ કહો કિમ થાયરે હો સંતાજી. ૫ હસ્તી વિના સહુ સેના સોહે યથારે સંતાજી, તુમ વિણ વિવાહ ઓચ્છવ તે દીપે તથારે હો સંતાજી; ગોડીપુરમાં આવ્યો હું હરખે કરીરે સંતાજી; તુમ આવ્યા વિણ કિમ જાઉં પાછો ફરીરે હો સંતાજી. ૬ નહિ આવો તો પડશે તુમ અમ ભંગરે સંતાજી, તે કારણ પ્રભુ આવી રાખો રંગરે હો સંતાજી; હઠ કરીને શું બેઠા છો મહારાજ રે સંતાજી, ખોટી કરો છો અમને તમે શા કાજ રે હો સંતાજી. ૭ અટલો હઠ ન જોઈએ એ કહું છું થઇ રાંકરે સંતાજી, બોલ્યો હતો તે સઘળો માહરો વાંક રે હો સંતાજી; ઇણી પરે કાજલશા તે બોલી રહ્યો હવે રે સંતાજી, તવ મેઘાશા મનમાં એમ ચિંતવે રે હો સંતાજી. ૮ નમતો મહોટો પાદપ તે કહેવાય રે સંતાજી, અતિ તાણ્યું તો રજ્જુ પણ તુટી જાય રે હો સંતાજી; હવે જાવાને થાયે તે ઉજમાળ રે સંતાજી કાજલ સાથે ચાલ્યા તે તત્કાળ રે હો સંતાજી. ૯ ઇણ અવસર નમણ લેવું વિસરયું વિશ્વાવીશ રે સંતાજી, આવ્યા તે મન ઉલ્લાશે ભુદેશરે હો સંતાજી; વીર કહે સુણજો તમો હિતકાર રે સંતાજી, ભાવિ આગળ કોઇનું નવિ ચાલે નિરધાર રે હો સંતાજી. ૧૦.

ઢાળ ૧૨ મી

(અરે ભોજન ભાભી કયારે કરીશું—એ દેશી.)

વર કન્યા પરણાવી શેઠે, ખરચે વિત્ત તે બોહોળું રે;
જ્યાતિ જમાડવા કારણ કાજલ, કરતો કામ ઉતાવળું રે. ૧
હવે કાજલશા નિજ નારીને, શિખવે તે એક ચિત્ત શું રે;
મેઘાશાને અમે દોય ભેગા, બેશીશું એક રીતશું રે. ૨ દુધ
માંહે વિષ ભેળવી દેજો, થાલમાંહે તેણે સમે રે; દુધતણી
આંખડી રીશે, મેલજો મેઘાને તમે રે. ૩ નારી કહે પીયુ
વાત નિવારો, મેઘાને હણુવાતણી રે; કૂળમાંહે સહુ લંછન
દેશે, કારણ નહીં કાઢો હણી રે ૪ પુણ્ય થકી જે એણે
ઋદ્ધિ પામી, જગ જશ કિરતી ઘણી લહી રે; કરમ વશે
સહુ જનને જાણો, એમાં કાંઈ ચાલે નહીં રે. ૫ ઈણી પરે
બોલ કહ્યા વિનતાયે, કાજલ તો ઉજજવલ નહીં રે; પ્રિતડી
તો પરાણે નવી હોવે, મન મોતી ભાગું સહી રે. ૬ હવે
એમ શિખવી નિજ નારીને, જમવાને બેઉ બેશીયાએ; દુધ
આણીને તિણ નારીયે, થાલ માંહે જઈ પીરશીયાએ. ૭
આંખડી કાજલશા જબ કહે છે, નારી બોલે તિહાં ચાવું
રે; નારી કહે નણદોઈ ન ખાશો, દુધમાંહે વિષ ભેળવ્યું રે.
૮ મેઘો કહે લીયો નવિ છંડું, થાળી માંહે જે આપીયું
રે; ઈમ જાણીને પીધું તે શેઠે, સાતે અંગે વ્યાપીયું રે. ૯
કાળ કરી પરલોકે પહોતો, લોક મળ્યો તિહાં સહુ ભલો રે;
શુભ ચિત્ત શુભ ગતિને પામ્યો, વીર કહે ભવિ સાંભળો
રે. ૧૦.

ઢાળ ૧૩ મી

(સાબરમતીયે આવ્યાં છે જળ પુરજો—એ દેશી.)

હવે નિજ નારી છે સુખકારી જેહજો, તેહને રે આગળ વાત કહી યદા રે, જોવા કેવા કારણ આવી પીયુને ઠામજો, નયણે આંસુ પેરે રે મૂરછાગત તદારે. ૧ બહુ ઉપચારે ચિત્ત વળ્યું તવ તેહજો, એણીપેરે બોલે સાપ્રેમદા વળી રે; ફિટ ફૂળહીણા શું કરયું તેં કામજો, એહવી રે બુદ્ધિ કિહાં તુજને મળી રે. ૨ તુજ ભગનીનું કુણ હોશે સલુકજો, તે માહરે રે કરમે એ છાજ્યું નહીં રે; એહમાં વીરા દીજે કુણને દોષજો, છઠ્ઠીને દિવસે રે વિધિયે લખ્યું સહી રે. ૩ દિનકર ઉગે તેજ કરે વિસ્તારજો, નવિ દેખે દિવસે રે ઉલુક કહ્યો ખરો રે; નવિ પડે ચાતક વદને નિરનો બિંદુ જો, એ સઘળો દાવ તે કરમતણો ખરોરે. ૪ પરદેશે ગયો આવે કોઇક વાર જો, ઇણી વાટે ચાલ્યા રે તે નાવે કદારે; પણ મુજ નંદન નહાનાં મેલ્યાં બાળજો, કહેને રે તાત કહી રમશે સદારે. ૫ હું ધરતીતી આશ ઘણી મનમાંહેજો; ગોડીપુર ગામેરે ચઇત્ય નવો બને રે; ત્યાં દર્શન કરવા જઇશું સૌ પરિવારજો લીયાજો આશા મુજ તોડી રે શું કહીએ તનેરે. ૬ મહીએા ને મેરા તે પણ આવ્યા ત્યાંય જો, નયણે નીર ધારા ને રૂદન દુઃખે કરે રે ઇણીપરે બોલે ધિગ ધિગ તુજ અવતારજો, જનપદમાં તુ વદન દેખાડીશ કેણીપરે રે. ૭ વિરુદ્ધ વાત કરે પુરમાં નરનારી જો, દ્વેષ રાખીને મેઘાને માર્યો અહ રે; કાજલશા

છે કૂડ કપટની ખાણલે, મનનો મેલો દીઠો એહવા કોઈ નહિ રે. ૮ દ્વેષ કરે તે દુર્ગતિનાં ફળ પામેલે, એણીપરે કાજલને સહુ ફિટ ફિટ કરે દુઃખ આણેલેરે; એ દુરજનની કહી તેરમી ઢાળ જો, વિજયાંકિત શુભવીર કહે ભવિ જાણજોરે. ૯.

ઢાળ ૧૪.

(બંધ ટુંકા છે પણ એવડારે, ફીટ હઈયાનાને. એ દેશી.)

અગ્નિનો દાહ દેઇ કરીરે, નિજ ઠામે આવ્યા સહુ ફરી રે; નિજ બેનને કાજલ વિનવેરે, શા કારણ રૂદન કરો હવેરે. ૧ ભજીયે પ્રભુ ગોડી હોકે અમૃતપદ દાતા, તજીયે દુઃખ દેહગ હોકે પુણ્યે સુખ શાતા. એ આંકણી જુઓ જન્મ મરણ હાથે નહિ રે, સુખ દુઃખ સરજ્યાં પામે સહીરે; જે જોઈ એ તે આપું કરીરે, મનથી ચિંતા કાઢો પરીરે. ભ૦ ત૦ ૨ જીનનો પ્રાસાદ કરાવશું રે, મહી પીઠે નામ તે રાખશું રે; ગામ ગોડી છે સોઢા તણું રે, ચાલો જઈએ લઈ ઘર આપણું રે. ભ૦ ત૦ ૩ અનુક્રમે કાજલ આવીયારે, સાજન સહુ સવાથે ભાવી યારે; શ્રી જીનપ્રાસાદ કરાવીયેારે, ગોડી પાર્શ્વ પ્રભુ પધરાવીયેારે. ભ૦ ત૦ ૪ હવે દેહરે શિખર ચઢાવીયું રે, થીર ન રહે હેહું આવીયું રે; વળી બીજીવાર ચઢાવીયું રે, થીર ન રહે હેહું આવીયું રે. ભ૦ ત૦ ૫ વળી ત્રીજીવાર ચઢાવીયું રે, થિર ન રહે હેહું આવીયું રે; કાજલશા મનમાં ચિંતવેરે, વિચાર

તે કુણ કરવો હવેરે ભ૦ ત૦ ૬ યક્ષ સુપન માંહે આવ-
તોરે, શેઠ મેહરાશાને જણાવતોરે; તુજ જનકને માર્યો
એહનેરે, જસ કેમ હું આપું તેહનેરે. ભ૦ ત૦ ૭ તુજના
ચિત્તમાં લાવજેરે, જઈ દેહરે શિખર ચઢાવજેરે, હવે મેહરે
શિખર ચઢાવીયું રે. જગમાંહે નામ જગાવીયું રે. ભ૦ ત૦
૮ સવત ચઉદ ચુમાલે (૧૪૪૪) લાવતારે, શુભ મહુરતે
પ્રતિષ્ઠા કરાવતારે; મહીયેાને મેહેરેા મેઘાતણારે; તેણે જગમાં
જસ લીધા ઘણારે. ભ૦ ત૦ ૯ તેણે દિન થલમાં વસીયારે,
ભવિદ્દેા શિવસુખ રશીયારે; મેઘેા માર્યો તેહને કારણેરે,
જીનવરજી રહેશે બારણેરે, ભ૦ ત૦ ૧૦ ગેાડીપુરનેા શેાઢેા
નરેસરૂરે, તેને સ્વપ્નમાં કહે યક્ષેશરૂરે, પુરનારેા છું તુજ
આશનીરે ઘેર લાવજે પ્રતિમા પાસની રે ભ૦ ત૦ ૧૧
ભવિ મુકી મનનેા આમળેારે, હવે પૂરવ ભવ તમે સાંભળેારે
એહ વૃદ્ધ વચન અનુસારથીરે, કહી ચઉદમી ઢાળ ઉદારથી
રે ભ૦ ત૦ ૧૨,

ઢાળ ૧૫ મી.

(નાવણ કરીયે રૂડા રૂઢા સજવીરે જો—એ દેશી.)

પારકર નામા દેશ દેશમાંહે વડો જો, હાંરે તિહાં
સુઈપુર નામા ગામ જો; વરણ અઢારે શેાભત પુર સેાહામણું
જો. એ આંકણી. ક્ષત્રી વંશ વિભુષણ રાજા રાજતો જો,
હાંરે કાંઈ બહુ ગુણવંતેા શેાઢેા નામજો. વરણ૦ ૧ તે
નયરમાં એક વસે વ્યવહારીઓ જો, હાંરે તેનું ગેાડીશા

અભિધાન જો; વ૦ ગુણનો ગિરૂવોને લાગે પ્યારો લોકને જો, હાંરે વળી રાજાનું છે બહુ માનજો વ૦ ૨ જગ સંહારણ દુઃખનો કારણ એહવોજો, હાંરે દ્વાદશ વરશી પડયો દુકાળજો; વ૦ સુઈપુરના મેવાશી ચાલ્યા માલવે જો. એ ટેક. ભુપતિ વાણીએ દો જણ પણ ચાલીયાજો હાંરે સુઈપુર ઉજ્જવલ થયું તત્કાળજો. સુઈપુરના. ૩ અનુક્રમે માલવ દેશે આવીયા જો, હાંરે ઉજયણી નયરી મોઝાર જો. સુ૦ નિજ નિજ પુણ્ય બળે તે કાળ ગમાવતા જો, હાંરે સુખમાં કાઢયાં વરસ બારજો. સુ૦ ૪ મેઘાશાયે નયર વસાવ્યું સાંભળી જો, હાંરે તે મન માંહે ચિંતે દોયજો; સુ૦ હવે નિજ નયરે જઈયે કહો રજા સુણો જો, હાંરે ભાઈ તો સુખશાતા હોયજો. સુ૦ ૫ તુરંગારોહણ મહીપતિ વણિક ઉભય જણાય જો, હાંરે હવે મારગ ચાલ્યા જાયજો. સુ૦ જાતે કશ્રીત કોળી તે સાથે થયોજો, હાંરે છે તેનું તસુ સીહો નામજી. સુ૦ ૬ તંદુલ મચ્છ તણી પરે શીહો ચિંતવેજો, હાંરે ગોડીશા ઉપર એમજો; સુ૦ વણિક કમાઇ ધન બોલું લઇ જાય છે જો. હાંરે તે મુજ પાસે આવે કેમજો. સુ૦ ૭ કોયકુ અવસર પામું તો હું એહને જો, હાંરે કરૂં જી વિતનો અપહારજો; સુ૦ હૃદયે દીઠો વદને મીઠે બોલ તોજો, હાંરે અનુચર પરે નિરધારજો; સુ૦ ૮ એમ કર તાં તે પારકર માંહે આવિયાજો, હાંરે સુઈપુર ગામતણે આરામજો; સુ૦ ત્રણજણ આવી બેઠા છે ભવિ સાંભળોજો; હાંરે હવે શું ભન્યું એણે ઠામજો. સુ૦ ૯

॥ ઢાળ ૧૬ મી ॥

આવો આવો યશોદાના કાન ગોઠડી કરીયે રે.
એ દેશી.

ઘોડા બાંધી વડે તે ચાલ્યેા, શોઢો જળ ભરવા રે; એક વાયવ્ય છે મહોટી ત્યાંહ, મુખ શોધન કરવા રે. ૧ શેઠ ગેડીશા લેઈ દાતણ, મુખ પ્રક્ષાલે રે, પામી લાગ તે કેાલી સીહેા, હણે કરવાલે રે. ૨ પાડી રાડી તે સાંભળી સેાઢો, કરે વિચાર રે; હાહા શું રે બન્યું ઈણે ઠામ. હું રે થાઉં અસવાર રે. ૩ ઇમચિંતવતો તિંહા આવ્યેા, થઈ હુંશિઆર રે; શેઠ ગેાડીશા તત્કાલ, દુઃખ અપાર રે. ૪ જીવ કેમે કર્યો નવી જાય કે, શેઠનેા ત્યાંહે રે; દેખી તરફડતો તે શોઢો, ચિંતે ચિત્તામાંહે રે. ૫ ધન લાલચી ગોડી માર્યેા, ઈણે પાપ કીધું રે; રાજા પૂછે સીહાને તામ, ઉત્તર નવી દીધું રે. ૬ જાણી ચેાર હણ્યેા તે કેાળી રાજાયે જામ રે; દેખી ચિતે લીધું ભલે વેર, રૂડું એ કામ રે. ૭ શુભધ્યાને મરી તે શેઠ, હુવેા તતખેવ રે, ગેાડી પાર્શ્વ પ્રભુનેા દાસ કે, વ્યંતર દેવ રે. ૮ શોઢો ચાલી આવ્યેા પુરમાંહે, લીધા રાજકાજ રે; પૂરવ ભવની પ્રિતે, સંભળાવે યક્ષરાજ રે. ૯ પ્રતિમા રાજા ભલી ભાંત કે, નિજ ઘર લાવે રે; તવ દેશના લેાકના થેાક તે, દરિશને આવે રે. ૧૦ કેઈ માનતા માને લાખની, આતમ ભાવે રે; કામ થાય સવિ દુઃખ જાય તે, સંપત્તિ પાવે રે. ૧૧ ટાળે વિઘ્ન નિવારે રેાગ જે, સમરે જાપ રે; મનવંછિત પૂરે કામ, ટાળે સંતાપ રે. ૧૨

નિર્ધનીયાને ધન દાયક. નાયક સ્વામી રે; નિરાધારનો છે આધાર, નમો શીર નામી રે. ૧૩ મહા નંદતણું છે, કારણ ધ્યાન ઉત્તંગ રે; મતિહીણાને બુદ્ધિ પ્રકાશ કે, આરતી ભંગ રે. ૧૪ અપુત્રીયાને પુત્રનો દાય, ગોડી જક્ષરાજે રે; કરે કાયરને વળી સુર કે દારિદ્ર ભાંજે રે. ૧૫ વૃદ્ધ વચનને અનુસાર કે, વાત એ જાણી રે, કહે વિર સુણો ભવિ પ્રાણી કે સ્તવનમાં આણી રે. ૧૬.

॥ ઢાલ ૧૭ મી ॥

(વાલા તમે તે કાના દાણી જો—એ દેશી)

પ્રભુ પાર્શ્વ ગોડી મુજ તુઠા જો, અમીયે મેહ વુઠા જો; પ્રભુ ચરણ યુગલ મુજ મળિયા જો, સંકટ સરવે ટળિયાં જો. ૧ મહા સાત ભયાદિક માઠા જો, આજ થકી તે નાઠા જો; મુજ આંગણે સુરતરૂ ફળીયો જો, સુરમણિ સમ પ્રભુ મળીયો જો ૨ પ્રભુ દરિસણ અમ્રત ખાવો જો, આપો અવિચળ દાવો જો; મેં તો ગાયા પ્રાણાધાર જો, જીનવરજી જયકાર જો. ૩ કળીયુગમાં સુરતરૂ સરિખો જો, પ્રભુ પાર્શ્વ ગોડી મેં નિરખ્યો જો; પ્રભુ સમતાવેલ વધારો જો, જીનજી પાર ઊતારો જો. ૪ મહાવીરને પાટે સોહાયા જો, ગણધર કેઈ કહા યા જો; વિજયદાનસુરી ગચ્છરાયા જો, પ્રણમું તેહના પાયા જો. ૫ તસ પાટે દિનકર સરિખા જો, હીરવિજય ગુરૂ પરીખ્યા જો, જેણે નિજ, આતમને શોધ્યા જો, અકબરશા પ્રતિબોધ્યા જો. ૬ વિજયસેન સુરિપદ થાપી જો,

સવાઇ ગુરૂ પદવી આપી જો; તસ પાટે મહોદયવંતા જો,
વિજયદેવ સુરિ વિચરંતા જો. ૭ વિજય સિંહસુરિ ગણુધારી
જો, જગમાં કીર્તિ સારી જો; તસ શિષ્ય વડેરો દાસ જો,
સત્ય વિજય પન્યાસ જો. ૮ તસ કપુર વિજય શિષ્યો જો
ખીમાવિજય મુનિશો જો, જસવિજય ગુણે ગંભીરો જો,
શુભ વિજય સુરતરૂ તીરો જો. ૯ તસ ચરણતણે સુપસાય
જો, ત્રંબાવતી પુર થાય જો, ગરબાની દેશી માંહે જો,
સ્તવન રચીયું ઉત્સાહે જો. ૧૦ પાવક માગરણ કરી ચંદો
જો, સંવત સોલ સુખકંદો જો; વળી માસયુ જેઠ ઉદાર
જો, સીત પંચમી શશીવાર જો. ૧૧ જે ભણે સુણે ભવિ
ભાવે જો, તે સુખ સંપત્તિ પામે જો, કહે વીર વિજય
સુવિશાળા જો. તસ ઘર મંગળિક માળા જો. ૧૨

કળશ.

ઇમ વિશ્વનાયક, સકલ જ્ઞાયક, મુક્તિ દાયક જીનવરૂ,
મિથ્યાત્વ ગંજન દુરિતભંજન, ગોડીપાર્શ્વ જીનેશ્વરુ, શ્રાદ્ધો
સવાલત વર્ષપંચમી, દ્વિતિય પયણે વડવરૂ, તસકહણથી
એ સ્તવન રચીઉં, વિર વિજય સુભંગકરૂ. ૧.

શ્રી સીમંધર સ્વામીનું સ્તવન

(નદી યમુના કે તીર ઉઠે દોય પંખીયાં—એ દેશી)

પરમપુરુષ જિનરાજ છો ત્રિભુવનપતિ,
શ્રી સીમંધર સ્વામી સુણો અમ વીનતી;

તુમે છો સર્વ સુજાણ જાણો છો જે છતી,
તોપણ નિજમન વાત કહું છું તુમ પ્રતી. ૧
આ મુજ આતમ લાખ ચોરાસી યોનિમાં.
રડવડીઓ બહુ વાર નિગોદના ભવનમાં;
જન્મ મરણનાં દુઃખ અનાદિ મેં સહ્યાં,
કિણવિધ કૃપાનિધાનજી જાયે તે કહ્યાં. ૨
ઈમ ભમતાં કોઈ કાલ સુકૃત સંયોગથી,
પામ્યો મણુષ્યપણું નિજ અશુભ વિયોગથી,
તિહાં પણ દુર્લભ આર્યદેશ કુલ મેં લહ્યો,
જિહ કિણ સકલ સુધર્મનું સાધન જિન કહ્યો. ૩
રાગે ઇંદ્રિય પંચ તણે રાતો રહ્યો,
રામા ધન રસ રંગે હીયડે ગહગહ્યો;
પ્રેમે નિજ ગુણ છંડિ રમ્યો પરપુદ્ગલે,
જીલ્યો વાર અનંત વિષય તૃષ્ણાજલે. ૪
નાચ્યો નવનવ વેષ આશ્રવના નાચમાં,
મોહ્યો મુજ નવિ મન્ન સંવરના સાચમાં;
શ્રી ગુરૂ મુખથી વચનામૃત ધારા જસી,
શ્રી જિનવાણી સુણિ પિણ હીયડે નવિ વસી. ૫
જગતારક જે દેવ નમ્યો જગરીતથી,
રાગી દ્વેષી દેવ સેવના કરી પ્રીતથી;
કુચ્છિત ધર્મ પ્રકાશક ગુરુ ગુરુમતિ ભજ્યા,
તેહના ભાષિત વાકય સાચા કરી પકિવજ્યા. ૬

આરાધન શ્રી સંયમ રયણનું નવિ કર્યું,
નિપટ ક્રિયા કરી કપટે પાપે તનું ભર્યું;
લોક મુખે નિજ શુભ જસ વાસ ગવાઈ ઓ,
ધન્ય ધન્ય જગેં એમ પ્રતિષ્ઠા પાઈ ઓ. ૭

ઈમ ભ્રમ ભૂલો ભ્રમર સંસારની વાસમાં,
ભ્રમણ કર્યા ભવ ભૂર ગૃહરથાવાસમાં;
અવ્યાબાધ અનંતની પ્રાપ્તી તુમ તણા,
ચરણાર્ચન મેં આધીન ન સાધન એ વિના. ૮

કરતા કારણ શુદ્ધ લબ્ધિતાયેં કરી,
કરતવ્યની કરે સિદ્ધિ નિર્યામક આદરી;
જો કાર્યની મુખ્યતા પ્રભુ તાહરેં વિષેં,
તો હવે ગૌણની ઈષ્ટતા કુણ જન મન ઈષેં. ૯

ભોજન ભવ્ય પામીને કટુકને કુણ ભખે,
કુણ મૂરખ પીતલને કનકપણે ઓલખે;
સ્વપ્નાંતર પિણ સ્વામિ અવરસુર નવિ ગમેં,
તુમ મુખ ચંદ્ર દેખીને મુજ મન તું રમે. ૧૦

વચને શ્રી વીતરાગ ઘણું સ્યું દાખીયે,
દાસની સુણી અરદાસ સેવક કરી રાખીયે;
અંતરયામી શુદ્ધ રયણ ત્રિક આપજ્યો,
ભવ ભવ એહિજ તત્વની રુચિ થિર થાપજ્યો. ૧૧

યુગપ્રધાન શ્રીજયચંદ્રસૂરિ પટ્ટે વડા,
જયવંતા ગુણ સ્યામજી મુનિગણ પરવડા;

તસુ સેવક શ્રીગુલાલચંદ્ર કવિરાયનો,
બોલે મુનિગુણચંદ્ર સ્તવન જિનરાયનો. ૧૨ (કલશ)
ઇમ જિનપુરંદર મહિમા સુંદર શ્રીસીમંધર જિનવરો,
વીનવ્યો ભગતેં ભાવયુગતેં દેવ પરમ દયાકરો;
સંવત સતરસેં ત્રાણું વરસેં પોષ સપ્તમ ઉજલી,
વીનતિ કરતાં શુભ મહોદય ગુણ અધિક આશા ફલી. ૧૩

શ્રી ગોડીજી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

(વ્યાકુલ થાએમાંરે વાલા; હમણાં લાગ નથી નંદલાલા—એ દેશી)

જય જય શ્રીગોડી જિનરાયા,
સુરપતિ ચોસઠ સેવે પાયા;
દિનદિન પરતારે સવાયા,
સાંભળી સેવક ચરણે આયા. જય૦ ૧

હોંસ હીયામાં રે હુંતી,
આજ માહરે સંપૂરણ તે પોહુંતી;
પાટ પધારિ દ્યો મોલો,
પડદો પરો કરો ચિત્ત ખોલો. જય૦ ૨

વિલંબ ન કીજે રે વાલા,
વામા સુત જિનજી મતવાલા;
અરથી દર્શન કરવા આવ્યા,
હેજ ભરાણા સ્વામી સુહાવ્યા. જય૦ ૩

આપી દર્શન રે દુઃખ ટાલો,
સ્વામિ સેવક સંબંધ સંભાળો;
દોડી આવ્યા છે જે દાસ,
ગોડીરાય તેહની પૂરો આશ. જય૦ ૪

ઘણું શ્યું કહીયે રે ઘનનામી,
દિલના મહિરમ અંતરયામી;
સુનજર કરીને નાથ નિહાલો,
પરમેશ્વર સેવક પ્રતિપાળો. જય૦ ૫

દર્શન તુમચું રે તે સમકિત,
સકલ ધર્મમાં હોયે સમચિત;
તેહથી ભાસન ગુણ અવિરુદ્ધો,
પ્રગટે નિજ આતમને શુદ્ધો. જય૦ ૬

ચરણ રમણની રે સંપદ,
તેહથી અલગી ભવની આપદ;
પામે પૂર્ણાનંદી લચ્છી,
સુવિહિત પ્રાણી લીલા સ્વચ્છી. જય૦ ૭

અશ્વસેન નૃપના રે નંદા,
સેવક પોમાવઈ ધરણેંદા;
પરતો પૂરે આણ અખંડ,
ધવલ ધીંગ યક્ષરાય પ્રચંડ. જય૦ ૮

પારકર દેશે રે પોઢો,
શોભો જગમાં સમરથ સોઢો,

તિણે ભેટાવ્યા રે હરખે,
અઢારસેં ચોવીસાને વરસે. જય૦ ૯

પોષ સુદી તેરસને દહાડે,
વાસર રવિસુત મનની રુહાડે;
ગુણનિધિ ગોડિયો બિરાજે,
ભેટ્યાં ભવભય ભાવઠ ભાજે. જય૦ ૧૦

બુધ શ્રી ગુલાલચંદ ગણિ સીસ,
ગુણચંદ થુણિયા શ્રી જગદીસ;
દેજ્યો પરમાનંદ પદ્મર,
ગોડીરાય દિનદિન ચઢતા નૂર. જય૦ ૧૧

શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન

(રૂડું ચારિત્રપદ શુભ ચિત્ત વસ્યું—એ રાગ.)

શ્રી વીર જિણેશ્વર ઉપદેશે,
સુણો પરખદા હો, સવિમનને રંગકે;
ગણધર મુનિવર નરવરા,
સુરનાયક હો ભલે ભાવે અભંગકે.
ભવિકા જ્ઞાન અભ્યાસીયે. (એ આંકણી.) ૧

સોભાગી હો, તુમ્હે સુગુણ સુજાણકે;
રાગી પ્રભુવાણી તણા,
આતમજી હો કાંઈ થાવો અજાણકે. ભ૦ ૨

અનાદિ મિથ્યાત તમેં કરી,
મુંઝાણા હો, જગવાસી જીવકે;
તે સવિ જ્ઞાન ભણ્યેં સુણ્યેં,
લહે તત્ત્વની હો, પરતીત સદૈવકે. ભ૦ ૩

ભવન પદારથની ભલી,
શુદ્ધિ થાયે હો, એહ જ્ઞાનથી સારકે;
સ્વપર પ્રકાશક દિનમણી,
તે ભાસક હો, લોકાલોક વિચારકે. ભ૦ ૪

વિનય સહિત ગુણ જ્ઞાનથી,
દરિશનની હો, પ્રાપ્તિનો દાવકે;
તે દરિશન શ્રદ્ધા કરી,
ચેતનજી હો, ગ્રહો ચારિત્ર ભાવકે. ભ૦ ૫

ચરણથી મુક્તિની સંપદા,
પામી જે હો, શિવ સુખ ભરપૂરકે;
અવ્યાબાધ અનંતની,
લીલાએ હો, લહો નિરમલ નૂરકે. ભ૦ ૬

તે સુખ કારણ જ્ઞાન છે,
દુઃખવારણ હો, ભવતારણ હેતુ કે;
જ્ઞાન સમો ત્રિભુવન નહિ,
ભવિજનનેં હો, ભવસાયર સેતુ કે. ભ૦ ૭

ગુણ અનંત ચેતન તણા,
તેહ માંહિ હો, ગુણ ચરિત્ર પ્રધાન કે;

તેહમાં જ્ઞાન અધિક કહ્યું,
સહિ જાણો હો, તુમ્હે સુગુણ નિધાન કે. ભ૦ ૮
શ્રુત અભ્યાસ કરો સદા,
તન મન વચ હો, કરો યત્ન અનેક કે;
આરાધો અવિહડ પણે,
ગુરુ સંગે હો, ધરી આતમ વિવેક કે. ભ૦ ૯
ઇમ દેશના સુણી શ્રી વીરની,
શ્રી ગણધર હો, પૂછે સોહમ સ્વામી કે;
કિમતે પ્રભુજી આરાધીએ,
જે દાનનો હો, વિધિ કહો હિત કામકે. ભ૦ ૧૦
પ્રભુ કહે કાર્તિક માસની,
અજુઆલી હો, પંચમી અધિકારકે;
પવિત્ર બાજોઠે થાપીને,
શ્રુત પુસ્તક હો, બહુમાને સારકે. ભ૦ ૧૧
સ્વસ્તિક પંચક ભરી ભલા,
દીપાવો હો, પંચ દીપક જ્યોત કે;
ધૂપ ઉખેવો શ્રુત આગલેં,
ફલ ઢોકતા હો, હોએ જ્ઞાન ઉદ્યોત કે. ભ૦ ૧૨
પંચવરણના ધાનસું,
પકવાનેં હો, વળી પંચ પ્રકાર કે;
ઇમ વિધિ સાચવી ગુરુ મુખે,
પચખો ભવિ હો, ઉપવાસ ચોવિહાર કે. ભ૦ ૧૩

પોષ ધસ્યું ગુણણું ગુણેા,
જ્ઞાન પદનું હેા, રસીઆ ગુણ રંગ કે;
ઉત્તરદિશિ સાહમું ઠવી,
સહસ્ર સંખ્યે હેા, લહેા ગુરુને સંગ કે. ભ૦ ૧૪

પારણ દિને બહુ નેહસ્યું,
ઉજમણેા હેા, કરેા અધિકે પ્રેમ કે;
સાધરમી સંતેાષીને,
જ્ઞાન પંચમી હેા, આરાધેા એમકે. ભ૦ ૧૫

પાંચ વરસ પાંચ માસની,
મરિયાદે હેા, તપને પરિણામ કે;
આગમ વિધિસ્યું સેવતાં,
ભવ પંચમે હેા, લહેા પંચમ નાણ કે. ભ૦ ૧૬

જિમ વરદત્ત વિવેકીએ,
ગુણમંજરી હેા, કરી જ્ઞાનની સેવ કે;
તિમ ભવિયણ કરેા ધારણા,
વળી મૂકેા હેા, સવિ વિષયની ટેવ કે. ભ૦ ૧૭

તે જેમ ભવજલ નિસ્તર્યા,
તેમ તરસ્યેા હેા, તુમ્હે સુભગ દયાલ કે;
લલિત ત્રિભંગી નાથજી,
મુખ ભાખે હેા, શ્રી વીર વિશાળ કે. ભ૦ ૧૮

તે નિસુણી તપ આચરેા,
નર નારી હેા, તુમ્હેં ચઢતે ભાવ કે;

એહથી જ્ઞાન અનંતની,
લીલાએ હો, હોય પૂરણ જમાવ કે. ભ૦ ૧૯

ધન ધન જિન શાસન વરા,
ધન ધન હો, શ્રી વીરજિણુંદ કે;
ધન્ય જે એ વ્રત આદરે,
તે પામે હો, ગુણ જ્ઞાન આનંદ કે. ભ૦ ૨૦

(કલશ) ઇમ વીરવાણી સુણી પ્રાણી,
જ્ઞાન પંચમી તપ કરો,
સંવેગ રંગે સાધુ સંગે,
મુક્તિ રમણીને વરો;
શ્રી શ્યામજીગણિ ચરણ સેવક,
ગુલાલચંદ્ર જય કરો;
તસુ શિષ્ય ગુણચંદ્ર કહે ભવિયણ,
ભાવ મંગલ આદરો. ૨૧ ઈતિ.

શ્રી ચંદ્રપ્રભુનું સ્તવન.

સકલ મંગલ કલા ગુણ નિલો, મહસેન વંશ અવતંસરે ॥ જણણી શોભાગિણિ લખમણા ઉરવર સરોવર હંસરે ॥ ૧ ॥ અષ્ટમ જિનવર જગ જયો, પ્રણુમતા પૂરવે આશરે ॥ ચંદ્રપ્રભ ચંદન સિયલો, અમમન કરે ઉલ્લાસરે ॥ અષ્ટમ૦ આકણી ॥ ૨ ॥ જિસોરે આસો હિયપૂનમે,

ચંદ્રમા નિર્મલો હોયરો માહરો ચિત્ત ચકોરડો, હર્ષ લહે જોઈ જોઈરે ॥ અષ્ટમ૦ ॥ ૩ ॥ ચવિય વિજયંત વિમાનથી, ચંદ્રપુરી અવતારરે ॥ વંસ ઈક્ષ્વયાગહ દીપતો, જયસિરી રમણી ઉરહારરે ॥ અષ્ટમ૦ ॥ ૪ ॥ રિખી અનુરાધાયેં જનમીઆ, પ્રભુતણી વૃશ્ચિકરાસરે ॥ દસલાખ પૂરવ આઉખો, લછી વસે સદા વાસરે ॥ અષ્ટમ૦ ॥ ૫ ॥ ચંદ્ર લંછન ધનુ એકસો, ઉપર અધિક પચાસરે ॥ એટલો માન છે દેહનો, ચંદ્ર જેમ ઉજ્જલોજ્જાસરે ॥અષ્ટમ૦ ॥૬॥ રાજછંડી સંજમલીયો, સ્વામીય છઠતપ કીધરે ॥ કનક-ધારા ઘણુ વરસીયા, દાન સંવચ્છર દીધરે ॥ અષ્ટમ૦ ॥ ૭ ॥ સોમદત્તા ઘર પારણું, પ્રથમ પ્રમોદ પરિમન્નરે ॥ સુર મલી ઓચ્છવ તિહાં કરે, સહુય ભણે ધન ધન્યરે ॥ અષ્ટમ૦ ॥ ૮ ॥ નાગતરુ નીચલે ઉપનો, છઠતપ કેવલ-નાણુરે ॥ આઠ ને પણુસિય ગણુધરા, ચઉદ્દહ પૂરવ જાણુરે ॥ અષ્ટમ૦ ॥ ૯ ॥ સાહુસાહુણી ગણુ પરિવર્યા, સિખર સમેતગીર સ્વામરે ॥ પહુતલા માસ તપ સહસસુ, ઉત્તમ સિવપુર ઠામરે ॥ અષ્ટમ જિનવર જગ જયો ॥ ૧૦ ॥ (કલસ) ઇમ જિનવરનાયક, શિવસુખદાયક. ચંદ્રપ્રભુ ત્રિભુવન ધણીય ॥ અમિયઘણુવુઠો, જે પ્રભુ તુઠો, શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સંથૂણીય ॥ અહનિસી તસુ સેવા, લાગી હેવા, કરી એક ચિત્ત હરખ ભરે, મન વંછિત લહીયે જીન ગુણ ગાહીયે આવે નવનિધિ તાસુ ઘરે. ૧૧ ઇતિ

અથ શ્રી મલ્લિજિનનું સ્તવન.

ત્રિભુવન પ્રભુરે મલ્લિજિણિંદ જુહારિયે, ભવજલ નિધિરે પડતો આપણ તારિયે ॥ નર ઉત્તમ રે કુંભ ધરાધિપ કુલતિલો, જસુજનનીરે સતિય પ્રભાવતી ગુણ નિલો ॥ ત્રુટક ॥ ગુણનિલો જનની જાસુ સો જિન, રૂપ ત્રિભુવન મોહએ ॥ તનુ તેજ સમતા સોમ ગુણ, જગ સૂર સસિ જિમ સોહએ ॥ સ્ત્રીરૂપે તિર્થંકર અચ્છેરો, મિત્રસું માયા કરી ॥ કિયાં કર્મ્મહ કો ન છૂટે, ચતુર ચેતો ચિત્ત ધરી ॥ ૧ ॥ ચાલતી ॥ સલિલાવતિરે વિજય-વતી શોકાપુરી, તિહાં નરપતિરે બલ તેહને કુલ અવતરી ॥ ધન ધારણિરે ઉર સરહંસ જિસો વસી, નવ માસેરે જાયો મુખ પૂનિમસસી ॥ ત્રુટક ॥ જિમ સસી બીજતણો અનુક્રમે ગ્રહિય બાવત્તરિ કલા, નામે મહાબલ મિત્ર તેહને થયા છહ ગુણ આગલા ॥ તિણ કીધ માંહોમાંહી વાચા તુમ્હ સાથ ન મૂકિયે, સુખ દુખ નયરિએ ઘર વિદેસિએ દીખ સીખ ન ચૂકિયે ॥ ૨ ॥ ચાલતી ॥ ભર જોબનરે વલી પંચસય અંતેઉરી, ગુણલાવણ્યરે રૂપ જિસિ સુરસુંદરી ॥ તસુ સરિસોરે રમે ભ્રમર જિમ માલતી. ઇણિ અવસરરે વિહરંત તિહાં આવ્યા યતી ॥ ત્રુટક ॥ યતી જોગ વાણી સુણી સમરસપૂર સંયમ આદરી, છહ મિત્ર સરિસી વચન રચના સરિસ તપ કરિવે કરી ॥ વડલહુહેસીઈ સીહકીધો કિંચિ અધિકો મહબલે, કર્મ ધર્મ ન ભલી માયા વેદનારી ઇણિ છલેં ॥ ૩ ॥ ચાલતી ॥ વીસથાનકરે ફરસી તિર્થં-

કરપણે, વલિ બંધેરે સંધેા માગ સુહામણે। ચુલસી લખરે પૂરવ આઉ પૂરા કર્યા, અણુત્તરરે સહુય જયંતે અવતર્યા ।। ત્રુટક ।। અવતર્યા ણુત્તરજયંતે આઉ છહ્મિત્ર-તણેા, દેસુણુસાગર ત્રીસ દુઈ મહાબલ પૂરેા તે ભણેા ।। તેહથકીય ચવી કરી છહયદેસેં છહય રાજા, જુજૂઆ સંગ્રામ સૂરા તેજ પૂરા રૂપ ગુણ આગલ હુઆ ।। ૪ ।। ચાલતી ।। ઇણે અવસરરે કુંભરાય મહિલાપુરી, પ્રભાવતિરે તેમને ઘર અંતેઉરી ।। તસુ ઉરેરે મહાબલસુર ચવિ અવતર્યા, રીખીઅશ્વિનીરે જિન ઉંગુણીસમા ગુણભર્યા ।। ત્રુટક ।। ગુણભર્યા ચઉદ સુમિણ દેખી રાય આગલ તે કહી, સુપન શુભ ફલ શ્રવણ સાંભલિ હરખી હિયડે ઇમ ગહગહી ।। સુપ્રભાતે તેડી સુમણુપાઠક પૂછી પરમારથ લહ્યો, જિનનાથ અથવા ચક્રિ તુમ્હ કુલે હુસ્યે મંડણ તિણ કહ્યો ।। ૫ ।। ચાલતી ।। પ્રભુ જન્મ્યારે માગસિરસુદી ઇગ્યારસી, રિખી અશ્વિનિરે માસ સાઢાનવ ઉર વસી ।। દિશિકુમરીરે સુઈ કર્મ ચેાસઠ સુરપહુ, સુર ગિરિ સિખરે ન્હાવિયેા કરિ ઉચ્છવ બહુ ।। ત્રુટક ।। કરિ બહુઅ ઉચ્છવ રાઈ દસ દુઈ દિવસ મલ્લિકુંઅરી, એ નામ દીધેા ક્રમે વાધે રૂપ યૌવન ગુણભરી ।। દેસૂણુ ઇકસેા વરસ બેાલ્યા મિત્ર છહ અવધિએ કરી, નિરખીય હરખી આપસરખી સેાવનમય પ્રતિમાં કરી ।।૬।। ચાલતી ।। એકેકેંરે કવલે ભેાજન અવસરેં, ઘાલંતાંરે કંઠ લગી પ્રતિમા ભરે ।। ગંધ પ્રગટ્યોરે અહિ ગેાનર મડ સારિખેા, દાખેવારે રમણિન રંગહ પારિખેા ।। ત્રુટક ।।

પારિખો દેખી ચિત્ત જાણી એહથી પ્રતિબૂઝસે, છહ મિત્ર ચિત્ર વિચિત્ર ભગવતિ મોહ ગ્રહિ નહુ મૂઝસે ॥ એણિ અવસર છએ આવ્યા પરણવા એકઠ કરી, રંગ સેના સહિત વેંટી ભુજગ જિમ મિથિલાપુરી ॥ ૭ ॥ ચાલતી ॥ મન જાણીરે તાત ચિત્તે ચિંતા ઘણી, તેડાવીરે દ્રુત ત્રિભુવન ધણી ॥ ઊઘાડીરે પ્રતિમા ગંધતિ ઊઝવે, જાતીસમરણુરે પૂવ્વભવંતર સૂઝવે ॥ ત્રુટક ॥ સૂઝવે પુવ્વ ચરિત્ર નિરતા વિષય વિરતા ગહગહે, નિજ પુત્ર થાપી રાજ રાજા સંયમ લેવા ઊમહે ॥ શ્રી મલ્લિ દેઈ દાન વરસી પોસ સુકિલ અગિયારસે, અશ્વિની યોગે દીખ લીધી ચિત્ત વાસ્યો સમરસેં ॥ ૮ ॥ ચાલતી ॥ તિહાં ઓચ્છવરે ચઉસઠ ઇંદ્ર મલી કરે, નરનારીરે તિનિસય સંજમ અણુસરે ॥ ગુણિ ગુરૂઆરે રાજકુમર આઠઇ વલી, તિણિ દિવસરે સ્વામી હુઆ કેવલી ॥ ત્રુટક ॥ કેવલ મહિમા કરેં સુરવર મલ્લિદેસણ તિહાકરેં સંસારસાયર તરણ તરણી વાણિ જાણી અમી ઝરેં ॥ છહ મિત્ર આવી દીખ પાવી સીખ ભાવી સંચરે, ગયા મુગતિની ગતિ ઉત્તમ સંગતિ કાજ સવિ એણિપરેં સરેં ॥ ચાલતી ॥ પ્રભુ પરિખદરે ભીતર નારી સાંભલે, વલિ બાહિરરે પરખદ પુરુષ સહુ મિલે ॥ ઈણિ કારણુરે ચેતન ચતુર ન ચૂકિયે, ફલ નિશ્ચેરે તોય વ્યવહાર ન મુકિએ ॥ ત્રુટક ॥ મુકિયે માયા નહિય કાયા તોજ લહિયે સ્ત્રિતણી, દૃષ્ટાંત જાણી ઇહ અમ્હારો ભવિય કરજો ખપ ઘણી ॥ કરિ ઇસો કહેવા સભા નારી પુરુષનો અંતર કરે,

વવહાર સૂધે સહુ જિણુવર સાધુમારગ વવહરે ।। ૧૦ ।।
ઢાલ ।। ચોપાઈ ।। જસુ ગુણ ગણુધર અઠ્ઠાવીસ, મુણિવર
થયા સહસ ચાલીસ ।। સહસ પંચાવન સાહુણિ મિલી, ઈક
લખ સહસ ચોરાસી વલી ।। ૧૧ ।। ઈણિ પ્રમાણ શ્રાવક
શ્રાવિકા, ત્રિણિ લખ પેંસઠ સહસ ભાવિકા ।। છહસય
ચઉદહ પૂરવધાર, વિસસહસ ઓહિ નાણી સુવિચાર ।। ૧૨ ।।
સહસ ત્રણુ છસ્સે કેવલી પંચત્રીસસય વૈક્રીય વલી ।। મણુ-
પજ્જવનાણી આઠસે, વાદીયઉદહસેં નવી ખસે ।। ૧૩ ।।
દુનિ સહસ અણુત્તર ઉવવાઈ, ચઉવિહ સંઘતણે સમવાઈ ।।
મધ્ય દેશ જિણુવર વિહરંત, સમેતેં પહુતા ગુણવંત ।।
૧૪ ।। માસ એક સંલેહણ ઠાણ, સહસ પંચાવન વરસ
પ્રમાણ ।। પાલી આઉ ઇકસો ગૃહવાસ, બીજા કેવલનાણ
પ્રકાસ ।। ૧૫ ।। ચૈત્રમાસ બીજે પખ કહી, ચઉથ તિથિ
આગ્યેા સસિ વહી ।। સુરસરણી ભરણીને જોગ, જિન
પહુતા ચઉદમે અજોગ ।। ૧૬ ।। બાહિર સભા સાહુ
પંચસેં, અભ્યંતર સાહુણિ પંચસેં ।। એતલા સહિત કર્મક્ષય
કરી, મલ્લિનાથ પહુતા શિવપુરી ।। ૧૭ ।। પંચવીસ ધણુ
દેહ પ્રમાણ, પહિલેા સવંયણુ પ્રથમ સંઠાણ ।। પ્રિયંગુ
સરીખેા નીલ શરીર, સ્વામી સાયર જિમ ગંભીર ।। ૧૮ ।।
સેવક વીનતડી અવધાર, પ્રભુ મુજઆવાગમણુ નિવાર ।।
પાર્શ્વચંદ્રસૂરિશ્વર કહે, જે સેવે તે શિવસુખ લહે ।।
૧૯ ।। ઇતિ ।।

।। શ્રી પદ્મપ્રભુસ્વામીનું સ્તવન ।।

પદ્મપ્રભ પ્રભુ વિનવું, તુમે પરમ દયાલ ।। ત્રિભુવન જન ઉપગારીયા, કરો મુજ સંભાળ ।। ૧ ।। નિજ સેવક પ્રભુ ઉધરો ।। સેવા તુમારી વિણ રુલ્યો, ભવ ભમ્યો અનંત ।। ચઉગતિ દુઃખ સાગરતણો, ઈમ ન લહ્યો અંત ।। નિજ૦ ।। ૨ ।। સ્વામી હિવે હું કયમ કરું, કયમ પાળું આણ ।। દુર્બળ ખરે કીમ ઉપડે, હસ્તિતણો પલાણ ।। નિજ૦ ।। ૩. મોહ સબલ સંકેતિયો, નિજ નંદન કામ ।। તેણે વનીતા વશ પાડીયો, ન ગમ્યો તુમ નામ ।। નિજ૦ ।। ૪ ।। વિષયરસે સર્વ હું રમ્યો, રસ ગંધ સુ ફાસ ।। શબ્દ રુપ એ પાડુઆ, કુડા મન મૃગપાસ ।। નિજ૦ ।। ૫ ।। તે મેં જાણ્યા રુઅડા, પરિગ્રહ આરંભ ।। કુગતિ કારણ નહુ ઓળખ્યા, થયો બોધિદુલંભ ।। નિજ૦ ।। ૬ ।। મોહવધુ આવી નડે, કરે ધર્મ વિઘાત ।। ચઉદ પુરવધર રોળવ્યા, મુજ કેવી વાત ।। નિજ૦ ।। ૮ ।। તે નિદ્રાવાસે વસે, મુજતણે નિશદિશ ।। કામણગારી જિમ દમે, તોય ન ચડે રીશ ।। નિજ૦ ।। ૮ ।। વિકલપણું એ માહરું, જાણી તુમ આણ ।। જુઓ વયરી કેલવે, મોહ મત્ત અનાણ ।। નિજ૦ ।। ૯ ।। તારે તે કેમ બોલવે, એ પ્રગટ પ્રમાદ ।। જિનવર તે કિમ કારવે, એ કિમ વિધિવાદ ।। નિજ૦ ।। ૧૦ ।। દ્વિગુણો મુજ મુરખપણો, એક કરું પ્રમાદ ।। જિનવચનને ઉથાપું વળી, એ વિષ નિસવાદ ।। ।। નિજ૦ ।। ૧૧ ।। મોહ મિથ્યાતેં ભોળવ્યો, પાડ્યો

સબલ પ્રવાહ ॥ શ્રુત અવિલંબણ થંભીયેા, તારેા જગનાહ ॥ નિજ૦ ॥ ૧૨ ॥ સમકિત બંબળ આપીયેા, કાપિયેા કિલેશ ॥ ભયભંજણ સ્વામી મલ્યેા, ત્રિહું ભુવન નરેશ ॥ ॥ ૧૩ ॥ ધર ધરણીપતિ કુલતિલેા, પદ્મમાંક પ્રધાન ॥ જણુણી સુશીમા ઉરસરે, રાજહંસ સમાન ॥ નિજ૦ ॥૧૪॥ સુરતરુ સરિખા કિમ કહું, ધવલ ચારુ કરીર ॥ કિમ વિદ્રુમ ઓપમા લહે, પ્રભુ તુમ શરીર ॥ નિજ૦ ॥ ૧૫ ॥ કલશ–વૈરાગે સતેા રાગ ન રાતેા, ઉગતેા રવિ જિમ તિમિર હરેા, પદ્મપ્રભુ સ્વામી મસ્તક નામી ॥ પાર્શ્વચંદ્ર શિવ સુખ કરેા ॥ ૧૬ ॥ ઇતિ ॥

શ્રી ચિન્તામણીપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

(વીરજી આયારે વિમલાચળકે મેદાન–એ રાગ)

પાસજી ભેટયા રે ચિન્તામણી મહારાજ, ભવદુઃખ મેટચારે, સફળ થયાં સવિકાજ. ટેક દક્ષિણ ભરતે ગુર્જરદેશ રાજનગર અલકાપુરી વેશ, રાજે રાજપુરે વિશ્વેશ, સુણી જસ મહિમારે, દર્શન કરવાને કાજ પ્રતિ રવિવારેરે, આવે જૈનસમાજ. પાસજી૦ ૧ પ્રભુજી વામાદેવીના નંદ, જનકશ્રી અશ્વસેન નરિંદ, અહીલંછન નીલવરણેા પિડ, પદ્માવતી દેવી રે, પાસ કરે સંઘ સાજ, ભવભીડ ભાગેરે, જિનવર ભવેાદધિઝાઝ. પાસજી૦ ૨ પ્રભુ ધ્યાને દુઃખદેાહગ જાય, શુન્ય નેત્ર નવપલ્લવ થાય, આસ્યા પુર્ણ પુત્રની માય, દીન ઘર લક્ષ્મી રે, મહાલે હેાય રંક રાજ, શત્રુ મિત્રભાવે રે,

થાવે પાવે સુખસાજ. પાસજી૦ ૩ રોગ જ્વલન જલ વિષધર ચોર, ન રહે રણ અતિ ગયનું જોર, નાસે અષ્ટ મહ ભય શોર, મંગલમાળા રે, પ્રભુ નામે રુપરાજ, નવનિદ્ધિસિદ્ધિ રે, પ્રગટે પુણ્ય પ્રભાજ. પાસજી૦ ૪ સમતશિખરપર પ્રભુ નિરવાણુ, પામ્યા અક્ષયપદ ભગવાન, જ્યોતશું જ્યોત મલી એક તાન, અજ અવનાશીરે, ચઉદરાજ શિરતાજ, પદકજ વદેરે, ભ્રાતૃચંદ્ર સૂરિ આજ. પાસજી૦ ૫.

આત્મનિન્દાગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

(મનમંદિર આવો રે, કહું એક વાનલડી—એ રાગ)

પ્રભુ પાર્શ્વજિનેશ્વર હો કે આગળ અરજ કરું, પાપ આલોઇહે કે મિચ્છત દૂર હરું ! શ્રી જિનઆણા હો કે ભવ ભવ શીશ ધરું, તાસ પસાયે હો કે ભવજલ વેગે તરું. પ્રભુ પાર્શ્વજિનેશ્વર હો કે આગળ અરજ કરું એ આંકણી. ૧ મેં તો બાલપણામેં હો કે બહુ વિધિ પાપ કર્યાં, વગર વિવેકે હોકે અવિરતિ કૂપ ભર્યાં, મેં તો સંવર છંડી હો કે આશ્રય ચિત્ત ધર્યાં, પશુઅ ભરાભર હો કે અન્ન જલ જઠર ભર્યાં. પ્રભુ૦ ૨ બારહ વન્સલો હો કે બાળક ભિરૂહ વહ્યો, તિહાં પુન્ય ન પપ ન હોકે કાંઇ ભેદ ગ્રહ્યો, નિજ કૃત કર્મે હો કે બહુ વિધિ દુઃખ સહ્યો, ફંદલ મૃગ જીમ હો કે પરવશ હોય રહ્યો. પ્રભુ૦ ૩ અનુક્રમે દિન દિન હો કે યૌવન વેશ લહ્યો, પંચ પ્રમાદજ હો કે સેવણ હું ઉમહ્યા ચાર કષાયે હો કે પૂરિત ગર્વ ગહ્યો, તિહાં મદ આઠે હો કે

ચાપે આપ દહ્યો. પ્રભુ૦ ૪ નારી દેખી હો કે કામાંધ હોય કૂર્યો, તિહાં વિષયે વાહ્યા હો કે કેથી નહિ ડર્યો, મદીરારસ માને હો કે ભક્ષણ માંસ કર્યો, ગણિકા ગુણ ગીધો હો કે કાર્તિક શ્વાન સર્યો. પ્રભુ૦ ૫ ચાડી ચુગલી હો કે ચોરી મેં જ્યું કરી, પરતિય (પરસ્ત્રી) દેખી હોકે આંખો મુજ ઠરી, જુગટે ખેલ્યા હો કે મૃગયા માંજ ફરી, ધર્મની વાટે હો કે મુજ મતિ રહત ડરી. પ્રભુ૦ ૬ લેભે લાગ્યો હો કે ઓલ્યો જુઠ ઘણો, કર્મ દાનજ હો કે પનરહ ભેદનણો, મેં કુવ્યાપારે હો કે સંચય દ્રવ્ય તણો, કરી કરી કીધો હો કે બહુ વિધિ કૃપણપણો. પ્રભુ૦ ૭ જીવ પંચેંદ્રી હો કે નિષ્ફલ બહુલ હણ્યા, કુડ કલંકે હો કે અવગુણ પરહ ભણ્યા, કુમિત્ર કુસંગતિ હો કે તે મેં સુમિત્ર ગણ્યા, કુગુરુ કુદેવજ હો કે ખળ ઉપદેશ સુણ્યા. પ્રભુ૦ ૮ વાત ઊઘાડી હો કે બીજી કેમ કહું, તું છે અંતર જામી હો કે સર્વજ્ઞ જાણું કહું: કુગતિ ઉપાવી હો કે ભાવી સુગતિ ચહું; શ્રી જિન ભગતે હો કે યુગતે પાપ દહું. પ્રભુ ૯ જીમ જગ જલધર હો કે એક ક્ષણ વૃષ્ટિ કરે, તાપજ ટાળી હો કે નદ સર કૂપ ભરે, પ્રભુની સુનજરે હો કે હોવે પુન્ય ભરે તો ભવસત સંચિત હો કે પાંપ નિકંદન કરે. પ્રભુ૦ ૧૦ શ્રી જિનઆણા હો કે માંહી જ્યું ભગતિ મળી, દૂધજમાંહે હો કે સાકર જાણી ભલી, મુજ વંછિત ફળિયા હો કે ભાવઠ સર્વ ટળી, સૂરિ અમયચંદ્રા હો કે પલણે ચિત્ત રળી. પ્રભુ૦ ૧૧.

શ્રી કેસરીઆજીનું સ્તવન

(રાગ વસંત–વીરકુમરની વાતડી કેને કહીયે–એ દેશી)

કેશરીયાજીની મૂરતી મનોહારી, હાં રે મનોહારી રે મનોહારી ॥ હાં રે એતો સેવકને સુખકારી, હા રે એ સમ નવિ કોય ॥ કેશરી૦ ॥ ૧ ॥ રાજરાજેશ્વર રાજતો પ્રભુ આજે, હાં રે મહિમા જસ જગમાંહિ ગાજે ॥ હાં રે અન્ય દેવો તે સવિ લાજે, હાં રે પ્રભુની કરે સેવ ॥ કેશરી૦ ॥ ૨ ॥ શ્યામ સુંદર છબી નાથની અતિ દીપે, હાં રે રુપે કામદેવને જીપે ॥ હાં રે ભવિને કરે મોક્ષ સમીપે, હાં રે ઉપગારી એહ ॥ કેશરી૦ ॥ ૩ ॥ સેવક સરણે આવીઓ નાથ તારો, હાં રે અજ્ઞાન અબુદ્ધિ નિવારો, હાં રે ભવજળથી પાર ઉતારો, હાં રે આપો સુખ અનંત ॥ કેશરી૦ ॥ ૪ ॥ ઉગણીશ ચોસઠ ફાગણ વદિ આયો, હાં રે પ્રભુ પેખી આનંદ પાયો ॥ હાં રે ગુરુ ભ્રાતૃચંદ્ર સૂરિ રાયો, હાં રે ગાયો સાગરચંદ્ર ॥ કેશરી૦ ॥ ૫ ॥ ઇતિ ॥

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

(મારગ દેશક મોક્ષનો રે—એ રાગ.)

પ્રેમે પ્રભુમું પ્રહ સમેરે, ચરમ જિનેશ્વર ઈશ ॥ જેહનું શાસન જગ મગેરે વરસ સહસ ઈકવીશ (રે વીર પ્રભુ વિનતી, અવધારો મહારાજ રે ધર્મ શાસનપતિ એ

આંકણી ૧. સત્ય પ્રરુપક થોડલા રે, તુજ શાસન રખવાળ ગડરી મારગ અનુસર્યા રે, ગ્રહી મતિ આળપંપાળ રે, વીરપ્રભુ વિનતી૦ ૨. નિજ નિજ મત આગળ કરી રે, છંદિ સૂત્ર વિચાર. જિનવાણી મન જાણીને રે, વિરલા પાળે આચાર. રે વીર૦ ૩. આગમ અર્થને ઓલવી રે, છઉમથ ભાષિત જેહ. તેહની પુંઠે જેહ પડયા રે, કિમ કરશે ભવ છેહ. રે વીર૦ ૪. તુજ મારગ દરસાવતાં રે, દ્વેષ ધરે દીલમાંય. જગતારક જિનરાજજી રે, કિણુવિધ કારજ થાય. રે વીર૦ ૫. હિતકારક નવિ ઓળખે રે, મિથ્યા કરેરે વિવાદ. ગચ્છ કદાગ્રહમાં ફસ્યા રે, ધરે માંહોમાંહે વિષાદ. રે વીર૦ ॥ ૬ ॥ એવા આ દુષમ સમેરે, શ્રી જિનચરણ આધાર ॥ શરણાગત વચ્છલ ધણી રે, કર પ્રભુ મોરી સારરે વીર૦ ॥ ૭ ॥ જંગમ સુર પાદપ સમો રે, સુવિહિત પાર્શ્વસૂરીશ ॥ શ્રી સહજ કલાનિધિ તારજો રે, કહે સાગર જગદીશરે ॥ વીર૦ ॥ ૮ ॥ ઇતિ ॥

શ્રી શાન્તિનાથજિન સ્તવન.

(મનડું કીમહિન બાજે હો કુથુંજિન મનડું૦–એ દેશી.)

ભવસાયરતી ઉતારો હો શાન્તિ પ્રભુ, ભવસાયરથી ઉતારો ॥ શાન્તિ કરણ પ્રભુ વિઘ્ન નિવારણ, સેવક કારજ સારો હો ॥ શાન્તિપ્રભુ ભવસાયરથી ઉતારો ॥ એ આંકણી ॥ ૧ ॥ કલ્પાતીત સ્વરુપી છો તમે, અવર નહી તુજ ઠામે ॥ ધ્યેય સ્વરુપે હો તુજને ધ્યાવે, ધ્યાતાં ધ્યેયતાં પામે

હો ॥ શાન્તિ૦ ॥ ૨ ॥ નિગોદપણે એક શ્વાસ ઉશ્વાસમે, સાડાસત્તર ભવ લાધે ॥ કાલ અનંત અવ્યક્ત મહાદુઃખ, તિર્યંચ અનંત ગુણ વાધે હો ॥ શાન્તિ૦ ॥ ૩ ॥ વળિ વળિ એ જીવ નરક નિગોદે, ભ્રમણ કરી દુઃખ વેદે ॥ એ રીતે હો એ જીવ સંસારમેં, તુજ દરશણ વિણ ખેદે હો ॥ શાન્તિ૦ ॥ ૪ ॥ નદી ઉપલ ગોલ ન્યાએ જીવડો, કર્મનોગે ઉર્ધ્વ આવે ॥ ત્યાં પણ નારક ઉત્કૃષ્ટી વેદન, તેત્રીસ સાગર પાવે હો ॥ શાન્તિ૦ ॥ ૫ ॥ શુભ કર્મોદય તુમ દરશણ યોગે, એકવાર સમકિત લાધે ॥ અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત શુધિ, સંસારમાંહિ જીવ રહે હો ॥ શાન્તિ૦ ॥ ૬ ॥ હવે હું ભવોભવ ભટકત પાયો, પ્રભુ દરશણ પણ આપો, સેવક ઉપર મહેર કરીને અખય અમર પદ થાપો હો ॥ શાન્તિ ॥ ૭ ॥ ઇતિ ॥

શ્રી નેમનાથસ્વામીનું સ્તવન

દશયદસાર છપન કુલ કોડી, યાદવ રમીયા જિહાં પ્રીતિ જોડી ॥ ૧ ॥ ઉજવલગિરિ નમુ નેમિજિણંદા, મન જીવ જીવક પુનિમચંદા ॥ ઉજલ૦ ॥ ૨ ॥ બહુ વિધ કુસુમ જિહાં બહુ તરુવર, સફલ સજલ જિહાં વાવી સરોવર ॥ ઉજવલ૦ ॥ ૩ ॥ વાટેં ઘાટેં દુષ્ટ ન લાગે, જિહાં મહિમા જિનજીનો જાગે ॥ ઉજવલ૦ ॥ ૪ ॥ મનમથમાંનમથી ગિરિ ચડીયા, મંડીનારિમપાસ ન પડીયા ॥ ઉજલ૦ ॥ ૫ ॥ જલચર થલચર ખેચર જોયા, હેલે તેહના બંધન છોડયા

॥ ઉજવલ૦ ॥ ૬ ॥ રાજમતિ રાગમતિ બેહુ પરહરિયા, રાજ્ય તણી મતિ મન નહુ ધરિયા ॥ ઉજવલ૦ ॥ ૭ ॥ સમુદ્રવિજય શિવાદેવી નંદન, શિવનગરી મારગ સવિ સ્યંદન ॥ ઉજલ૦ ॥ ૮ ॥ શંખ લંછન દશ ધનુતનુ માન, પ્રણુમતાં ઘર નવે નિધાન ॥ ઉજવલ૦ ॥ ૯ ॥ કજ્જલ સજ્જલ સુંદર દેહા, છંડ્યા નવ ભવ રમણી સનેહા ॥ ઉજવલ૦ ॥ ૧૦ ॥ દીક્ષા કેવલ નાણ નિર્વાણ, ત્રિણ કલ્યાણકનો એ ઠાણ ॥ ઉજવલ૦ ॥ ૧૧ ॥ હરિવર વંશે શ્રી અવતંસ, શ્રી જિન શાસન માનસ હંસ ॥ ઉજવલ૦ ॥ ૧૨ ॥ અસરણ સરણ બાલ બ્રહ્મચારી, ત્રિભુવન જનને પ્રભુ હિતકારી ॥ ઉજવલ૦ ॥૧૩॥ તેજે દિનકર મંધર ધીર, હેલે પહુતા ભવજલ તીર ॥ ઉજવલ૦ ॥ ૧૪ ॥ શ્રીનેમિસર ભવ ભયહરણ, શ્રી પાર્શ્વચંદ્ર-સૂરિ તુમ્હ પાય સરણ ॥ ઉજલ૦ ॥ ૧૫ ॥ ઇતિ ॥

અથ શ્રી કેસરિયાજીનું સ્તવન

કેસરીયાકો દરિસન કરણેકું આયેા, હાંરે મન મેરેા;
અતિ ઊલસાયેા, કેસરીયા૦ ૧ એ આંકણી.

નાભિ નરેસર વંશ પ્રકાસક, માતા મરુદેવી જાયેા;
વૃષભ લંછન ધર ચરણ કમલમેં, મન મધુકર લપટાયેા;
કેસરીયા૦ ૨

ક્ષુધા પરિષહ સહકે સ્વામી, કેવલ પદવી પાયેા;
હેત ધરી માતાને દીધેા, દીન દયાલ કહાયેા;
કેસરીયા૦ ૩

કુલમાલ ફલ દેઈ સાહિબ, ઉંબર રોગ ગમાયેા;
ત્રિકરણ શુદ્ધકર પૂજા કરતાં, લંકેસર સુખ પાયેા;
કેસરીયા૦ ૪

કીરતી મેાટી સુણુકે આયેા, મનમેં હરખ ભરાયેા;
મેાહની મૂરતિ નયણે નિરખી, હૃદય કમલ વિકસાયેા;
કેસરીયા૦ ૫

કલયુગમેં એ અનુપમ તીરથ, સુરનર મુનિજન ધ્યાયેા;
પરચા પૂરે ચિંતા ચૂરે, નામ સદા સુખ દાયેા;
કેસરીયા૦ ૬

ઉગણીસસે ચાર ફાગુણ માસે, સુદી બારસ ગુણ ગાયેા;
સંઘ પ્રતાપે પ્રભુકું ભેટે, દિનદિન હર્ષ સવાયેા;
કેસરીયા૦ ૭

અથ શ્રી ફલેાધિપાર્શ્વનાથજીનનુ સ્તવન.

નદી જીમનાકે તીર ઉડે દેાય પંખીયાં--એ દેશી.

ફલવાંધમંડણ દેવ સેવકાં સુખકરે,
વિનતી સુણેા મહારાજ મયા કર મેાપરે;
અવર દેવ સવિ મેલી તુમીને ચિત્ત ધર્યા,
દુષણ સહિત વિમાસ તિકે દૂરે કર્યા. ૧

સુમતિ થઈ હવે આજ કુમતિ દૂરે ગઈ,
નાઠાં ભવભવ પાપ સાતા મુજને થઈ;

જિનવર દેખ્યા નેણ વિઘન મનના ટલ્યા,
ઈતભીત નવિ નાશ મનોવછિત ફલ્યા. ૨
નરક નિગોદમાં દુઃખ સહ્યાં ઇણ પ્રાણીયે,
ભવ અનંત અજ્ઞાનવસે ઈમ જાણીયે;
કરૂણાકર કિરતાર સુગતિ છે તાહરી,
ભવોદધિથી તું તાર સાર કર માહરી. ૩
રસાયન જિમ તામ્ર કનક કરી દાખવે,
ફિર તાંબુ નવિ થાય ઇમ જિન ભાખવે;
જિન વર સેવ્યા જિનથાય ન સંશય આણુવો,
એ ઉખાણો ન્યાય સહિતે જાણુવો. ૪
પારસથી જિમ લોહ સુવર્ણમયી હુવે,
માહરે તુમ તિમ સ્વામિઇહ ભવ પરભવે,
કલ્પતરુ તુમ નામ હૃદય ભુમિ ધર્યો,
જાણુછું જિનરાય કારજ મોરો સર્યો. ૫
સંવત અઢાર પંચાવન વરસે ગાઇયો,
માગશિરવદિ સુખકાર તીજ તિથિ ધ્યાઇયો;
મેડતા નગર મોઝાર ચોમાસુ ઉમંગસુ,
શ્રી લબ્ધિચંદ્રસૂરિ સાર થુણ્યો મન રંગસુ. ૬

અથ શ્રીમંધરસ્વામીજીનું સ્તવન.

આવો જમાઈ પ્રાહુણાં જયવંતાજી એ દેશ

શ્રી સીમંધર વિચરતા ગુણવંતાજી, શ્રેયાંસરાયના નંદ જયવંતાજી;
માતા જેહની સત્યકી, ગુણવં૦ કુલવંસ વિકસણ ચંદ, જય૦ ૧

ભાર્યા સહુ ગુણ ધારતી, ગુણ૦ રુકમણીરાણી જાસ, જય૦
લંછણ પ્રભુને દીપતો, સુણ૦ વૃષભ મંગલ ગુણવાસ, જય૦ .૨
વિજયવસુ પુખલાવતી, ગુણ૦ પુંડરીકા નયરી સાર, જય૦
ચઉ કલ્યાણક તિહાં થયા, ગુણ૦ ત્રિભુવન જન હિતકર જય૦૩
એહ જાણી મન ઉલ્લસ્યો ગુણ૦ દેખણ તુમ દીદાર, જય૦
દયા કરી મુઝદીજીયે, ગુણ૦ નિત દરસણ કિરતાર, જય૦ ૪
લબ્ધિકમલ વિકસાવવા, ગુણ૦ કલાનિધિ તું ભાણ, જય૦
હર્ષવિનય ભાવે કરી, ગુણ૦ આપો અવિચલ નાણ, જય૦ ૫

શ્રી વીરજિન નિર્વાણ કલ્યાણક સ્તવન

શ્રી સિદ્ધારથ નંદન દેવા, પ્રભુ સેવ કરૂં નિત્ય મેવા,
દેજો મુજ ભવોભવ સેવા, જગતગુરૂ વીર પરમ ઉપગારી;
પ્રભુ કરૂણા નિધિ દાતારી, જગતગુરૂ વીર પરમ ઉપગારી. ૧

સોળ પહોર પ્રભુ દેશના વરસે, સાંભળી ભવિહૃદયમાં ધરશે;
તોરાચરણ કમલ નિત ફરશે, જગતગુરુ વીર પરમ ઉપગારી ૨

બ્રાહ્મણ દેવશર્મા જાણે, પ્રતિબોધવા મોકલ્યા તે ટાણે;
ગૌતમ ચાલ્યા ગુણખાણે, જગતગુરૂ વીર પરમ ઉપગારી. ૩

પ્રતિબોધીને પાછા વળીઆ, મારગમાંહે શ્રવણે સાંભળીયા;
પ્રભુ મોક્ષ મારગ સંચરીયા, જગતગુરૂ વીર પરમ, ઉપગારી. ૪

તે સાંભળી દિલમાં વાત, ગૌતમને થાય વજ્રઘાત;
વિવેકે ગુણમણિ ખ્યાત, જગતગુરુ વીર પરમ. ઉપગારી. ૫

હવે કેને હું કહીશ વીર, ગૌતમ ચિંતવે સાહસ ધીર;
કર્મ શત્રુના તોડયા જંજીર, જગતગુરુ વીર પરમ ઉપગારી. ૬

કાતી કૃષ્ણ હુવા નિરવાણ, પ્રભાતે ઇંદ્રભૂતિ કેવલનાણ;
જયો જયો ભણે ગુણખાણ, જગતગુરુ વીર પરમ ઉપગારી. ૭

અઢાર દેશના રાજા મળીઆ, ભાવ દીપક મોક્ષમાં ભળીઆ;
દ્રવ્ય દીપક ગુણમણિ ભરીઆ, જગતગુરુ વીર પરમ ઉપગારી. ૮

પ્રભુ વરીઆ શિવ લટકાળી, ધર્યું ધ્યાન પદ્મમાસન વાળી;
તિહાં પ્રગટી લોક દીવાળી, જગતગુરુ વીર પરમ ઉપગારી. ૯

મુજ મંદિર સુરતરૂ ફળીઓ, પરમાતમા ગૌતમ મળીઓ;
ગઈ ભાવઠ શુભ દિન વળીઓ, જગતગુરુ વીર પરમ ઉપગારી. ૧૦

સંવત ઓગણીશ પચ્ચોતેર વરસે, દીવાળી દિન મનહર્ષે;
પ્રભુ મોક્ષ વર્યા શુભ દિવસે, જગતગુરુ વીર પરમ ઉપગારી. ૧૧

(શ્રી જ્ઞાનપદ સ્તવન)

જ્ઞાન નિરંતર વંદીયે, જ્ઞાન ભક્તિ ચિત્ત લાય સનેહી;
જ્ઞાન સકલ ગુણ સેહરો, જ્ઞાન વિમલ ગુણગાય–સનેહી જ્ઞાન. ૧

મતિ શ્રુત પરમ અવધિ મન પર્યવ કેવલ નાણ સનેહી;
લોકાલોક પ્રકાશનો, કારણ નિરૂપમ ભાણ સનેહી–જ્ઞાન. ૨

સકલ જ્ઞાનમાં શ્રુત કહ્યો, જગનાયક જિનરાજ સનેહી;
જગજન ઉપગારી સદા, ભવજલ જંગી જહાજ સનેહી–જ્ઞાન. ૩

જે ભવિ શ્રવણ પુટે કરે–જ્ઞાનામૃત રસપાન સનેહી;
તે અજરામર પદ લહે, અક્ષય સૌખ્ય નિધાન સનેહી–જ્ઞાન. ૪
માષ તુષા ભિધ મુનિવરુ, ઘાતિ કરમ વિદાર સનેહી;
જ્ઞાન ચરણ આરાધતો, પામ્યો કેવલ સાર સનેહી–જ્ઞાન. ૫
વિમલ જ્ઞાન આરાધતાં, તરીયા ભાવિક અનંત સનેહી;
તુરત ભયે જગદીસરૂ, ભયભંજણ ભગવંત સનેહી–જ્ઞાન. ૬
પાર્શ્વ પ્રભુ સુપસાયથી, પામી પરમાનંદ સનેહી;
એ શ્રુત ચરણ શરણ ગ્રહ્યો, નિતુ પાઠક શિવચંદ સનેહી–જ્ઞાન.૭

શ્રી ગૌતમસ્વામિનો લઘુ રાસ

સિરિ વસુભૂઈ પુત્તો, માયા પુહવિય કુચ્છિ સંભૂઓ ।।
ગણધાર ઇંદભૂઈ, ગોયમ ગુત્તો સુહં દિસઉ ।।૧।। રયણ
વિહાણે થયો પ્રભાત, ગૌતમ સમરૂં જગ વિખ્યાત ।। ઋદ્ધિ
વૃદ્ધિ જસુ મહિમા ઘણી, પય સેવે ધરણીના ધણી ।।૨।।
ગૌતમસ્વામી લબ્ધિ નિધાન, ગૌતમસ્વામી નવે નિધાન ।।
સુરગો તરૂ મણિ ગૌતમ નામ, જેવો નામ તેવો પરિણામ
।।૩।। ગુવ્વર ગામ જન્મનો ઠામ, ગૌતમતણા કરે ગુણ-
ગ્રામ, સહુઅલોય બાલાપણ લગે, ભટ્ટ ચટ્ટ બહુલા ઓલગે
।।૪।। ગૌતમ ગિરૂઓ ગુણભંડાર, કળા બહોંતેર પામ્યો
પાર ।। ચઉદહ વિદ્યા જિણુઅભ્યસી, જાગતજ્યોત જિસિ
મનવસી ।।૫।। વીરજિણુ ચઉદહ સહસ શીશ, તેહમાંહો

પહિલો સુજગીશ ॥ તસુ પય વંદુ નામું શીશ, આશ ફલે મનની નિસદીશ ॥૬॥ ગીતારથ પદવીના ધણી, સૂરીશ્વર જસુ મહિમા ઘણી ॥ ગૌતમ મંત્ર સદા સમરંત, તતખિણ વિદ્યા સહુ ફુરંત ॥૭॥ તનુ પ્રણમું વચને સંથવું, એક ચિત્ત ચિત્તે ચિંતવું ॥ શ્રી ગૌતમગણધરનો નામ, મહિમા મેટી ગુણમણિધામ ॥૮॥ ઉઠંતાં બેઠંતાં સહી, પંથ ચાલતાં હિયડે બહિ ॥ ગૌતમ ગૌતમ કહેતાં મુખે, સહુય કાર્ય તે સીજે સુખે ॥૯॥ ગૌતમ નામે આરત ટળે, ગૌતમ નામે વંછિત ફળે ॥ ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે પાવે ભોગ ॥૧૦॥ ગૌતમ નામે નાશે વ્યાધ, ગૌતમ નામે પરમ સમાધ ॥ ગૌતમ નામે દુર્જન દૂર, ગૌતમ નામે હરખ ભરપૂર ॥૧૧॥ ગૌતમ નામે હય ગય બાર, ગૌતમ નામે સુલક્ષ્મણ નર ॥ ગૌતમ નામે સુગુણ સુપુત્ર, ગૌતમ નામે સહુયે મિત્ર ॥૧૨॥ ગૌતમ નામે ઉત્સવ હોય, ગોતમ નામે ન પરાભવ કોય ॥ ગૌતમ નામે મંગળતૂર, ગૌતમ નામે કુર કપૂર ॥૧૩॥ ગૌતમ નામે જય સંગ્રમ, ગોતમ નામે તુઠે સ્વામ ॥ ગૌતમ નામે વિનય વિવેક, ગૌતમ નામે લાભ અનેક ॥૧૪॥ ગૌતમ નામે ન છીપે પાપ, ગૌતમ નામે ટળે સંતાપ ॥ ગૌતમ નામે ખપે સવિ કર્મ, ગૌતમ નામે હોય શિવ શર્મ. ॥૧૫॥ ઘણું ઘણું હવે કહીયે કિશ્યું, થોડે તુમે જાણજો ઇશ્યું; ગૌતમ સમરંતા જાગીયે જે લહિયે તે તે માગીયે ॥૧૬॥

કાવ્યમ્–ઇત્થં ગૌતમ સંસ્તુતિઃ, સુવિહિતા, ચંદ્રેણ

પાર્શ્વા દિના, ભક્તિ સ્ફીત મુદ્દાલચેન ગણુલત્પાદાં બુરૂ-
ચંચુના, યેતસ્યાઃ સમરણું પ્રભાત સમયે, કુર્વન્તિ
ચંગાત્મકા, સ્તે નિત્યં મનસ; સમીહિત ફલં સધ્યો લભં-
તેતરાં ॥૧૭॥ સંપૂર્ણ.

શ્રી પાર્શ્વનાથ મંત્ર ગર્ભિત સ્તવન

(ચાલતી ચુટકની—એ દેશી.)

સકલ સદા ફલ ચિંતામણી સમ્યો, નવરંગ નારગ
પાસ ભવિક નમો, ૐનમો ભાવે પાસ ધ્યાવે નાથ શ્રી શ્રી
ભગવતી; ધરણેંદ્ર પદ્માવતીય માયા બીજ રાયા સંજુતી;
અટ્ટેય મટ્ટે ક્ષુદ્ર વિઘટ્ટે ક્ષુદ્રાન થંભય થંભય વાજંતી ભૂગલ
દુરિ મય ગલ ચૂરિ અષ્ટ મહાભયા૦ ૧. આસ્યા પૂરે પાસ
પંચાસરો, શ્રી વરકાણો પાસ સંખેશ્વરો; સંખેશ્વરો શ્રી
પાસ થંભણુ, ગોડીમંડણુ નાહલો; નવખંડ શ્રી કલિકુંડ
ઈણ જગ, જાગતો જીરાઉલો; જાગતો તીરથ હરે અનરથ
પાસ સમરથ તું ધણી હવે ચડો વાહરે વિઘ્ન ભયહર સાર
કર તિહુ અણી તણી. ૨. કુરૂ કુરૂ વંછિત નવનિધિ સંપદા,
સ્વાહા પદશું ટાલે આપદા, આપદા હાલે રાજપાલે પાસ
ત્રિભુવન રાજીઓ, કલિ કાલ માંહિ પાસ નામે મંત્ર મહિમા
ગાજીઓ; દારિદ્ર ચૂરે આસ પુરે પાસ તું જગદીશએ,
ચરણ પ્રમોદ તસુ શિષ્ય જંપે પૂરઇ સંઘ જગીસએ. ૩.

સંપૂર્ણ

૨૧, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તુતિ

સકલસાર સુરતરુ જગજાણું જસુ જસવાસ જગત્ પરિમાણું
ત્રેવીસમો જિન સુગટ સુચંગં, નમો નમો જિનપતિ મનરંગં ૧

છંદજાતિ

જે જિન પતિ મન રંગં, અકલ અભંગં, તેજ તુરંગં નીલંગં,
સવિ સોભાસંગં, દગ્ધઅનંગં, સીસભુજંગં ચતુરંગં,
બહુ પુન્ય પ્રસંગં, નિત ઉછરંગં, નવ નવ રંગં નારંગં
કીરતિ જલગંગં. દેસ દુરંગં,–સુરનર ભ્રંગં સારંગં, ૨

સારંગાવકત્રં, પુન્ય–પવિત્રં, રૂચિરચરિત્રં જીવીત્રં,
તેજોજિતમિત્રં, પંકજપત્રં, નિરમલ નેત્રં સાવિત્રં,
જગજીવન મિત્રં, ત્રંસત શત્રં, મિત્રામિત્રં માવિત્રં,
વિશ્વત્રયનેત્રં, ચામર છત્રં,–સીસ ધરિત્રં પાવિત્રં, ૩

પાવિત્રા ધરણું,–મુગટાભરણું,–ત્રિભુવનસરણું આચરણું
સુરવરચિતચરણું સિવસુખ કરણું; દાલિદ્રહરણું માચરણું,
ગોમૃતઝરણું મનમથમરણું,–ભવજલતરણું ઉદ્ધરણું
સવિ સંપત ભરણું, અઘસંહરણું, વરણાવરણું આદરણું ૪

આદરણા પાલં, ઝાકઝમાલં, નિત ભૂપાલં અજૂઆલં;
અષ્ટમી શશીભાલં, દેવદયાલં, ચેતન ચાલં સુકુમાલં,
ત્રિભુવન રખવાલં, કાલ દુઃકાલં, મહાવિકરાલં ભયટાલં
શૃંગાર રસાલં; મહિકેમાલં, હૃદય વિશાલં ભૂપાલં. ૫

કલશ

અકલ રૂપ ઉદાર સાર શિવ સંપત કારણ,
રોગ સોગ સંતાપ પાપ દુઃખ દુરિત નિવારણ
ચિહું દિસ આણુ અખંડ ચંદ તપ તેજ દિણુંદ
અમર અપછર કોડ ગાયે જસ નમે નરિંદ
શ્રી સંખેશ્વરસુરમણિપાય અધિક મંગલ નિલો,
મુનિ શ્રી મેઘરાજ કહે જિનવરજયો શ્રી પાર્શ્વનાથ
ત્રિભૂવન તિલો ૬

શ્રી અરિહંત સ્તુતિ

શિખરિણી

ચિદાનંદં કંદં જિનપતિજિનેંદ્રં અઘહરં
સદા સુભ્રં જ્ઞાનંવિસદવરધ્યાનં સુખકરં
શરણ્યં કારુણ્યં અચલ શિવ અક્ષં મુનિવર
અનંત અવ્યાબં પરમપદ સાક્ષં જિનવરં ૧

હિતં સર્વં સત્ત્વં સુગુણગણરાજં જગપતિં
વિધિબ્રહ્મં રમ્યં વિદિતસબલોગ મઘપતિં
અનેકં એકં વા હરન સબ રોગં પ્રભુ તમે
સદા સક્તિવ્યક્તિપરમ સુખ રક્તિ વિભુ તમે ૨

જગદ્વંદ્ય જેષ્ટં જયતિ જગશ્રેષ્ટં જગગુરૂં
મહાધીરં વીરં સકલમતિભાસં ભયહરં

મહાભાગ્યંભોગ્યં ભગતજનપાલં ગતદરં
મહામોક્ષં સોક્ષં રહિતરજપંકં જયકરં ૩

ગુણાધીપં ધીશં રટત તવ નામં મુનિજનં
સદા મુક્તં ગુમં કટત સબ કલેશં ભ્રમવનં
મહા બુદ્ધં સિદ્ધં ચઢત સુખશ્રેણિં દમયુતં
મહાકીર્તં સ્ફુર્તં ઘટત દુઃખશ્રેણિં સમયુતં ૪

૨૩ શ્રી જિન પ્રતિમા સ્થાપન સ્તુતિ

જિનવર પ્રતિમા છે સુખદાઈ, ભવિયણ ભાવે ભેટોજી
આપણો સમકિત નિરમલ કીજે, પાપ પડલ સબ મેટોજી ૧
દુર્લભ એ નરભવ તુમ પાયો, કોઈકે પુણ્ય પસાયેજી
શુદ્ધ દેવ ગુરુ ધર્મ આરાધો, સુખ સંપતિ બહુ થાયેજી ૨
ક્રોધ કષાય કપટ મદ નિંદા, માયા લોભ ન કરીયેજી
જિનવર વાણી નિત પ્રતિ સુણીયે, મમતા સંગ પરિહરિયેજી ૩
આગમ માંહે જ્ઞાનિએ ભાખ્યો, જિન પડિમા જિન સરખિજી
તન મન વચન કરીને પૂજો, અબીર કહત મન હરખીજી ૪

૨૪. અથ શ્રી ચિંતામણી પાર્શ્વનાથની સ્તુતિ

શ્રિયઃ સંતતેઃ કારકં શ્રીજિનેશં
મહા-મોહ-ભૂચ્છાય-નાશે દિનેશં
નતં નાકિભિર્ભક્તિભિર્જીવનાથં
સ્તુવે દેવ-ચિંતામણિં પાર્શ્વનાથં ૧

મહાનાગ-પારીંદ્ર-વૈશ્વાન-રાહિ
પ્રવાતાં-બુદ્ધિ-રોગ-સંદાન દાહું
જિતાનેક-પક્ષં-ત્રિવિશ્વૈક-નાથં સ્તુવે૦ ૨

ક્ષમાપાર્શ્વ-સેનસ્ય વંશેડવતંસં
હત ક્રોધ શત્રું ચ લક્ષ્મી નિવાસં
જનાં-ભોજ-ખંડસ્કુટે ધસ્રનાથં સ્તુવે૦ ૩

સતાં મોક્ષપદ્મા-પ્રદાનૈક-હેતું
મહાકૃછ્ છ — વિચ્છેદને ધૂમકેતું
ક્રમેં-દ્વીવરાલીન-નાગાંક-નાથં સ્તુવે૦ ૪

સનીરાંબુદ-શ્યામ-શિષ્ટાંગકાંતિં
સુવિસ્તારિતા-વિષ્ટ-પાશેષ-શાંતિમ્
ગતાન્યૂન-દોષં વરં મુક્તિનાથં સ્તુવે૦ ૫

નરેંદ્રાદિ-વંદ્યં સદા લબ્ધયોગં
નિશારત્ન – કઆનનં ત્યક્તશોકં
કૃપા-ભાજનં વિશ્વદેવાધિ-નાથં સ્તુવે૦ ૬

જગત્તારકં દાયકં સજ્જનાનાં
શ્રિયં વાંછિતાર્થપ્રકં નિર્દ્ધનાનાં
સુરમ્યાસ્યરુહ્ નિ-જિંતં-ભાધિનાથં સ્તુવે૦ ૭

કષાયાગ્નિ – સંતર્પણે વારિદાભં
જરા-ભીરુ-માતંગ-પંચાસ્ય-શોભં
વિદુષ્ટાષ્ટ કર્મોરગે પત્રિનાથં સ્તુવે૦ ૮

ઇત્યેવં શ્રીમદ્વીર–ચંદ્રશિશુના મલુકચંદ્રેણ
જયતુ ચિરં નૂતનઃ પાર્શ્વ–જિનવરો વિજિત મદનરાગઃ

૨૫. અથ શ્રી સામાન્ય જિન સ્તુતી

ભક્તિ થકી પરમ ભાવ ધરી પ્રભુને
નિશ્ચે કરી હૃદયમાં ન ધર્યા વિભુને
જેથી અચિંત્ય પરિતાપ વિયોગ પામુ
વ્યાક્ષેપ ચિત્ત ક્રિયા ફળથી વિરામું ૧
શબ્દો કદી શ્રવણમાં તુમ સાંભળેલા
પૂજ્યો તણા ચરણ કોઈ સમે પૂજેલા
દેખ્યા હશે નજરથી કદી કોઇ વેળા
એકાગ્ર ચિત શુભભાવ ન ચિંતવેલા ૨
સ્વામી જિનેશ કરૂણાનિધિ દીનબંધુ
હે નાથ પૂજ્ય પરમેશ્વર તાત સિંધુ
ગંભીર વીર અતિ ધીર મહા પ્રતાપી
છો શાંત દાંત ભગવંત અનંત વ્યાપી ૩
નેત્રો સુકોમળ સુભવ્ય પ્રકાશકારી
દૃષ્ટિ સુધારસ સુરા નિરખી તુમારી
ચાહે નિરંતર સુધારસ સ્વાદ લેવા
પીનાર ભક્ત વચનામૃત સુરા દેવા ૪
વંદું ત્રિલોક પરિતાપ નીવારનારા
વંદું ત્રિલોક પરમેશ્વર પ્રીતિધારા
વંદુ જિનેદ્ર ભવસિંધુ ઉતારનારા
વંદુ જિનેશ ભુવિ ભૂષણ શ્રેયકારા ૫

અથ શ્રી વીરજિન કલ્યાણક સજ્ઝાય

(આદિ અજિત શ્રી શાંતિનો દિઠો એ દેશી)

તિરથ નાયક વદિયે, જિનવર શ્રી વર્ધમાન ।। તેહ-તણા ગુણ ગાઇયે, વહિયેં આણ પ્રમાણ ।। કલ્યાણક દિન આવિયો ।।૧।। ગહિ ગહે ભવિયણ જાણ, વીર શિવપદ પામીયો ।। ગોયમ કેવળનાણ. કલ્યાણક દિન આવિયો ।।૨।। ભોળા દીવાળી ભણે, પડિયા લોક પ્રવાહ ।। સમકિત તેહનું કિમ રહે, મિથ્યા પર્વ ઉચ્છાહ ।। ક૦ ।।૩।। કેઈ કહે કોડે સરી, મૂઢ ન જાણે ભેદ ।। વળી વિશેષે આદરે, કુગુરુ કુધર્મ કુદેવ ।। ક૦ ।।૪।। દુર્લભ માણુસભવ લહી, દુર્લભ શ્રાવક કુળ જાણ ।। લૌકિક પર્વે ગર્વિયા, કાંઈ કરો સમકિત હાણ ।। ક૦ ।।૫।। ચાચર ચૌપટ ચોહટે, જુવટું માંડે રમત ।। ચતુર કહાવે તે વળી, ચઉગતિ માંહિ ભમંત ।। ક૦ ।।૬।। લીંપણ મંડણ ઘરતણા, આરંભે ષટ્ કાય ।। ઉંચે નીચે દીવડે, જિનધર્મ હેલા થાય ।। ક૦ ।।૭।। સેવ સુંવાળી લાડવા, ઘર ઘરે કરે અનેક ।। સપરવ દિન જાણી કરી, જુવો એહ વિવેક ।। ક૦ ।।૮।। લોકોત્તર મિથ્યા મતે, કેઈ જિન ભવણ નિવેસ ।। સોલ પ્રહર દિવા કરે, કુગુરુતણો ઉપદેશ ।। ક૦ ।।૯।। ઘર ઘર કલ્પે કોડીયા. પ્રહ સમે ફૂટે સૂપ ।। ચઉલે નીલે સાલણે, એહસ્યું પરવ શરુપ ।। ક૦ ।।૧૦।। થાળ ભરી ભરી, મોકલે, જિનવર ભોજન કાજ ।। જિનવર જાણ કહાવતા, ઇમ નહિં જિનમત રાજ ।। ક૦

॥૧૧॥ પૂજવે તે ગુરુ ભણી, યંત્ર મંત્ર બહુ જાપ ॥ કરી ભોળાને ભોળવે, સહસે તે સંતાપ ॥ ક૦ ॥૧૨॥ વનસ્પતિ મન નહુ ગણે, સાધારણ પ્રત્યેક ॥ છેદી કરે તે મેરૈયા, શ્રાવક નામ અનેક ॥ ક૦ ॥૧૩॥ ધનતેરસ તે રસી પડયા, નાણે જયણા લગાર ॥ વસ્ત્ર ધોવે કારણ ભણી, વ્રત બાળી કરે અંગાર ॥ ક૦ ॥૧૪॥ જુહાર ભટારે ધસમસે, બહુલા પાન તંબોળ ॥ શ્રાવક કુળ પ્રવાહનો, એ કહ્યો હલબોળ ॥ ક૦ ॥૧૫॥ ધન ધન ઇણ દિન આવિયો, જે શ્રાવક સુવિચાર ॥ સોલ પહોર પોસા કરી, ટાળો તસુ અતિચાર ॥ ક૦ ॥૧૬॥ આગમ દીપ અજુવાળીએ, ગણીએ મંત્ર નવકાર ॥ બ્રહ્મચર્ય જળે નાઈયે, જુહાર ગુરુ દર્શન સાર ॥ ક૦ ॥૧૭॥ જિનવરની ભાવે ભાવના, મન આણી જિન આણ ॥ ગુણ ગાવે જિનવરતણા, તેહનો જન્મ પ્રમાણ ॥ ક૦ ॥૧૮॥ મિથ્યા મત જુવા કરી, સમકિત રમે સુજાણ ॥ નવતત્ત્વ નવ રસ રસવતી, સીલ તે કરે મંડાણ ॥ ક૦ ॥૧૯॥ નિર્મલ મતિ વર કાપડા, સત્ય વચન તંબોળ ॥ સુખસાગર ઝીલે સદા, કરતા મન કલોલ ॥ ક૦ ॥૨૦॥ દિવડાં સાસનનો ધણી, વીર જિણેસર દેવ ॥ ગોયમ ગણધર તેહના, સુરનર સારે સેવ ॥ ક૦ ॥૨૧॥ નામ માત્ર તિણને સમરતાં, અહનિસ હોઈ આણંદ ॥ સાધુ રત્ન શિષ્ય વિનવે, સૂરિ શ્રીપાર્શ્વચંદ્ર ॥ કલ્યાણક દિન આવિયો ॥૨૨॥ ઇતિ ॥

અથ શ્રી જિન પ્રતિમા વંદન સજ્ઝાય

(ઇણીપરે રીષભ અજિત સંભવ જિન, અભિનંદન એ દેશી.)

જિનવર જિન પ્રતિમા વંદન ફલ, સમવડ હિયણે આણોજી ॥ રાયપસેણી સૂત્રે વખાણ્યેા, ચતુર વિચારી જાણોજી ॥૧॥ સાંભળેા ભવિકજન ચિત્ત ચેતન ધરી, જિનવર આગમ વાણીજી ॥ ભવસાયર તરવા તરણી જિમ, લહિજ્યેા ઉત્તમ પ્રાણીજી ॥ સાંભળેા૦ ॥૨॥ છેદ ગ્રંથે જિનવર વિધિ વાદે, પ્રતિમા ભક્તિ પ્રકાશીજી ॥ વતધારક શ્રાવકને કારણે, જોજો હૃદય વિમાસીજી ॥ સાંળળેા૦ ॥૩॥ સપ્તમ અંગ લીયેા વિચારી, આણંદને અધિકારેજી ॥ પ્રતિમા નમે કદાગ્રહ વારી, ધન ધન તે નર નારીજી ॥ સાંભળેા૦ ॥૪॥ પડ્યા પછી સહુ કેાઈ પ્રતીજે, પહિલું આપ સંવાહેાજી ॥ પ્રતિમા વંદેા ઉવવાઇ ઉવંગે, અંબડ જિમ લ્યેા લાહેાજી ॥ સાંભળેા૦ ॥૫॥ અવિધિ અસાધુતણી ંબહુ દેખી, ડાહ્યા તમે કાંઇ ડેાલેાજી ॥ કિણહિ કુસંગે કનક મલ લાગ્યેા, પીતલ તેાલ મ તેાલેાજી ॥ સાંભળેા૦ ॥૬॥ સેાના જિમ નિરમલ કશ લીજે, દેાષ પ્રવાહે ન દીજેજી ॥ વીતરાગ પ્રતિમા વંદીજે, રાઉ રાખી ખેલીજેજી ॥ સાંભળેા૦ ॥૭॥ મિથ્યા મતશું મકરેા સગાઈ, પ્રભુસ્યું કેસી સબળાઇજી ॥ જિન પ્રતિમા નિંદેા નહીં ભાઇ, સ્વામી દ્રોહ ઇમ થાયજી ॥ સાંભળેા૦ ॥૮॥ આસાતના અજીવ પદારથ, જિનવર નામ પ્રસંગેજી ગૌતમ આગળ વીર જિનેશ્વર, બેાલ્યા પંચમ અંગેજી ॥

સાંભળો૦ ॥૯॥ ઇમ જાણી જિન પ્રતિમા વંદો, સૂત્ર તહત્તિ કરી જાણોજી ॥ શ્રીપાર્શ્વચંદ્ર સૂરીશ્વર જંપે, મુક્તિ રમણી વશ આણોજી ॥ સાંભળો૦ ॥૧૦॥ ઇતિ ॥

શીલવિષે વિજયશેઠ ને વિજયાશેઠાણીની સઝાય—ચોઢાલિયું

ઢાળ ૧ લી "ચાલતી દેશીમાં."

પ્રહ ઉઠી રે પંચપરમેષ્ઠી સદા નમું, મન શુદ્ધેરે તેહને ચરણે તિહું નમું ॥ ધુરિ તેહનેરે અરિહંત સિદ્ધ વખાણીએ, આચારજરે ઉપાધ્યાય મને આણિયે ॥ ત્રૂટક ॥ આણિયે નિજ મને ભાવ શુદ્ધે, ઉપાધ્યાય નમું રલી ॥ જે પનરહ કરમહ ભૂમિમાંહે, સાધુ પ્રણમું તે વલી ॥ જે કૃષ્ણપક્ષી ને સુકલપક્ષી, જેણે સીલ પાલ્યો તે સુણો ॥ ભર્ત્તાર અને સ્ત્રી બીહું તેહનો, ચરિત સક્ષેપે ભણો ॥૧॥ ભરતક્ષેત્રમાં રે સમુદ્ર તીર દક્ષિણ દીસે, કચ્છદેશમાં રે વિજયશેઠ શ્રાવક વસે ॥ શીલવત રે અંધારા પક્ષનો લિયો, મનશુદ્ધેરે એહવો નિશ્ચે મન કિયો ॥ ત્રૂટક ॥ મન કીયો નિશ્ચે તેણે એહવો, પક્ષ અંધારે પાલશું ॥ હું સીલ નિશ્ચે એ, વિરય વિષય સેવા ટાલશું ॥ એક અછે સુંદરીરૂપિ, વિજયાનામ કન્યા તિહાં વલી ॥ તિણ શુકલપક્ષિનો નીમ લીધો, સુગુરુયોગે મન રલી ॥૨॥ કર્મયોગેરે માંહોમાંહિ તે બિહુંતણો, શુભ દિવસરે હુઓ વિવાહ સુહામણો, તવ વિજયારે, સોલ શ્રૃંગાર

ભલા કરી ॥ પ્રિયમંદિરરે પહોતી ઉલટ મન ધરી ॥ ત્રૂટક ॥ મન ધરી ઉલટ અધિક પોહતી, પ્રિયા પાસે સુંદરી ॥ તે દેખી હરખે શેઠ બોલે, સીલ નિશ્ચે સંભરી ॥ મુજ સીલ નિશ્ચે પક્ષ અંધારે, તેહના દિન તીન છે ॥ તેહ નિયમ પાલી શુકલપક્ષે, હું ભોગ ભોગવરયું પછે ॥૩॥ ઈમ સાંભળી રે, તવ સિજ્યા વિલખી થઈ ॥ પ્રિય પૂછેરે કિમ ચિંતા તુજને ભઈ ॥ તવ વિજયારે કહે, શુકલપક્ષી મેં લીયેા ॥ વ્રત ચેાથેારે બાળ પણે નિશ્ચય કિયેા ॥ ત્રૂટક ॥ બાળપણે મેં કિયેા નિશ્ચય, શુકલપક્ષી વ્રત પાળસ્યું ॥ તેા ઉભયપક્ષી હું સીલ પાળી. નિયમદેાષને ટાળસ્યું ॥ તુમે અવર નારી પરણીને હિવે, શુકલપક્ષી ભેાગવેા ॥ કૃષ્ણપક્ષી નિજ નિયમ પાળી, અભિગ્રહ ઈમ ભેાગવેા ॥૪॥ તવ વલતું રે તસુ ભરતાર કહે ઇસ્યુ ॥ વિષયારસરે કાલકૂટ હુવે જિસ્યું ॥ તેહ છંડી રે શીલ સબલ આપણુ પાલસ્યું ॥ એ વારતારે માત પિતાને ન જણાવસ્યું ॥૫॥ માત પિતા જબ જાણુશેતવ દીક્ષા લેશું ધરી દયા ॥ ઈમ અભિગ્રહ લેઇને તે ભાવ ચારિત્રીયા થયા ॥ એકત્ર શય્યા સયન કરતાં ખડગધારા વ્રત ધરે ॥ મન વચન કાયા કરી શુદ્ધ શીલ વિવેકે આચરે.

ઢાળ ૨ જી

(રાગ ગોડી, ગૌતમ સમુદ્રકુ૦ એ દેશી)

વિમલકેવળી એક ચંપાનયરીએ, તતક્ષિણ આવી

સમોસર્યા એ ॥ આણી અધિક વિવેક શ્રાવક જિણદાસ, કહે વિનયગુણે પરિવર્યા એ ॥૬॥ સહસ ચોરાસી સાધુ મુજ ઘર પારણો કરે મનોરથ તો ફલેએ, કેવળજ્ઞાની અગાધ, કહે શ્રાવક સુણો ॥ એહ બાત તો નવિ મીલીએ કિહાં એતલા અણગાર કિહાં વળી સુઝતો, ભાતપાણી હુઇ એતલું એ ॥૭॥ તો હવે તેહ વિચાર કરો ભગવન તુમે, જેમ ફળ હોએ મુજ તેટલું એ ॥ છે હવે કચ્છદેશે શેઠવિજય વળી, વિજયા ભારજ્યાં તસુ ઘરિએ ॥૮॥ ભાવજતી ગૃહવાસિ તેહને ભોજન દીધે ફલ હોય તેટલું એ ॥ જિણદાસ કહે ભગવંત, તેમાંહિ એટલા કુણ ગુણ કુણ વ્રત છે ઘણાએ કેવળી કહે અનંત, ગુણ તસ સીલના ॥ કૃષ્ણ શુકલપક્ષી વ્રતતણા એ ॥૯॥

ઢાળ ૩ જી ધમાલની.

કેવળીને મુખે સાંભળી, શ્રાવક તે જિણદાસ રે ॥ કચ્છદેશે હવે આવીયો, પુરે પુરે નિજ મન આસરે ॥૧૦॥ ધન ધન શીલ સોહામણો, શીલ સમો નહિ કોયરે ॥ સીલે દેવ સાનિધિ કરે, સીલથી શિવસુખ હોય રે ॥ ૧૧ ॥ ધન૦ ॥ શેઠવિજય વિજયા પ્રતે, ભગતેસું ભોજન દેઈ રે ॥ સહસ ચોરાશી સાધુને, પારણાનો ફલ લેઈ રે ॥ ૧૨ ॥ ધન૦ ॥ માત પિતા જબ પૂછીયો, તેહનો સીલ વખાણેરે ॥ કેવળીને મુખે જિમ સુણ્યો, તિમ કહે તેહ ગુણ જાણે રે ॥ ૧૩ ॥ ધન૦ સહસ ચોરાશીય સાધુને, પારણો દીએ કોઈ

ભાઈ રે ।। કૃષ્ણ શુકલપક્ષી દંપતી, ભોજને તે ફલ થાઇરે ।। ૧૪ ।। ધન૦ ।। માત પીતા જબ જાણીએા, પ્રગટિયેા સીલ સંબધરે ।। શેઠવિજય વિજયાવલી, ચારિત્ર લે અપ્રતિબંધરે ।। ૧૬ ।। ધન૦ ।।

ઢાળ ૪ થી

માઈ ધન સુપન—એ દેશા.

કેવળીની પાસે, ચારિત્ર લેઈ ઉદાર ।। મન મમતા મુકી, પાળે નિરતિચાર ।। ૧૬ ।। આઠ કર્મ ખપાવી પામ્યું કેવળજ્ઞાન ।। તે મુગતે પહુતા, દંપતી સુગુણ સુજાણ ।।૧૭।। તેહના ગુણ ગાવે, ભાવે જે નરનાર ।। તે વંછિત સુખ લહે, પહુચે ભવનેા પાર ।। ૧૮ ।। નાગેારી વડતપગચ્છ, ચંદ્રકીરતીસૂરિરાય ।। શ્રીહરખકીરતિસૂરિ, જંપે તાસુ પસાય ।। ૧૯ ।। કળશ ।। ઈમ કૃષ્ણપક્ષી ને શુકલપક્ષે, જેણે શીળ પાલ્યેા નિરમલેા ।। તે દંપતીના ભાવ શુદ્ધે, સદા શુભ ગુણ સાંભલેા ।। જિમ દુરિઅ દેાહગ દૂર જાવે, સુખ થાયે બહુ પરે ।। વળી સકલ મંગળ મનહ વંછિત, કુશલ નિતુ ઘરે અવતરે ।। ૨૦ ।।

શાલભદ્રશેઠની સજઝાય

સાલભદ્ર મેાહ્યો રે શીવરમણી રસેરે, કામણુગારી હેા નારી ।। ચિતડું ચેાર્યું રે એણે ધૂતારીએરે, તેણે મેલી માય

વિસાર ॥ ૧ ॥ સા૦ ॥ એક દિન પૂછે રે સાલીભદ્ર સાધૂજી રે, ભાખો ભગવાન આજ ॥ પારણુ હોશેરે પ્રભુ કેહને ઘરેરે, બોલ્યા વીરજિન રાજ ॥ ૨ ॥ સા૦ ॥ માત તુમારી હાથે પારણું રે, સુંભળી શાલીભદ્ર ધન્ન ॥ વોરણી પોતા ભદ્રા આગણેરે, તપે કરી દુર્બળ તન ॥ ૩ ॥ સા૦ ॥ આંગણે આવ્યા કેણે નવી ઓળખ્યારે, વળીઆ તે અણગાર ॥ દહિ વહોરાવ્યું પૂરવ ભવની માયડી રે, મન ધરી હરખ અપાર ॥ ૪ ॥ સા૦ ॥ વીરજિન વચને તે જનની સુણી રે, મન ધરી અતિહી વૈરાગ ॥ ગિરિ વૈભારે અણસણ આદર્યું રે, પાદોપગમન સાર ॥ ૫ ॥ સા૦ ॥ ઈમ સુણીને ભદ્રા માવડીરે, અને વલી બત્રીસ નાર ॥ આવ્યાં જિહાં તે મુનિવર પોઢી યારે, વિલવે અતીહિ સંભાર ॥ ૬ ॥ સા૦ ॥ ભદ્રા કહે છે પુત્ર તું મારડું રે, કિહાં તે સુખ વિસ્તાર ॥ શ્રેણીક ઘરે આવ્યો નવી જાણીઓરે, કાંઈ કરો કષ્ટ અપાર ॥ ૭ ॥ સા૦ ॥ ભદ્રા કહે છે પુત્ર સોહામણો રે, મુજ જીવન આધાર ॥ મેં પાપણીએ સુત નવિ ઓળખ્યો રે, સુઝતો ન દીધો આહાર ॥ ૮ ॥ સા૦ ॥ એકવાર સાહમું જોને વાહલારે, પૂરો અમારી હો આશ ॥ અવગુણ પાખેં કાંઈ વિસારિયાં રે. તુજ વિણ ઘડીય છ માસ ॥ સા૦ ૯ ॥ ઈમ ઝુરંતી ભદ્રામાવડી રે, અંતેઉર પરિવાર ॥ દુઃખભર વંદી બેહુ સાધુનેરે, આવ્યાં નગર મોઝાર ॥ ૧૦ ॥ સા૦ ॥ સરવારથ સિદ્ધિ મહા સુખ ભોગવેરે, સાલિભદ્ર દોયે સુસાધ ॥ મુની મેઘરાજ સ્તવે ગુણ તેહનારે, પામ્યા સુખ નિરાબાધ ॥ ૧૧ ॥ સા૦ ॥

અથ બીજની સજ્ઝાય.

(રાગ વીહાગ)

(આજ મારે એકાદશી રે, નળદલ મૌન ધરી મુખ રહીએ—
એ રાગ.)

સખી મારા ચોકમાં રે, ઉગતો બીજનો ચંદ્ર
નિરખીએ ॥ ટેક ॥ ચંદ્ર બિમાને શાશ્વતા જિનવર, પ્રણમી
પાતક હરીએ ॥ મન વચ કાયા થીર કરીએ તો, ભવ
દરીએ ઝટ તરીએ ॥ સખી૦ ॥ ૧ ॥ માત પિતા સુત
સાસુ સસરો, નાવલીયો રુપ રેલો ॥ કારમો એ કુટુંબ
કબીલો, મળીયો પંખી મેળો ॥ સખી૦ ॥ ૨ ॥ અભિનંદન
સુમતિ શિતલજીન, વાસુપૂજ્ય અરસ્વામી ॥ જન્મ ચ્યવન શીવ-
નાણ ચ્યવનનાં, કલ્યાણુક ગુણગ્રામી ॥ સખી૦ ॥૩॥ વર્ત્તમાન
ચોવીશીએ એ દિન, કલ્યાણુક જિનકેરાં ॥ અનંત ચોવીશીએ
અનંતકલ્યાણુક, થાશે એમ ભલેરાં ॥ સખી૦ ॥ ૪ ॥ દુવિધ
ધર્મ પ્રકાશ્યો બીજે, કહે પ્રભુ ભવિ આદરજ્યો ॥ ધ્યાન દોય
તજી દોય આદરજ્યો, રાગ દ્વેષ દોય હરજ્યો ॥ સખી ॥૫॥
નય નિશ્ચય વ્યવહાર ઉભયથી, તત્ત્વાતત્ત્વ પ્રકાશે ॥ બીજ
દિવસ ભવિ ઉભય પ્રકારે, આરાધો ઉલ્લાસે ॥ સખી૦ ॥૬॥
એ દિન તપ જપ કરતાં ભાવે, નરક તિર્યંચ ગતિ વારે ॥
દેવ મનુષ્ય ગતિ પુણ્ય મહોદય, અનુક્રમે શિવસુખ સારે
॥ સખી૦ ॥ ૭ ॥ કર્મ બીજ બીજ દિન તપ તપતાં.

જડમુળથી બળી જાવે ।। સહજકલાનિધિ સૂરિ ઉદયે, જગદાનંદ સુખ પાવે ।। સખી૦ ।। ૮ ।। ઇતિ ।।

અથ પંચમીની સજ્ઝાય.

(ભવિ તમે વંદો રે સૂરીશ્વર ગચ્છરાયા—એ રાગ.)

ભવિ ભવદરીએ રે, પંચમી તપ કરી તરીએ ।। ચૌગતિ ચુરી રે, પંચમી ગતિ પરવરીએ ।। ટેક ।। દેશના દે વીર ત્રિગડે બેશી, તે સમયે તે કાલે ।। અજવાળી પાંચમ આરાધો, જ્ઞાનાવરણને ટાળે ।। ભવિ૦ ।। ૧ ।। નિંદ્રા ભય મૈથુન અશનાદિક, ગુણ પશુ નરમાં સરખો ।। જ્ઞાનનો ગુણ માનવમાં અધિકો, તે વિણ નર પશુ પરખો ।। ભવિ૦ ।। ૨ ।। ક્રોડ વરસ તપ કરી અજ્ઞાની, કર્મવિપાકને ટાળે ।। જ્ઞાની કઠણ કરમ ઈંધન તે, શ્વાસોશ્વાસમાં બાળે ।। ભવિ૦ ।। ૩ ।। જ્ઞાન ક્રિયા બે બીજ ધર્મનાં, જ્ઞાન પ્રથમ પછી કીરિયા ।। જ્ઞાની ગુણ જાણે કીરિયાનો, કરે કીરિયા આચરીયા ।। ભવિ૦ ।। ૪ ।। નંદીસૂત્રમાં ભેદ જ્ઞાનનાં, પાંચ કહ્યા ઉછરંગે ।। મતિ શ્રુત અવધિ મનપર્યવ કેવળ, આરાધો ભવિ રંગે ।। ભવિ૦ ।। ૫ ।। મતિ અઠ્ઠાવીશ શ્રુતના ચઉદ વીશે, અવધિ છ અસંખ્ય પ્રકારો ।। મનપર્યવના ભેદ ઉભય છે, કેવળ એક ઉદારો ।। ભવિ૦ ।। ૬ ।। જ્ઞાને તત્ત્વાતત્ત્વ પિછાણે, વસ્તુ સ્વભાવ વિકાશે ।। અભિનવ અંતર લોચન કેવળ, લોકાલોક પ્રકાશે ।। ભવિ૦ ।। ૭ ।। જ્ઞાન વિરાધક અંધા બેહેરા, મુંગા પંગુ રોગી ।। આરાધક આ ભવ

સુખસંગી, પરભવ સુરશિવભોગી ॥ ભવિ૦ ॥ ૮ ॥ પંચ વરસ પંચ માસ જાવજીવ, જઘન્ય ઉત્કૃષ્ટિ પાળે ॥ ચોવીહારો ઉપવાસ કરીને, પંચમી તપ અજવાળે ॥ ભવિ૦ ॥ ૯ ॥ અથવા સૌભાગ્યપંચમી ઉજવળ, કારતક માસે કરીએ ॥ ઉજમણા વિધિ તપ આરાધી, માનવ ભવ ઉદ્ધરીએ ॥ ભવિ૦ ॥ ૧૦ ॥ સહસ દોય નમો નાણસ ગુણણું, પુર્વ ઉત્તરદીશી કરીએ ॥ પુસ્તક આગળ ધાન્ય ફળાદિક, દીપક ઘૃતનો ધરીએ ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ ગુણમંજરી વરદત્ત વિરાધી, આપત વહોરી લીધી ॥ જ્ઞાન ભવાન્તરમાં આરાધી, પામ્યા શિવસુખ સિદ્ધિ ॥ ભવિ૦ ॥ ૧૨ ॥ કળશ ॥ એમ ભવિક ભાવે નિજ સ્વભાવે, તપ ઉજમણા આદરે ॥ તરુ મુળમાં જળ સીંચીએ, તે ઉર્ધ્વ જઈ ફળ ઉદ્ધરે ॥ એમ પંચમી તપ વૃક્ષ સીંચીયે, પંચમી ગતિને વરે, શ્રી કુશલ ભ્રાતૃચંદ્રસૂરિની સેવ દીપ સદા કરે ॥ ૧૩ ॥

અથ અષ્ટમીની સજ્ઝાય.

(કપુર હોય અતિ ઉજળો રે, કાજળ હોય અતિ શ્યામ. એ—રાગ.)

વીરજિણુંદ સમોસર્યા રે, ગુણશીલ વનમોઝાર ॥ દેવે સમવસરણ રચ્યું રે, ભાખે જગદાધાર રે ॥ પ્રાણી ધરીએ વિરતી અંગ, પામો સુખ અભંગ રે ॥ પ્રાણી૦ ॥ ટેક૦ ॥ ૧ ॥ શ્રેણીક દેઈ પ્રદક્ષણા રે, વંદી બેઠો ત્યાંય ॥ બાર પરખદા સાંભળે રે, દેશના દે જિનરાય રે ॥ પ્રાણી૦ ॥

૨ ॥ વિષય કષાય પ્રમાદથી રે, રઝળે જીવ સંસાર ॥ વૃત પચ્ચખ્ખાણ વિના મુધા રે, એળે કરે અવતાર રે ॥ ॥ પ્રાણી૦ ॥ ૩ ॥ પ્રતિદિન તપ નવ કરી શકો રે, પર્વ કરીએ સુજાણ ॥ નિજ શક્તિ અનુસારથી રે, વૃત નિયમાદિ પ્રમાણ રે ॥ પ્રાણી૦ ॥ ૪ ॥ આયુનો બંધ પરભવતણો રે, તિથિ દિવસ હોય પ્રાય ॥ તેથી તિથિ આરાધતાં રે, પ્રાણીઓ સદ્ગતિ જાય રે ॥ પ્રાણી૦ ॥ ૫ ॥ તે સમે અષ્ટમી ફળ વિશે રે, પુછે ગોયમ સ્વામ ॥ ભવિક પ્રબોધક કારણે રે, ભાખે શ્રી વીર તામ રે ॥ પ્રાણી૦ ॥ ૬ ॥ અષ્ટ મહા-સિદ્ધિ એહથી રે, આઠ સંપદા હોય ॥ બુદ્ધિના અડ ગણ સંપજે રે, અડ દૃષ્ટિ ફળ જોય રે ॥ પ્રાણી૦ ॥ ૭ ॥ પ્રવચન અડ ફળ એહથી રે, લાભ અષ્ટ પ્રતિહાર ॥ આઠ કરમ ચકચુર હુવે રે, અષ્ટમી તપ ફળાધાર રે ॥ પ્રાણી૦ ॥ ૮ ॥ જન્મ દીક્ષા આદિનાથની રે, અજીતનું જન્મ કલ્યાણ ॥ ચ્યવન તિથિ સંભવતણી રે, અભિનંદન નિવારણ રે ॥ પ્રાણી૦ ॥ ૯ ॥ સુમતિ સુવ્રત નમિ જનમીયા રે, નેમ એ તિથિ નિરવાણ ॥ પાર્શ્વ જિનેશ્વર એ તિથિ રે, પામ્યા મુક્તિ નિદાન રે ॥ પ્રાણી૦ ॥ ૧૦ ॥ એ તિથિ આરાધી વર્યો રે, દંડવીરજ ભુપ મુક્તિ ॥ કઠણ કરમ હણવા કહી રે, અષ્ટમી શ્રુત નિરયુક્તિ રે ॥ પ્રાણી૦ ॥ ૧૧ ॥ અતિત અનાગત કાળના રે, જિનનાં બહુ કલ્યાણ ॥ એહ તિથિ બહુ સંજમી રે, પામશે પદ નિરવાણ રે ॥ પ્રાણી૦ ॥૧૨॥ ધર્મવાસીત પશુ પંખીયા રે, એ તિથિ કરે ઉપવાસ ॥

વૃતધારી પોસો કરે રે, જેહને ધર્મ અભ્યાસ રે ।। પ્રાણી૦ ।। ૧૩ ।। એહ તિથિ આરાધતાં રે, સુખ સંપતિનો ન પાર ।। આરાધો તિથિ અષ્ટમી રે, ભ્રાતૃચંદ્રસૂરિ સાર રે ।।પ્રાણી૦ ।। ૧૪ ।। ઇતિ ।।

અથ એકાદશીની સજ્ઝાય.

પુર દ્વારિકાં રે નેમીજિણુંદ સમોસર્યા,
દેવરચિત રે સમવસરણમાં અલંકર્યા;
બાર પ્રખદા રે સુરપતિ નરપતિ સૌ મલ્યા,
નમી કેશવ રે કહે મુજ મન મનોરથ ફલ્યા.

(ઝુલ.)-દે દેશના જિનરાજ અંતે કાન નમી પુછે યથા,
મુજ શિર સમરથ છતાં સાહિબ કર્મ શું કરશે વ્યથા;
ચરણ ધર્મ અશક્ત છું, વળી રક્ત અતિશય પરિચહે,
ઉપાય કોક બતાવ પ્રભુ મમ સહેજ કર્મ ઇંધન દહે. ।।૧।।

(ઢાળ.)-પ્રભુ ભાખે રે માગશર શુદ એકાદશી,
સાર્ધ એકશત રે કલ્યાણુક તિથિ ઉલ્લશી;
દશ ક્ષેત્રે રે પાંચ પાંચ ત્રણ કાળના,
નેવું જિનના રે કલ્યાણુક ગુણ માળના.

(ઝુલ.)-અરનાથ દીક્ષા નાણ નમી જિન મલ્લી જન્મ દીખ કેવળી,
આ વર્તમાન ચોવીશી મધ્યે જિન કલ્યાણુક આ વળી;
રહી મૌન કરી ઉપવાસ માલા દોઢસો ગુણુંણું ગણે,
સુવ્રત સમ દ્રઢ કાય મન વચ કર્મ રિપુદળને હણે. ।।૨।।

(ઢાળ.)–સુણ માધવ રે સુવ્રતશેઠ પોષધ કરે,
તવ તસ્કર રે ચોરી કરવા સંચરે;
શાશનદેવે રે ચોરને સ્તંભાવ્યા તદા,
રાય દંડે રે શેઠે છોડાવ્યા મુદા.

(ઝુલ.)–એક દિન પૌષધશાળમાં પોસહ કરી બેઠા જદા,
પુર પાવકે પ્રજલ્યું બધું પણ શેઠવું ન દહ્યું તદા;
તપ પારણું કરી શેઠ ઉજમાણું કરે અતિ આદરે,
રાજા પ્રજા તપની પ્રશંશા શેઠની સ્તુતિ ઉચ્ચરે. ॥૩॥

(ઢાળ.)–લેઈ દીક્ષા રે જ્ઞાની શિક્ષા મન વશી,
તપ તપીયા રે બહુ વિધ મૌન એકાદશી;
લેઈ કેવળ રે શિવવધુ વરીયા ઉલ્લસી,
કહે જદુપતિ રે કાન આરાધો એકાદશી.

(ઝુલ.)–અગીઆર અંગ લખાવીએ અગીઆર પાઠા કીજીએ,
જ્ઞાન દર્શન ચરણ સાધન પુણ્ય અમૃત પીજીએ,
ચર્વળા મુહપતિ નોકારવાળી પુજણી ઠવણી વળી,
થાપના અગીઆર આદિક સર્વ શુભ વસ્તુ મળી. ॥૪॥

(ઢાળ.)–એમ તપ વિધિ રે ઉજમણાની જે કહી,
તે રીતે રે કરીએ પોષધવૃત ગ્રહી;
માસ અગીઆર રે જઘન્ય એ તિથિ આરાહશી,
વરસ અગીઆર રે ઉત્કૃષ્ટિ જીવીત એકાદશી.

(ઝુલ.)–જગનાથ કહે કેશવ પ્રત્યે આરાધ્ય તું એકાદશી,
મન વચન કાયા યેાગથી કર નિર્મળું સમકિત કશી;
તું થઈશ ભાવી બારમેા જિન પર્વ આરાધી ભલેા,
સુણી વચન જિનના મેાદ વાસુદેવ પામ્યેા નિર્મળેા ॥૫॥

(ઢાળ.)–જગબાંધવ રે તરણ તારણ પ્રભુ તું વડેા
શરણાંગત રે કેાણ કરે પામર ધડેા;
ધન્ય નગરી રે જ્યાં જિનવર તમે અવતર્યા,
પિતુ માતા રે ધન્ય ધરણી જ્યાં પદ ધર્યા.

(ઝુલ).–કરી અંજલી શીર નમિ જિનને કૃષ્ણ નિજ ઘર સંચર્યા,
પાવન કરે પ્રભુ ચરણકજથી પુણ્ય ભુમિમાં પરવર્યા;
એમ ત્રિજગ નાયક મુક્તિદાયક નેમ જિન બાવીસમેા,
એકાદશીનેા કથિત મહિમા 'શ્રી' ભ્રાતૃચંદ્રસૂરિ મનરમ્યેા.૬

સંસારના સ્વરૂપની સજ્ઝાય.

(મેરી અરજી ઉપર પ્રભુ ધ્યાન ધરેા—એ રાગ.)

શાણા સંસાર છે દુઃખનેા ભંડાર, એમ ભાખે શ્રીજિનવર જગદાધાર;
રાગદ્વેષને મેાહ એ ત્રણ, ચેારટા જેમાં વસે,
આત્મગુણના ઘાતકેા, પ્રમાદપંચે નવી ખશે,
જીવની શુદ્ધિ બુદ્ધિ ગુણના હરનાર. શાણા૦ ૧

આધિ વ્યાધિ ઉપાધિથી ભરપૂર આ સંસાર છે,
અનિષ્ટનેા સંયેાગ ઈષ્ટ–વિયેાગનેા કરનાર છે;
જીવને જન્મ જરા મૃત્યુનેા દેનાર. શાણા૦ ૨

વિષય સુખ મધુ બિંદુ ઓપમ, દુઃખનો નહિ પાર છે,
વિષાયાંધ મૂઢ રજોગુણી નર, હોય તે ફસનાર છે;
તેમાં રાચે નહિ સત્વગુણ ધરનાર. શાણા૦ ૩

માતપિતા સુત બન્ધવોના, અનન્ત સંબન્ધો કર્યા,
સંસારમાં ભમતાથકાં પણ. ધર્મ વચનો નવિ ધર્યા;
જેથી જીવ પામ્યો દુઃખ અપરંપાર. શાણા૦ ૪

અસાર આ સંસારમાં પણ, જીવ સુખની ભ્રાંતિ ધરે,
બાલ લાલા નિજ અંગુઠે, સ્તનની બુદ્ધિ જેમ કરે;
તેમાં સુખ નહિ લેશ મૂઢ ફસનાર. શાણા૦ ૫

વિષય વાસના વિષે વાસિત, અંતઃકરણ જેનું રહે,
વિવેક વિદ્યા વિરતિ વર્જિત, ભવોભવ દુઃખ તે લહે;
ગાઢ અજ્ઞાની જીવ તેમાં વસનાર. શાણા૦ ૬

સ્વારથીઓ સંબન્ધ જેમાં, પ્રત્યક્ષ નજરે થાય છે,
સ્વાર્થવિણ સંસારમાં તો, મિત્ર શત્રુ ગણાય છે,
તેમાં રાચે માચે અવિવેકી નરનાર. શાણા૦ ૭

સ્વ સ્વાર્થે રાણી ચુલ્લણીએ, મારવા ઉદ્યમ કર્યો,
નિજપુત્ર ચકી બ્રહ્મદત્તને, લાખના ઘરમાં ધર્યો;
એવા સંબન્ધ જેહના છે નિરધાર. શાણા૦ ૮

આત્મ ધર્મ વિનાશકારી, મોહરાયને પરિહરો,
વિઘ્નકર્તા ધર્મ કાર્યે, કાઠિયા તેર દૂર કરો;
સેવો સમ્યક સંયમ સુખ કરનાર. શાણા૦ ૯

આશક્ત થઈ સંસારમાંને, ધર્મ ધ્યાન ધર્યો નહી,
ઉત્તમ નર ભવ પૂર્વ પુણ્યે, પામીને હાર્યો સહી;
આવી સામગ્રી નહિ મલે વારંવાર. શાણા૦ ૧૦

જે મોહમાં મુંઝાઈ ને, પરમાર્થને નહિ જાણશે,
તે જીવ આ સંસાર કારા-ગારમાં દુઃખ પામશે;
તેથી પુણ્યશાળી તમે કરજો વિચાર. શાણા૦ ૧૧

ઉત્તમ નરભવ જન્મ પામી, શ્રીજિન આણ આરાધજો,
શુદ્ધ ભાવે દાન શીલ તપ, સંયમ ધર્મને સાધજો;
જેથી છૂટે આ દુઃખદાયી સંસાર. શાણા૦ ૧૨

શ્રીપાર્શ્વચન્દ્રસૂરીંદ્ર સદ્‌ગુરુ, સહજરાજેશ્વર ભજો,
ઉત્તમ નર ભવ જીંદગીને, જૈન ધર્મ ભવ ભવ સજો;
થજો સંસાર સાગર સુખે તરનાર. શાણા૦ ૧૩

જીવને શિખામણની સજ્ઝાય

(ચેતના રાણીરે રાયજીને વીનવે-એ દેશી.)

આતમ ચિન્તારે કરજે જીવડા, ઉત્તમ નરભવ પાય;
ધર્મની કરણીરે મન ધરજે સદા, એ છે મોક્ષ ઉપાય. આ૦ ૧

અનાદિકાલથી ભવ અટવી રુલ્યો, દુઃખ સહ્યા રે અનન્ત;
નરક નિગોદેરે જીવ તેં એકલે, કહે જ્ઞાની ગુરુ સન્ત. આ૦ ૨

અવસર પામીરે ધર્મની ચિન્તના, કરજે મન વચ કાંય;
દોષ રહિતનેરે દેવ તું માનજે, શુદ્ધ ભાખક ગુરુરાય. આ૦ ૩

કરુણા જયણામય જે જિને કહ્યું, ધર્મ તત્વ તેહિ ધાર;
સાચી શ્રદ્ધારે ચિત્તમાં રાખજે, જેમ પામો ભવપાર. આ૦ ૪

અસંખ્ય પ્રદેસીરે આતમ દ્રવ્ય છે, જ્ઞાનસ્વરૂપીરે જેહ;
સુખ દુઃખ કર્તારે ભોક્તા કર્મનો, કર્મનો હરતારે તેહ. આ૦ ૫

પરહિત ચિન્તારે મૈત્રી ભાવના, ભાવજે હૃદય મઝાર;
પર સુખે પ્રીતિરે ધરવી પ્રેમથી, પ્રમોદ ભાવના સાર. આ૦ ૬

કરુણા પર દુઃખ છેદન જે ઈચ્છા, તે ધરજે સુખકાર;
પરના દોષમાં ઉદાસીનતા, મધ્યસ્થ ભાવ ઉદાર. આ૦ ૭

ભાવના ચાર એ પ્રતિદિન ભાવવી પરિહર મોહ જંજાલ;
ગર્હા નિન્દારે કર સ્વદોષની, આતમ ગુણ અજવાલ. આ૦ ૮

શુદ્ધ ઉપયોગેરે આતમ ભાવમાં, રમણતા કરજે સદાય;
પરિહર પરપરિણતિ પરભાવની, જન્મ કૃતારથ થાય. આ૦ ૯

એમ જે આતમ ભાવના ભાવસે, શ્રીપાર્શ્વચન્દ્રસૂરિ સાર;
સહજ રાજેશ્વર ભવસાગર તરી, શિવસુખ લહે નિરધાર. આ૦ ૧૦

મનને શીખામણની સજ્ઝાય

મેં કયા કરૂં મન થિર નહિં રેતા, અધર ફીરે મન મેરારે મેં કયાં યહ મનકું બેર બેર સમજાયા, સમજ સમજ મન મેરારે. મેં કયા. ૧. બેઠ કહું તો મન ઉઠ ચલત હે, મન દોરે મન ધીરારે, પાઉ પલક મન થિર નહિ રહેતા. કુણપતિ આરા મન તેરારે, મેં ક કયા. ૨. કુડ કપટ મહા વિષ ભરીયેા, પર નારી સંગ હેરારે; ભવનો

ભવ જીવ હાલ ભટકતો, ફોગટ ફેરા ફરીયોરે. મેં કચા. ૩. કુટુંબ કબીલા માલ ખજાના, ઇસમેં નહિં કછુ તેરારે, સાંજ ભઈ જબ ઉઠ ચલેંગે, જંગલ હોયગા ડેરારે, મેં કચા. ૪. કહત આનંદ ઘન મન સમજાયા, મન કાયર મન શૂરારે; મનકા ખેલ અજરકા પ્યાલા, પીવેસો પીવણ હારારે મેં કચા. ૫.

શિક્ષામણની સજ્ઝાય

ચોવીસ જીન પ્રણમી કરી, સુગુરૂ તણે સુપસાયજી; સજ્ઝાય કહુંરે સોહામણી, ભણતાં ગુણતાં સુખ થાયજી. સુણજોરે સાજન શી ખડી૦ ૧. સુદેવ સુગુરૂ સુધર્મની; પરિક્ષાન કરી લગારજી, દૃષ્ટિ રાગે મોહી રહ્યો, તેણે રૂલ્યો સંસારજી. સુણજો૦ ૨. લાખ ચોરાશી ચોનિમાં, ભમ્યો કાલ અનંતજી; જન્મ મરણ દુઃખ ભોગવ્યાં, તે જાણે ભગવંતજી. સુણજો૦ ૩. મનુષ્ય જન્મ પામી કરી; પાપ કુટુંબ શું ધરી પ્રીતજી; ધર્મ કુટુંબ નવિ ઓલખ્યું, કામ કર્યા વિપરીતજી. સુણજો૦ ૪. પાપનું મુળ તે ક્રોધ છે, પાપનો બાપ તે લોભજી; માતા હિંસારે પાપની પુત્ર લાલચ અશુભજી. સુણજો૦ ૫. કુબુદ્ધિ પાપની સ્ત્રી છે, પાપની બેન તે રીસજી; જુઠભાઇ તે પાપનો; પુત્રી તૃષ્ણા તે કૃશજી. સુણજોરે૦ ૬. પાપી કુટુંબને પરિહરી; ધર્મ કુટુંબશું ધરો નેહજી; નામ બતાવુંરે તેહના; જેહથી લઈએ ભવ છેહજી. સુણજોરે૦ ૭. ધર્મનું મુળ તે ક્ષમા છે, બાપ

નિર્લોભતા જાણજી; માતા દયા તે ધર્મની, પુત્ર સંતોષ સુજાણજી સુણજોરે૦ ૮. ધર્મની સ્ત્રી તે સંજમ છે, પુત્રી સમતા શું રાચજી; સુબુદ્ધિ બેન તે ધર્મની; ધર્મનો ભાઇ તે સાચજી. સુણજોરે૦ ૯. પાંચ ઇંદ્રિય જે વશ કરે; જગમાં તેહિજ શુરજી; પર ઉપગાર કરે તે ધનવંત, કુલક્ષણ ન સેવે તે ચતુરજી. સુણજોરે૦ ૧૦. ધર્મવ્રત આદરીને જે પાળે, જ્ઞાની તેહ કહાયજી; પદ્મવિજય સુપસાયથી; જીત નમે તેહના પાયજી. સુણજોરે સાજન શીખડી૦ ૧૧

નિદ્રાની સજ્ઝાય

અરસ પરસ ફલ ફુલડાંરે બાઇ, વિચે વિચે ઠરીરે ખજુર; ઘેર બેઠાં તુમે કાંઈ કરોરે બાઇ; ધો સમકિતની નીવ; નિંદ્રા તુને વેચશુંરે બાઇ; જો કોઈ ગ્રાહક હોય૦ ૧. પ્હો ફાટી પડઘો હુઓરે બાઇ, સુતા આવેરે નિંદ; મુનિવર આવી પાછા ગયારે બાઇ, નહિ દરીસણનો જોગ નિંદ્રા૦ ૨. વ્રત નહિ નહિ આખડીરે બાઇ; નવિ સમરો નવકાર; સુના તે ઘરના પ્રાહુણારે બાઇ, જ્યું આવ્યા યું જાય. નિંદ્રા૦ ૩. તેજી છુટચા શહેરમાંરે બાઇ, કીશીપે પડચોરે પોકાર; દરવાજા જડીયા થકારે બાઇ, નીકળી ગયા અસવાર નિંદ્રા૦ ૪. ઉગ્યાસો તો આઠમશેરે બાઇ, કુલ્યા સોતો કરમાય; જાયા સોતો જાયસેરે બાઇ, સોચ કરે બલાય. નિંદ્રા૦ ૫. જે ઘર નોબત વાગતીરે બાઇ, જે ઘર ધુરેરે નિશાણ; તે મંદીર સુના પડ્યારે બાઇ, ચુંટણ લાગ્યા કાગ નિંદ્રા૦ ૬.

શેર શેર સોનું પેરતીરે બાઇ, મોતીરે તપેરે લલાટ; એ સમય તો વહી ગયારે બાઈ, ઘરઘરની પાનિયાર. નિંદ્રા૦ ૭. દાન શીયલ તપ ભાવનારે બાઈ, શિવપુર મારગ ચાર; કર્મ ખપી વી મુગતે ગયારે બાઇ, ત્યાં વર્ત્યો જય જયકાર. નિંદ્રા૦ ૮. રામવિજય રંગે ભણેરે બાઇ, જેણે લીધો શીવપુર વાસ; રાજરિદ્ધિ ધન સંપદારે બાઇ; જેણે તજ્યા તેને જયજયકાર૦ નિંદ્રા૦ ૯.

રાવણને શિખામની સજ્ઝાય

સીતા હરી રાવણ ઘર આણી, બોલે મંદોદરી વાણી; અવર સતી જગ એહ સમાણી, નવિ દીઠી નવિ જાણીરે. રાવણ રામ ધરણી કાંઆણી, એમ તુજ મતિકાં મુઝાણીરે; રાવણ સીતા કાંધર આણી. સીતા આણે થાશે ફજેતી, રહેશે જુગજુગ વાણીરે. રાવણ રામ ધરણી કાં આણી૦ ૧. સમકિત શુદ્ધ શીયળ ગુણ ખાણી, સિદ્ધ સમા મુખ વાણી સકલ સતિ શિર મુકુટ કહાણી, દોહિલી એ દુહ વાણીરે.

રાવણ સીતા ૨

દશરથ નંદનની પટરાણી; માને ઈન્દ્ર ઈન્દ્રાણી; લંકાપતિ મુકો ઉતાવળ; એહ શું કરો મહેરબાની રે. રાવણ સીતા. ૩. પરદારા શું પ્રીત પુરાણી; કરતાં નરહેપાણી; દુર્ગતિ આપે એહ કમાણી; બોલ્યા કેવળ નાણી રે. રાવણ સીતા. ૪. શિયળ ગુણે સુરલોકે ગવાણી, સમરે છે સુર

વિમાની; એહતણા ગુણ સુત્ર સિદ્ધાંતે, કહેા કિમ એહ હરાણી રે. રાવણ-સીતા. ૫ પાપ પરંપર પિયુ શિળ આણી, રાધા વેધ વરાણી; પ્રતિવ્રતા વ્રત રંગે રંગાણી, કીમ તરીયે નાવ કાણી રે. રાવણ સીતા. ૬. તું છે પુરાણ પુરુષ પ્રમાણી; હું તુચ્છ મતિ તેાલાણી; પર રમણી લંપટ નહિં નિર્વાણી, કીર્તી કમલા હેલાણી રે. રાવણ સીતા. ૭. કંથ કહેા કુણ કુમતિ ઉપાઈ, સતી સીતાન પીછાણી; અથવા જે વિધિ લખીય લખાણી; તેહ કુણ ટાળે પ્રાણી રે. રાવણ સીતા. ૮ અટ્ઠોતેર શેા શેાકેા વરાણી, એહ સમ કેાઈ નવિ જાણી; અમ આવે દુર્ગતિ ઉજાણી, એહ કેાઇ નવિ પીછાણી રે. રાવણ સીતા. ૯. શીયલ સબ ગુણ ગ્રંથ કહેવાણી; એહ વર ઉત્તમ વાણી; જાએા નિજ ઠામે મેલાણી, મીઠી સાકર ખાણી રે. રાવણ સીતા. ૧૦. તું છે ન્યાયી વિભિષણભાઈ, જળનિધિ ખાઈ ભરણી, ધર્મ સખાઈ આ ઠકુરાઈ; કાં હુરે અભિમાની રે. રાવણ સીતા. ૧૧. ઠાર ભરાઈ જ્યેાતિન થાઇ; શું કુંકે ઓલવાણી; અંગ સુકેામળ રામ વિયેાગે, પેાયણિ જીમ કરમાણી રે. રાવણ સીતા. ૧૨. આરાધેા પરમારથ સાધેા, એહ કમલા બ્રહ્માણી; વિનય કરીને વિઘ્ન ઓલાવેા, જીમ હેાય કુશલ કલ્યાણી રે. રાવણ સીતા. ૧૩. રાવણ કંથ કહે સુણ કામિની; મુજ મન એહ ન સુહાણી; કહેા કિમ હારૂં બલ છે મારૂં, પરદલ દેખી દરાણી રે. રાવણ સીતા. ૧૪. સતિય સીતાની નિરતન જાણી, કિમ લાભે સુપરાણી; રામ લક્ષ્મણ છે મહા

ળિયા; સઘળી ગેાત ગેાતાણી રે. રાવણ સીતા. ૧૫. રાવણ જીતી જગત વદીત્રી; સાગર પાજ બંધાણી; રામે ઘેર આણી ધણીયાણી; વિધ્યા ચંદ્ર વખાણી રેઃ રાવણ સીતા. ૧૬.

સંપૂર્ણ

સમકીત ઉપર શ્રેણીક રાજાની સજ્ઝાય

દુહેા

શ્રેણીકને સમકીત નહિં, તેહ સમેરી વાત; શ્રેાતા સુણજો કાન દઈ, સ્થિર કરી મન વચન કાય. ૧. રાજગ્રહી નયરી ભલી; શ્રેણીક તિહાં રાજન; રાણી તેહની ચેલણા, સકલ ગુણની ખાણ. ૨.

(ઢાળ ૧ આ છે લાલની દેશી)

રાણી ચીત મજાર; કરે અનેક વિચાર; આછે લાલ; રાજા સમકિત કિમ લહેજી. ૧. રાજા ચિત્ત મિથ્યાત; કરે અધિકી વાત; આછે લાલ. એક દિન રાણીને કહેજી. ૨. આજે ગયેા ગુરૂ પાસ; ઉપન્યેા કેવળ જ્ઞાન; આછે લાલ. માત પિતા સ્વર્ગે ગયાજી૦ ૩. તારા તાતનેા તાત, વળી ચેડાની માત; આછે લાલ. ઇણ હિજ વન હિરણાં થયાજી. ૪. રાણી કહે એ વાત, સાચી હેાશે નાથ; આછે લાલ. કેવળી દેખવાં જાવસુંજી૦ ૫. વંદવા ગયા હેાય સાથ; પુછી સઘળી વાત; આછે લાલ. નેાતરૂ દઈ ઘેર આવીયાજી૦ ૬.

તાપસ સહુ પરિવાર, આવંતો હર્ષ અપાર. આછે લાલ. રાણીને સમજાવશું૦ ૭. રાણી દાસીને કહે આય, મોજડી તાપસની લાય, આછે લાલ. ખીર બનાવો ઉમદા૦ ૮. તાપસ સહુ પરિવાર; જીમતો હર્ષ અપાર; આછે લાલ. રાણીના ગુણ ઉચ્ચરે૦ ૯. જમીને ચાલ્યા જાય, ગુરૂ કહો કહે રાય; આછે લાલ. આજે દહાડો નહિ ભલો૦ ૧૦. મોટો તાપસ તિણ ઠાય મોજડી જોવે વારંવાર આછેલાલ, રાજામન પડી૦ ૧૧. રાણીને પુછેરાય; મોજડી કિણ વિધ જાય; આછે રાણી કહે એ કેવળી૦ ૧૨. શરમાણો તિહાં રાય, ધર્મ તાપસનો જાય; આછે લાલ જીવ લઈ કોળે પડ્યા૦ ૧૩. થારો મેલો ધર્મ, ભુંડા જેહના ભર્મ; આછે લાલ. રાણી તેં એ કેમ ધારીયો૦ ૧૪. રાણી ભાખે તામ; ઇમ મત બોલો સ્વામ; આછે લાલ કર્મ બંધન છે આકરો૦ ૧૫. તારો ધર્મ છે જેહ; બોધ કહાવે તેહ; આછે લાલ ભક્ષણ કરે હાથી તણો૦ ૧૬. એહવા ગુરૂ તુમ રાય, જેહને સાથે થાય; આછે લાલ તે કેમ તરશે બાપડા૦ ૧૭. રાજા ભાષે એમ, નહિં થારા ગુરૂને નેમ; આછે લાલ પરનારીને ભોગવે૦ ૧૮. અવસરે દેશું બતાય, અભક્ષતે નિત પ્રતિ ખાય; આછે લાલ રાણી કહે તે મારા નહિ૦ ૧૯. છલ દેખે નિત્ય રાય, જૈન મુનિ કોઈ આય; આછે લાલ. લાજ ગુમાવું તેહની૦ ૨૦. નવિ દેખે કોઈ ગુજ, રાજા થયો અબુજ; આછે લાલ એક દિન રમવા નિસર્યો૦ ૨૧. વનમાં મંદિર એક, કાઉસગ્ગ રહ્યા મુનિ દેખ, આછે લાલ

વેસ્યા આણી તીણ સમેજી૦ ૨૨. ઘાલી મંદિર માંહિ, દીધો તાળું ત્યાંહિ; આછે લાલ રાજા આવાસે ગયોજી૦ ૨૩. કાઉસગ્ગ પાળી મુનનિ રાય; જાણ્યો સર્વ અભિપ્રાય; આછે લાલ જૈનતણી હાંસી હુ શેજી૦ ૨૪. અવસર આવ્યા કપટ, મુનિ કરે વેષ પલટ; આછે લાલ. સર્વ કુશલ થૈતાં બરાજી૦ ૨૫.

દુહો

મુનિવર મનમાં ચિંતવે, જાળ ગુંથી રાય;
લબ્ધિ ઈહાં નહિં ફોડસું, ધર્મની હાણી થાય. ૧

ઢાળ ૨ દેશી ચોપાઈની

લબ્ધિ ફોડ મુનિ કીયો વિસ્તાર, અગ્નિ લગાઈ તેણી વાર; ભભૂત બનાઈ ચોળી અંગ, બન બેઠો બાવો નિર્ધિંગ. ૧. શિંગી જટા બનાઈ મજબુત બન બેઠો બાવો અવધૂત; સિંદુર ટીકી અંખિયા બીલ બિછાય બેઠો ચિત્રવી છાલ. ૨. હાથ કમંડલ પગે પાવડી; લેલી જટા બનાઈ બેવડી, રૂદ્રાક્ષની માળા લોહનો કડો, આગળ લઈ બેઠો લાખનો ઘડો. ૩. મુજ કંદોરો કાષ્ટ લંગોટ, વળી બનાવ્યા ભભુતના ગોટ; વિજયા કુંડી નેત્રિદંડીઓ, લોહ તણો કીયો ચીપીયો. ૪. વલકલ ચીરીની વીંટી છાલ, બિછાઈ બેઠો ચિત્રકની બાલ; ધગ ધગ ધુણી ધખાઈ તામ, ચલમ તમાકુ મેળ્યા ઠામ. ૫, અડગ હો જબ માંડયો જાપ, અલખ જગાવી બોલ્યા આપ; મુજથી બેલગી રહેજે નાર,

રખે ભસ્મ હોવે તારી છાર. ૬. થરથર ધ્રુજી વેસ્યા નાર,
કઠિન ફંદ મુજ લાગ્યો લાર; જો હવે નિકલું દહેરા બાર,
તો હું આઈ નવે અવતાર. ૭. રાજા રાણીને બોલાવીયો, તારા
ગુરૂના ચરિત્ર જુઓ; વેસ્યા ઘાલી મંદીર માંહિ, પ્રત્યક્ષ
દેખો જઈને ત્યાંહિ. ૮. રાણી બોલી રાજાને ઠાય, થારા
ગુરૂ હોશે મહારાજ; મારા ગુરૂની પુરી પ્રતીત, ધર્મ તણી
એ રાખે રીત. ૯. રાજાએ ઢઢેરો ફેરીઓ, લોક બહુ
જોવાને મિલ્યો; રાજા રાણી હર્ષ અપાર; જાઈ ખોલ્યાં
દહેરાના બાર. ૧૦. અલખ જગાવી નીકળ્યા બાર, ધક્કે
જોગીને લારે વેસ્યા નાર; રાજેજી હાકો બાકો થયો,
કઠીને પેઠોને કઠીને ગયો. ૧૧. રાણી રાજાને બોલી હસી,
તારા ગુરૂની વાતજ ઈસી; ઈસ્યા ગુરૂ તારા મહારાજ,
પરનારી શું કરે અકાજ, ૧૨. રાજાએ મુખ નીચો ઘાલીયો,
રાણીએ સમકિત સન્મુખ કીયો; ધન ધન હો મોટા મુનિરાજ,
ધર્મતણી તેં રાખી લાજ. ૧૩. એક દિવસ રાજા વનમાં
જાય, મુનિઅનાથી દેખ્યા તિણ ઠાય; પુછી વૃતાંતને જાણ્યો
ધર્મ, મિથ્યાત્વતણો તિહાં ભાંગ્યો મર્મ. ૧૪.
સમકિત પામ્યા તેહની પાસ; ઉતરા ધ્યાને જોડો શ્વાસ;
પંચ પ્રકારે કુગુરૂ વળી, અવંદનિક ભાખ્યાં કેવળી૦ ૧૫.
સુણી વાત સમકિત દઢ કરે, તો તે નિશ્ચે શીવપદ વરે,
વરણુજીદઢી એ છે વાણ, ધન્ય ધન્ય પ્રાણી તે ગુણ ખાણ
૧૬. રૂચિ પ્રમોદે સમકિત લહે; કિર્તીવિજય સમ
શોભા કહે; સર્વ ધર્મમાં સમકિત સાર નીશ્ચે પાખે મોક્ષદ્વાર.

ઢાળ ૧૭

મોહ મિથ્યાત્વની સજ્ઝાય

મોહ મિથ્યાત્વની નિંદમાં, સુતો કાલ અનંત, માજી મોરી. પરમાધામીને વસ પડયો, પામ્યો દુઃખ અનંત. માજી મોરી. ૧. કરણીતો કરશું ચિત્ત નિરમલી. રાગતણા રસીયા હુંતા, સુણ સુણ કરતા તાન; માજી મોરી ધર્મ કથા નવિ સાંભલી, કાપે તેહના કાન. માજી૦ ૨. પરનારીના રૂપનો, વિષય વખાણ્યો જોય, માજી દેવગુરૂ નીરખ્યા નહિં તેને આંખો કાઢે દોય; માજી. કરણી. ૩. અગની ધખંતી સુતળી, ચાંપે હૃદય મઝાર; માડી. પરનારીના સંગથી, પામ્યો દુઃખ અપાર. માજી. કરણી. ૪. સુરભી ગંધ સુંઘ્યા ઘણા, ગુથ્યા કુલ ફરાક, માડી. અંતર કુલેલ પડાવીયા; કાપે તેહના કાન. માજી. કરણી. ૫. જૂઠ વચન બોલ્યા ઘણું, કુડ કપટની ખાણ; માજી. પરમા ધામી તેહની, જીભ કાઢે જડતણુ. માજી. કરણી. ૬. ગાડે વહેલે બેસીને, બળદ દોડાવે વાટ; માજી. લોહમાં ધુંસરો ધખાવીને, લોઈ દોડાવે ઘાટ. માજી. કરણી. ૭. રસ્તે લુંટયાં રાંકને, કરી કરી કીધ અન્યાય; માજી. માંકણ મારે તેહને પીલે ઘાંણી માંહે. માડી. કરણી. ૮. કાચાં કુલાં ફલ ભખ્યાં, ગાજર મૂલા કંદ; માજી. ઉંધે મસ્તકે ઉપન્યો, પિડાયો કરે આક્રંદ. માજી. કરણી. ૯. વનસ્પતિ છેદન કરી, કાપ્યા તરૂ વનરાય; માજી. સુડણ નિડણ કીધાં ઘણાં, કાપે

તેહની કાય. માજી. કરણી. ૧૦. ટાંકા જવારા વાવીને, કુલા શેજ બિછાય; માડી. સુખ ભોગવિયા તેહને, કાંટા ચાંપે કાય. માજી. કરણી. ૧૧. કુલો કલીયાં કુલની; તોડી ગુંથ્યા હાર; માજી. સામલી વૃક્ષે બાંધીને, દીએ કોરડાનો માર. માજી. કરણી. ૧૨. વચન ચુકયા નર જે હતા, કુડા કપટી જેહ. માજી; પકડી પછાડે પર્વતથી, ખંડોખંડ કરતા દેહ. માજી. કરણી. ૧૩ ઘરમાં કલેશ કરાવતી, કાથા કળલી નાર; માજી. પરમા ધામી તેહને, મુખમાં ભરે રે અંગાર. માજી. કરણી. ૧૪. કુહાડે કરીને છેદીયાં, લીલાં મોટાં ઝાડ; માજી. પરમા ધામી તેહને, છેદે મસ્ત ફાડ. માજી. કરણી. ૧૫. કોશ કોદાલા પાવડા; પૃથ્વી વિદારણ જેહ; માજી. માગ્યાં જે કોઈ આપશે, પામશે દુઃખ અછેદ. માજી. કરણી. ૧૬. પૂજ્ય કહીને પૂજાવતાં, કરતાં અનરથ મૂલ; માજી. કામિની ગર્ભ ગલાવતા. તેને પરોવી દીધાં ત્રીશુલ. માજી. ૧૭. કરી અંગીઠી અગ્નિની; ચલમ ભરે ચકડોલ માજી; ગાંજા તંબાકુ જે પીએ, તે તો ગયા નરકની પોળ. માજી. કરણી. ૧૮. જે ઘર રમતા હોલીએ; હસતાં પાણી ઢોલ; માજી. પરમા ધામિ તેહની, ઘણી ઉડાડે રોલ. માજી. કરણી. ૧૯. તાતુ તરવું ઉકાળીને, કરી કરી ક્રોધ અપાર; માજી. પીચકારી ભરીને છાંટતાં, ઉપર નાંખે ખાર. માજી. કરણી. ૨૦. ઘણા હોકા પીવતાં, અગનિ જલાદિક જીવ; માજી. તાતુ લોહ તપાવીને, મુખ ચાંપે કરે રીવ. માજી. કરણી. ૨૧. પાપ કરમથી ઉપન્યો, કુડા, વિપાક માંહે;

માજી. ઉપર ચુંટે કાગડા, માંહે કીડા ખાય. માજી. કરણી. ૨૨. માનવનો ભવ પામીને, હવે જાવું નહિ હાર; માજી. નિરંતર દર્શન જીન ધર્મનો, લેશે તે પામે ભવ પાર. માજી. ૨૩.

શ્રી જંબુ સ્વામિની સજ્ઝાય

બોધ સુણી સુધર્મા સ્વામીનો રે, જંબુ કહે રજા દો માય. કુંવરજી કેમ કરી સહેસો ચેાગને રે. ટેક ૧. સંયમ સોહેલું છે નહિ રે, કંચન કાયા જશે કરમાઈ. કુંવરજી. ૨. પંચ મહા વ્રત છે મેરૂ તુલ્યના રે, જાણો ખાંડા કેરી ધાર. કુંવરજી. ૩. બાવીશ પરિસહ છે અતિ આકારા રે, ખમશો કેમ કરી કુમાર. કુંવરજી. ૪. સુશોભિત શ્યામ વર્ણના કેશને રે, ચુંટવા ભાજી પાલાની જેમ. કુંવરજી. ૫. તિહાં નથી ગાડી કે ગાલ મસુરીયા રે; નથી કંઈ હેમ હિંડોળા ખાટ. કુંવરજી. ૬. માનો કહેવું કુમાર આ માહરૂ રે, ઘડાશે પછે ત્યાં અવરાધાર. કુંવરજી. ૭. થાશે પાછળથી તને ઓરતો રે, કીધો મેઘ કુમારરે જેમ. કુંવરજી. ૮. ઘર ઘર ભીક્ષા માગવી દોહિલી રે, દોહિલી શરમ તજવી ત્યાંય. કુંવરજી. ૯. જંબુ કહે હું નહિ શીયાલીઓ રે, થાઈશ ત્યાં સિંહ સમાન. કુંવરજી. ૧૦. માતાજી એમ કરી સહેશું જોગને રે, આઠે સુંદરીઓ આવી કહે રે, અમને, કેમ તજો પ્રાણનાથ. સ્વામીજી કેમ કરી સહેસો જોગને રે. ૧૧. જંબુ કહે જો હોય પ્રીતડી રે, તો તમે

ચાલો અમારી સાથ, સુંદરીઓ એમ કરી સહીશું યોગને રે. ૧૨. બુજવ્યા માત પિતાદિ સાસુ સસરા રે તેમ વલી બુજવી આઠે નાર; માતાજી એમ કરી સહેશું જોગને રે. ૧૩. બુજવ્યા પ્રભવાદિક સહુ ચોરને રે; લીધો પ્રભાતે સંજમભાર કુંવરજી એમ કરી સહેશું જોગને રે. ૧૪. સંજમ લઈને કર્મ ખપાવીઆ રે, પહોંચ્યા શીવ પુર પાટણ માંહે. કુંવરજી એમ કરી સહેશું જોગને રે. ૧૫. ભાવ ધરી ભાવા પુર બંદરે રે, મુનિ વિનય ગુણ ગાય. કુંવરજી એમ કરી સહેશું જોગને રે. ૧૬. ઈતિ.

કર્કશા સ્ત્રીની સજ્ઝાય

મઘરી ઉપર કૌઆ બોલે, પાહૂણા આવ્યાતીન;
પાહૂણા થારી મૂછો બાળું ઘાણા ન લાવ્યા કશું વીણ.
કર કશા નાર મલી ઘન ઘન રે,
ધણીજી તેરા ભાગ્યા કરકશા. ૧

પાહૂણા આવતા દેખીને રે ચુલો દિઓ બુઝાઈ,
બે લાતો પરણ્યાને મારી, આપ બેઠી રીસાઈ. કર૦ ઘન૦ ૨

મોઠ બાજરો પીરસાણો રે, લેઈ બેઠી ભર સૂપ;
અબ જો પરણ્યો મુજને કેવે, જાઇ પડુંગી કૂપ રે.
કર૦ ઘન૦ ૩

ઘરમાં ઘંટી ઘરમાં ઉખલ, પર ઘેર પીસણ જાય;
પાડોશણ શું વાત કરતાં, ચુણ ગડકલાં ખાય રે.
કર્કશા૦ ઘન૦ ૪

માંચો બાળ્યો બરડો બાળ્યો, બાળી ડોલાની ડાંડી;
છાપરો બાળ્યો સુપરો બાળ્યો, તો એ ચઢી ન એક હાંડી
કર્કશા૦ ઘન૦ ૫

તીન પાવકી સાત બનાઈ, સાત પાવકી એક,
પરણ્યો ડાંકી સાત બા ગયો, હું સુક લડી એક રે.
કર્કશા૦ ઘન૦ ૬

ગંગા નાઈ ગોમતી નાઇ, વચમાં આ ગઈ ઘાટી,
ઘેર આવીને જોયું તો, હજુ એ ન મૂઓ માટી.
કર્કશા૦ ઘન૦ ૭

નાઈ ધોઈ વેશ બનાવે તિલક કરે બે ચાર,
સૂર્ય સામી કરે વીનતી, કદી મરે ભરતાર.
કર્કશા નારી૦ ઘન૦ ૮

કહે આનંદ ઘન સુણો હે સાધુ, એ પદ હે નિરવાણી,
એ પદકી જો નિંદા કરે તો, નરક તણી નિશાની રે.
કર્કશા૦ ઘન૦ ૯

મોક્ષ નગરની સજ્ઝાય

મોક્ષ નગર મારૂં સાસરૂં, અવિચળ સદા સુખવાસ રે,
આપણે જીનવર ભેટીએ; કરવા લીલ વિલાશ રે. મોક્ષ૦ ૧

જ્ઞાન દર્શન આણે આવીયા, કરી કરી ભક્તિ અપાર રે;
શીયળ શળગાર પહેરો પદમણી, ઉઠો ઉઠો જીન સમરો
સાર રે મોક્ષ૦ ૨

વિવેક સુવર્ણ તિલેક તપ તપે, સાચો સાચો વચન તંબોળ રે;
સમકિત કાજળ નેણ ભર્યાં જીવ દયા કુમ કુમ ઘોળ રે.
મોક્ષ૦ ૩

સમકિત વાટ સોહામણી, સંયમ વેલું જોતરાવો રે;
તપ જપ બળદિયા જોતર્યા, ભાવના ભાવો રસાળો રે.
મોક્ષ૦ ૪

કાળ મુખ સાસરૂં પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે,
સમય સુંદર મુનિ એમ ભણે, ત્યાં છે મુકિતનો વાસ રે.
મોક્ષ૦ ૫

દીવાની સજ્ઝાય

દીવામાં તો દીવેલ ખુટયું હવે નથી વાટ, મનમાં મસ્તાન હીંડે, છોગા મોલ્યા ચાર. મુરખ મનમાં વિચાર. ૧. માથા ઉપર મરણ ભમે, કોપી રહ્યો કાળ; ઓચિંતાની આવી પડશે જમ કેરી ધાડ; મુરખ. ૨. ઉંચા મંદિર માળીયાં ગોખોના નહીં પાર; પંડે જાશે પડી રહેશે, કાઢશે ઘરની બહાર. મુરખ. ૩. લીલા વાંસની પાલખી, નારીએળ જોઇએ ચાર; મુજની દોરીએ તાણી બાંધશે, ઉચકનારા ચાર, મુરખ. ૪. વન કેરી કાઠી, છાતી ઉપર ભાર; સુંદર વરણી કાયા બળે, ઉડી જાશે રાખ; મુરખ. ૫. સગું વહાલું સવારથીયું, કરે કાગા રોળ; ઝાંપા સુધી વળાવંને, ઝટ પાછું વળે, મુરખ. ૬. જે સંભાળે અરિહંત, તેને

ઉતારે ભવપાર; લબ્ધિ વિજય ગુણ ગાવે, કરો ધર્મના કામ. મુરખ. ૭.

મરવા ટાણેની સજ્ઝાય

હાંરે સુણો સાહેલી, કહું એક હૃદયની વાત, જરૂર જીવને, મરવું સાચું, સાથે ન લીધું ભાતું, મરવા ટાણે રે મારાથી કેમ મરાશે કેમ મરાશે શી ગતિ થાશે, વિપત્તિ કેમ વેઠાશે. મરવા૦ ૧

સાસુને સંતાપ્યાં રે નણદીને કાંઈ ન આપ્યું;
હાથમાં તો કરવત લઈને રે, મુળ પોતાનું કાપ્યું.
મરવા ટાણે૦ ૨

બે બાળકડાં રે બાઈ મારે છે. લાકડાં અંત સમયે બળગાં;
રહેશે પોતાના કેમ કહેવાશે. મરવા૦ ૩

ભયેાને ભાદરેા રે આ ઘર કેાના કહેવાશે,
મરવાની તેા ઢીલ જ નથી રે; આ ઘરકેાને સેાંપાશે.
મરવા૦ ૪

પરાધીન થઈને રે, પથારીમાં પડશેા;
હતું ત્યારે હાથે ન દીધું હવે શી ગતિ થાશે મરવા ૫

શ્વાસ ચઢસે રે, ધબકે આંખ ઉઘડશે.
અહીંથી તેા ઉઠાતું નથી ભુખ્યા કેમ ચલાશે મરવા૦ ૬

જમદુત આવશે રે, અગ્નિના ભડકા બળશે;
ઝાઝા દુઃખની જ્વાળા ચઢશે, ડચકાં કેમ લેવાશે. મરવા૦ ૭

સમય સુંદર કહે રે, સહુ સમજીને રહેજો;
સમજ્યા તે તો સ્વર્ગે પહોંચ્યાં, ગાફલ ગોથાં ખાશે
મરવા૦ ૮

શ્રી ગજસુકુમાલની સજ્ઝાય

ગજ સુકુમાલ મહામુનિજી રે, સ્મશાને કાઉસગ્ગ;
સોમિલ સસરે, દેખીનેજી રે. કીધો મહાઉવસગ્ગ હે પ્રાણી.
ધન ધન એહ અણગાર, વંદો વારંવાર રે. પ્રાણી૦ ૧

પાળ બાંધી શીર ઉપરેજી રે, અગ્નિ ધરી તેહમાંહ;
જળ જળ જ્વાળા સળગતીજી રે, ઋષિ ચડિયા ઉત્સાહ રે.
પ્રાણી૦ ૨

એ સસરો સાચો સગોજી રે, આપે મુકિતની પાઘ;
ઈણ અવસર ચુકું નહિજી રે, ટાળું કર્મ વિપાકરે. પ્રાણી૦ ૩

માર્‌ું કાંઈ બળતું નથીજી રે, બળે બીજાનું એહ;
પાડોશીની આગમાંથી રે, આપણો અળગો ગેહ રે.
પ્રાણી૦ ૪

જન્માંતરમાં જે કર્યાજી રે, આ જીવે અપરાધ;
ભોગવતાં ભલી ભાત સુંજી રે, શુકલ ધ્યાન આસ્વાદ રે.
પ્રાણી૦ ૫

દ્રવ્યાનલ ધ્યાના લગેજી રે, કાયા કર્મ દહંત,
અંત ગડ હુવા કેવળજી રે, ધર્મ રત્ન પ્રણમંત રે પ્રાણી૦ ૬

નટવાની સજ્ઝાય.

નટવો થઇને એવા નાટક નાચ્યો હો જીનવરીયા,
સુણ તું જીનવરીયા, સંસારમાં હું જીનવરીયા...નટવો૦ ૧

સાખી–પહેલો નાચ્યો પેટમાં, માતાના બહુવાર;
ઘોર અંધારી કોટડી, ત્યાં કોણ સુણે પોકાર,
ત્યાં માથું નીચું ને છાતી ઘોડા હો જીનવરીયા....
નટવો૦ ૨

સાખી–હાડમાંસનો પીંજરો ઉપર મઢીયો ચામ,
મળમૂત્ર માહે ભર્યો, માન્યો સુખનો ધામ,
ત્યાં નવ નવ મહિના ઉંધે મસ્તકે લટકયો હો
જીનવરીયા.....નટવો૦. ૩

સાખી ઉઠ ક્રોડ રોમ રાયમાં, કરી ધગધગતી સોય,
કોય પોવે સામટી, કષ્ટ આઠ ઘણું હોય;
ત્યાં માતાને પણ જમનું દ્વાર દેખાડયું હો.
જીનવરીયા.....નટવો૦ ૪

સાખી–બાંધી મુઠી હોયમાં, લાવ્યો પુન્ય પાપને લાળ,
હું હુંઆ કરી હું રડું, જગમાં હર્ષ અપાર;
ત્યાં પડદામાંથી રંગભૂમિમાં, આવ્યો હો.
જીનવરીયા....નટવો૦ ૫

સાખી–પારણીયામાં પોઢયો, માતા હાલો ગાય;
ખરડાયો મળમૂત્રમાં, અંગુળી મુખમાં જાય;

ત્યાં ભીંનામાંથી સુકામાં, સુવડાવ્યો હો.
જીનવરીયા.....નટવો૦ ૬

સાખી–છોટાનો મોટો થયો, રમતો ધુળી માંહિ;
પિતાએ પરણાવ્યો, માતાને હરખ ન માય;
પછી નારીનો નચાવ્યો થૈઈ થૈઈ નાચ્યો હો.
જીનવરીયા.....નટવો૦ ૭

સાખી–કુટુંબ ચિંતા કારમી, ચુંટી કલેજું ખાય;
તેથી ભલેરી ડાકણી, મનડું માંહી મુંઝાય;
જાણે કોષીટાનો કીડો જાળમાં ગુંથાયો હો.
જીનવરીયા.....નટવો૦ ૮

સાખી–દાઢીને દાંતો પડયા, નીચા ઢળીયા નેણ;
ગાલોની ગાલો ગઇ, ખમખમ કરતી ખેણ,
પછી ડોસો થઈને ડગમગ ડગમગ ચાલ્યો હો.
જીનવરીયા.....નટવો૦ ૯

સાખી–ચારગતી ચોગાનમાં, નાચ્યો નાચ અપાર;
ન્યાયસાગર નાચ્યો નહિ, રત્નત્રયીને કાજ;
કુમતીનો ભરમાયો કાંઇ ન સમજ્યો હો.
જીનવરીયા.....નટવો૦ ૧૦

કલાવતીની સજ્ઝાય.

(રાગ—સારંગ નંદકુંવર ઘર ચાવે.)

કલાવતી સોહાવે, જગમાં કલાવતી સોહાવે;
વિજય સેનની પુત્રીએ તો, શીયલથી સુખ પાવે. જગમાં૦ ૧

રચ્યો સ્વયંવર કલાવતી ત્યાં, પ્રશ્નો ચાર પૂછાવે,
દેવ કોણ ગુરુ કોણ તત્ત્વ શું, સત્વ કોને કહાવે. જગમાં૦ ૨

શંખરાય પૂતલીની પાસે, ઉત્તર ત્યાં તો અપાવે;
વીતરાગ એ દેવ મહાવ્રત, ધારી ગુરુ કહાવે. જગમાં૦ ૩

જીવદયા એ તત્ત્વને ઇંદ્રિય, નિગ્રહ સત્ત્વ ગણાવે;
ઉત્તર સાંભળી કલાવતી, ત્યાં વરમાલા પહેરાવે. જગમાં૦ ૪

કલાવતીને ગર્ભ રહ્યો ને, આઠ માસ ત્યાં થાવે;
નિજ બંધુ ભગિની કાજે, બેરખા બે મોકલાવે. જગમાં૦ ૫

કલાવતી ભાઈને કાજે, પ્રેમલ શબ્દ સુણાવે;
રાજા અવળો અર્થ લઈને, દીલમાં શંકા લાવે. જગમાં૦ ૬

વનમાં મોકલી રાજા સતીના, બન્ને હાથ કપાવે;
એ હાલતમાં રાણીને ત્યાં, પ્રસવ પુત્રનો થાવે. જગમાં૦ ૭

શીયલના પ્રભાવથી તેણી, હસ્ત નવીન પ્રગટાવે,
પુત્રને લઈને તાપસની, સંગે તે વનમાં જાવે. જગમાં૦ ૮

રાય સત્ય વસ્તુ સમજીને, બેદ અતી દીલ લાવે;
કલાવતીને શોધવા ચારે, તરફ દૂતો દોડાવે. જગમાં૦ ૯

ભાલ મલી જ્યાં તેની રાજા, હર્ષ સહિત ઘેર લાવે,
પુષ્પકળશ દઈ નામ પુત્રનું, જન્મોત્સવ ઉજવાવે. જગમાં૦ ૧૦

અમિત તેજ મુનિ પાસે રાજા, રાણી બન્ને આવે;
પૂર્વ કર્મનું સ્વરૂપ જાણવા, વિનંતી કરતા ભાવે. જગમાં૦ ૧૧

પૂર્વ જન્મમાં કલાવતીને, રાજપુત્રી બતલાવે;
પોપટનો ભવ હતો રામનો, મુનિવર એ સમજાવે. જગમાં૦૧૨

પોપટની પાંખો કાપીતી, તેનું ફલ તું પાવે;
પૂર્વનો બદલો લેવા રાજા, તારા હાથ કપાવે. જગમાં૦ ૧૩

મુનિનો એ ઉપદેશ સુણી, વૈરાગ્ય અતી દીલ લાવે;
રાજા રાણી દીક્ષા લઇને, સ્વર્ગમાંહીં સીધાવે. જગમાં૦ ૧૪

તપગચ્છ નાયક નેમીસૂરિજી, સૂરિ વિજ્ઞાન સોહાવે;
વાચક કસ્તુરસૂરિ સાનિધ્યે, યશોભદ્ર ગુણ ગાવે. જગમાં૦ ૧૫

દીવાળીની સજ્ઝાય.

વંદીવીર જીનેશ્વર પાય, ગુરૂ ગોયમ ગણધર રાય;
તસ નિર્વાણને વળી નાણ, તે આરાધે શ્રાવક જાણ. ૧.
મુક્તે પહોંચ્યા વીર જીણંદ; ઓચ્છવ કરે સુરાસુર વૃંદ,
કલ્યાણીક દીન ભણીએ એહ; તપે કરી આરાધે તેહ ૨.
શ્રાવક મલીયા રાય અઢાર, આરાધે પોસહ આચાર; સોલ પહોર
સાંભળે વખાણ, છંડે રાગ ભોગ તે જાણ. ૩. જીણી રાતે
જીન મુક્તે ગયા, અણુધરી કુંથુઆ બહુ થયા; તીણે કારણ
ગુરૂએ ઋષિરાજ, અણસણ લઇને સાધ્યા કાજ. ૪. જીનવર
સાધુ સાધ્વી તણેા, પડયેા વિરહ તે કારણ ઘણેા; તેહ
દીવસ આવે જેણીવાર, કહેા કેમ થાયે હરખ અપાર. ૫
તિણે કારણ કીજે તપ ઘણેા, સંભારીને કુલ આપણેા;
પૂજા કરીએ ધરીએ ધ્યાન, રાગ ભોગ પર હરીએ પાન.

૬. કોઈ જીવ અજ્ઞાની જાણુ, હરખ ધરે પાપને ઠાણુ; માંડે મુળ થકી આરંભ, ખાવા પીવાનો પ્રારંભ. ૭ બહુ પલાળે વણુવે સેવ, દીવાળી આવે છે તે હેવ; કરે લાડુને તલ સાંકળી, ઇંદ્રિય રસ વહે બહુલા ફલી. ૮. તેમ ચુલે માટી છાણુ, જગનાથની ભાંગે આણુ; દળે ખાંડે તથી જયણા કરે, ખાટકી સાલા પાંચે વાવરે. ૯. ચોમાસામાંહિ બહુલા જીવ, નીલ ફુલ કુંથુવા અતીવ; કંસારી કીડી કરોલીઆ, રાત અંધારે રોલીયા. ૧૦. રાતે છાણુ વાસીદા કરે, સામાયીક પોશહ પરી હરે; પાન ફલ સાડી શણગાર, અધિકા કરે તેહ ગમાર. ૧૧. ધરતેરસે ન્હાયે ઉલ્લાસ, જીવ હણીને બાંધે પાપ; સેવો લાડવા હરખે જમે, શીયલ ન પાળે જુગટે રમે. ૧૨. ઘર લીંપે કાઢે સાથીયા, તાવ્યા ત લ્યાં જે કોઈ આથીઆં, ચૌદસ અમાસે ધર્મ સંભાર, પર્વ તણો મલે લાભ અપાર. ૧૩. વળી જેને અધિકાં પાપ, કુલ ફલને કરે સંતાપ; વડા બનાવે દાળ પીસેલ, અગ્નિ પ્રજ્વલીને બાળે તેલ. ૧૪. ઘરઘર દીવા લઈને ફરે; બહુલા જીવ તે માંહિ મરે; મેરૈયાનું મોઢે નામ; ઘર ઘર ફરતો કરે પ્રણામ. ૧૫. પાખી પડિકમણાનો કાલ, તેહ વિસારે મુરખ બાલ; મુઢે કહાવે શ્રાવક નામ, નવિ જાણે શાસન દુર્લભ ઠામ. ૧૬. જલહલ દીવા પછમ રાત, કાઢે અલછિને જમે પ્રભાત; ચોળાકુર વિના નવિ જમે, દેખો લોક અજ્ઞાને ભમે. ૧૭. ગૌતમસ્વામી પામ્યા જ્ઞાન, તેહ તણું તજીને નામ; જુહાર ભેટણ કરતો ફરે, સાંજે સાજન

ભણી સંચરે. ૧૮. પહેરે ઓઢે બહુ શણગાર, કામ ભોગ પુર્યા પરિવાર; હાંસી વાજી કરે ટંકોલ, બાંધે કર્મને ભયવિણ ઓલ. ૧૯. પછી વલી કરે ભઇલા બીજ, ખાતાં પીતાં આવે રીજ; મુલ મંત્ર ઘણા સાધે જેહ, ધર્મ ન આરાધે પ્રાણી તેહ. ૨૦. દીવાલીનું કલ્પી નામ, સગા સાજનને જમાડે તમામ; અન્ન કેવલ કરે આહાર, જોને લોક તણો વ્યવહાર. ૨૧. આવ્યો ધર્મ દિવસ જેહ, પાપે કરી વિરાધે તેહ; કર્મ નિકાચીત બાંધે બાલ, એણીપેરે રૂલે અનંતો કાલ, ૨૨. જેહને મુક્તિ અછે દુંકડી, તેની મતી સંવરમાં ચઢી, સંસારીક સુખ દુઃખ સ્વરૂપ, એહની સ્વભાવે આતમ ભુપ. ૨૩. દોહિલો દીસે નરભવ જેહ, તેહ માંહિ દુર્લભ જીન ધર્મ તેહ; જીનવાણી તે દુર્લભ સુણે; મિથ્યા મતીને દુર્લભ હણે. ૨૪. તપગચ્છ ગયણ વિભાસણ ભાણ, શ્રી હીરવિજય સૂરીશ્વર જાણ; વાચક ભાનુચંદ્રનો શિષ્ય, દેવચંદ્ર પ્રણમે નીશદિસ. ૨૫. સંપૂર્ણ.

જીવદયાની સજ્ઝાય.

ચોપાઈ (એ દેશી)

આદિ જીનેશ્વર પાય પ્રણમેવ, સરસ્વતિ સ્વામીની મન ધરેવ;
જીવદયા પાળો નરનાર, તો તરશો નિશ્ચે સંસાર. ૧.
પાણી ગળતાં જયણાં કરો, ખારા મીઠાં જુદા ધરો;
જેહને મન દયા પ્રધાન, તે ઘેર દીસે બહુ સંતાન. ૨.

મારે જુને ફ્રોડે લીખ, નરનારીને એહજ શીખ;
તેમને ઘરે નહીં સંતાન, દુખ દેખે તે મેરૂ સમાન. ૩.

પક્ષી ઉંદર માણસના બાળ, જે પાપી મારે ચિરકાળ;
જેને પરભવે એહીજ દુઃખ, છોરૂતાણું નહિ હોયે સુખ. ૪.

માખણ મધ બીલી અથાણુ, આદુ સુરણ વજે જાણુ;
ગાજર મુળા રતાળુ જેહ, શુદ્ધ શ્રાવક તરછોડે તેહ. ૫.

ફ્રોગટ કુલે માયા કરે, કહેા કેમ તે ભવ સાયર તરે;
જેહને દેવગુરૂ શું દ્વેષ, સુખ ન પામે તે લવલેશ. ૬.

બહુ દહાડાનું ભેગું કરી, માખણ તાવે અગ્નિએ ધરી;
તેહ મરીને નરકે જાય, માનવ હોય તેા દાહ જ્વર થાય. ૭.

દુધ તણે વળી લેાભે જેહ, પાડા ભુખે મારે તેહ;
ફરતા ઢોરમાં તે જાયે વળી, ભુખે તરશે મરે ટળવળી. ૮.

આંખ ફુટે જે દીયે ગાળ, પરભવ અંધેા થાય બાળ;
મરેા પીટયેા દીયે જે ગાળ, પરભવ સુખ ન પામે બાળ. ૯.

પાટ પાટલાને વસ્ત્રદાન, સવિ શેકયું વળી રાંધ્યું ધાન;
મુનિવરને દીયે મનઉલ્હાસ, તસઘરે લક્ષિમ રહે થિરવાસ. ૧૦.

દેતાં દાન વિમાસણ કરે, દેઈ દાન મન ચિંતા ધરે;
સુખ સંપત્તિ પામે અભિરામ, છેડે ન હોયે વસવાઠામ. ૧૧.

ધનથેાડું ને દીયે દાન, મહિયલમાં તે વાધેવાન;
ઋષિને દાન દેઈ કરે રંગરેાળ, તસઘર લક્ષિમ કરે કલ્લેાલ. ૧૨.

સુખ સંપત્તિ જો આવે મળી, કોસાની દેવામતિટળિ;
ધન ઉપર જે રાખે સ્નેહ, પરભવ સાપપણે થાયે તેહ. ૧૩.

અધિકો ઓછો બાંધે તોલ, દેવા ચાહે નવિ પાળે બોલ;
તેહની લોકમાં ન હોય લાજ, પરભવ તેહના ન સરેકાજ. ૧૪.

પોથી બાળે બોળે જેહ, પરભવ મુરખ થાયે તેહ;
ભણે ગુણે દે પોથી દાન, પરભવ નર ને વિદ્યાવાન. ૧૫.

નાનાં મોટાં કુંપળા હરિ, બાંતે ચુંટે લીલા કરી;
કીધાં કર્મ નવિ ઠેલાય, મરીને નર તે કોઢીઓ થાય. ૧૬.

પાંખ પંખીની કાઢે જેહ, પરભવ કુકો થાયે તેહ;
પગ કાપે ને કરે ગળગળો, મરીને નર તે થાયે પાંગળો. ૧૭.

પાડોશી શું વઢે દીન રાત, પરભવ તેન પામે સંઘાત;
માત પિતા સુત બૈયર ઘણી, પરભવ તેહને વઢવાઢ ઘણી, ૧૮.

અણ દીઠું અણ સાંભળ્યું કહે જેહ, પરભવ બહેરો થાયે તેહ;
પારકી નીંદા કરે નરનાર, જશ નહીં પામે તેહ લગાર. ૧૯.

પરના અવગુણ ઢાંકે જેહ, નરનારી જશ પામે તેહ;
નીંદા કરે ને દીયે જે ગાળ, પરભવ નર તે પામે આળ. ૨૦.

રાત્રિભોજન કરે નરનાર, તે પામે ઘુવડ અવતાર;
રાત્રે પંખી ન ખાયે ધાન, માણસ હૈયે ન દીસે સાન. ૨૧.

સૂર્ય સરીખો આથમે દેવ, માણસને ખાવાની ટેવ;
ધર્મી લોકજ હોયે જેહ, રાત્રિભોજન ટાળે તેહ. ૨૨.

ગૌતમ પૃચ્છા ને અનુસાર, એ સજ્ઝાય કરી શ્રીકાર;
પંડિત હર્ષસાગર શિષ્યસાર, શિવસાગર કહે ધર્મવિચાર. ૨૩.

સાસુ વહુની સજ્ઝાય

(દુહા)

શ્રી સંખેશ્વર પાય નમી, સમરૂં સરસ્વતી માય;
મહેર કરો મુજ ઉપરે, મુરખ મન હરખાય. ॥૧॥
અલ્પ બુદ્ધિ છે માહરી, પણ કીધી મુજ સહાય;
ઢાળ કહું સાસુ વહુતણી, સાંભળો સહુ સુખદાય. ॥૨॥

ઢાળ પહેલી

(પાટણ શ્રી પંચાસરાને એ દેશી)

જંબુદ્વિપના ભરતમાં નયરી થરાદ માંય; મેરે લાલ. રાજ કરે રજપુત રાજવી વાઘેલા ભીમસિંહ ત્યાંય મેરેલાલા. બડબડ બોલે ડોકરી. ૧ વરણ અઢાર વસે તીહાં, શ્રાવક સુખી ધનવાન, મેરેલાલા અચરીજ એક ગામે દેખીયું, સાંભલો થઈ સાવધાન. મેરે લાલા. બડ બડ ॥૨॥ એક દીન ઘરમાં ડોકરી, બેઠી કરે વિચાર; મેરે લાલ. ઘરમાં ઉંચેરા વલી ગયા. કહે વહુને તેણીવાર, મેરે લાલ. બડબડ. ॥૩॥ ઘર આગણું ભાંગી ગયું ભીંતો પડી જાય, મેરે લાલ. પરદેશી પરૂણા આવશે, પુંછે ઉત્તર સો અપાય. મેરે લાલ. બડબડ ॥૪॥ ચોમાસું પજુસણ ઉતર્યા, દશરા દિવાળી જોવે કોણ વાટ; મેરે લાલ. ઘર શોભા હવે કીજીએ, ડોકરી ઘડે કેવા ઘાટ. મેરે લાલ. બડબડ. ॥૫॥ વહુને કહે વહેલી ઉઠજે, જાજે ફરવા સહેર. મેરે લાલ. છાણ માટીના ટોપલા,

ભરી લાવજે વહેલી ઘેર. મેરે લાલ. બડબડ ॥૬॥ વહુ સાસુને એમ કહે. જીવ અનંતા, હોય મેરે લાલ. તે કેમ છાણ માટી લીજીએ. બાંધે કર્મ કોણ, મેરે લાલ વહુ સાસુને એમ કહે ॥૭॥ ચોમાસું ઉતર્યા પછી, લીપણ ગુંપણ કરશું કામ મેરે લાલ. જીવ દયાને પાળીએ; લીજે પ્રભુનું નામ. મેરે લાલ. ॥ વહુ સાસુને ॥ પૂરવ પુન્ય કીધાં હશે, પામ્યાં મનુષ્ય ભવ મેરે લાલ. તે કેમ એળે ગુમાવીએ ગુમાવે તે ગમાર; મેરે લાલ. ॥ વહુ સાસુને ॥ ૯ ॥ જન્મ મરણનો જેહને, માથે ભય હોય. મેરે લાલ, તે પ્રાણી જીવને જાળવે; હિંસા ન કરે કોય, મેરે લાલ, ॥૧૦॥ હિંસાથી દુર ગતિ પામીયે, હિંસા દુઃખની ખાણ, મેરે લાલ. દેખી પેખી હિંસા જે કરે, હિંસા નરકનું ઠાણ. મેરે લાલ. ॥ વહુ સાસુને ॥૧૧॥ પહેલી ઢાળે ભેદ ભાખીયો સાસુ વહુનો સંવાદ, મેરે લાલ. હિંસા દુર નિવારજો. મત કરજો વિષવાદ. ॥ મેરે લાલ વહુ સાસુને એમ કહે ॥૧૨॥

દુહો

સાસુએ શીખ સાંભળી, રીસ કરી તે વાર;
વળતુ વહુને શું કહે; તે સુણજો વિસ્તાર ॥૧॥

ઢાળ ૨

વળતું સાસુજી એમ કહે. આંખે આંસુની ધારજી;
નિર્લજ જીભ નથી લાજતી, નહીં ઘરની દરકારજી. ॥
કીધું કરે નહીં માહરૂં, ॥૧॥ નાક વિનાની નટડી, સામા

બોલ મ બોલજી; બાર બાટી બાઈ બંગલે, બેઠી ફાંદ પંપાલજી ।। કીધું ।।૨।। જીવ દયાને પાળતી, લેતી પ્રભુજીનું નામજી; શીખામણ માહરી માને નહિ; ઘરનું વિણસાડે કામજી, ।। કીધું ।।૩।। દીકરો પરણાવ્યો હોંસથી, ખરચ્યાં દામ હજારજી; વહુ લાવી ઘણી હોંશથી, કહ્યું ન માને લગારજી. ।। કીધું ।।૪।। શીખ દઈ સાસુજી થાકીયાં, હવે હવે ઘડે કેવા ઘાટજી; બીજી ઢાળે રે ક્રોધ કરી. જુવે દીકરાની વાટજી. કીધુ કરે નહિ માહરૂં ।।૫।।

દુહા

વાટ જોવંતા આવીયો, દીકરો ઘરની માંય;
ઉદ્વેગમાં દેખી માતને, પુછવા લાગ્યો ત્યાંય. ।।૧।।
શી ચિંતા છે માતજી, દુહવ્યા તમને કોણ;
દીસો આમણ દુમણા, ભાખો મુજને તેણ. ।।૨।।

ઢાળ ૩

(માય કહે સુણ બેટડા) એ દેશી

માય કહે સુણ બેટડા, તુજ વહુની વાત ન્યારીરે; ઘરનું કામ ભળાવતાં, કરે નહિં લગારરે. વિનતિ માહરી સાંભળો. ।।૧।। છાણ માટી નથી લાવતી, મુજને બોટી લડાવેરે; ચોમાસુ ઉતરે લાવશું, એહવા ઉત્તર આપે રે. ।। વીગ ઘરની શોભા ચાલી ગઇ ।।૨।। લીંપણ વીણ ઘરની ભીતો જલદી પડી જાસેરે; લીંપણ ગુંપણ કરે નહિ, પછી શી ગતી થાશેરે ।। વીરા ઘરની શોભા ચાલી ગઈ ।।૩।। ચોમાસું ઉતર્યા પછી છાણ હાથ ન આવેરે; જીવની જયણા

શી રીતે કરું, ઘરમાં ઉચેરા વળી જાસે રે, ।। વીરા ।।૪।।
જે કરવું તે વહેલું કરો, વાયદાની વાટ કોણ જોવેરે, મારે
કર્મે આવી વહુ મળી, ઘરની આબરૂ ખોવેરે ।। વીર ।।૫।।
પુત્ર કહે સુણો માતાજી, એ વાતે રીસ ન કરીએરે; જીવ
દયાને પાળતાં, લાભ અનંતો લીજેરે, ।। વીનતી ।।૬।।
ચોમાસાના ચાર માસમાં, જીવ અનંતા થાયરે; હિંસા
માર્ગ કોણ આદરે, શિખામણ સુખ દાયરે. ।। પુત્ર કહે
।।૭।। જુઓ મેઘરથ રાયજી, જીવદયા પાળી જેહ રે;
તિર્થંકર પદવી લહી; જીવ દયા ફલ એહરે. ।। પુત્ર કહે
।।૮।। પુત્ર વચન એમ સાંભલી. માતા મનમાં હરખાય રે;
ઉત્તમ અવતાર પામી કરી, અવળે રસ્તે કોણ જાયરે
વીનતી ।।૯।। ધન ધન વહુ માહરો, સાચે રસ્તે મુજને
આણીરે; જીવ દયા હવે પાળશું, લેવા શીવસુખ ખાણીરે.
વીનતી ।।૧૦।। ત્રીજી ઢાળ પુરી થઈ, જીવ દયા અધિકારરે;
સાંભળી જે નરનારી પાળસે; ધન તેહનો અવતારરે. ।।
વીનતી માહરી સાંભળો ।।૧૧।।

દુહો

વહુએ સાસુને બુઝવી, ઉપદેશ દેઈ તત્કાલ;
જીવદયાને પાળવા, સાસુ થઈ ઉજમાળ ।।૧।।

ઢાળ ૪

(માન ન કરશોરે માનવી ।। એ દેશી)

હવે સાસુ વહુરે વાતો કરે હૈડે હર્ષ ન માયરે;
પોસહ પડિકમણું નિત્ય કરે, રોજ ઉપાશ્રય જાયરે. ।।

જીવ દયાને પાળીએ ॥૧॥ ચોમાસાના ચાર માસમાં, ઉપજે જીવ અનંતરે, તે કીમ છાણ માટી લીજીએ; સમજી પાળો ગુણવંતરે ॥ જીવદયાને ॥૨॥ નરનારી સહુ સાંભળો. હિંસા ન કરજો કોઈ રે હિંસા કરતા રે જીવને; નરકમાં વાસજ હોયરે. ॥ જીવ દયાને ॥ ૩ ॥ નરકના દુખ છે મોટકાં હિંસા કરણ હારરે; પરભવ જાતારે પ્રાણીયા; પરમાધામીના ત્રાસરે જીવ ૪. કરવતથી તુજને કાપશે. રાડ પડાવશે જેમરે, ભાલા માથે ખોસસે, દુખ ભોગપીશ એમરે જીવ ૫. બરછી ભાલાથી વીંધશે, ઘાણીમાં ઘાલી પીલશેરે, શરણું નહિં કોઈ તાહરે ચેતન ચિતમાં ચેતોરે. જીવ ૬. અગ્નિ કુંડમાં બાળસે ચીસો પાડીશ અપારરે; માતપિતારે ભાઈ વહુ રહ્યા, નહિ કોઈ છોડાવણ હાર રે. જીવ. ૭. દયા નહિ આવે તુજ ઉપરે, દેશે અતિઘણાં દુઃખરે; કીધાં કર્મ જે ભોગવે, કયાંથી મળશે હવે સુખરે. જીવ. ૮. નરકની વેદના એમ સાંભળી, હૃદયે ધરજો નર નારરે; જીવની જયણા પાળજો, કરજો આતમ ઉદ્ધારરે. જીવ. ૦. ઓગણુપચાસ અંધારીએ, ભાદરવો એકમ ભોમવારરે; રાસ પુરો પોથી ઢાળમાં, સાસુ વહુને સુખકારરે. જીવ. ૧૦ ચોથી ઢાળે એમ સંપ થયો. સાસુ વહુનો તો એકરે; ધર્મનો મારગ આદર્યો, કીધી મોટેરી ટેકરે જીવ ૧૧. જીવની જયણા રાખજો, આરંભ કરશો સવિ દુરરે; જીવ દયાનેરે પાળતાં મળશે મારગ શીવપુરરે; જીવ ૧૨. રહી ચોમાસું થરાદમાં એ રહ્યો પુરો સંબંધરે; શાન્તિવિજય એમ વિનવે; ત્રોડજો કર્મના બંધરે જીવ. ૧૨.

ઇરિયા વહિની સજ્ઝાય

ગુરૂ સનમુખ રહી વિનય વિવેકે, ઇરિયાવહિ પડિ-
કમીયેજી, આ ભવ પરભવ પાતિક હણીએ, ગુણ શ્રેણીએ
ચઢીએ; શ્રુત અનુસરીએજી રે. ૧ તરીએ આ સંસાર,
પાતિક હરિએજી; સદ્ગુરૂને આધાર, પાર ઉતરીએજી: ષટ
અક્ષરનો અર્થ સુણીને, જાણે તે મસ્તક ડોલેજી; મિચ્છામિ
દુક્કડં નિર્યુકતે ભદ્ર બાહુ ગુરૂ બોલે. શ્રુત૦ ૨ પુઢવી અપ
તેઉ વાઉ સાધારણ, તસ થાવર બાદર સૂક્ષમજી; પ્રત્યેક તરૂ
વિગલેંદ્રિ પજત્ત, અપજત્ત અડવીસ. શ્રુત૦ ૩ હવે પચેંન્દ્ર
જલચર થલચર ખેચર, ઊરપરી ભુજપરી દીસેજી; ગર્ભ
સંમુર્ચ્છિમ દસ પજત્તા અપજત્તા એ વિસ. શ્રુત૦ ૪ નારકિ
સાતે પજ્જ અવજ્જે, ચૌદ ભેદ મનધારોજી; કર્મભૂમિ અકર્મ-
ભૂમિના, પંદર ત્રીશ વિચારો. શ્રુત૦ ૫ છપ્પન અંતર
દ્વીપના માણસ ગર્ભ સમર્છિમ ભેદેજી; તે અપજત પજતા
ગર્ભજ, ત્રણસેને ત્રણ ભેદ. શ્રુત૦ ૬ ભુવન પતિ દસ દસ
તિરિજંભક, પંદર પરમાધામીજી; વ્યંતર સોળ જ્યોતિષી-
દસ ત્રણ, કીલબિષયા સુરપામી. શ્રુત૦ ૭ બાર સ્વર્ગ નવ
લોકાંતિક નવ ગ્રૈવેયક પંચ અનુતરનાજી. એહ નવાણું
પજતા અપજતા, એકસો અઠ્ઠાણું સૂરના શ્રુત૦ ૮ અભિહયા
આદિ દસ પદ સાથે, પાંચસે ત્રેસઠ ગણુતાંજી; છપ્પન સોને
તે ત્રીશ થયાં તે; રાગ દ્વેષને હણુતાં. શ્રુત૦ ૯ અગિયાર
સહસને બસે સાઠે, મન વચન કાયાએ તિગુણાજી; તેત્રીસ

સહસને સાતસે એંશી તે વળી આગળ ત્રિગુણા. શ્રુત૦ ૧૦ કરે કરાવે અને અનુમોદે, એક લાખ તેરસે ને ચાલીશ જી; ત્રણ કાળશું ગણુતાં તિગલખ, ચાર હજારને વીશ. શ્રુત૦ ૧૧ કેવળી સિદ્ધિ મુનિવર આતમ, છ ગુણા લાખ અઢારજી; ચોવીશ સહસને એકસો વીસ સરવાળે અવધાર. શ્રુત૦ ૧૨ છઠે વરસે દીક્ષા લીધી, નવમે કેવલ ધારીજી; જલકીડા કરતા અઇમત્તા, મુનિવરની બલિહારી. શ્રુત૦ ૧૩ એમ કેઈ સાધુ શ્રાવક પાતિક, ટાલી લહે ભવ પારજી; શ્રી શુભ વીરનું શાસન વરતે, એકવીસ વરસ હજાર. શ્રુત૦ ૧૪.

શ્રી વિજય દેવસૂરી કૃત સજ્ઝાય

(આરતી સબ હુરે કરીએ—એ રાગ)

વીર જીનેશ્વર પય નમી, કહીસ્યું સૂત્રા ધાર; એક મને કરતા સહી, ભાઈ લહીયે હો ભવ સાગર પાર૦ ૧ સૂત્ર તહત્ત સદ્દહો કરી. મત રાચો હો ગાડરી પ્રવાહિ; કુમતિ કદા ગ્રહ છંડો; આલોચો હો નિજ હિયા માંહિ સૂત્ર૦ ૨ સૂત્ર વિરૂદ્ધ જે દાખીયે, તે પાસથ્થાની રીત; તે સાંભળીને ટાળજો, જીન શાસને હો છે જેહની પ્રીત૦ ૩ સૂત્ર શીલવતી રાજી મતી, સકલ મહા વ્રત ધાર; સાધુન વંદે તેહને, આરાધે હો કેઈ અવ્રતિનાર સૂત્ર૦ ૪ પડિકમણા માંહિ કિમ કરે, સાધુ દેવી આધાર; ડાહ્યા કાંઈ

ડોહોલો તુમે, એ તો પડીઓ ગચ્છા ચાર૦ સૂત્ર૦ ૫ યક્ષ દેવીની થુઈ કહી; અવગ્રહ માંગે જોય; તિણે ઉપાશ્રયે જેસે, જીન શાસનિ હો સાધુન હોય. સૂત્ર૦ ૬ દેવીનો કાઉસગ્ગ કરે; મન ચિંતે નવકાર, અન્ય નિમંત્રી અવરને, જીમાડે તે એ કવણ આચાર. સૂત્ર૦ ૭ ઈહ લોકારથી કાઉસગ્ગે, ભાંજે જીનવર આણ; ભૂયાન્મે સુખ દાયિની, કાંઈ છલીયા હો ક્ષેત્ર દેવી સુજાણ. સૂત્ર૦ ૮ પડિક્કમણે આલોઈ એ, જે કાંઇ કર્યો મિથ્યાત; જો તિહાં તેહિજ માંડીએ, તો ભેલીયે હો વચ્છ નાગની વાત. સૂત્ર૦ ૯ જીનવરના શ્રાવક થયા આણંદાદિક જેહ; એ નમોર્હંત વિના, કિમ કરતાં હો આવસ્યક સૂત્ર૦ ૧૦ નમોર્હંત સિદ્ધ જીણે કર્યો, એ ઉત્સૂત્ર અપાર ગચ્છ બાહિર તે કાઢિયો, કાંઇ લાગો હો તુમે તેહની લાર સૂત્ર૦ ૧૧ સૂત્ર વિરૂદ્ધ પરંપરા, પાસથ્થાની જાણી; દુષ્ટ ક્રિયા તે છાંડતાં, મત આણો હો મન માંહિ કાંઈ સૂત્ર૦ ૧૨ જો પાસથ્થા માનીયે, કાંઈ છાંડિ ધન પતિ; જો પરિગ્રહ છંડયો કહ્યો, તો કહીયો કિહાંક મિથ્યાત. સૂત્ર૦ ૧૩ ચૈત્ય વંદન મુખે ઉચરે, વદે યક્ષત્ર ઘણું; કિસ્યું કહીએ ઈહાં હવે, ચેતો હો ચતુર સુજાણ. સૂત્ર૦ ૧૪ ચૌમાસી પુનમ દિને, ભગવઈ અંગ વિચારી; પાખી ચૌદસી દીન કહી, તેન કરે હો કિમ તરે સંસાર. સૂત્ર૦ ૧૫ પંચમી પર્વ સંવત્સરી, બોલ્યા શ્રી જગનાહ; તેહ વિરોધે મઠપતિ એ રૂલસે હો ભવ સાગર માંહિ. સૂત્ર૦ ૧૬ પાસથ્થાની પરંપરા, જો માની જે શ્રાદ્ધ; તો પંચ મહા વ્રત ભંજવા

એણિ કારણે હેા કિમ સરશે કાજ સૂત્ર૦ ૧૭ બેાલ વિરૂદ્ધ ઘણા ઈસ્યા, નહિ કહણનેા જોગ; તિલ માંહિ કાલા કેટલા તે જોયેા હેાજે પંડિત લેાક. સૂત્ર૦ ૧૮ ખેાટે મૂલમેં મઠપતિ, લેાક મુસે નિશદ્દિશઃ તે હિત કારણ મેં કહ્યો, મત આણુજો હેા કેાઈ મનમેં રીસ. સત્ર૦ ૧૯ ગચ્છાચાર અનેક છે, તે જાણેા સહુ કેાઈ; શ્રીજીન સૂત્ર આરાધજો, જીમ તુમને હેા અવિચલ સુખ હેાઈ. સૂત્ર૦ ૨૦ શ્રી વિજય દેવ સૂરી ઈમ કહે, પાલેા આગમ પ્રમાણ; સૂત્ર વિરૂદ્ધને છાંડજો; જીમ પામેા હેા શીવપુર ઠામ. સૂત્ર તહત્ત સદહેા કરી. ૨૧.

જીનદાસ અને સેાહનાદેવીની સજ્ઝાય.

શીયલ સેાહામણું પાલીયે, જીમ પાલ્યું જીન દાસેારે; શીયલ પાળેા તુમે દ્રઢ થઈ, જીમ હેાય લીલ વિલાસેારે. શીયલ. ૧ નયર વસંતપુરમાં વસે, શેઠ શુભંકર નામેારે; ધન ધાન્ય પુરણ પ્રગટીએા, જાણે ધનદની ઠામેારે. શીયલ. ૨ તિણેપુરે પૂજ્ય પધારીયા, શ્રી મુનિ સુવ્રત શીષેારે; જ્ઞાન રયણ રયણાયરૂ, તાસ નમું નિશદ્દિશેારે. શીયલ. ૩ આણંદ પામી અતિ ઘણેા; આવ્યેા સાંભળી શેઠરે; તાપ ગયેા તન મન તણેા, જેમ જલ વુઠડે મેહરે. શીયલ. ૪ ભેટીયા શ્રી ગુરૂ ગચ્છ ધણી, વાણી અમીય સમાણી રે; સાંભળી હૈડે હરખીયેા, પરમારથ સવી જાણીરે. શીયલ. ૫ પાપ આ બેાઈ આપણાં, આલેાયણ તપ લીધેારે; એક લાખ

સ્વામી જીમાડવા, મનહ મનોરથ કીધોરે. શીયલ. ૬ પૂજ્ય મનોરથ મુજતણો, સફલ હુવે કીમ એહવોરે; એટલા શ્રાવક કીમ મીલે, ઉપાય કહો તુમે એહવોરે. શીયલ. ૭ શ્રી મુનિ સુવ્રત વાંદવા, જાઈ ભરૂઅચ્છ માંહિ ભેટોરે; સોહગ્ગ દે જીનદાસની, ભક્તિ કરી દુઃખ મેટોરે. શીયલ. ૮. એવડું મહાત્મ્ય જે એહનું, કહો કુણ કારણ કહીએરે; સુગુરૂ કહે સુણો ત્રિભુવને, એ સમકો નવિ લહીયેરે. શીયલ. ૯ બાલપણે ગુરૂ મુખે સુણી; શીયલ વ્રત સુવિ શાલોરે, ઉજ્જવલ પક્ષે વ્રત ધારીઉં, મુકી મોહ જંજાલોરે. શીયલ. ૧૦ નિમ ગુરૂણી મુખે સાંભળી, સોહગાદે સુવિચારોરે; વ્રત લીયે જાવ જીવ લગે, પક્ષ અંધારડે સારોરે. શીયલ. ૧૧ પૂરવ કર્મ વશે હુઓ, તે બેહુજણનો વિવાહરે; એક એક દરિશણ ઉલગે, મિલવા હુઓ ઘણો ચાહરે. શીયલ. ૧૨ કંતકામિની રયણી સમે, આવીયડા એક સ્હેજેરે; નિરૂપમ રૂપ નિહાલતા, હેજ વાધ્યો દીવડાની તેજેરે. શીયલ. ૧૩ કામિની કહે સુણ કંતડા, વ્રત અંધારડે પાખોરે; મેં કર્યું બાલપણા થકી, હવે કાંઇ વયણ મભાંખોરે. શીયલ. ૧૪ ધવલ પાખે વ્રત મુજ છે, જોડી મીલી બેહુ સરખીરે; પાલીએ પખ બેહુ નિર્મળા, શીયલ મહાવ્રત હરખીરે. શીયલ. ૧૫ સંતતિ કારણ કામિની અવર અનોપમ આણોરે, સફલ કરો પખ આપણો; મકરો તાણમ તાણોરે. શીયલ. ૧૬ કંત કહે સુણ કામિની, બલીહારી તુમ વયણેરે, તુમ સરખું વ્રત પાલશું, જોશું તુમ મુખ

નયણેરે. શીયલ. ૧૭ ઈણી પરી વાત કરી ઘણી, નિશ્ચય નિયમનો રાખીરે; શીયલ મહાવ્રત ઉચર્યું, સંઘ ચતુર્વિધ સાખીરે. શીયલ. ૧૮ આ ચરિત્ર શ્રવણે સુણી, શ્રી મુનિ સુવ્રત વંદીરે; ભક્તિ કરે જીનદાસની, બહુપેરે શેઠ આણંદીરે. શીયલ. ૧૯ રાત્રિ દિવસ રહેવું એકહું, યૌવન વય બલવંતોરે; પ્રીતી ઘણી પરવશ નહિ, રૂઅડા કામિની કંતોરે. શીયલ. ૨૦ જાવ જીવવ્રત પાલીઉં, અહો અહો અચરિજ મોટુંરે; સ્વામી સભા સન્મુખ કહે, એણે કીધું અતિ મહોટુંરે. શીયલ. ૨૧ શીયલ પાલેજે એણીપેરે, આગમને અનુસારરે; સુરનર કિંનર વ્યંતરા, તાસ હુવે હથિયારરે. શીયલ. ૨૨ શ્રી ગુણહર્ષસુ શિષ્યનો, એ ઉપદેશ રસાલોરે; સાંભળી શીયલ સંભાલજો, જીમ હુવે મંગલ માલોરે. શીયલ. ૨૩ સંપૂર્ણ.

મેઘરથ રાજાની સજ્ઝાય.

દસમે ભવે શ્રી શાંતીજી, મેઘરથ જીવડો રાય; રૂડા રાજા. પોષધ શાલામાં એકલા, પોસહ લીયેા મન ભાય. રૂડા રાજા. ધનધન મેઘરથ રાયજી. જીવદયા ગુણખાણુ ધર્મી રાજા, ધન્યધન્ય૦ ૧ ઈશાનાધિપે ઇંદ્રજી, વખાણ્યેા મેઘરથ રાય, રૂડારાજા. ધર્મે ચળાવ્યેા નહિ ચળે. મહાસુર દેવતા આય. રૂડારાજા. ધન્ય૦ ૨ પારેવું સીંચાણા મુખે અવતરી, પડીયું પાંરેવું ખેાળામાંય; રૂડારાજા રાખરાખ મુજ રાજવી, મુજને સીંચાણેા ખાય. રૂડારાજા. ધન્ય૦ ૩ સીંચાણેા કહે

સુણો રાજીયા, એ છે મહારો આહાર, રૂડારાજા. મેઘરથ કહે સુણ પંખીયા, હિંસાથી નરક અવતાર, રૂડારાજા. ધન્ય૦ ૪ શરણે આવ્યું રે પારેપડું, નહિં આપું નિરધાર; રૂડાપંખી; માટી મંગાવી તુજને દીઉં, તેહનો તુંકર આહાર. રૂડાપંખી. ધન્ય૦ ૫ માટી ખપે મુજ એહની, કાં વળી તાંહરી દેહ; રૂડારાજા. જીવદયા મેઘરથ વસી, સત્ય ન મેલે ધર્મી તેહ. રૂડારાજા. ધન્ય૦ ૬ કાતી લેઈ પિંડ કાપીને, લેમાંસ તું સિંચાણુ; રૂડાપંખી. ત્રાજુયે તોળાવી મુજને દીઓ, એ પારેવા પ્રમાણ. રૂડારાજા. ધન્ય૦ ૭ ત્રાજુઓ મંગાવી મેઘરથ રાયજી, કાપી કાપી મુકે છે માંસ; રૂડા રાજા. દેવમાયા ધારણ સમી, નાવે એકણ અંશ. રૂડારાજા. ધન્ય૦ ૮ ભાઈ સુતરાણી વલવલે, હાથ ઝાલી કહે તેહ; ઘેલા રાજા. એક પારેવાને કારણે, શું કાપો છો દેહ. ઘેલા રાજા. ધન્ય૦ ૯ મહાજન લોકવારે સહુ, મકરો એવડી વાત; રૂડારાજા. મેઘરથ કહે ધર્મ ફલ ભલાં, જીવદયા મુજ ઘાત. રૂડારાજા. ધન્ય૦ ૧૦ ત્રાજુયે બેઠાં રાજવી, જે ભાવે તે ખાય રૂડા પંખી; જીવથી પારેવો અધિકો ગણ્યો, ધન્ય પિતા તુજ માય. રૂડારાજા. ધન્ય૦ ૧૧ ચડતે પરિણામે રાજવી, સુર પ્રગટયો તિહાં આય; રૂડારાજા. ખમાવે બહુ વિધે કરી, લળી લળી લાગે છે પાય. રૂડારાજા. ધન્ય૦ ૧૨ ઇંદ્રે પ્રશંસા તાહરી કરી, તેહવો તુંછે રાય; રૂડા રાજા. મેઘરથ કાયા સાજી કરી, સુર પોહોતો નિજઠાય. રૂડારાજા. ધન્ય૦ ૧૩ સંયમ લીધો મેઘરથ રાયજી, લાખ પૂરવનું

આય; રૂડારાજા વીશ સ્થાનક વિધિયે સેવિયાં, તીર્થંકર ગોત્ર બંધાય. રૂડારાજા. ધન્ય૦ ૧૪ ઈગ્યારમેં ભવે શ્રી શાંતીજી, પોહોતા સર્વાર્થસિદ્ધ; રૂડારાજા. તેત્રીસ સાગર આઉખું, સુખ વિલસે સુર રિદ્ધ. રૂડારાજા. ધન્ય૦ ૧૫ એક પારેવાની દયા થકી, બે પદવી પામ્યા નરિંદ; રૂડારાજા. પાંચમા ચક્રવર્તિ જાણીયે, સોળમાં શાંતિ જીણંદ. રૂડારાજા. ધન્ય૦ ૧૬ બારમે ભવે શ્રી શાંતિજી, અચિરા કુખે અવતાર, રૂડારાજા દીક્ષા લઈને કેવળ વર્યા, પહોતા મુક્તિ મોઝાર. રૂડારાજા. ધન્ય૦ ૧૭ ત્રીજે ભવે શિવસુખ લહ્યો, પામ્યા અનંતુ જ્ઞાન; રૂડારાજા. તીર્થંકર પદવી લહી, લાખ વર્ષ આયુ જાણ. રૂડારાજા. ધન્ય૦ ૧૮ દયા થકી નવનિધિ હોયે, દયા તે સુખની ખાણ રૂડારાજા, ભવ અનંતની એ સગી, દયા તે માતા જાણ. રૂડારાજા. ધન્ય૦ ૧૯ ગજ ભવે સસલો રાખીયો, મેઘકુમાર ગુણ જાણ, રૂડારાજા. શ્રેણિક રાય સુત સુખ લહ્યાં, પોહોતો અનુત્તર વિમાન. રૂડા રાજા. ધન્ય૦ ૨૦ એમ જાણી દયા પાળજો, મન માંહે કરૂણા આણ રૂડારાજા; સમય સુંદર એમ વિનવે, દયાથી સુખ નિરવાણ રૂડારાજા. ધન્ય ધન્ય૦ ૨૧. સંપૂર્ણ

કલાવતીની સજ્ઝાય.

બેન લીલાવતી તમને વિનવું, સ્વામીની સેવા કરજો: પતિ પરમેશ્વર આપણ છે બેની, આજ્ઞા તે કરજો જતન૦

હો બેન કર્મ કરે તે સહેવું. ૧ સત્ય પણાથી સવળું રે બોલી, અવળુ સમજ્યા છે સ્વાતી; વાંક નથી એમાં કશો સ્વામીનો, લખ્યો લેખ લલાટે. હો બેની કર્મ૦ ૨ પરણીને આવી ત્યારથી જતો, લાડમાં નથી રાખી ખામી; માન આપ્યુ છે અમોને ઘણું એ, એમાં નથી રહી ખામી. હો બેની કર્મ૦ ૩ હું જાવું છું વન વિસે હવે, ઝાઝા પ્રણામ છે તમને; સર્વે બેનોની ક્ષમા માગું છું, મારે જાવું છે વન મઝાર. હો બેની કર્મ૦ ૪ પ્રભુ પ્રતાપે સંતાન દીધું; કર્મે કેવું કીધું; ભર જંગલમાં જન્મ જ દેશે, હે પ્રભુ સહાય તમારી. હો બેની કર્મ૦ ૫ કાળો રથને કાળો છે માફો, કાળાં બળદને કાળાં વસ્ત્ર, ગળીનો ચાંદલો કરેલ કપાળે, ત્યાંથી તે ચાલ્યા જાય. હો બેની કર્મ૦ ૬ ચાલતાં ચાલતાં અટવીરે આવી, ભર જંગલ ઘોર વનઃ ત્યાં તો સતિને હેઠાં ઉતાર્યાં, આંખે આંસુડાની ધાર. હો બેની કર્મ૦ ૭ સુભટે સંભળાવ્યું બેન કલાવતી, રાજાનો હુકમ છે એવો; કહેતાં અમારી કાયા કંપે છે, બેરખાં કાપી આપો. હો બેની કર્મ૦ ૮ રોતાં રોતાં સતીજી બોલ્યા, બેરખા કાપી લ્યોને; બેરખા આપીને સ્વામીને કહેજો, પાળી છે આજ્ઞા તમારી. હો બેની કર્મ૦ ૯ બેરખાં કાપ્યા ત્યારથી તો, સતીને દુઃખ જ થાય; અપશોસ કરતાં મુર્છારે આવી સાર કરનાર નથી કોઈ પાસે. હો બેની કર્મ૦ ૧૦ સવા નવ માસે પુત્ર જનમીઓ, ચંદ્ર સુરજ બેઉ થંભે, ભર જંગલમાં જન્મજ દીધો, હે પ્રભુ શરણ તુમારું.

હો બેની કર્મ૰ ૧૧ આકાશ માંરે દેવ સિંહાસન, ચલાય માનજ થાય; દેવે વિચાર્યું સતિ છે દુઃખી, જાવો દેવ દેવી સહાયે. હો બેની કર્મ૰ ૧૨ દેવો આવીને નમન કરે છે, કલાવતી જોઈ દુઃખી; બાલક લીધું છે હાથમાંને, સતીને તેડી જાય. હો બેની કર્મ૰ ૧૩ સાવ સોનાનો મહેલ બનાવ્યેા, ફરતા બેઠા છે દેવો; સતિની આજ્ઞા વિના કોઈ ન આવે, એવો શીયલનો પ્રભાવ. હો બેની કર્મ૰ ૧૪ સાવ સોનાની માચીએ બેસી, બાલકને ધવરાવે. બાલક ધવરાવતાં અપશોસ કરતાં; સ્વામી હશે સુખી કે દુઃખી. હો બેની કર્મ૰ ૧૫ નિમિતને વેષે દેવ પધાર્યા, આવ્યા રાજદ્વારે, રાજમાં આવીને પ્રણામ કરીને, બેઠા છે રાજન પાસે. હો બેની કર્મ૰ નિમીતજી બોલ્યા અરે રાજનજી, કેમ ઉદાસ દેખાએો; રાજનજી બોલ્યા સાંભળેા નિમીતજી, કલાવતિની નીચ બુદ્ધિ જાણી. હો બેની કર્મ૰ ૧૭ બેરખા પહેરતાં ત્યારે મેં પુછયું, કહેા રાણીજી આ કયાંથી; તેણે અમોને ઉત્તર આપ્યેા, મારે મને વસે તેને મોકલા. હો બેની કર્મ૰ ૧૮ મારાથી બળીએો કોણ વસે છે, એવું જાણી કાઢી વન મઝાર; બેરખાં કાપીને ભંડારે મુકયા, તે તમને દેખાડું આજ. હો બેની કર્મ૰ ૧૮ બેરખાં જોઇને નિમીતજી બોલ્યા, ભુંડી વાત થઈ છે રાજન; જય વિજય બે બાંધવ તેહના, સીમંત અવસરે મોકલ્યા. હો બેની કર્મ૰ ૨૦ નામ છાપેલું જુએા રાજનજી, વગર વિચાર્યું કર્યું કામ; એટલું સાંભળતાં મુર્છારે આવી, સેવકેા છે તેની

પાસે. હો બેની કર્મ૦ ૨૧ મુર્છા ઉતરતાં રાજનજી બોલ્યાં, શું કરૂં નિમીતજી આજ; ભર જંગલમાં શું રે થયું હશે, વગર વિચાર્યું કર્યું કામ. હો બેની કર્મ૦ ૨૨ જાવ જાવ સેવકો સતીની સોધમાં, ચારે તરફ ફરી આવો; જે કોઈ સતીને સોધીને લાવે, તેને મોંઢે માગ્યા આપું દાન. હો બેની કર્મ૦ ૨૩ નિમીતને રાજન ત્યાંથી ચાલ્યા, આવ્યા છે વન મોઝાર; ચાલતા ચાલતા અટવીરે આવી, દેવતાઈ મહેલ જોયા. હો બેની કર્મ૦ ૨૪ સામે કલાવતી ગોખમાં બેઠા, બોળામાં પુત્ર છે તેની પાસ; દુરથી આવતાં રાજન જોયાં, હર્ષનો નથી રહ્યો પાર. હો બેની કર્મ૦ ૨૫ પાસે આવીને દર્શન કર્યા, હરખના આંસુડાની ધાર, પુત્રને દીધો સ્વામીના હાથમાં, હરખનો નથી રહ્યો પાર. હો બેની કર્મ૦ ૨૬ એવે સમે વનમાં મુનિ પધાર્યા, પુછે છે બેરખડાની વાત; કહો મુનિમેં શાં પાપ કર્યા હશે, તે કર્મ ઉદય આવ્યા આજ. હો બેની કર્મ૦ ૨૭ તુંરે હતી બાઈ રાજની કુંવરી, એ હતો સુડીલ્લાનો જીવ; તેંતો એની પાંખો છેદાવી, તે કર્મ ઉદય આવ્યા આજ. હો બેની કર્મ૦ ૨૮ તમે તમારી વસ્તુ સંભારો, અમે લઈશું સંજમ ભાર; સંજમ લીધો શ્રી મહાવીર પાસે; પહોંચ્યા છે મુક્તિ મજાર. હો બેની કર્મ૦ ૨૯ સુમતી વિજય કહે શીયલ પ્રભાવથી, દુખી તે સુખી થાય; સત્ય જનોને નમન કરૂં છું, જેથી ઉતરશું ભવ પાર. હો બેની કર્મ કરે તે સહેવું. ૩૦. સંપૂર્ણ—

રાત્રિ ભોજનની સજ્ઝાય

પુન્ય સંયોગે નરભવ લાધ્યો, સાધ્યો આતમ કાજ
વિષયા રસ જાણો વિષ સારિખો, એમ ભાંખે શ્રી જીન રાજ રે પ્રાણી૦ રાત્રિ ભોજન વારો આગમ વાણી સાચી જાણી, સમકિત ગુણ સહી નાણી રે, પ્રાણી. રાત્રિ૦ ૧
અભક્ષ બાવીસમાં રયણી ભોજન, દોસ કહ્યા પરધાન; તેને કારણ રાતે મત જમજો, જો હોય હૂડે શાન રે. પ્રાણી૦ ૨
દાન સ્નાન આયુદ્ધ ને ભોજન, એટલાં રાતે નકીજે; એ કરવા સુરજની સાખે, નિતી વચન સમજીને રે પ્રાણી. રાત્રિ૦ ૩
ઉત્તમ પશુ પક્ષિ પણ રાતે, ટાળે ભોજન ટાણે તુમે તો માનવી નામ ધરાવો, કેમ સંતોષ ન આણો રે પ્રાણી. રાત્રિ૦ ૪
માખી જૂ કીડી કોલીયાવડો, ભોજનમાં જો આવે; કોઢ જલોદર વમન વિકળતા, એવા રોગ ઉપાવે રે પ્રાણી. રાત્રિ૦ ૫
છન્નુ ભવ જીવ દયા કરતા; પાતક જેહ ઉપાય, એક તળાવ ફોડતા તેટલું, દુષણ સુગુરૂએ બતાવ્યું રે પ્રાણી. રાત્રિ૦ ૬.
એકોતેર ભવ સર ફોડ્યા સમ, એક દવ દેતાં પાપ; અઠોતર ભવદવ દિધા જીમ, એક કુવાણીજ સંતાપ રે પ્રાણી રાત્રિ૦ ૭
એકસો ચુંમાળીસ ભવ લગે કોધાં; કુવણીજના દોષ, કુડું એક કલંક દીયંતા; તેહવો પાપનો પોષ રે પ્રાણી. રાત્રિ૦ ૮
એકસો એકાવન ભવ લગે દીધાં; કુડાં કલંક અપાર; એક વાર શીલ ખંડ્યા જેહવો, અનરથનો વિસ્તાર રે પ્રાણી. રાત્રિ૦ ૯ એકસો

નવાણું ભવ લઘે ખંડ્યા, શિયળ વિષય સંબંધ; તેહવો એક રાત્રિ ભોજનમેં, કર્મ નિકાચિત બંધ રે પ્રાણી. રાત્રિ૦ ૧૦ રાત્રિ ભોજનમાં દોષ ઘણા છે, કહેતાં ન આવે પાર; કેવળી કહેતાં પાર ન આવે, પૂરવ કોડી મન્નર રે પ્રાણી. રાત્રિ૦ ૧૧ એહવું જાણીને ઉત્તમ પ્રાણી, નિત્ય ચઉ વિહાર કરીજે; માસે માસે પાસ ખમણનો, લાભ એણિ વિધ લીધ રે પ્રાણી. રાત્રિ૦ ૧૨ મુનિ વસ્તાની એહ શીખામણ, જે પાળે નરનારી; સુરનર સુખ વિલાસીને હોવે, મોક્ષ તણી અધિકારી રે પ્રાણી. રાત્રિ૦ ૧૩.

રાત્રિ ભોજનની સજ્ઝાય

અવની તલ વારૂ વસેજી રે, કુંડળપુર અવતાર, શેઠ યશોધર જાણીએજી રે તેના બેહુ કુમાર રે. માનવ રાત્રિ ભોજન વાર. દોષ અનંતો ઓળખોજી રે, જયું ન પડો સંસાર રે. માનવ૦ ૧ રંભા જનની રૂયડીજી રે; પુત્ર સલુણા રે દોય, હંસ કુમાર ભાઈ વડોજી રે, કેશવ લહુડો હોય રે માનવ૦ ૨ એક દિન રમતા ભેટિયાજી રે; સાધુ શિરોમણી સુર; ધર્મ ઘોષ નામે મુનિજી રે, આવ્યા આણંદ પુર રે. માનવ૦ ૩ સાધુ ભણે રયણી તણાજી રે, ભોજન છાંડે રે જેહ; તેહની સુર સેવા કરેજી રે, મુક્તિ નહિ સંદેહ રે. માનવ૦ ૪ રાતે રાંધ્યો રાતે જમેજી રે; એ ઉત્કૃષ્ટો રે દોસ; દીહાં રાંધ્યો રાત જમેજી રે, પાપ તણો બહુ પોષ રે. માનવ૦ ૫ રાત્રે રાંધિ મેલીયેજી રે,

દીવસે કરે આહાર, તે નર પાપે બાંધીએજી રે, અતિ બહુ જીવ સંહાર રે. માનવ૦ ૬ દીવસ રાંધ્યો દીને જમેજી રે; ઘડી તજે દોય દોય; પુન્ય વંત તે નર પૂજીયેજી રે, જે નર એહવા હોય રે. માનવ૦ ૭ સાધુ સમીપે સાંભલીજી રે, રાત્રિ ભોજન દોષ; બે ણાંધવ વ્રત આદર્યોજી રે; આણી મન સંતોષ રે. માનવ૦ ૮ ઘર આવી માતાકનેજી રે, વાલુ માગેરે દીશ; ચાર ઘડી દીન પાછલીજી રે, પીતા કરે બહુ રીશ રે. માનવ૦ ૯ બીહતી માતા નવી દીયેજી રે; મૌન કરીને રે જાય; લંધણ કરતા દીહડાજી રે, પાંચ ઇણ પેરે થાય રે. માનવ૦ ૧૦ છઠે દિવસ સહોદરાજી રે, મીલીયા એકણ ચિત્ત; રાતે જમોકે બાહિર રમોજી રે, અમ ઘર એહવી રીત રે. માનવ૦ ૧૧ હંસ કુંવર તીહાં ક્ષોભીયોજી રે, વાલુ કીધો રે જેહ; વિષ હર ગરલ ત્યાં નાંખીયાજી રે; માંહિ જીમાણો તેહ રે. માનવ૦ ૧૨ કેશવ કુંમર વનમેં ગયોજી રે, તીહાં લીધા વિશ્રામ; યક્ષ દેવતા આવીયાજી રે; મતી નિહાલે તામ રે. માનવ૦ ૧૩ એ કોઈ મોટો અછેજી રે, વ્રતન ભંજે રે જેહ, હું ભંજવું એહને જીરે, માયા માંડી તેહ રે. માનવ૦ ૧૪ નવ જોયણ નગરી રચીજી રે; ચિહું દીશી પોલ પગાર; મંડપ રચીયા મોકલા જીરે, ઘર ઘર તોરણ બાર રે. માનવ૦ ૧૫ સુરજ રચીયો કારમોજી રે; માણસ રચીયા રે બહુ; કેસવ કુંવર જગાવીયોજી રે, ઉઠો જમે સહુ કોય રે. માનવ૦ ૧૬ કેશવ કુમાર મન ચિંતવેજી રે, હજુ ન થયું રે પ્રભાત; એ કોઈ કૌતુક

અછેજી રે, અમે ન જમું રાત રે. માનવ૦ ૧૭ ત્રણ પ્રદક્ષિણા યક્ષ દીયેજી રે; લાગે કેશવને પાય; માગ માગ ત્રુઠ્યો તુમ્હાજી રે; કાંઈ કરૂ પસાય રે. માનવ૦ ૧૮ અમ ભાઈ વ્રત ભાંજ્યાજી રે, વાળુ કીધો રે રાત; હું તમને એમ વિનવું જી રે; જાઈ જીવાડો તાત રે. માનવ૦ ૧૯ યક્ષ દેવતા આવીયેાજી રે; લેઈ માનવ રૂપ. નમણ કરીને છાંટીયેા જીરે; હાંકી ઉઠયેા ભુપ રે. માનવ૦ ૨૦ રાત્રિ ભેાજન પરિહરીજી રે, હુઆ ઉજેણીરાય; તે પછી સંયમ આદરીજી રે; સાર્યા આતમ કાજ રે. માનવ૦ ૨૧.

નેાકારવાળાની સજ્ઝાય.

બાર જપું અરિહંતના, ભગવંતનારે ગુણ હું નિશદીસ;
સીદ્ધ આઠગુણ જાણીએ, વખાણીએરે ગુણ છત્રીશ.
નેાકારવાલી વંદીએ૦ ૧

ચિર નંદીએરે ઉઠી ગણીએ સવેર, સૂત્રતણા ગુણ ગૂંથીયા;
મણિયા મેાહનરે મહામેાટેા મેર...નેાકારવાલી વંદીએ૦ ૨

પચવીસ ઉવજ્ઝાયના સત્તાવીસરે ગુણ શ્રી અણગાર;
એકસેાઆઠે ગુણે કરી, ઇમ જપીયેંરે ભવિયણ નવકાર....
નેાકારવાલી૦ ૩

મેાક્ષ જાપ અંગુઠડે, વૈરી જુઠડેરે તર્જની અંગુલી જોય;
બહુ સુખદાયક મધ્યમા, અનામીકારે વશ્યારથ હેાય...
નેાકારવાલી૦ ૪

આકર્ષણ ટચલી અંગુલી, વલી સુણજોરે ગણવાની રીતી;
મેરૂ ઉલ્લંઘન મમ કરો, મમ કરજોરે નખ અગ્રે પ્રીત....
નોકારવાલી૦ ૫

નિશ્ચલ ચિતે જે ગણે, જે ગણે સંખ્યાદિકથી એકાંત;
તેહને ફલ હો એ અતિઘણું, ઇમ બોલેરે જીનવર સિદ્ધાંત....
નોકારવાલી૦ ૬

શંખ પ્રવાલ સ્ફટીક મણી, પત્તા જીવ રતાંજલી મોતીસાર,
રૂપા સોવન રયણ તણી, ચંદન અવર અગરને ધનસાર....
નોકારવાલી૦ ૭

સુંદર ફલ રૂદ્રાક્ષની, જપમાલીકારે રેશમની અપાર;
પંચવરણ સમ સૂત્રની, વલી વસ્તુ વિશેષ તણી ઉદાર....
નોકારવાલી૦ ૮

ગૌતમ પુછંતે કહ્યો. મહાવીરરે એ સયલ વિચાર;
લબ્ધિ કહે ભવિયણ સુણો, ગણજો ભણજોરે નિત્ય નવકાર....
નોકારવાલી૦ ૯

સતી સુભદ્રાની સજ્ઝાય.

મુનિવર પેખેરે ઇરિયા, જીવના જતન કરંત;
તરણું ખુંચ્યું રે આંખમાં, નયણેનીર ઝરંત....મુનિવર૦ ૧
કલ્પવૃક્ષ જેણે ઓળખ્યો, આંગણે ઉલો રે જેહ; જીહ્વાએ
તરણું રે કાઢયું, સાસુને પડયો રે સંદેહ....મુનિ૦ ૨ તે
સજ્જન શું કીજીયે, જેણે કુલ લાગે રે લાજ; પુત્રવધુ
સોના સમી, નહિ અમારે ઘરકાજ....મુનિ૦ ૩ ગુણ વીણસી
ગુણ લાકડી, ગુણવિણ નાર કુનાર; મન ભાંગ્યો ભરથારનો,

નતિ અમારે ઘરકાજ....મુનિ૦ ૪ પિયુ વચનો શ્રવણે સુણી, સતી મન ચિંતવે એમ; જિન ધર્મ કલંક જાણી કરી, કાઉસગ્ગ કીધો રે એહ....મુનિ૦ ૫ ઈન્દ્રતણું આસન ચલ્યું, સતી શીલ આવ્યું રે આળ; પોળ જડાવે રે નગર તણી, ત્યારે ઉતરશે એગાળ....મુનિ૦ ૬ ભોંગળતો ભાંગે નહિ, ઘણ નવિ લાગે રે ઘાય; ચંપાપોળ ન ઉઘડે, આકુલ વ્યાકુલ થાય....મુનિ. ૭ આકાશે ઉભારે દેવતા, બોલે એવારે બોલ, સતીજલ સીંચરે ચાલણી, ત્યારે ઉઘડશે એ પોળ....મુનિ. ૮ રાજા મન આણંદીઓ, નગરમાં ઘણી છે નાર; અંતે ઉર છે વળી માહરે, સતી શીરોમણી નાર.... મુનિ૦ ૯ અંતે ઉર કીધું એકહું, કુવાકાંઠે નહિ માગ કાચે તાંતણે ચાલણી, તુટી જાયરે તાગ....મુનિ૦ ૧૦ અંતે ઉર થયું દયામણું, રાજા થયો રે નિરાશ; મોટપણું મનમાં રહ્યું, ધીક પડયો ઘરવાસ....મુનિ૦ ૧૧ નગર પડહો વગડાવીયો, વસ્તી દીસે હેરાન; પ્રજાને પીડા ઘણી, કોઈ દીયો જીવિત દાન....મુનિ૦ ૧૨ પડહો આવ્યો ઘર આંગણે, નગરી હાલ કલોલ; જો માતા અનુમતિ દીયે, તો હું ઉઘાડું રે પોળ....મુનિ૦ ૧૩ વલી વળી વહુઅર શું કહું, નહિં નિર્લજને લાજ; નવકુલ નાગ એળે ગયા, કાકીડે આવ્યું રે રાજ....મુનિ૦ ૧૪ દોષ તે દિજે કર્મને, કલંક ચઢાવ્યું માય; પડહો છબી ઉભી રહી, જઈ સંભળાવો રે રાય...મુનિ૦ ૧૫ વેગેરે ગઇ વધામણી, રાજાને નહિં વિશ્વાસ; પ્રત્યક્ષ જુયે રે પારખું, આવી કરે રે તપાસ...

મુનિ૦ ૧૬ સુખ સિંહાસન બેસી કરી, આવી જીહાં છે રે કુપ; મુખ પુનમ કેરો ચંદ્રલો, દેખી હરખે રે ભૂપ.... મુનિ૦ ૧૭ રાજા મનમાં આણુંદીઓ, હૈડે હર્ષ ન માય; પ્રજાને પીડા ઘણી, સાર કરો મોરી માય....મુનિ૦ ૧૮ અવર પુરુષ બાંધવ પિતા, સતી મન સકલા રે હોય; માનવ સૌ મેડીએ ચઢયું, સતી જુએ સૌ કોય....મુનિ૦ ૧૯ કાચે તાંતણે ચાલણી, સતી કલાચઢી સોય; કામિની કુપ જલે કરી, ઉઘાડી ત્રણ પોળ....મુનિ૦ ૨૦ કોઈ પીયર કોઇ સાસરે, કોઇ હશે માને મોસાળ; ચોથી પોળ ઉઘાડશે, જે હશે શીયળવંતી નાર....મુનિ૦ ૨૧ ચોથી પોળ ઉઘાડશે, જે હશે નિસ્કલંક; સુરનર હોજો રે સાખીયા; સુભદ્રાએ ટાલ્યો કલંક....મુનિવર પેખે ઇરિયા૦ ૨૨ નાક રાખ્યુ નગરતણું, ગામ ઉતારીરે ગાળ; રાય રાણી પ્રશંસા કરે, સતી શીરોમણી સાર....મુનિ૦ ૨૩ નરનારી જે શીયળ પાળશે, તે તરશે સંસાર; સિદ્ધ તણા સુખ પામશે, અમરતણો અવતાર...મુનિ૦ ૨૪ વાધણ કેરારે દુધડા, રહેશે સોના કેરે ઠામ; જે ભણે રે જે સાંભળે, કાન્તિ વિજય ગુણ ગાય....મુનિ૦ ૨૫.

નાગદત્ત શેઠની સજ્ઝાય

(પદ્મ પ્રભુ જિન અલગા રહ્યા—એ દેશી)

નગરી ઉજ્જયનીરે નાગદત્ત શેઠ વસે; યશોમતી નામે નારી રે; પુત્ર છે ન્હાનો રે, તેહને વાલ હો, નાણું વિવિધ પ્રકારો રે. મમ કર મમતા રે સમતા આદરો....૧

તેહ શેઠને મહેલ ચણાવતાં, બાર વરસ વહી જાય રે;
ચિતારા પછી તેણે તેડાવીયાં, ભલામણ દીયે ચિત્ત લાય રે.
મમ કર મમતા રે સમતા આદરો....૨
વાદળીયા રંગના પૂરજો વળી, કોઈ દિન તે નવિ જાય રે;
તિહાં કને ચઉનાણી મુનિવર નીકળ્યાં, હસવું કરે તેણે ઠામ
રે...મમ૦ ૩ શેઠ જોઈ ને રે મનમાં ચિંતવે, મુનિ આચાર
ન ગણાય રે; હું ભલામણ દઉં મુજ મહેલની, તેમાં મુનિનું
શું જાય રે....મમ૦ ૪ નવરો થાઉં તો જાઉં ગુરુ પુછવા,
એમ ચિંતવી જમવા આવે રે. પુત્ર જે નાનો તેહને હુલ-
રાવતો, કરે માત્રુ બાલ.સ્વભાવ રે....મમ૦ ૫ છાંટા પડીયા
તેહ માત્ર તણા, તેહની થાળી મઝાર રે, તે નવિ ગણકારી
રે આવા મંડિઓ ઘૃત પરે તેણી વારો રે....મમ૦ ૬ મુનિ
પણ ફરતાં રે ફરતાં ગોચરી, આવ્યા તેહને ઘેર રે, વળી
પણ મુનિને હસવું આવીયું, તે જોઈ ચિંતવે તેહ રે....
મમ૦ ૭ સંશય પડયો રે નાગદત્ત શેઠને, જમી દુકાને
આવે રે, બોકડો લઇ રે કસાઈ નીકળ્યો, તે દુકાને ચઢી
જાવે રે....મમ૦ ૮ કહે કસાઈ તું આપ મુજને, નહિ કાં
દે તસ નાણું રે, નાગદત્ત ચિંતવે રે એ નાણા તણું, દીસે
નહિ કાંઇ ઠેકાણું રે...મમ૦ ૯ એમ ચિંતવી રે વસ્ત્ર
આડું કરે, બોકડો ઉતરી જાયે રે; ઉતરતાં તેહને રે આંસું
પડયાં, તીહાં અણગાર આવે રે....મમ૦ ૧૦ આંસુ દેખીને
રે મુની મોં પલકયું, વલી ચિંતે મન શેઠ રે; તે મુનીએ
ત્રણ વેલા હસવું કર્યું, સું કામે એણે ઠામે રે....મમ૦ ૧૧

એમ તિહાં શેઠ મનમાં ચિંતવી, ખાઇ પછી મુખવાસ રે;
ઉઠી તિહાંથી પૌષધ શાળામાં, જઈ બેઠો મુનિ પાસે રે....
મમ૦ ૧૨ મુનિને પૂછે રે તુમે હાસ્ય કર્યું, ત્રણ વાર
મુજ આજ રે; તેહનું કારણ આવ્યો પૂછવા, કહો મહેર
કરી મહારાજ રે....મમ૦ ૧૩ પહેલી ચિતારાને ભલામણ
કરૂં, ત્યાં કરી તુમે હાંસી રે; ઘરનું કામ રે કોણ કરતાં
નથી, તેથી થયો હું નિરાશ રે....મમ૦ ૧૪ તેહનું કારણ
મુજને કીજીએ, જેમ મન રાજી થાય રે; મુનિ કહે તુજ
પૂછ્યાનો કામ નહિં સુણ દેવાનું પ્રિય ભાઇ રે....મમ૦ ૧૫.
તો પણ શેઠે હઠ લીધો આકરો, મુનિ બોલ્યા તેણી વાર
રે; સાત દિવસનું છે તુજ આવખું સાંજે કરીશ તું કાળ
રે....મમ૦ ૧૬ મહેલની ભલામણ તો જગોજગની દીજીએ,
તારૂં ભાતું ન લેવે રે; તે કારણ મુજને હસવું આવીયું
એ કારણ પ્રભાવે રે....મમ૦ ૧૭ વળી શેઠે રે પુછયું
મુનિવર ભણી, શે રોગે મુજ મોત રે; મુની કહે શુલ
થાશે કપાલનો, આકરો રોગ ઉદ્યોત રે....મમ૦ ૧૮ જીવ
આવ્યો એકલો ને વળી જાશે એકલો, પરભવ નહિ સથવારો
રે; પુત્ર માતાને પરિગ્રહ અસાર છે, વળી કલત્રાદીક વારો
રે....મમ૦ ૧૯ વનમાં એક વડ વૃક્ષ મોટો હતો, બહોળી
શાખા જેહની રે; પંખી આશરો ત્યાં લેતાં ઘણું શીતળ
છાયા તેહની રે....મમ૦ ૨૦ દવજ્વ લાગ્યો રે માંડયા ઉડવા
બલે એકલ તરૂ સારો રે, તીમ જીવ પરભવ જાશે એકલો
પાપ છે દુઃખ દાતારો રે....મમ૦ ૨૧ જેમ કોઇ શેઠને રે

રાજકુંવર હતો, એકલો ગયો પરદેશ રે; ભાતું નવી લીધું રે ખુંઝાણો ઘણું, તિમ પરભવ દુઃખ સહેસો રે....મમ૦ ૨૨ જીમ કોઇ મેમાન ઘરે આવીઓ, તેહને ચાલતાં શી વાર રે; ઇમ ઉઠીને રે ઓચિંતાનું ચાલવું, ન જોવે નક્ષત્ર તીથીને વાર રે....મમ૦ ૨૩ ઘરના કામ તો સર્વ અધવચ રહ્યાં કોઇથી દુઃખ ન વહેંચાય રે, તું ભલામણ દેતો હતો મહેલની, પણ પરભવ શું થાય રે....મમ૦ ૨૪ જે વાલે સર વિના એક જ ઘડી, નવી સોહ તું લગાર રે; તે વિણા જન્મારો વહી ગયો, નહિ કાગળ સમાચાર રે....મમ૦ ૨૫ તેણે કારણ શેઠજી ડરો પાપથી, અંતર કરીને વિચાર રે; સુધી ધર્મ કરણી સમાચારો, તો તરશો સંસાર રે....મમ૦ ૨૬ શેઠે બીજો રે પ્રશ્ન પૂછીયો, હું મુજ પુત્ર રમાડું રે; તીહાં કને તુમે હસવું કર્યું, મુજ મન તેથી ભરમાણું રે ....મમ૦ ૨૬ મુનિ કહે તુજ સ્ત્રીનો જાર છે, તે તારે હાથે માર્યો રે; તે વેર લેવા તુજ કુળે ઉપન્યો, સાંભળ તેહનો વિસ્તાર રે....મમ૦ ૨૮ ઝેર દેઈ તુજ નારીને મારશે, વરતશે ભુંડે આચાર રે; નાણું ખોશે વ્યસની અતી ઘણો, મુરખો તે બહુ થાશે રે....મમ૦ ૨૯ મ્હોટો થાશે ને મહોલને વેચશે, નહિં રહેવા દે કાંઇ રે; માત્રા તું ખાતો તો એહની, તેણે મુજ હસવું થાય રે....મમ૦ ૩૦ વળી ત્રીજો રે પ્રશ્ન પુછયો; જે બોકડાનું દૃષ્ટાંત રે; ત્યાંશે કારણ તમે હસવું કર્યું, તે ભાખો ભગવંત રે.... મમ૦ ૩૧ મુનિ કહે કુડ કપટ પ્રભાવથી; વળી કુડાં તોલા

ને માપ રે, તેથી મહા પાપે રે તિર્યંચ ઉપજે, ગુઢ માયા પ્રભાવે રે....મમ૦ ૩૨ એક દીન શેઠ રે બેઠો તો હાટમાં, તીહાં આવ્યો ચંડાલ રે; રૂત લેવાને આવ્યો તો તે કને, કેળવે કપટ અપાર રે....મમ૦ ૩૩ કપટ કેલવી રૂંત બોછો દીયો, ખાઈ ગયો દોય શેર રે, ઘરે જઈને તેણે તે તોલીયું, થયો કદા ગ્રહ અપારો રે...મમ૦ ૩૪ કજીઓ થયો તે પાછો નવી દીયો. દેણ રહી ગયું તામ રે, મરી તુજ બાપ થયો તે બોકડો, મારવા લઈ જાય ઠામ રે....મમ ૩૫ તે લઈ તુજ દુકાને આવીયો, તુજ બાપને તેણી વારો રે, જાતી સ્મરણ દેખીને ઉપન્યું, પેઠો હાટ મોઝાર રે.... મમ૦ ૩૬ લોભના વશ થકી તું નવિ લઈ શકયો, મેષ ઉતરતાં તે વારો રે, આંસુ ચોધારાં તેહને પડયાં, આવ્યો ક્રોધ અપારો રે...મમ૦ ૩૭ તવ શેઠ રે પાધરો ઉઠીયો જીહાં ચંડાળ તીહાં આવ્યો રે; કહે કસાઈને દે એ બોકડો, તે કહે રહ્યો રંધાય રે....મમ૦ ૩૮ મેં દેવા માંડયો રે તો તે નવિલીયો, તેણે નાખ્યો મેં મારી રે; ભાંગે પગે તે પાછો આવીઓ, મુનીને પુછે તેણી વારો રે...મમ૦ ૩૯ મુજ તાત પ્રભુ કઈ ગતિ સંચર્યો તવ મુનિવર કહે તામ રે; રૌદ્ર ધ્યાન આવ્યો તુજ ઉપ રે, તેણે પેલી નરકે ઠામ રે....મમ૦ ૪૦ નરકે ગયો તે દુઃખ તીહાં અનુભવે તે કપટે દુઃખીયો થાય રે; એમ સુણી નાગદત્ત મનમાં ધ્રૂજીઓ મનમાં તે પસ્તાય રે...મમ૦ ૪૧ હવે શેઠે પુછયું મુનિવર ભણી, સાત દિવસનું મુજ આય રે; હવે હું ધર્મ શી

કરૂં મુની કહે મત પસ્તાય રે....મમ૦ ૪૨ એક દિવસનું રે ચારિત્ર સુખ દીયે, મુકે અનુતર મોઝાર રે; જેવા ભાવ તેવા ફલ નીપજે. તેણે મત કરજો ચીંતા લગાર રે....મમ૦ ૪૩ એમ સુણીને રે નાગદત્ત શેઠજી, લેવે ચારીત્ર સાર રે; પરિગ્રહ સઘળો અસાર તે જાણીઓ. મુક્તા ન કરી કાંઈ વાર રે....મમ૦ ૪૪ ચાર દિવસ તેણે ચારી પાળીઉં, દીન ત્રણ કર્યો સંથારો રે; સાતમે દિવસે રે કપાળમાં સુળ થયો મુની શરણાં દીયે તેણી વાર રે....મમ૦ ૪૫ સરણા લેતા રે પુરૂં કર્યું આઉખું, શુભ ધ્યાન મોઝારો રે; મરી સુધર્મા દેવલોક તે ઉપન્યો, સુખ વિલસે શ્રી કારો રે....મમ૦ ૪૬ ઈમ જાણીને રે ધર્મ જે આદરે, તે સુખ પામે અપારો રે; જ્ઞાન વિમળ સુરી તે એમ કહે ધર્મે જય જય કારો રે....મમકર મમતા૦ ૪૭.

શ્રી સ્થૂલિભદ્રની સજ્ઝાય

વેશ જોઈને સ્વામી આપણો, લાગી મારા તનડામાં લ્હાયજી; અણધાર્યું સ્વામિ આ શું કર્યું, લાગે સુદર કાયજી; કોણ રે ધુતારે તમને ભોળવ્યા....૧ આવી રે ખબર જો હોત તો, જાવા દેત નહિં નાથજી. છેતરી છેહ દીધો મને, પણ છોડું નહિં કદી સાથજી કોણ રે....૨ બોધ સુણી સુગુરૂ તણો, લીધો સંજમ ભારજી; માત પિતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી; નથી રે ધુતા રે મને ભોળવ્યો....૩ એવું જાણીને કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેશજી; આવ્યો ગુરૂની આજ્ઞા લઈ, દેવા તને ઉપદેશજી.

નથી રે....૪ કાલે સવારે ભેગાં રહી, લીધાં સુખ અપારજી;
તે અમને બોધ દેવા આવીયા, જોગ ધરીને આવારજી;
જોગ રે સ્વામજી અહીં નહિં રહે...૫ કપટ કરીને મને
છોડવા, આવ્યા તમે નિરધારજી, પણ છોડું નહિં કદી
નાથજી, નથી નારી ગમારજી. જોગ રે....૬ છોડયાં માત
પિતા વળી, છોડયો સહુ પરિવારજી; ઋદ્ધિ સિદ્ધિ રે મેં
તો તજી દીધી, માની સઘળું અસારજી; છેટી રહી રે કર
વાત તું....૭ જોગ ધર્યો રે અમે સાધુનો; છોડયો સઘળાંનો
પ્યારજી; માત સમાન ગણું તને, સત્ય કહું નિરધારજી.
છેટી રહી....૮ બાર વરસની પ્રીતડી, પલમાં તૂટી ન જાયજી;
પસ્તાવો પાછળથી થશે, કહું છું લાગીને પાયજી. જોગ
રે....૯ નારી ચરિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી;
માટે ચેતો પ્રથમ તમે, પછી હસશે સહુ લોકજી. જોગ રે....
૧૦ ચાળા જોઈને તારા સુંદરી, ડગું નહિ હું લગારજી;
કામ શત્રુમેં કજ્જે કર્યો, જાણી પાપ અપારજી. છેટી રહી રે
ગમે તે કરો....૧૧ છેટી રહી ગમે તે કરો, મારા માટે
ઉપાયજી; પણ તારા સામું જોઉં નહિ, શાને કરે તું
હાયજી. છેટી રહી....૧૨ માછી પકડે છે જાળમાં, જાળમાંથી
જેમ મીનજી; તેમ મારા નેત્રના બાણ થકી, કરીશ હું
તમને આધીનજી. જોગ રે....૧૩ ઢોંગ કરવા ત્યજી દઈ, પ્રીતે
ગ્રહો મુજ હાથજી; કાળજું કપાય છે માહરૂં, વચનો સુણીને
નાથજી. જોગ રે....૧૪ બાર વરસ તુજ આગળે, રહ્યો તુજ
આવાસજી, વિવિધ સુખમેં ભોગવ્યાં, કીધા ભોગ વિલાસજી;

આશા તને રે હવે માહરી રે....૧૫ ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી; પણ હવે તે રસ મેં તજ્યો, સુણી શાસ્ત્રના પ્રબંધજી. આશા....૧૬ જ્ઞાની મુનિને રૂષિયો, મોટા વિદ્વાન ભૂપજી; તે પણ દાસ બની ગયા, જોઈ નારીનું રૂપજી. જોગ રે....૧૭ સાધુ પણું રવામી નહિ રહે, મિથ્યા વહું નહિ લેશજી; દેખી રે નાટારંભ માહરો, ત્યજશો સાધુનો વેશજી. જોગ રે....૧૮ વિવિધ ભૂષણો ધારીને, સજી રૂડા શણગારજી; પ્રાણ કાઢી નાંખે તોહરો, કુદી કુદી આઠામજી. આશ...૧૯ તો પણ સામું જોઉં નહિ, ગણું વિષ સમાનજી; સૂર્ય ઉગે પશ્ચિમ કદી, તો પણ છોડું ન માનજી. આશ....૨૦ ભિન્ન ભિન્ન નાટક સેં કર્યા, સ્વામી આપનો પાસજી; તો પણ સામું જોઈ તમે, પુરી નહિ મુજ આશજી; હાથ રે ગ્રહો હવે માહરો....૨૧ હસ્ત જોડી હવે વિનવું, પ્યારા પ્રાણ જીવનજી; બાર વરસની પ્રીતડી, યાદ કરો તુમ મનજી. હાથ રે....૨૨ ચેત ચેત રે કોશ્યા સુંદરી શું કહું વારંવારજી; આ સંસાર અસાર છે, નથી સાર લગારજી. સાર્થક કરો હવે દેહનું....૨૩ જન્મ ધરી આ સંસારમાં, નહિ ઓળખ્યો ધર્મજી; વિધ વિધ વૈભવ ભોગવ્યા, કીધા ઘણા કુકર્મજી; સાર્થક કરો હવે દેહનું.... ૨૪ તે સહું ભોગવવું પડે, મૂઆ પછી તમામજી; અધર્મી પ્રાણીને મળે નહિં, શરણું કોઈ ઠામજી; શાર્થક કરો હવે દેહનું....૨૫ સિંધુ રૂપી આ સંસારમાં, માનવ મીન-રૂપ ધારજી; જંજાળ જાળ ઉપર ડગમગે, કાળ રૂપી મચ્છી

મારજી. સાર્થક કરો હવે દેહનું....૨૬ વિષય રસ વ્હાલો ગણી, કીધા ભોગ–વિલાસજી; ધર્મના કાર્ય કર્યા નહિ રાખી ભોગની આશજી, ઉદ્ધાર કરો મુનિ માહરો....૨૭ વ્રત ચુકવવા આપનું, કીધા નાચને ગાનજી; છેડ કરી રે મુનિ આપની, બની છેક અજ્ઞાનજી; ઉદ્ધાર કરો....૨૮ શ્રેય કરો મુનિવર માહરૂં, બતાવીને શુભ જ્ઞાનજી; ધન્ય ધન્ય છે મુનિવર આપને, દીસો મેરુ સમાનજી. ઉદ્ધાર કરો....૨૯ બાર વરસ સુખ ભોગવ્યાં, બરચ્યાં ખૂબ હિનારજી; તોય હું તૃપ્ત થઇ નહિં, ધિક્ ધિક્ મુજ ધિક્કારજી; ઉદ્ધાર....૩૦ છોડી મોહ સંસારનો, ધારો શિયલવ્રત સારજી; તો સુખ –શાંતિ સદા મળે, પામો ભવજળ પારજી; સાર્થક કરો હવે દેહનું....૩૧ ધન્ય છે મુનિવર આપને, ધન્ય શકડાલ તાતજી ધન્ય સંભૂતિ વિજય મુનિ, ધન્ય લાછલદે માતજી, મુક્ત કરી રે મોહ જાળથી....૩૨ આજ્ઞા દીઓ રે હવે મુજને, જાઉં મુજ ગુરૂ પાસજી; ચોમાસું પુરું થયા પછી, સાધુ છંડે આવાસજી, રૂડી રીતે શિયળવ્રત પાળજો....૩૩ દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી, સૂરિ ઈન્દુ કહે સ્થૂલિભદ્રજી, બન્યા સિંહ સમાનજી, ધન્ય છે મુનિવર આપને....૩૪.

શીયલતતીની સજ્ઝાય.

(શ્રી સ્થુલીભદ્ર મુનિગણ માંહે શરદારજો–એ દેશી)

શીયલવતીએ શીયલવન્તિ નારજો, સદ્‌ગુણવાલી બુદ્ધિની ભંડારજો; શીયલથી આ જગમાં કુલ દીપાવીયા જો. ૧

નંદપુરે રત્નકર શેઠને ત્યાંજો, અજીતસેનની નારી એ સોહાયજો; પશુપક્ષીની ભાષા સમજે જ્ઞાનથી જો. ૨ શીયાલણીનો શબ્દ સુણ્યો મધરાતજો, ઘડુલો લઇને ચાલી વીણ સંગાતજો; સસરાજી તેના પર શંકા લાવીયાજો. ૩ અજીતસેનને કીધી સર્વે વાતજો, સ્ત્રી તારી દીસે છે કુલટા જાત જો; માટે તેને પિયર પંથ વોલાવીએ જો. ૪ સસરા સાથે પીયર પંથે જાયજો, નદી ઉતરી મોજડી રાખી પગમાંયજો, આગળ જતા મગનું ક્ષેત્ર આવીયું જો. ૫ શેઠે કીધું ધાન્ય ઘણીને સારૂંજો, વહુ બોલી કે શેઠજી વચન તમારૂજો; નવી જો ખાધું હોય તો સત્ય જાણીયે જો. ધનીક નગરને ઉઝડ દીલમાં ધારે જો, એક સુભટને બીકણ કહી પોકારેજો; વડની છાયાં તજીને તડકે બેસીયાજો. ૭ ઉજ્જડ ગામને વસ્તિવાળું કીધું જો, વહુનું વર્તન ઉધું સસરે દીઠું જો; દીલમાં શીયલવતી પર બહુ ગુસ્સે થાયજો. ૮ મામાને ઘેર ભોજન પણ નવ ખાધું જો, જંગલમાં જઈ બેઠા ખાવા ભાતું જો; કાગડો ત્યાં આવીને લાગ્યો બોલવાજો. ૯ કાગની સાથે વહુએ કીધી વાતજો, પતિવિયોગ મળ્યો છે મુજ લલાટજો; તે સુણીને શેઠ અચંબો પામીયાજો. ૧૦ વહુએ શેઠને કાકની વાણી કીધી જો, વૃક્ષ તલે જઈ બોદણી ચાલુ કીધી જો; કુંભસોનાના ચાર તિહાં નીકળ્યા જો. ૧૧ શીયલવતીએ કીધો પૂર્વવૃતાંતજો, શીયાલણીનો શબ્દ સુણી મધરાતજો; લેવા ઘરેણાં ગઈ હું ગાગર લઇ જો. ૧૨ કંકર આદિના ભયથી એ તાતજો, કીધી નદીને પારમેં મોજડી

સાથ જો, ગીરોક્ષેત્ર જો હોય તો ધાન્ય નવી મળે જો. ૧૩ સંબંધી વિણ શહેરને ઉજજડ જાણું જો; સ્નેહી જ્યા તે ગામડું વસ્તીવાળુ જો; સુભટને સૌ ઘાવ પીઠપર વાગીયાજો. ૧૪ કાગડો આવી સ્ત્રી ઉપર ચરકે જો, પતીતણું સુખ તેનાથી દુર સરકે જો; તેથી વૃક્ષ તજીને તડકે બેસીયાંજો. ૧૫ શેઠે કીધું થયો મને સંતોષજો, ક્ષમા કરો તુમે મારા સઘલા દોષ જો; નીજપુરમાં વહુ સાથે પાછા આવીજો. ૧૬ અજીતસેન નૃપ સંગ વિદેશે જાયજો, સતીએ કુલની માળા અર્પી ત્યાંય જો; જો કુલ કરમાશે તો મુજ શીયલ જશે જો. ૧૭ મારગ જાતાં રાજા વિસ્મિત થાય જો, કુલની માળા કેમ નહિ કરમાય જો; અજીત બોલ્યો શિયળનો પ્રભાવ એ જો. ૧૮ કરવા પરિક્ષા રાજા ચાહે ચિત્તજો, મોકલીયા છે સતીને ત્યાં નિજ મિત્ર જો; સતીએ યુક્તિ કીધી શીયલ રક્ષણ તણીજો. ૧૯ તંતુ યુક્ત પલંગ કર્યો તૈયારજો, ખાડા ઉપર ગોઠવીઓ તે વારજો, જે આવ્યા તે ખાડામાં કેદી થયાજો. ૨૦ રાજાએ સહુ વાત જ્યારે જાણીજો, સતીનું શીયલ યુક્તિને વખાણી જો; બહેન ગણીને વસ્ત્રાભુષણ આપીયાં જો. ૨૧ ધર્મઘોષ સૂરી આવ્યા નગર મોજારજો, સુણે દેશના પ્રિતે સકલ નરનાર જો; સતીએ પૂરવ ભવની કથા સાંભલી જો. ૨૨ પ્રગટયો છે વૈરાગ્ય ઉકરે તે વારજો, દીક્ષા લીધી લઈ આજ્ઞા ભરથાર જો; સંયમપાળી પાંચમે સ્વર્ગે સતી ગયાં જો. ૨૩ નેમીસૂરી વિજ્ઞાન છે ગુણની ખાણજો, વાચક કસ્તુર મુજ જીવણની લહાણજો; યશોભદ્ર ચરિત્ર સતીનું વરણવે જો. ૨૪. સંપૂર્ણ—

ચંદ્રાવતીની સજ્ઝાય.

જસ મુખ સોહે સરસ્વતી માય, પ્રણમી વીરજીનેશ્વર રાય, સાધુ સહુકો સુણજો એહ, મંત્ર તંત્ર યંત્રાદિક તેહ. ૧ વૈદક પોતીક કુટી કર્મ, મુખથી ન કહીએ એહનો મર્મ; અનર્થ ઉપજે એહથી ઘણા, જેમ એહથી મુઆ પાંચેજણા. ૨ કુંડન પુર ક્ષત્રિ એક ગામ, ભીમસેન છે તેહનું નામ; નારી તેહની ચંદ્રાવતી, દોષ ન દીસે તેમાં રતી. ૩ ચંદ્રાવતી મુકી ઘરવાસ, એક દિવસ તે થયો અસવાર; ચાલ્યો ચતુર તે કિંકર સાથ, ચંદ્રાવતી તે કરે વિચાર. ૪ એક મને જો કીજે ધર્મ, તો નિકાચિત છુટે જે કર્મ; ઘર પાસે ત્યાં મુનિવર રહે, ચંદ્રાવતીને ધર્મ જ કહે. ૫ પ્રતિબોધિ કીધી શ્રાવિકા, થઈ તેજીનશાસન ભાવિકા; વહોરણ ગયો તે મુનિરાય, ચંદ્રાવતી તે પ્રણમી પાય. ૬ નયણે નીર ઝરે તે ઘણું, દુઃખ દેખી દુહવે મન આપણું; ઘણા દિવસ પિઉ ચાલે થયા, ખચીં બીજી નવી મેલી ગયા. ૭ દીન વચન તેહનું તે સુણ્યું, દુઃખ થયું તે મુનિવરને ઘણું; જોશ જોઈને કર્યો વિચાર, દિવસ સાતમે આવે ભરતાર. ૮ જોશ જોઈને મુનિવર બોલ્યા, કહેલ દિવસે કંથ જ મળ્યા; ત્યારે ખુશી થયું ચંદ્રાવતી મન, તેને રાંધ્યું સુંદર અન્ન. પ્રથમ પડિલાભ્યા મુનિરાજ, નિમિત કહી મુજ સાર્યું કાજ; ભીમસેન મન ભટકે બોલ્યો, એ પાંખડી એહને મળ્યો. ૧૦ એને એવું આપ્યું અન્ન, એ બેહુનું એકજ

મન; ખડગ કાઢીને મારવા ધસ્યેા, દેખી મુનિવર મનમાં હસ્યેા. ૧૧ નારી કહે નવિ કીજે રેાષ, એને પ્રકાસ્યેા તારેા જોષ; તે માટે મેં આપ્યું અન્ન, વચન સુણી તુમે વાળેા મન. ૧૨ જુએા જોસ મુનિવર તત્કાલ, આ ઘેાડી શું જણસે બાળ; જોષ જોઈને કર્યો વિચાર, તેા બેઉનેા ઉપજશે કાળ. ૧૩ જોષ જોઈને મુનિવર ભણ્યેા, ઘેાડી તણા ઉદર માંહે રહ્યો તુમે; ધેાળા પગને રાતુ અંગ, લીલવટ ટીલું છે તુરંગ. ૧૪ સુણી વચન તેણે તત્કાલ ઉદર વધેરી કાઢયું બાળ- અનર્થ દેખી ચંદ્રાવતી, વિષખાઇ મુઈ મહાસતી. ૧૫ ભીમસેન મન પડીએા ફાળ, આપે હું તેા કરીએા કાળ, હત્યા ચારે હુઈ જે કાળે, દુઃખ કરવા લાગ્યેા તે ટાણે. ૧૬ હૈ હૈ આશું કીધું કાજ, હત્યા કીધી ચારે આજ; અનપાણી મુનિવર પરિહરી, કાળ કીધેા મન નિશ્ચલ કરી. ૧૭ એવા દેાષ રહ્યા છે ઘણા, મંત્ર યંત્ર તંત્રાદિક તણા; મુકેા માયા મમતા મેાહ, ચારિત્ર નહિ ચળાવેા સેાય. ૧૮ જેમાં દેાષ ન હેાય રતિ, તે કહેા મુજને સિદ્ધિપતી; સહુકેા મુનિવર એણીપેરે, ભણે દેાષ રહિત તે શીવપુર વરે. ૧૯ વાધિંકિ નામે બડેા રૂષિ, હુએા ચંદ્ર પ્રદ્યેાત નિમિત કહ્યો; કુળ વાળુએા નિમિતજ, ભણ્યેા થુભ પાડી તે દુર્ગતિ ગયેા. ૨૦ તપગચ્છપતિ શ્રી હીરસુરીદ પટેાધર વિજયસેન સુરિંદ હરખ્યેા; આનંદ પંડિતવર શિષ્ય હરખ વિજય કહે ભલેજગીસ. ૨૧ સંપૂર્ણ

માનવિજયજી કૃત

દસ ચંદરવાની સજ્ઝાય.

ઢાળ ૧. દેશી ચોપાઈ

સમરી સિદ્ધ અનંત મહંત, કેવલજ્ઞાની સિદ્ધિ વર્તંત;
ચંદરવા ઘરમાં દસ ઠામ, તેહ તણા કહું સુણજો નામ....૧
ભોજન પાન પીષણ ખાંડણો, શય્યા સંજેરે અન્ન તણો;
દેરાસર સામાયિક જાણ, છાશ દહિં વિગયા દિક ઠામ....૨
ચુલા ઉપર ચતુરસુજાણ, ચંદરવા બાંધો ગુણ ખાણ; તેહ
તણા ફલ સુણજો સહુ શાસ્ત્રાંતરથી જાણી કહું....૩ જંબુ-
દ્વિપ ભરત મંડણો, શ્રીપુરનગર દુરિત ખંડણો; રાજકરે
શ્રીજીન મહારાજ, તસ નંદન કુષ્ટિ દેવરાજ....૪ ત્રિકચોક
ચાચરને ચોતરે, પડહ વજાવી એમ ઉચરે; કોઢ ગમાવે
નૃપ સુત તણો, અર્ધ રાજ દેઉં તસ આપણો....૫
જસોદિત્ય વ્યવહારી તણી, એણી પરે કુંવરી સબલી ભણી;
(લક્ષ્મીવંતી નામે છે), પડહ છબી તેણે ટાળ્યો રોગ,
પરણ્યાં તે બહુ વિલસે ભોગ....૬ અભિનંદન નંદનને રાજ,
આધી દીક્ષા લહે જીનરાજ; દેવરાજ હુઆ મહારાજ,
અન્ય દિવસ આવ્યા મુનિરાજ....૭ સુણી વાત વંદન
સંચર્યો, હયગયરથ પાયક પરવર્યો; અભિગમ પંચે તિહાં
અનુસરી, નૃપ બેઠો શ્રુત વંદન કરી...૮ સુણી દેશના પૂછે
વાત, વિલસી સાત વરસ જે વ્યાધ; કિમ કુંવરી કર ફરસે
ટલી, કિમ કર પીડન એહશું વલી....૯ જ્ઞાની ગુરૂ કહે

સુણ્યું તું ભુપ, પૂરવ ભવનો એહ સ્વરૂપ; મિથ્યા મતિ વસીત પ્રાણીઓ, દેવદત્ત નામે વાણીયો. ૧૦. મહેશ્વરી, નંદન, તસ સુત ચાર, લઘુ બંધવતું તેહ મઝાર; કુડ કપટ કરી પરણી હુઆ, મૃગસુંદરી શ્રાવકની ધુઆ. ૧૧. લઘુવયથી તેણીને નિયમ, જીનવંદન વિણ નવિ ભુંજીમ; શુભગુરૂને વલી દેઈ દાન, રાત્રિ ભોજનનું પચ્ચખાણ. ૧૨. પરણીને ઘેર તેડી વહુ, રાત્રે જમવા બેઠા સહુ; મૂળા મોઘરીને વંતાક, ઇત્યાદિક તિહાં પીરસ્યાં શાક. ૧૩. તેડે વહુ જમવા પાંતમાં, તે કહે હું ન જમું જીહાં લગે આતમા, સસરો કહે તું મપડ ફંદમાં, મત વાંદો જીનવર મહાતમા. ૧૪. ત્રણ દિવસ કીધા ઉપવાસ, ચોથે દિન ગઈ મુનિવર પાસ; વાંદી કહે નિશિ ભોજન તજ્યું, કિમ જીનચરણ કમળને ભજ્યું, કિણી પરે દઉં મુનિવરને દાન, મિથ્યમતિ ઘરમાં અસમાન. ૧૫.

ઢાળ ૨

શાસ્ત્ર વિચારી ગુરૂ કહે રે, સુણ મૃગસુંદરી બાલરે; ચૂલા ઉપર ચંદ્રવો રે, તું બાંધે ચોસાલરે, લાભ છે ઘણો. ૧. પંચતિર્થ દિનપ્રતે કરે રે, શત્રુંજય ગિરનાર રે; આબુ અષ્ટાપદ વલી રે, (સમેત-શિખર) શિર દારો રે લાભ. ૨. પાંચ મુનિવરને ભાવથી રે, પડિલાભે જેટલો રે; તેટલો ફલ તું જાણજેરે, એક ચંદ્રોદય સારો રે લાભ, ૩. ગુરૂ વાંદી નિજ ઘેર જઈ રે, ચૂલા ઉપર ચંગરે; ચંદ્રોદય તેણે

બાંધીઓ રે જીવદયા મનરંગરે. લાભ૦ ૨ સસરે નિજ સુતને કહ્યુ રે, દેખી તેણે તત્કાલ રે; તુજ કામિની કામણ કીયાં રે, તેણે તે નાંખ્યો જવાલ રે લાભ૦ ૫. વલી વલી બાંધે કામિની રે. વલી વલી જવાલે કત રે; સાતવાર એમ જવાલીઓ રે. ચંદ્રોદય તેણે તંતરે. લાભ૦ ૬. સસરો કહે શું માંડીઓ રે, એ ઘરમાંહે ધંધરે; રખે ચંદ્રવો શું કરે રે, નિશિ ભોજન તુમે મંડો રે. લાભ૦ ૭. સા કહે જીવ જતના ભણું રે, એ સઘલો પ્રયાસ રે; નિશિ ભોજન હું નવિ કરું રે, જો કાયામાં શ્વાસ રે. લાભ૦ ૮. શેઠ કહે નિશિ ભોજન કરો રે, તો રહો અમ ઘર આવાસરે; નહિ તો પીયર પહોંચ જો રે, તુમ શું રખે ઘરવાસ રે. લાભ૦ ૯. સા કહે જેમ જન પરવર્યો રે, તેડી લાવ્યા રે ગહે રે; તિમ મુજ પરિવારે પરવર્યો રે, પહોંચાડો સસને હરે. લાભ૦ ૧૦.

ઢાળ ૩ જી

(કપુર હોએ અતિ ઉજલો રે—એ દેશી.)

દેવદત્ત વ્યવહારીઓ રે, આણી મનમાં રીશ; વહુ-વેરાવણ ચાલીઓ રે, લઈ સાથે જગીશ રે. પ્રાણી જીવદયા મન આણ. ૧. એ સઘલા જનનાં વાણી રે પ્રાણી, એ ધર્મરાય પટરાણી રે, પ્રાણી એ આપે કોડી કલ્યાણી રે. પ્રાણી જીવ. ૨. અનુક્રમે માર્ગ ચાલતાં રે, શેઠ સહોદર ગામ; જામિનિ જમવા તેડીયા રે, તે તેણે નિજ ધામ રે,

પ્રાણી જીવ. ૩. ન જમે શેઠ તે વહુ વિના રે, વહુ પણ ન જમે જમેરાત; સાથે સર્વે નવિ જમ્યા રે, વાધિ બહુલી રાત રે. પ્રાણી જીવ. ૪. શેઠ સગાં રાતે જમ્યાં રે, મરી ગયા તે આપ; ચોખા શરૂમાં દેખીયેા રે, રાતે રંધાણેા સાપ રે, પ્રાણી જીવ૦ ૫ શેઠ કહે અમ કુલ તણી રે, તું કુલદેવી માય; કુટુંબ સહુ જીવાડીયેા રે, એમ કહી લાગ્યેા પાય રે. પ્રાણી જીવ૦ ૬ નવકાર મંત્ર ભણી કરી રે, છાંટીયા સહુને નીર; ધર્મ પ્રભાવે તે થયા રે, ચેતન સઘલા જીવ રે. પ્રાણી જીવ૦ ૭ મૃગ સુંદરી પ્રતિ બુઝ્યેા રે, શેઠ સયલ વડભાગ; જીનશાસન દીપાવ્યેા રે; પામી તે સકલ સેા ભાગ રે. પ્રાણી જીવ૦ ૮ રયણી ભેાજન પરિહર્યા રે, ચંદ્રુવા સુવિશાલ; ઠામ ઠામ બંધાવીયારે, વર્ત્યેા જય જય કારરે. પ્રાણી જીવ. ૯. ચુલક ઘરંટી ઉખલેા રે, ગ્રસની સમાર્જની જેહ; પાણીયારૂં એ ઘર તણું રે, પાંચે આખે ટક એહ રે. પ્રાણી જીવ. ૧૦. પાંચે આખે ટક દીન પ્રત્યે રે, કરતા પાતક જેહ; ચુલા ઉપર ચંદ્રુવેા રે, નવિ બાંધે તસગેહ રે. પ્રાણી જીવ. ૧૧, સાંત ચંદ્રુવા બાલીયા રે તેણે કારણ ભવ સાત; કેાઢ પરાભવ તેં સહ્યાં રે, ઉપર વરસ સાતરે. પ્રાણી જીવ. ૧૨ જ્ઞાની ગુરૂ મુખથી સુણી રે, પૂર્વભવ વિસ્તાર; જાતિ સ્મરણ ઉપન્યું રે, જાણ્યેા અથિર સંસારરે. પ્રાણી જીવ. ૧૩. પંચ મહાવત આદરીરે, પાલી નિરતિ ચાર; સ્વર્ગે સિધાવ્યા દંપતિ રે, જીહાં માંદલના ધેાંકાર રે. પ્રાણી જીવ. ૧૪. સંવત સત્તર આડત્રીસ

સમેં રે, વદી દસમી બુધવાર; રત્ન વિજય ગણિવર તણો રે, એ રચીયો અધિકાર રે. પ્રાણી જીવ. ૧૫. તપ-ગચ્છ નાયક સુંદરૂ રે, શ્રી વિજય પ્રભસૂરીદ; કિર્તિવિજય વાચક તણો રે, માન વિજય કહે શિષ્યરે. પ્રાણી જીવ. ૧૬. સંપૂર્ણ.

રોટલાની સજ્ઝાય

સર્વ દેવ દેવમેં, પ્રત્યક્ષ દેવ રોટી, તે વિના તાન માન, સર્વે વાત ખોટી. ૧. જીનરાજ મુનિરાજ, બડે ધ્યાન ધ્યાવે, ઘડી થાય સોળમીતો, ગોચરી સંભારે. ૨. શેઠ બડે શાહુકાર, લખે લાખ હુંડી, ઘડી થાય સોળમીતો, આંખ જાય ઉંડી. ૩. સંઘ લઈ સંઘવી, પ્રયાણ પંથ કાપે, ઘડી થાય સોળમીતો, મુકામ ઠામ ઝાલે. ૪. ચકવર્તી વાસુદેવ પુન્યના છે બળીયા, ઘડી થાય સોળમીતો, અંગ જાય ગળીયા. ૫. નિસ્નેહી નગ્ન ભાવે, ભસ્મ અંગ લગાવે, ઘડી થાય સોળમીતો, અલખ જગાવે. ૬. ધ્યાન ધરે નાસિકા, ડબક માળા મોટી; ઘડી થાય સોળમીતો, યાદ કરે રોટી. ૭. પેટ પડે રોટલા તો, સર્વ વાત સૂજે; પેટ પુરણ ઘાસ અન્ન. ગાય ભેંસ દુઝે. ૮. ધન ધન વિતરાગ, રૂષભ દેવ સ્વામી, એક વરસ આહાર, ત્યાગી વંદું શીરનામી. ૯. વીર વીર મહાવીર, જગત વીર દીપે, ષટ માસ આહાર, ત્યાગી કર્મ સર્વે જીપે. ૧૦ દીપ વિજય કવિરાજ, અદ્ભી દ્વીપ રાજે, છટ્ઠ અઠમ માસ પાસ, ધીર મુનિ ગાજે. ૧૧.

ઘીના ગુણની સજ્ઝાય

દુહા

ભવિયણ ભાવ ધરી ઘણો, આણી ગુણની શ્રેણી, સુપડાં સરખા થાય જો; ચાલણી પરે મહજેણિ ૧. સાપ તણા ગુણ મઆણુજો, ગાય તણા ગુણ આણુ જુએ ચાર નીરસ ચરી; આપે ઘૃત અહિનાણ ૨. ઘૃત તણા ગુણ વર્ણવું. સાંભળજો નરનાર, વસ્તુ સઘળી જોઈ સહી; ઘૃત સમીનહિં સંસાર. ૩.

ઢાળ ૧ લી

(ચોપાઇની—દેશી)

ઘૃતે રૂપ વધે બળ કાન્તિ, ઘૃને ક્રોધ થાય ઉપશાંતિ, લુખું ધાન્ય તે દોહિલું પચે; ઘૃત સહિત સોકોને પચે. ૧. કુકસ બાકસ જેહમાં ઘૃત, તેહ ધાન્ય લાગે અમૃત, વાણીયા બ્રાહ્મણ સર્વ સુજાણ; ઘૃત પામે તે ઘૃજે પ્રાણ. ૨. હાથ પગ ઉતર્યા સંધાય, દીલ તણા તે ખોડા જાય, ઘૃતની પરે વિગલ કહેવાય, એ ઉપમા ઘૃતને દેવરાય. ૩. બાળકને ઘૃત વહાલું સહી, રોઈને રોટી ઘી લેઈ, વળી લહે એક વાર તે રગે; ઘૃત જમે દેહી તગતગે. ૪. ઘૃત થકી નારા પુરાય, સુવાવડી પણ ઘીયજ ખાય, બળદ પીયે તો માતો થાય, ઘી બાધે નબળાઈ જાય. ૫. ઉભા રહીને ઘી પીજીએ

તેજ સબળ આંખે કીજીએ, ગાયનું ઘી હરે સવિ વાય, વ્યાધિ સર્વે ઘીથી જાય. ૬. શાક પાક થાય ભલાં ઘીથી, બીજું એવું ઓસડ નથી, ઘીનો દીવો માંગલિક કહ્યો, ઘીએ જમાઈ રીસાતો રહ્યો. ૭, નાના મોટા કુલેર કરે, થીજું હોય તો લબકો ભરે, સુંવાળું ગલ ગલ ઉતરે, સીહાંરી હોય તો માખણ હરે, ૮. સાસુ જમાઈ કરવા મેળ, કોષ ઉપાડી કીધો ભેળ; ખલહલ નામે ભલી કહેવાય; ઘી પીરસે તો પ્રીત જ થાય. વરે પૂછે ઘી કેતું વર્યું, ઘીઅ પખે તે લેખું કહ્યું, ઘી સંચોરે વિવાહ અછે; બીજી વસ્તુ લેશું પછે. ૧૦. ઘૃતદાને સમકિત આણીએ. ઘન્નો સારથ પતિ જગ જાણીએ. બ્રાહ્મણને ઘી વખાણીયા; નિત્ય જમે પુન્યવંત વાણીયા. ૧૧. પામર ખાયે પર વિવાહે, કરપી ખાયે પર ઘર જાયે, ઉંદર સાપ વૃક્ષ તે થાય, ઘન ઉપર પરઠી રહે પાય. ૧૨. બુધવારે ઘી ટીલું કરે; શુળરોગ ઉપદ્રવ હરે, ઘરડાને ઘી વહાલું સહી, જુના હાડ રહે ઘીથી લહી. ૧૩ પાટી પીંડે ઘી મુકીએ. ઘાવળી ગુંમડ ત્રહદીએ; ઘી ખાયે તપ સોહિલો થાય; પગબળ નયણે તેજ કહાય. ૧૪. છતું ઘી જે પીરસે નહિ, નરનાં નામ તસ લીજે નહિ, સઘળા ઉપર ઘૃત છે સાર, તે મત જાણો વારો વાર. ૧૫. ઘીના ગુણ ને ઉત્તમના વયણ, એ બે સરખા જાણો સયણ; શુભ વિજય પંડિતથી લહ્યો; લાભ વિજય ઘીનો ગુણ કહ્યો. ૧૬.

બલભદ્રની સજ્ઝાય

શા માટે બાંધવ મુખથી ન બોલો, નયણે અ સુંડાની ધાર, મોરારી રે પુન્ય જોગે દડેયો એક પાણી, જડ્યો છે જંગલ જોતાં. મોરારી રે. શા માટે ૧. ત્રિકમ રીસ ચડી છે તુજને, વનમાંહે વનમાળી, મોરારી રે વડાવારથી મનાવું છું વહાલા તુજન વચન ન બોલે ફરી વારી મુરારી રે શા માટે. ૨. નગરી દાઝીને શોધન લાગી, મારી વાણી નીસુણી વહાલા, મુરારી રે આ વેળામાં લાંધાં અબોલા, કાનજી કાં થયા કાલા મુરારી રે શા માટે. ૩ શી શી વાતો કહું શામળીયા, વીઠ્ઠલજી આવેળા મુરારિ રે; શાને કાજે મુજને સંતાપો, હરિ હસી બે લો નેહેલા મુરારિ રે. શા માટે ૪. પ્રાણ અમારા જાયે પાણી વિના, અધ ઘડીને અણબોલે મુરારિ રે, આરતી સઘળી જાયે અળગી, બાંધવ જો તું બોલે મુ ારિ રે. શા માટે. ૫, કુટુંબ સંહાર થયો માતા પિતા દેવલોકે, વલવલતા વિસ્મિતવાટ, મુરારિ રે સંકટ પડયું ને સહાય નથી કોઈની. એકલડા નિરાધાર, મોરારિ રે, શા માટે. ૬. ત્રણ ખંડ નમાવી વૈર વસાવ્યું, નથી ઉભા રહેવાનું ઠેકાણું મુરારિ રે, પાંડવને દેશ નિકાલો કાંધો, નથી કોઇ બાંધ્યા ગ્રહણ હાર, મુરારિ રે, શા માટે. ૭. જરકશીના જામા પહેરતા, પીળા પીતાંબર સોહે, મુરારિ રે માથે મુગટ શીરછત્ર ધરતા, ચઢતા સ્વારી શ્રીકાર મુરારિ રે, શા માટે. ૮ રસવતી રસ ભોજન કરતાં, મુખવાસ મનગમતા મુરારિ રે. ગલવટ ગાદી સુંવાળી ચાદર, પોઢંતા સેજ પલંગ. મુરારિ રે, શા

માટે હ. ભરી કચેરીમાં જઈ ધસમસતાં, કોડી પરિજન સેવા સારે, મુરારિ રે સોળ હજાર રાણી સાથે, સુખ વિલસતા રૂખમણી મુખ્ય પટરાણી. મુરારિ શા માટે. ૧૦. એહવા સંસારમાં લીલા કરતાં, દેવે દાટ શીર વાળી મુરારિ રે માત પિતાને વિયોગે વિલખિત, પૂરવ કરમ વિપાક, મુરારિ રે. શા માટે. ૧૧. ભૂખ તૃષાની વેદના સહેતાં, એ દુઃખથી સહુ દિલગીર, મુરારિ રે, એક હુંકારે હજારો ઉઠતાં; આજ રહ્યો એકાકાર, મુરારિ રે. શા માટે. ૧૨. આકુળ વ્યાકુળ ચિત ઉચાટન, શૂરવીરની મત છુટી, મોરારિ રે બળવંત બળભદ્ર હરણ સાનિધ્ય, કાંઈ કરો કરુણાય. મુરારિ રે. શા માટે. ૧૩. જંગલ વાસવન અટવીમાં ભમતાં, ભ્રાત શાણા ચતુર થઇ ચુકો, મુરારિ રે. મુજ ઉપર શુ કોપ કરીને, એકવાર દુઃખ મુકો મુરારિ રે. શા માટે. ૧૪. ચારે તરફની દીશા દેવાણી, દુઃખમાં નથી રહી ખામી, મુરારિ રે. આગળ પથરા પાછળ છે કાંટા, વેળુમાંકરી પથારી. મુરારિ રે શા માટે. ૧૫ સાંજ વેળા જરાકુમરે ત્યાં આવી, મૃગની ભ્રાંતે બાણ માર્યું, મુરારિ રે કૃષ્ણ કહે એ કોણ મુજ વૈરી, વિણઅપરાધે બાણ માર્યું. મુરારિ રે. શા માટે. ૧૬ કહે જરા કુમાર હું નહી તુજ વૈરી, નેમના વચન કેમ થાય ખોટા, મુરારિ રે. કૃષ્ણ કહે આલ્યો કૌસ્તુભ મણિ, જાઓ પાંડવ ચરણે ધાઇ. મુરારિ રે. શા માટે. ૧૭. ધરતીની ધારણા આભના આધારે, પાણી વિના વિલવિલતા મુરારિ રે; એમ રૂદન કરતા બલભદ્રજી 'કૃષ્ણને ખંધે ચઢાવી.

મુરારિ રે. શા માટે. ૧૮. ષટ માસ લગે પાળ્યો છબીલો, હૈયા ઉપર અતિ હેતે, મુરારિ રે, સિંધુ તટે સુરને સંકેતે હરિ દહન કર્મ શુભ રીતે મુરારિ રે શા માટે. ૧૯. સંયમ લઈ ગયા દેવલોકે, કવિ ઉદય રત્ન એમ બોલે, મુરારિ રે સંસાર માંહિ બળદેવ મુનિને, કોઈ ન આવે તોલે. મુરારિ રે શા માટે બંધવ મુખથી ન બોલે. ૨૦.

સમ્યકત્વના સડસઠ બોલની સજ્ઝાય

દોહા

સુકૃતવલ્લી કાદંબિની, સમરી સરસતી માત, સમકિત સડસઠ બોલની; કહીશું મધુરી વાત. ૧. સમકિત દાયક ગુરૂ તણો, પચ્ચુવયાર ન થાય, ભવ કોડા કોડે કરી કરતાં સર્વ ઉપાય. ૨. દાનાદિક કિરિયા ન દીયે, સમકિત વિણ શિવ સર્મ; તે માંહે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ૩. દર્શન મોહ વિનાશથી, ઉપન્યું જે ગુણ ઠાણ; તે નિશ્ચય સમકિત કહ્યો, તેહનાં એ અહિઠાણ. ૪.

ઢાળ ૧ લી

(દેઈ દેઈ દરિસણ આપણું–એ દેશી)

ચઉ સદહણા તિલિંગ છે; દશ વિધ વિનય વિચારોરે. ત્રણ શુદ્ધિ પણ દૂષજ; આઠ પ્રભાવક ધારોરે. ત્રુટક–પ્રભાવિક અડ પંચ ભૂષણ; પંચ લક્ષણ જાણીએ; ષટ જયણા ષટ આગાર ભાવના; છવ્વિહા મન આણીએ; ષટ ઠાણ

સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદારએ; એહનો તત્વ વિચાર કરતાં; લહી જે ભવપાર એ. ૬. ઢાળ. ચઉવિહ સદહણા તિહાં; જીવાદિક પરમથ્થારે; પ્રવચન માંહે જે ભાંખીયા; લીજે તેહનો અથ્થોરે. ૭. ત્રુટક તેહનો અર્થ વિચારીએ એ પ્રથમ સદહણા ખરી; બીજી સદહણા તેહની જે જણ મુનિ ગણ ઝવહરિ; સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધો કહે બુધા તેહની સેવા કીજીએ જિમ. પીજીએ સમતા સુધા. ૮. ઢાળ સમકિત જેણે ગ્રહી વનિયું, નિન્હવને અહછંદારે; પાસથ્થાને કુશીલિયા, વેષ વિડંબક મંદારે. ૯. ત્રુટક-મંદા અનાણી દૂર છંડો; ત્રીજી સદહણા ગ્રહી; પર દર્શનીનો સંગ તજીએ, ચોથી સદહણા કહી; હીના તણો જે સંગ ન તજે; તેહનો ગુણ નવિ રહે; જ્યું જલધિ જલમાં ભલ્યું, ગંગા નીર લૂણ પણું લહે. ૧૦.

ઢાળ ૨.

(કપુર હોવે અતિ ઉજળોરે—એ દેશી)

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહેલો શ્રુત અભિલાષ; તેહથી શ્રોતા રસ લહરે; જેહવો સાકર દ્રાખરે, પ્રાણી ધરીયે સમકિત રંગ; જીમ લહીયે સુખઅભંગ રે. પ્રાણી ૧૧. તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે; ચતુર સુણે સુરગીત, તેહથી રાગે અતિ ઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે. પ્રાણી. ૧૨. ભુખ્યો અટવિ ઉતર્યો રે, જીમ દ્વિજ ઘેમર ચંગ; ઇચ્છે તેમ જે ધર્મને રે, તેહિજ બીજુ લીંગરે. પ્રાણી. ૧૩. વેચા વચ્ચ

ગુરૂ દેવનું રે, ત્રિજુ લિંગ ઉદાર; વિધા સાધક પરેકરે રે; આલસ નવિય લગાર રે. પ્રાણી. ૧૪.

ઢાળ ૩.

(પ્રથમ ગોવાલા તણે ભવેજી—એદેશી)

અરિહંત તે જીન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ; ચેઈય જિન પડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ ચતુર નર સમજો વિનય પ્રકાર, જીમ લહિયે સમકિત સાર. ચતુર નર. ૧૫ ધર્મ ખિમાદિક ભાખિયેજી, સાધુ તહેનારે ગેહ; આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચતુર. ૧૬. ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણ હાર; પ્રવચન સંઘ વખાણિયેજી દરિસણ સમકિત સાર. ચતુર. ૧૭. ભક્તિ બાહ્ય પ્રતિપત્તિથીજી; હૃદય પ્રેમ બહુ માન; ગુણ સ્તુતિ અવગુણ ઢાંકવાજી, આશાત નાની હાણ. ચતુર. ૧૮. પંચ ભેદ એ દશ તણેાજી, વિનય કરે અનુકુલ; સિંચે તેહ સુધા રસેજી, ધર્મ વૃક્ષનું મૂલ. ચતુર. ૧૯.

ઢાળ ૪.

(ગોણીડા તું ધોજે મનનું ધોતીયું રે—એદેશી)

ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહેલી મનશુદ્ધિ રે; શ્રીજીનને જીન મત વિનારે, જુઠ સકલ એ બુદ્ધિ રે. ચતુર વિચારો ચિત્તમાં રે. એ આંકણી. ૨૦. જીન ભક્તે જે નવી થયું રે, તે બીજાથી નવી થાય રે, એવું જે મુખે ભાખિયે રે, તે વચન શુદ્ધિ કહેવાય રે. ચતુર. ૨૧. છેદ્યો

ભેદયો વેદના રે, જે સહેતો અનેક પ્રકાર રે; જિન વિણ પરસુર નવિ નમે રે, તેહની કાયા શુદ્ધિ ઉદાર રે. ચતુર. ૨૨.

ઢાળ ૫.

(મુનિજન મારગની--એદેશી)

સમકિત દૂષણ પરિહરો, તેમાં પહેલી છે. શંકા; તે જીન વચનમાં ન કરો, જેહને સમ નૃપ રંકા. સમકિત. ૨૩. કંખા કુમતની વાંછના, બીજું દુષણ તજીયે; પામી સુરતરૂ પરગડો, કેમ બાઉલ ભજીયે. સમકિત. ૨૪. સંશય ધર્મના ફલ તણો, વિતિ ગિચ્છા નામે; ત્રિજુ દુષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સમકિત, ૨૫. મિથ્યા મતિ ગુણ વર્ણનો, ટાલો ચોથો દોષ; ઉન્માર્ગ થુણતાં હુવે, ઉન્માર્ગ પોષ. સમકિત. ૨૬. પાંચમો દોષ મિથ્યા મતિ, પરિચય નવી કીજે; એમ શુભ મતિ અરવિંદની; ભલી વાસના લીજે. સમકિત. ૨૭.

ઢાળ ૬.

(ભોલિડા હંસા રે વિષય ન રાચિયે—એદેશી)

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ; વર્તમાન શ્રુતના જે અર્થનો; પાર લહે ગુણ ખાણ. ધન ધન શાસન મંડન મુનિવરા ૨૮. ધર્મ કથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ; નિજ ઉપદેશે રે રંજે લોકને

ભંજે હૃદય સંદેહ. ધન. ૨૯. વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણી, મલ્લ વાદી પરે જેહ; રાજદ્વારે રે જય કમલા વરે, ગાજંતો જીમ મેહ. ધન. ૩૦. ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમતજીપણ કાજ; તેહ નિમિત્તિરે ચોથો જાણીયે, શ્રી જીન શાસન રાજ. ધન. ૩૧ તપગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવી જીન આણ; આશ્રવ લોપેરે નવી કોપે કદા, પંચમ તપસીતે જાણ. ધન. ૩૨. છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી; જીમ શ્રી વયર મુણીંદ; સિદ્ધ સાતમોરે અંજન યોગથી, જીમ કાલિક મુનિ ચંદ. ધન. ૩૩. કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મહેતુ કરે જેહ; સિદ્ધસેન પરે નર પતિ રીઝવે, અકબર વર કવિ તેહ. ધન. ૩૪. જબ નવી હોવે પ્રભાવક એહવા તવ વિધિ પૂર્વક અનેક; જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધન. ૩૫.

ઢાળ ૭.

(સતીય સુભદ્રાની દેશી)

સોહે સમકિત જેહથી, સખિ જીમ આભરણે દેહ; ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી તેહમાં નહિં સંદેહ, મુજ સમકિત રંગ અચલ હજો. એ આંકણી. ૩૬. પહેલું કુશલપણું તિહાં; સખિ વંદનને પચ્ચખાણ; કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી આચરે તેહ સુજાણ. મુજ. ૩૭. બીજું તીરથ સેવના સખિ તીરથ તારે જેહ, તેહ ગીતારથ મુનિવરા, સખિ તેહશું કીજે નેહ. મુજ. ૩૮. ભકિત કરે ગુરૂ

દેવની, સખિ ત્રીજુ ભૂષણ હોય, કિણ હિચલાવ્યો નવી ચલે; સખિ ચોથું ભૂષણ જોય. મુજ. ૩૯. જીન શાસન અનુ મોદના, સખિ જેહથી બહુજન હુંત; કીજે તેહ પ્રભાવના, સખિ પાંચમું ભૂષણ ખંત. મુજ. ૪૦.

ઢાળ ૮.

(ઇમ નવી કીજે હો—એદેશી)

લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં, ઘુર ઉપશમ અનુકુલ; સુગુણ નર. અપરાધિ શું પણ નવી ચિત્ત થકી, ચિંત વીયે પ્રતિકુલ. સુગુણ નર. શ્રીજીન ભાષિત વચન વિચારીયે. એ આંકણી. ૪૧. સુરનર સુખ જે દુઃખ કરી લેખવે. વંછે શિવ સુખ એક; સુગુણ નર બીજુ લક્ષણતે અંગી કરે, સાર સંવેગ. સુ ટેક. સુગુણ નર શ્રીજીન. ૪૨. નારક ચારક સમભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ; સુગુણ ચાહે નીકલવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ. સુ. શ્રીજીન ૪૩. દ્રવ્ય થકી દુઃખીયાની જે દયા ધર્મ હિણાની રે ભાવ્ય; સુગુણ ચોથું લક્ષણ અનુકંપા કહી નિજ શકતે મન લાવ્ય. સુગુણ શ્રીજીન. ૪૪. જે જીન ભાખ્યું તેનહિ અન્ય થા, એહવોજે દઢ રંગ સુગુણ તે આસ્તિકતા લક્ષણ પાંચમું. કરે કુમતિનો એ ભંગ. સુગુણ શ્રીજીન. ૪૫.

ઢાળ ૯.

(જીન જીન પ્રતિ વંદન દિસે—એદેશી)

પરતીર્થી પરના સુર તેણે, ચલ્ય ગ્રહ્યાવલી જેહ; વંદન પ્રમુખ તિહાં નવી કરવું, તે જયણા ષટ ભેયરે. ભવિકા

સમકિત યતના કીજે. એ આંકણી. ૪૬. વંદન તે કર યોજન કહીયે; નમન તે શીશ નમાવે; દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભક્તિ દેખાડે રે. ભવિકા. ૪૭. અનુપ્રદાન તે તેહને કહીયે, વાર વાર જે દાન; દોષ કુપાત્રે પાત્ર મતિએ, નહિ અનુકંપા માનરે. ભવિકા. ૪૮. અણ બોલાવે જેહ બોલવું તે કહીએ આલાપ; વાર વાર આલાપ જે કરવો, તે કહીયે સંલાપ રે. ભવિકા. ૪૯. એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર; તેમાં પણ કારણથી જયણા, તેહ અનેક પ્રકારરે. ભવિકા. ૫૦.

ઢાળ ૧૦. (લલનાની દેશી)

શુદ્ધ ધર્મથી નવી ચલે, અતિદૃઢ ગુણ આધાર; લલના તો પણ જે નવી તેહવા, તેહને એહ આગાર લલના. ૫૧. બોલ્યું તેહવું પાલિયે, દંતિ દંત સમ બોલ; લલના સજ્જનને દુર્જન તણા કચ્છપ કોટીને તોલ લલના બો. ૫૨. રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના, તેહથી કાંતિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના બો. ૫૩. મેલોજનનો ઘણ કહ્યો, બલ ચોરાદિક જાણ; લલના ક્ષેત્ર પાલાદિક દેવતા તાતાદિક ગુરૂ ઠાણ. લલના બો. ૫૪. વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કંતાર; લલના. તેહે તે દૂષણ નહિ, કરતા અન્ય આચાર. લલના બોલ્યું. ૫૫.

ઢાળ ૧૧. (રાગ મલ્હાર)

ભાવિ જે રે સમકિત જેહથી રૂઅડું. તે ભાવનારે ભાવો મન કરી પરવડુ, જો સમકિતરે તાજું સાજું મૂલરે, તો વ્રત તરૂ રે દીયે શીવપદ અનુ કુલ રે. ૫૬

ત્રુટક અનુકૂલમૂલ રસાલ સમકિત, તેહ વિણ મતિ અંધરે;
જે કરે કિરિયા ગર્વ ભરીયા; તેહ જૂઠો ધંધરે: એ પ્રથમ
ભાવના ગુણે રૂયડી, સુણો બીજી ભાવના; બારણું સમકિત
ધર્મ પુરનું, એહવી તે પાવના. ૫૭.–ઢાળ ત્રીજી ભાવનારે
સમકિત પીઠ જો દૃઢ સહી તો મોટોરે. ધર્મ પ્રસાદ ડગે
નહિ. પાયે ખોટે રે મોટો મંડાણ ન શોભીયે, તેહ કારણુરે
સમકિત શું ચિત્ત થોભીયો. ૫૮. ત્રુટક થોભીયે ચિત્ત નિત
એમ ભાવી, ચોથી ભાવના ભાવિયે, સમકિત નિધાન
સમસ્ત ગુણનું; એહવું મન લાવિયે; તેહ વિણ છુટા રત્ન
સારિખા; મૂલ ઉત્તર ગુણ સર્વે, કિમ રહે તાકે જેહ હરવા
ચોર જોર ભવે ભવે. ૫૯. ઢાળ ભાવો પંચમી રે ભાવના
શમદમ સારરે; પૃથ્વી પરે રે. સમકિત તસુ આધાર
રે છઠ્ઠી ભાવનારે સમકિત ભાજનજો મલે, શ્રુત શીલનો રે તો
રસ તેહમાં નવી ઢલે. ૬૦ નવિ ઢળે સમકિત ભાવના રસ, અમિય
સમ સંવર તણો, ષટ્ ભાવનાએ કહી એહમાં, કરો આદર
અતિ ઘણો ઈમ ભાવતાં પરમાર્થ જલનિધિ; હોય નિત
ઝક ઝોલ એ, ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે; ચિદાનંદન
કલ્લોલ એ. ૬૧.

ઢાળ ૧૨. (જે મુનિ વેષ શકે નવિ છંડી—એદેશી)

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષટ્ વિધ કહીયે
રે; તિહાં પહેલું થાનક છે ચેતન, લક્ષણ આતમ લહીયે રે:
ખીર નીર પરે પુદ્ગલ મિશ્રિત, પણ એહથી છે અલગોરે
અનુભવ હંસ ચંચુ જો લાગે, તો નવિ દિસે વલગો રે.

૬૨. બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે બાલક ને સ્તનપાન વાસના, પુરવ ભવ અનુસારે રે; દેવ મનુજ નરકાદિક તેહના છે અનિત્ય પર્યાય રે; દ્રવ્ય થકી અવિચલિત અખંડિત નિજ ગુણ આતમ રાયરે. ૬૩. ત્રીજું સ્થાનક ચેતન કર્તા, કર્મ તણે છે યોગેરે; કુંભકાર; જીમ કુંભ તણો જે, દંડાદિક સંયોગે રે; નિશ્ચયથી નિજગુણનો કર્તા, અનુચરિત વ્યવહારે રે; દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૪. ચોથું થાનક છે તે ભોકતા, પુન્ય પાપ ફલ કેરોરે; વ્યવહારે નિશ્ચય નય દૃષ્ટે, ભુંજે નિજગુણ નેરોરે; પંચમ થાનક છે પરમ પદ, અચલ અનંત સુખ વાસો રે. આધિ વ્યાધિ તન મનથી લહિએ, તસુ અભાવે સુખ ખાસો રે. ૬૫. છહું થાનક મોક્ષ તણું છે, સંયમ જ્ઞાન ઉપાયો રે, જો સહજે લહિયે તો સઘલે, કારણ નિષ્ફલ થાયો રે; કહે જ્ઞાન નય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે, ન લહે રૂપું રૂપું જાણી છીપ ભણી જે ફરીયા રે. ૬૬. કહે કિરિયા નય કિરિયા વિણ જે જ્ઞાન તેહ શું કરશે રે, જલ પેશી કર પદ ન હલાવે,–તારૂ તે કિમ તરશે રે, દૂષણ ભૂષણ છે. ઈહાં બહુલાં, નય એકેકને વાદે રે; સિદ્ધાંતિતે બેહુ નય સાધે જ્ઞાન વંત અપ્રમાદે રે. ૬૭ ઇણી પરે સડસઠ બોલ વિચારી જે સમકિત આરાધે રે; રાગ દ્વેષ ટાલી મન વાળી, તે સમ સુખ અવગાહે રે; જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઈ નહિં તસ તોલે રે; શ્રીનય વિજય વિબુધ પય સેવક, વાચક જસ ઇમ બોલે રે. ૬૮. સંપૂર્ણ.

જંબુ સ્વામિના ઢાળીયા

ઢાળ ૧

જંબુ સ્વામી જોબન ઘરવાસજ મેલ્યાં ત્યાં કનકને કોડે માતાયે મોહજ મેલ્યાં; તીહાં દોય ઉપવાસે માતા આંબેલ કરતા, તીહાં નવ મસ વાડા માતા ઉદર ધરીયાં. ૧. તીહાં જન્મીયારે જંબુસ્વામી રૂડા, જંબુ સ્વામી રૂડાને એમના નામ જ રૂડા; કુંવર પરભાતે ઉઠીને રૂડાં ચારિત્ર લેશે, કુંવર જન્મ કરતાં તુજને ધર્મ જ વહાલું. ૨. કુંવર એક વાર પરણેાને આઠ જ નારી. કુંવર ઢોલ દદામાં રૂડા વાંજિત્ર વાગે; કુંવર હાથે મીંઢળ કોટે વરમાળા રોપી. ૩.

ઢાળ ૨

કુંવર કહે છે સુણેા માતાજી, મારે નથી પરણવાની અભિલાષાજી; મેં તેા બાળ પણાથી વ્રત આદર્યાં. ૧. કુંવર એકવાર પરણાવું રૂપવંતી રે, કુંવર પરણીને પાય લગાડીએ, તેા હું જાણું ઘરના સુખ રે, રેાતાં રેાતાં માતાજી એમ કહે. ૨.

ઢાળ ૩

કુંવર કહે છે રે માજી જેમ હેાય સાર, તેડાવેા લગનીયા માજી, લગન જોવરાવેા લાલ કુંવર કહે છે. ૧. લગનીયા જઈ વેવાઈને માંડવે ઉભા, નિત્ય નવા ગીત

સુવાસણ ગાય લાલ કુંવર. ૨. દરબારમાંથી લવજી વેગે પધાર્યા, લગન વાંચેને પિતાજી માથું ધુણાવે લાલ. કુંવર ૩. કન્યાના બાપ લગનીયા આધા મંગાવે, તેમ તેમ લગનીયા કુંવરી ઓરેરા મંગાવે લાલ; તાત કહે છે રે કુંવરી જેમ હોય સાર. ૪. પરણીને લેશે જંણુ સંજમ ભાર લાલ, તાત કહે છે પછે ન કાઢશો કુંવરી વાંક અમારો લાલ; તાત કહે છે. રોતા ન આવશો દીકરી ઘર અમારે લાલ. તાત કહે છે. ૫ ચતુર કન્યા તો આઠે ચેતીને બોલી; લાંબી ને ટુંકી પિતાજી; વાત શું કહો છો લાલ તાત કહે છે. ૬. એકની રીત એવી આઠની પ્રીત, પરણીને આઠે કન્યા વેલમાં બેઠી લાલ. તાત કહે છે.૭. ચતુર કન્યા તો આઠે પરણીને પધાર્યા,થાળ ભરીને સાસુએ મોતીડે વધાવ્યા લાલ કુંવરજી કહે છે માજી. ૮. આઠે કન્યા તો લાવીને માતાને સોંપી, અમે લઈશું હવે સંજમ ભાર લાલ કુંવર. ૯. સાસુના પાય પડીને શું શું રે આપ્યું, સવા લાખ સોનૈયા સાસુએ ભંડારે નાખ્યા લાલ કુંવર. ૧૦. સાસુના પાલવ સહીને શું શું રે આપ્યું, એકેકીને આપ્યા સાસુયે બાણું બાણું બોલા લાલ કુંવર કહે છે માજી. ૧૧.

ઢાળ ૪

સાસુ શીખ દે છે વહુવારૂ કરો રે સંતાપી, જેમ તેમ કરીને પીયુ પતરાવો; તો મત જાણું તમારી રે મારી વહુવારૂ રે; વશ કર વાલમ તારો. ૧. પહેરી પીતાંબર અનુપમ સાડી, ને સોળ સજે શણગાર; જેમ તેમ કરતાં

મહેલે પધારો, જો રાખો ભરથાર રે મારી, ૨. કાંણીને કલ્લાં ઝાંઝર પહેર્યા, કાને ઝાલ ઝબુકે; રૂમઝુમ કરતાં મહેલે પધાર્યા, મહોલ ગરડવા લાગ્યો રે મારી. ૩. આઠ મળીને આઠ બારીએ બેઠાં વચમાં વાલમ ઘેર્યા રે; મુખે વચન વાલા કાંઈ ન બોલ્યાં અમે ફેરા ફર્યા છે ફેરા રે મારી ૪. આઠે મળીને વળી એમ જ કહે છે. સુણો વાલમ મારી વાત; દુનીયા તમને ઠપકો દેશે, મુર્ખાઈમાં ગણાશો રે મારી વહુ. ૫. આઠ મળીને વળી એમ જ કહે છે. વાલા સુણો અમારી વાત; નર ભ્રમર ચતુરાઈ ન શીખ્યા, શું રહ્યા દિલ ધિઠા રે મારી વહુ. ૬.

ઢાળ ૫

અમે આઠે તે રમણી ને ગમણી, અમે આઠે જોબન વંતી; સ્હેજે થુંક પડે વહાલા તમને, ત્યારે લોહી તપે રે વ્હાલા અમને. ૧. નહીં મારે જેઠ નહીં દીયર નગીનો, તુમ વિના વ્હાલા સંસાર સુનો, તુમ ઉપર મારે આસો ને વાસો; તુમ વિના વ્હાલા સંસાર સુનો. ૨. જો આવ્યા હોય જમના રે તેડા, તે વાલા અમથી નહિ રે ઉપાય; દીક્ષા લેવાની જે વાત વદો છો, તે વાલા અમથી સહન ન થાય; જો એક પુત્ર થશે વ્હાલા અમને, તો પણ શીખ ના દઈશું તમને. ૩.

ઢાળ ૬.

આટલું કહેતા વ્હાલા નવિ બોલ્યા રે હૈયું કઠણ કઠોર. સુણો મુજ વાતડી રે; મેં જાણ્યું અથિર સંસાર. ૧.

કઠણ સાસુજી કઠણ છો રે, કઠણ તમારી રે કુખ; સુણો. કઠણ નણદી કઠણ છો રે, તારે વીરે દીધાં દુઃખ સુણો. ૨. એવું સુણી જંબૂ એમ ભણ્યા રે, સુણો એક કામણગારી નાર; સુણો એક કામનીરે, આ સંસાર છેરે અસાર. ૩. તુમ ચતુરાઈ છે અતિ ઘણી રે, મારૂં મોત દિવસ કે રાત; સુણો એક કામીની રે; અમ ચતુરાઈ નહિં એહ તણીરે, તેની અમને શી ખબર, સુણો મુજ વાતડી. મેં જાણ્યું અથિર સંસાર. ૪. એવી કોલાહલ થઈ રહી રે, ત્યાં તો આવ્યા પાંચશે ચોર; સુણો. ધનના તે બાંધ્યા ગાંસડારે ઉપર પ્રભવો છે એક ચોર, સુણો. ૫. કાલે જંબુ સ્વામી પરણીયા રે, પરભાતે લેશે સંજમ ભાર; સુણો. ઘરનો તે ધણી તજી ગયા રે; પરધન લઈને શું કરીશ, સુણો. ૬ ધનના તે ગાંસડા પાછા મેલ્યા રે, પાંચસોને ઉપન્યો વૈરાગ; સુણો. ત્યાંથી જંબુસ્વામી ઉઠીયા રે, રજા આપો આઠે નાર; સુણો એક કામીની રે, આ સંસાર છે રે અસાર. ૭. આઠે સ્ત્રીઓ મુર્છાખાઈ પડી રે ધરતી ધર હેઠ; સુણો એક વાતડી રે; આ સંસાર છે રે અસાર; એકેકીને ઉભી કરી રે, આવીશું તમારી રે સાથ. રહો રહો વાલમા રે, આ સંસાર છે રે અસાર. ૮. ત્યાંથી જંબુસ્વામી ચાલીયા રે, આવ્યા માત પિતાની પાસ, સુણો. એક માવડી રે આ સંસાર છે રે અસાર; માત પિતાને પાયે નમ્યા રે, અમે લેઈશું રે સંજમ ભાર, સુણો એક માવડીરે, આ સંસાર છે રે અસાર. ૯.

ઢાળ ૭

ઉઠી પ્રભાતના પોરમાં, આવ્યા સુધર્મા સ્વામી પાસ ધન ધન ધન જંબુસ્વામીને, લીધો છે સંજમ ભાર. ધન ધન૦ ૧ સાસુ સસરાને જંબુએ બુઝવ્યા બુઝવ્યા માય ને બાપ ધન ધન ધન૦ ૨ પાંચસો ચોરને જંબુએ બુઝવ્યા બુઝવી આઠે નાર, ધન ધન ૨. પાંચસેં સત્તાવીસ જંબુએ બુઝવ્યા; બુઝવ્યો પ્રભવો ચોર. ધન૦ કર્મ ખપાવી કેવળ પામીયા પોત્યા છે. મુક્તિ મઝાર, ધન ધન ધન૦ ૩ હીર વિજય ગુરૂ હીરલો તજી છે આઠે નાર. ધન ધન૦ એવું સુણીને જે કોઈ નર નારી પાળશે શીયળ વ્રત સાર; ધન ધન ધન જંબુસ્વામી૦ ૪.

સંપૂર્ણ

છીંક વિચારની સજ્ઝાય

(દેશી ચોપાઈની)

છીંક શુકનનો કહું વિચાર, સુગુરૂ સમીપે સુણ્યો મેં સાર, આગળ માંજે છીંક જ હોય, અશુભ તણી જાણે જે કોય૦ ૧. પહેલાં સુકન હુવા શુભ ઘણાં, છીંક હુવા નિષ્ફળ તે તણાં, છીંક જ હુઆ પછી જે જાણ, શુકન હુઆતે કરો પ્રમાણ૦ ૨. ડાબી છીંક હોય અર્ધ ફળ કહે, જમણી છીંક બુરી સઉ કહે, પુંઠે છીંક સુખ દાયક સહી ઘણી છીંક તે નિષ્ફળ કહી૦ ૩. હાંસે ભય ઉપાધિયેં કરી હઠ ઘણો મન માંહે ધરી, એક છીંક તે નિષ્ફળ જાણ. કુત્તર છીંક તો નિઃખર આણ૦ ૪. મંજાર છીંક તે મરણ

જ કરે, ઈસી છીંક કષ્ટ કારી સરે, વસ્તુ વેચતાં છીંક જ હોય, આણ્યું કરીઆણું મોંઘું હોય૦ ૫. વસ્તુ લેતાં છીંક જ હોય, બમણો લાભ સઘળાનો જોય, ગઈ વસ્તુ જો જોવા જાય, છીંક હોય તો લાભ ન થાય૦ ૬. નવાં વસ્ત્ર વળી પહેરતાં, છીંક હોય આગળ અણ છતાં, ભોજન હોમ પુજાનું કામ. માંગલિક જે ધર્મ સુઠામ૦ ૭. કામ એટલાં કીધાંની અંત, વળી ક્રિયા કરાવે ખંત, રતિ સ્નાન કરીને રહે, છીંક હોય તો પુત્ર જ લહે૦ ૮. ઋતુ વંતિને દીધે દાન, પછી હોવે પુત્ર નિદાન, વૈરી જીતી જાશું જોય, છીંકે વૈરી સઘળો હોય૦ ૯. રોગી કાજ વૈદ્ય તેડવા, જાતા છીંકે જો નવનવા, તે રોગીને મૃત્યુ જાણીએ, કામ વિના વૈદ્ય નાણીએ૦ ૧૦. વૈદ્ય રોગીને ઘરે આવતાં, છીંક હોયે ઔષધ આપતાં, રોગી તણો રોગ તે સમે; આહાર લેતે જમવું ગમે૦ ૧૧. ત્યારે લીધે વ્યાપાર, છીંક હોવે તો વૃદ્ધિ અપાર લેખું શુદ્ધ દીધું રાયને, છીંકે ફોક થાયે તેહને ૧૨ પાણી પીતાં અથ પ્રીય સંવાદ, છીંક દૃષ્ટિ દોષ અનિવાર; નવે ઘરે વસવા આવીયે, છીંક હોય તો ઉચાલીએ૦ ૧૩. વ્યાજે દ્રવ્ય કેહને આપતાં, વળી પૃથ્વીમાં ધન દાટતાં; કર્ષણ જોવા જાતાં વળી, વૃષ્ટિ હોય, પુહવી મન રૂલી૦ ૧૪. છીંક શુકન નર જાણે જેહ, પગ પગ સંપદા પામે તેહ, છીંક વિચાર જાણે જે કોઇ, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ હોઈ૦ ૧૫.

સંપૂર્ણ

દીવાની સજ્ઝાય

દસ દ્વારે દીવો કહ્યોયે, સુત્ર સિદ્ધાન્તની સાખ; ભવિક જીવ સાંભળો રે; ચારે ખુણે બે કહીંએ, ઉંચી નીચી જાણ ભવિ૦ પૂર્વ પશ્ચિમ બે કહીએ, ઉત્તર દક્ષિણ જાણ. ભવિ૦ ૧. કોઈક દીવામાં પડવા ગયો રે; કોઇક બળે દીવા હેઠ, ભવિ કોઈક ચોટયો કોડીએ રે, કોઈક જાળે જપલાઈ જાય. ભવિ૦ ૨. એવું જાણી દયા પાલજો રે, એ છે પહેલી ઢાળ. ભવિ૦ ઢાળ૦ ૨. નાના મચ્છરીયા કૂદડા એ તો તડ તડ ધાણી થાય મોટા મચ્છીઆ કુદડા તેને બોલી પીડા થાય. અજ્ઞાની દીવો બળે સારી રાત. ૧. દસ પ્રાણ પોતા તણા; મચ્છર કુદાના આઠ પ્રાણ; પ્રાણ વાલો પોતા તણો એતો પ્રાણ છે જીવનો આધાર; અજ્ઞાની૦ ૨. એક આજ્ઞાની એમ કહે, મને ન આવે અંધારે ઉંઘ, પોતે સુખે સુઈ રહ્યો, મહી બળે પતંગીઆ જીવ, અજ્ઞાની૦ ૩. એક અજ્ઞાની એમ કહે, મને પડી રે દીવાની ઢાલ; સોડ વાળીને સુઇ રહ્યો, માંહી બળે મોતી છક્કાય. અજ્ઞાની૦ ૪ વનમાં બાંધ્યા પાંચ ચારધી, ઘેર માંડ્યો દીવાનો ઢાળ એરે જીવ્હાની લાલચે, એ તો જીભે સ્વાદ ન જાય. અજ્ઞાની૦ ૫ જલચર થલચર માંહે હતો, તારે હતી અંધારી રાત, નવ કોટી રહ્યો રાફડે, એ તો ભુલી ગયો એ વાત. અજ્ઞાની૦ ૬ આંખ દુખે પોતા તણી, ત્યારે થર થર ધ્રુજે કાય, પર પીડા નવિ જાણીએ, એ તો અજ્ઞાનીનો ઢાળ. અજ્ઞાની૦ ૭ વીર કહે સુણો ગોયમા, અજ્ઞાનીનો ન આવ્યો પાર; ભારે કરમી જીવડા, એ તો

નિશ્ચે નરકે જાય. અજ્ઞાની૦ ૮. વીર કહે સુણો ગોયમા, જ્ઞાનીનો આવે પાર, હલવા કરમી જીવડા; એ તો નિશ્ચે મોક્ષે જાય. અજ્ઞાની૦ ૯.

સંપૂર્ણ

સામાયિકની સજ્ઝાય

શુભ ગુરૂ ચરણે નામું શિશ; સામાયિકના દોસ બત્રીશ, કહીશું ત્યાં મનના દસ દોસ, દુશ્મન દેખી ધરતો રોષ૦ ૧. સામાયિક અવિવેકે કરે, અર્થ વિચાર ન હૂડે ધરે, મન ઉદ્વેગ વંછે યશ ઘણો ન કરે વિનય વડેરા તણો૦ ૨ ભય આણે ચિંતે વ્યાપાર. ફળ સંશય નિયાણે સાર, હવે વચનના દોસ વિચાર, કુવચન બોલે કરે ટુંકાર૦ ૩. લે કુંચી જા ઘર ઉઘાડ; મુખ લવરી કરતો વઢવાડ; આવો જાવો બોલે ગાળ, મોહ કરી હુલરાવે બાળ૦ ૪. કરે વિકથાને હાસ્ય અપાર, એ દશ દોસ વચનના વાર, કાય કેરાં દુષણ બાર; ચપલાસન જોવે દીસી ચાર૦ ૫. સાવદ્ય કામ કરે સંગાત; આલસ મોડે ઉંચે હાથ, પગ લંબે બેસે અવિનીત, ઉઠિંગન લે થાંભો ભીંત૦ ૬. મેલ ઉતારે ખણજ ખણાય, પગ ઉપર ચઢાવે પાય, અતિ ઉઘાડુ મેલે અંગ, ઢાંકે તે વળી અંગ ઉપાંગ૦ ૭. નિદ્રાયે રસ ફળ નિર્ગમે, કરહા કંટક તરૂએ ભમે, એ બત્રીસે દોસ નિવાર, સામાયીક કરજો નરનાર૦ ૮. સમતા ધ્યાન ઘટી ઉજળી કેશરી ચોર થયો કેવળી, શ્રી શુભવીર વચન પાળતી, સ્વર્ગે ગઈ સુલસા રેવતી૦ ૯.

સંપૂર્ણ

વૈરાગ્ય પચ્ચીશી

માતાને ઉદરે ઉપનો, નવ માસ રહ્યો ગુપ્ત છાનો, પછે જન્મ્યો ત્યારે માતા હુલરાવે, પુણ્ય કરો ધર્મજીવ સાથે આવે. ૧. પાલી પોસી મોટો કીધો, માત તાત જાણે રે, મારો કારજ શીધો; વય જોબન જાણીને પરહુવે. પુણ્ય૦ ૨. જીવ જાણે છે રે મારી આથી પોથી, એ તો પડ્યો રેશે તારું કાંઈ નથી; કરણી વિના જીવ ગોથા ખાવે. પુણ્ય૦ ૩. પુણ્ય યોગે તું નરભવ પામ્યો, જ્યારે જનમ્યો ત્યારે તું શું લાવ્યો; આવ્યો તું એક એકલો જાવે પુણ્ય૦ ૪ પરદેશી પરદેશથી આવ્યો, મેરો ધન મેરો કરીને ધાયો; અંત કાળે તુજ સાથે કાંઈ નાવે, પુણ્ય૦ ૫. સંસારની માયા મમતા ખોટી; એક પ્રીત રાખો પ્રભુશું મોટી; જેમ ગરભાવાસમાં ફિર નાવે. પુણ્ય૦ ૬. કેઈ તરીયા જીવ કેઈ તરશે, શાલિભદ્ર ધન્નો મુનિ મોક્ષે વરશે; છતી ઋદ્ધિના ત્યાગી કહેતાં પાર નાવે. પુણ્ય૦ ૭. મન આઠ છોડો તુમે અહંકારી, સુણી સમજો ધર્મના વેપારી; સોદો પુણ્ય તણો કરો ભાવે. ૦પુણ્ય ૮. કોટી ધ્વજ લખપતિ ઘણા થયા, રાણા રાજીયા કેઈ વહી ગયા; રામ રાવણ રાજ સમ કોણ આવે. ૦પુણ્ય ૯. પરનારી પુરૂષ પ્રીત નવી કરીયે. વિષય સુખ દુઃખ એ પરિહરીયે. શીયલ ચિંતામણી નરનારી સુહાવે. ૦પુણ્ય ૧૦. માત તાત સગા બંધવ ભાઇ સાસુ સસરો, કોઈ ન સગાઇ, પછી પડીશ જીવ તું પસ્તાવે. ૦પુણ્ય ૧૧. મેડી મંદીર મહોલને માળીયા, ઘરે ગરાસ ઘોડાને ખેતી વાડીયા, આખર અસ્થિર એ કહાવે. ૦પુણ્ય ૧૨. ભય

મરણ તણેા જીવને મેાટેા, જાણ સુજાણ એ સંસાર ખેાટેા; આજીવિકાર્થે તું ધન કમાવે. પુણ્ય૦ ૧૩. માયાને વશ ખેાટું બેાલે પણ પુન્યની વાત કેાઇ નવી બેાલે; સુજાણ હેાય તેા સમજણ આવે. પુણ્ય૦ ૧૪. દીઠે મારગ ન્યાયે ચાલેા, બળવંત થઈ ક્રેાધાદિકને ટાળેા; પંચ ઇંદ્રિને તું જીપાવે. પુણ્ય૦ ૧૫. દાન દીજીયેં ને શીલ પાલી જે, તપ આદરીયે ને ભાવના ભાવી જે જીવ દયા વળી પાળી જે. પુણ્ય૦ ૧૬. હસતાં હસતાં કર્મ બાંધી જે, તે રેાવંતા નવી છુટી જે; બેાલ વિચારીને બેાલીજે. પુણ્ય૦ ૧૭. મારૂં મારૂં કહેતાં શું હીડેા, એક પ્રીત પ્રભુજીશું માંડેા; મીઠી વાણી જેહની સેાહાવે. પુણ્ય૦ ૧૮. દિન દિન તેડેા આવે વેલેા, ચેત ચેત મૂઢ તું કાં થયેા ઘેલેા નદી કાંઠે રૂખ કેમ ઠેરાવે. પુણ્ય૦ ૧૯. કાચા કુંભ તણી પરે એ કાયા, અથિર બાજીને કૂડી રે માયા, બાદલ છાયા સમ કહાવે. ૦પુણ્ય ૨૦. દેવ અરિહંત ને સુસાધ ગુરૂ, સ્મરણ કરીયે નવકાર તણેા; મયણા ધ્યાને ઉંબર રેાગ ગમાવે. પુણ્ય૦ ૨૧. દિન રાતની સાઠ ઘડી જાણેા, તેમાં ચાર ઘડી ધરમની આણેા; છપ્પન ઘડી ધંધેા કમાવેા. પુણ્ય૦ ૨૨. અંતર આત્મા સૌ સાંભળશે, જેની જેવી પેાંખ તે તેવીજ લણશે; બીજ ધર્મ તણા પેાખાવે. પુણ્ય૦ ૨૩ સંવત અઠાર ચુમેાત્તરે સહી, વૈરાગ્ય પચીશી હાલા પુરમેં કહી; જિહાં જૈન ધર્મ સૌ દીપાવે. ૦પુણ્ય ૨૪. તેજ લાભનેા શિષ્ય એણી પરે ભાખે ભાઈ ધર્મની વાત કેાઈ ચિત્ત રાખે; મેઘ લાભ કહે હેતે ભાવે. પુણ્ય૦ કરેા ધર્મજીવ સાથે આવે. ૨૫.

સિદ્ધની સજ્ઝાય

શ્રી ગૌતમ સ્વામી પૃચ્છા કરે, વિનય કરી શિશ નમાય; હો પ્રભુજી અવિચળ સ્થાનક મેં સુણ્યેા, કૃપા કરી મેાય બતાય. હો પ્રભુજી ૧. સિવપુર નગર નગર સેાહામણેા; આઠ કરમ અલગા કરી; સાર્યા આતમ કામ હો પ્રભુજી, છુટા સંસારના દુઃખ થકી તેહને રહેવાનેા કુણ ઠામ હો પ્રભુજી શિવપુર ૨. વીર કહે ઉદ્ધર્વ લેાકમાં સિદ્ધ શિલા તણું ઠામ, હો. ગૌતમ. સ્વર્ગ છવ્વીસના ઉપરે તેહના બારજ નામ. હો. ગૌ. શિ. ૩. લાખ પીસ્તલીશ યેાજના લાંબી પહેાળી જાણ, હો. ગૌ. આઠ જોજન જાડી વિચે છેડે માખી પાંખ જ્યું જાણ. હો. ગૌ શિવ. ૪. ઉજ્જવલ હાર મેાતી તણેા ગેાદુગ્ધ શંખ વખાણુ, હો. ગૌ. તે થકી ઉજળી અતિ ઘણી ઉલટ છત્ર સંઠાણુ. હો. ગૌ. શિવ. ૫ અર્જુન સ્વર્ણ સમ દીપતી, ગઠારી મઠારી જાણ હો. ગૌ. સ્ફટીક રતન થકી નીર્મળી સુંવાલી અત્યંત વખાણ. હો. ગૌ શિવ ૬. શિદ્ધ શિલા ઉલંઘી ગયા, અધર રહ્યા સિદ્ધ સિદ્ધરાજ, હો. ગૌ અલેાકને જઈ અડચા, સાર્યા આતમ કાજ. હો. ગૌ. શિવ ૭. જન્મ નહિ મરણ નહિ, નહિ જરા નહિ રેાગ, હો. ગૌ. વૈરી નહિ. મિત્ર નહિ નહિ સંયેાગ વિયેાગ હો ગૌતમ શિ ૮. ભુખ નહિ તૃષા નહિ નહિ હર્ષ નહિ શેાક, હો ગૌ. કર્મ નહિ કાયા નહિ, નહિ વિષય રસ યેાગ, હો. ગૌ શિવ ૯. શબ્દ રૂપ રસ ગંધ નહિ નહિ, ફરસ નહિ, વેદ. હો ગૌ. બેાલે નહિ ચાલે નહિ;

મૌન પણું નહિ નહિ ખેદ. હો. ગૌ. શિવ. ૧૦ ગામ નગર તિહાં કેાઈ નહિ, નહિ વસ્તી નહિ ઉજ્જડ. હો ગૌ. કાલ સુકાલ વર્તે નહિ. નહિ રાત દિવસ તિથિવાર હો ગૌ. શિવ. ૧૧. રાજા નહિ પ્રજા નહિ, નહિ ઠાકુર નહિ દાસ, હો. ગૌ. મુક્તિમાં ગુરૂ ચેલા નહિ, નહિ લઘુ વડાઈ તાસ. હો ગૌ. શિ. ૧૨. અનંતા સુખમાં ઝીલી રહ્યા અરૂપી જ્યેાત પ્રકાશ. હો ગૌ. સૌ કેાઈને સુખ સારિખા, સઘળાને અવિચલ વાસ. હો. ગૌ. શિવ ૧૩. અનંત સિદ્ધ મુકતે ગયા, વળી અનંતા જાય, હો. ગૌ અવર જગ્યા રોકે નહિ જ્યેાતમાં જ્યેાત સમાય, હો. ગેા. શિવ. ૧૪. કેવળ જ્ઞાન સહિત છે, કેવળ દર્શન ખાસ, હો. ગૌ. ક્ષાયિક સમકિત દીપતું કદીય ન હેાય ઉદાસ. હો. ગૌ. શિવ. ૧૫. સિદ્ધ સ્વરૂપ જે ઓળખે આણી મન વૈરાગ હો ગૌતમ. શિવ સુંદરી વેગે વરે; નય કહે સુખ અથાગ હો. ગૌતમ. શિવપુર. ૧૬. સંપૂર્ણ.

સાર બેાલની સજ્ઝાય

સરસ્વતિ સ્વાતીની પય પ્રણમેવ; સહ ગુરૂ નામ સદા સમરેય, બેાલીશ એણી પેરે આચાર; જોઇ લેજો જાણ વિચાર૦ ૧. પંડિત તેજે નાણે ગર્વ, જ્ઞાની તેજે જાણે સર્વ, તપસી તેજે નાણે ક્રોધ, કર્મ આઠ જીતે તે જોદ્ધ૦ ૨. ઉત્તમ તેજે બેાલે ન્યાય, ધર્મી તેજે મન નિરમાય, ઠાકુર તેજે પાળે વાય, સદગુરૂ તેજે ભાખે સાચ૦ ૩. ગિરૂઓ તેજે ગુણ આગલેા, સ્ત્રિ પરિહાર કરે તે ભલેા,

મેલો તેજે નિંદા કરે, પાપી તેજે હિંસા આચરે૦ ૪. મૂર્તિ તેજે જીનવર તણી, કીર્તી તેજે બીજે સુણી, લબ્ધિ તેજે ગૌતમ ગણધાર, બુદ્ધિ આધકો અભય કુમાર૦ ૫. શ્રાવક તેજે લહે નવ તત્વ, કાયર તેજે મુકે સત્વ, મંત્ર ખરો તે શ્રી નવકાર, દેવ ખરો મુક્તિ દાતાર૦ ૬. પદવી તેજે તિર્થંકર તણી, મતિ તેજે ઉપજે આકૃણી, સમકિત તેજે સાચું ગમે, મિથ્યા મતિ તે ભુલો ભમે૦ ૭. મોટો તેજે જાણે પર પીડ, ધનવંતો જે ભાંગે ભીડ, મન વશ આણે તે બલવંત, આળસથી અળગો તે પુન્ય વંત૦ ૮. કામી નર તે કહીએ અંધ, મોહ જાળ તે મોટો બંધ, દારિદ્ર જે ધર્મે હીન, દુર્ગતિ માંહે રૂલે તે દીન૦ ૯. આગમ તે જ્યાં બોલી દયા, મુનિવર તેજે પાલે ક્રિયા, સંતોષી તે સુખીયાં થયાં; દુખીયા તે જે લોભે ગ્રહ્યા૦ ૧૦. નારી તેજે હોયે સતી, દર્શન તે ઓઘો મુહપત્તિ, રાગ દ્વેષ ટાળે તે યતિ, સુધું જાણે તે જીનમતિ૦ ૧૧. કાયા તેજે શીલે પવિત્ર માયા રહિત હોયે તે મિત્ર, વૃદ્ધ પણું પાળે તે પુત્ર, ધર્મ હાણ પાડે તે શત્રુ૦ ૧૨. વૈરાગીતે વિરમે રાગ; તારૂ તે ભવ તરે અથાગ, રૌરવ, નરક તણો એ ભાગ છાગ હણીને માગે ત્યાગ૦ ૧૩. દેહ માંહે તે સારી જીભ, ધર્મ થાય તે લેખે દીહ, રસ માંહિ ઉપસમ રસ લીહ; સ્થુલી ભદ્ર મુનિ વરમાં સીંહ૦ ૧૪. સાચું તે જે જીનનું નામ, જીનનું દહેરૂં જ્યાં તે ગામ; ન્યાય વંત કહીએ તે રામ; યોગી તેજે જીતે કામ૦ ૧૫. એહ બોલ બોલ્યા મેં

ખરા, સાર નથી એથી ઉપરા, કહે પંડિત લક્ષ્મિ કલોલ, ધર્મ રંગ મન ધરજ્યો ચોલ. ૧૬.

મૂરખની સજ્ઝાય

માયાને વશ ખોટું બોલે, પુણ્યની વાત બિગાડે રે. ઉંડા જળમાં જે નર પેસે, બીજાને બુડાડે રે. મુરખડા લોકો આતમ અનુભવ જાણે એ આંકણી. ચુવા ચંદન અંગ લગાવે, જે નર હીડે આછારે, તેહનું ભલ પણ તો હું જાણું, જો જમને વાળે પાછા રે મુરખ૦ ૨. પાપ સંઘાતે માયા માંડે, મોહ તણે વશ પડિયા રે, મારૂં મારૂં કરતા હીંડે, તે નર કર્મ નડિયા રે. મુરખ૦ ૩. અહંકારીને લોભ ઘણો રે, મનમાં રાખે કાતી રે, જીવ તણી જયણા નહી જાણે, તે સરખો નહી ઘાતી રે. મુરખ૦ ૪. રૂડું કહેતાં રિષ ચઢાવે, રાચે મુરખ સાથે રે, પાપ તણી ગાંઠલડી બાંધી; મરવું લીધું માથે રે. મુરખ૦ ૫. ઘોડા વહેલ પાલખીયે ચઢવું, ભોંય પગલું નવિ ધરવું રે, ભાત ભાતનાં ભોજન કરવા, તો યે આખર મરવું રે. મુરખ૦ ૬. હાથી ની અંબાડીયે ચઢવું, ઉપર છત્ર તે ધરવું રે, આગળ પાળા દોડ કરે પણ. તોએ આખર મરવું રે, મુરખ૦ ૭. નોબત ને નિશાન ગડગડે, હાકમ થઈને ફરવું રે, આગળ હાથી બેસણ હાથી, તોએ આખર મરવું રે, મુરખ૦ ૮ ગર્વે માતો દ્રવ્યે તાતો, મારૂં મારૂં કરવું રે; રળી રળી ભંડાર જ ભરીયા, તો પણ આખર મરવું રે. મુરખ૦ ૯ મંદિર મળિયાં ગોખ જાળિયાં, મેડી ઉપર ચઢવું રે. સુંદર

સ્ત્રી શું ભોગ ભોગવવા, તો એ આખર મરવું રે. મુરખ ૧૦ પરમાતમ શું પ્રીતિ બનાવો, નીચ સંગ ન કરીયે રે, સુમતિ મંદિરમા વાસો વસિયે, તો ભવસાગર તરિયે રે. મુરખ૦ ૧૧ નાના મોટા રાજા રાણા, સહુનો મારગ એક રે, મુરખ કહે ધન મારૂં મારૂં પણ મેલી જાવું છેક રે. મુરખ૦ ૧૨. શિયળ અમુલક બખ્તર પહેરી, જીત્યો મોહ મેવાશી રે, દુર્જનથી જો દુરે રહીએ, તો થઈ યે સદા સુખવાસીરે. મુરખ૦ ૧૩ કેવળ રૂપી સાહિબા મેરા, તાસ ભજનમાં રહિયે રે; નિત્યલાભ કહે પ્રભુ ગોડીપારસ, તેહથી અનુભવ લહીયે રે. મુરખ૦ ૧૪.

સ્થાપના કુલકની સજ્ઝાય

પૂરવ નવમાંથી ઉદ્ધરી, જીમ ભાખે શ્રી ભદ્ર બાહુ રે; સ્થાપના કલ્પ અમે કહું, તીમ સાંભળજો સહુ સાધુ રે પરમ ગુરૂ વયણે મન દીજે, તો સુરતરૂ ફળ લીજે રે. ૧ લાલ વરણ જે સ્થાપના, માંહે રેખા શ્યામ તે જોય રે; આયુ જ્ઞાન બહુ સુખ દીયે, તેતો નીલ કંઠ સમ હોય રે પરમ૦ ૨. પીત વરણ જે સ્થાપના, માંહે હંસે બીંદુ તે શ્વેત રે; તેહ પખાલી પાઈએ સવી રોગ વિલયનો હેતુ રે પરમ૦ ૩. શ્વેત વરણ જે સ્થાપના; માંહે પીત બીંદુ તસ હોય રે; નયન રોગ છાંટે ટળે, પીતાં ટળે શૂલ શરીર રે પરમ ૪. નીલવરણ જે સ્થાપના; માંહે પીત બિંદુ તે સાર રે; તેહ પખાલી પાઈએ, હોય અહિ વિષનો ઉતાર રે. પરમ૦

૫. ટાળે વિશુચિકા રોગ જે, ઘૃત લાભ દીએ ઘૃત વન્ન રે
રક્ત વર્ણ પાસે રહ્યો; મોહે માનવી કેરાં મન્ન રે. પરમ૦
૬. શુદ્ધ શ્વેત જે સ્થાપના, માંહે દીસે રાતી રેખ રે; ઠંક
થકી વિષ ઉતરે, વળી સીજે કાર્ય અશેષ રે પરમ૦ ૭.
અર્ધ રક્ત જે સ્થાપના, વળી અર્ધ પીત પુરી પુષ્ટ રે;
તેહ પખાલી છાંટીએ, હરે અક્ષિ રોગને દુષ્ટ રે. પરમ૦
૮. જંબુ વર્ણ જે સ્થાપના, માંહે સર્વ વર્ણના બિંદુ રે;
સર્વ સિદ્ધિ તેહથી હોએ; મોહે નર નારીના વૃંદ રે; પરમ૦
૯ જાતિ પુષ્પ સમ સ્થાપના, સુત વંશ વધારે તેહરે, મોર
પિચ્છ સમ સ્થાપના, વંછિત દીએ ન સંદેહ રે. પરમ૦
૧૦. સિદ્ધિ કરે ભય અપહરે, પારદસમ બિંદુ તે શ્યામ રે;
મષક સમજે સ્થાપના, તે ટાળે અહિ વિષ ઠામ રે.
પરમ૦ ૧૧. એક આવર્તે સુખ દીએ, બેહુ આવર્તે ભંગ
રે; ત્રિહું આવર્તે માન દે, ચિહું આવર્તે નહિ રંગ રે. પરમ૦ ૧૨
પંચ આવર્તે ભય હરે, છ આ વર્તે દીયે રોગરે; સાત આવર્તે
સુખ કરે, વળી ટાળે સઘળા રોગ રે. પરમ૦ ૧૩. વિષમા વર્તે
સુખ ફળ ભલું, સમ આવર્તે ફળ હીન રે; ધર્મનાશ હોય
તેહથી, એમ ભાંખે તત્વ પ્રવીણરે પરમ૦ ૧૪. જેહ વસ્તુમાં
થાપીએ; દક્ષિણ આવર્તે તેહ રે; તે અખુટ સઘળું હોયે,
કહે વાચક યશ ગુણ ગેહરે. પરથ ૧૫.

અથ દીવાલી સ્તવન

ઢાલ ૧ રાગ રામગિરિ.

શ્રી શ્રમણ સંઘ તિલકોપમં ગૌતમં, સુગતિ પ્રણિપત્ય પાદારવિંદં; ઈન્દ્રભૂતિ પ્રભવમંહસો મોચકં, કૃત કુશલ કોટિ કલ્યાણ કંદં. ૧ મુનિ મન રંજણો, સયલ દુ:ખ ભંજણો, વીર વર્ધમાનો જીણુંદો; મુગતિ ગતિ જીમ લહી, તિમ કહું સુણ સહી, જીમ હોએ હર્ષ હઈડે આણંદો. મુ૦ ૨ કરીય ઉદ્‌ઘોષણા દેશ પુર પાટણે, મેઘ જીમ દાન જલ બહૂલ વરસી; ઘણ કણગ મોતિયા ઝગમગે જોતિયા, જીન દેઈ દાન ઈમ એક વરસી. મુ૦ ૩ દોયવિણ તોય ઉપવાસ આદે કરી, માગસિર કૃષ્ણ દશમી દિહાડે; સિદ્ધિ સાખ્યા થઈ વીર દીક્ષા લેઈ, પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ૪ બહૂલ બંભણ ઘરે પારણું સાંનિએં, પુણ્ય પરમાન્ન મધ્યાન્હ કિધું, ભુવન ગુરુ પારણા પુન્યથી બંભણે, આપ અવતાર ફલ સયલ લિધું. મુ૦ ૫ કર્મચંડાલ ગોસાલ સંગમ સુરો, જીણે જીન ઉપરે ઘાત મંડયો; એવડો વયર તેં પાપિયા સેં કર્યો, કર્મ કોડિ તુહિ જ સબલ દંડયો. મુ૦ ૬ સહજ ગુણ રોહિણો નામે ચંડકોષિઓ, જનપદે સ્વાન જિમ જેહ વિલગો; તેહને બુઝવિ ઉદ્ધર્યો જગપતિ, કિધલો પાપથી અતિહિં અલગો. મુ૦ ૭ વેદયામા ત્રિયામ લગે ખેદિયો, ભેદિયો તુઝ નવિ ધ્યાન કુંભો; શૂલપાણિ અન્નાણિ અહો બુઝવ્યો, તુઝ કૃપા પાર પામે ન સંભો.

મુ૦ ૮ સંગમે પિડીએા પ્રભુ સજલ લેાયણે, ચિંતવે છુટશ્યે કિમ એહેા; તાસ ઉપરેં દયા એવડિ શી કરી, સાપરાધે જને સબલ નેહેા. મુ૦ ૯ ઇમ ઉપસર્ગ સહેતાં તરણિ મતિ વરસ, સાદ્ધ ઉપર અધિક પક્ષ એકે; વીર કેવલ લહ્યું કર્મ દુઃખ સવિ દહ્યું, ગહગહ્યું સુર નિકર નર અનેકે મુ૦ ૧૦ ઇંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ, સાહુણી સહસ છત્રીસ વિહસ; ઓગણસઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ, શ્રાવિકા ત્રિલખ અઠાર સહસી. મુ૦ ૧૧ ઇમ અખિલ સાધુ પરિવારશું પરવર્યો, જલધિ જંગમ જશ્યો ગુહિર ગાજે; વિચરતા દેશ પરદેશ નિય દેશના, ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ૧૨.

ઢાલ ૨ વિવાહલાની દેશી.

હવે નિય આય અંતીમ સમે, જાણિય શ્રી જિનરાય રે; નયરી અપાપાએં આવીયા, રાય સમાજને ઠાય રે; હસ્તિપાલગરાયે દીઠલા, આવિયડા અંગણ બારરે; નયણ કમલ દેાય વિહસીઆ, હરસીલા હઈડા મઝારરે. ૧૩ ભલે ભલે પ્રભુજી પધારીયા, પાવસ પાવન કિધાં રે; જનમ સફલ આજ અમ તણેા, અમ્હ ઘરે પાઉલાં દીધાં રે; રાણી રાય જિન પ્રણમીયા, મેાટે મેાતિયડે વધાવિરે; જિન સનમુખ કર જેડીય, બેઠલા આગલે આવિરે. ૧૪ ધન અવતાર અમારડેા, ધન દિન આજુનેા એહેારે; સુરતરૂ આંગણે મેારિએા, મેાતિયડે વૂહલેા મેહારે; આ શ્યું અમારડે એવડેા,

પૂરવ પુન્યનો નેહારે; હૈડલો હેજે હરસિએો, જો જિન મલિએો સંજોગો રે. ૧૫ અતિ આદર અવધારિએ, ચરમ ચોમાસલુ રહિયારે; રાય રાણિ સુરનર સવે, હિયડલા માહે ગહગહિયારે, અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિન નીરે પાપ સંતાપ પરો થયો, શાતા થઈ તન મનનીરે, ૧૬ ઇંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નરનારીના વૃંદરે; ત્રિણ પ્રદક્ષણા દેઈ કરી, નાટિક નવ નવે છંદોરે; જિનમુખ વયણુની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠીરે; તે નર તેહજ વરણવે, જીણે નિજ નયણલે દીઠીરે. ૧૭ ઇમ આણંદે અતિક્રમ્યા, શ્રાવણ ભાદ્રવો આસોરે; કૌતિક કોડિલો અનુક્રમે આવિયડો કાર્તિક માસોરે; પાખિ પર્વ પન્હોતલું, પોહતલું, પુન્ય પ્રવાહિરે; રાય અઢાર તિહાં મિલ્યા, પોસહ લેવા ઉછાંહિરે. ૧૮ ત્રિલોવન જન સવિ તિહાં મિલ્યા, શ્રી જિન વંદન કામોરે; સહેજ સંકિરણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠામોરે, ગોયમ સ્વામિ સમોવડી, સ્વામિ સુધર્મા તિહાં બેઠારે; ધન ધન તે જિણે આપણે, લોયણે જિનવર દિઠારે ૧૯ પૂરણ પુન્યના ઓષધ, પોષધ વ્રત વેગે લિધાં રે; કાર્તિક કાલી ચઉદશે, જિન મુખે પચખાણ કિધારે; રાય અઢાર પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દિધારે; જિન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટ ઘટ પીધારે. ૨૦.

ઢાલ ૩ રાગ માર.

શ્રી જગદીશ દયાલુ દુઃખ દૂરે કરેરે, કૃપા કોડિ તુજ જોડી, જગમાંરે જગમાંરે કહિએં કેહને વીરજીરે. ૨૧ જગ

જનને કુણ દેશે એહવી દેશનારે; જાણિ નિજ નિવારણ;
નવરસરે નવરસરે સોલ પહોર દિયે દેશનારે. ૨૨ પ્રબલ
પુન્ય ફલ સંસુચક સોહામણાં રે, અજ્ઝયણાં પણપન્ન;
કહિયાંરે કહિયાંરે મહિયાં સુખ સાંભલિ હોએરે. ૨૩ પ્રબલ
પાપ ફલ અજ્ઝયણાં તિમ તેટલાંરે, અણ પુછ્યા છત્રીસ;
સુણતાંરે સુણતારે ભણતાં સવિ સુખ સંપજેરે. ૨૪ પુણ્ય
પાલ રાજા તિહાં ધર્મ કથાંતરેરે, કહેા પ્રભુ પ્રત્યક્ષ દેવ;
મુજનેરે (૨) સુપન અર્થ સવિ સાચલેારે. ૨૫ ગજ[૧]
વાનર[૨] ખીર[૩] દ્રુમ[૪] વાયસ[૫] સિંહ[૬] ઘડેારે[૭] કમલણીજ[૮]
ઈમ આઠ; દેખિરે (૨) સુપન સભય મુઝ મન હુએારે.
૨૬ ઉખર બિજ કમલ અસ્થાંનકે સિંહનુંરે, જીવ રહિત
શરીર; સેાવનરે (૨) કુંભ મલિન એ શું ઘટે રે. ૨૭ વીર
ભણે ભુપાલ સુણેા મન થીર કરીરે, સુમિણ અર્થ સુવિચાર;
હેડે રે (૨) ધરજ્યેા ધર્મ ધુરંધરૂરે. ૨૮.

ઢાલ ૪

શ્રાવક સિંધુર સારિખા, જીનમતના રાગી, ત્યાગી સહ
ગુરૂ દેવધર્મ, તત્વેં મતિ જાગિ; વિનય વિવેક વિચારવંત,
પ્રવચન ગુણ પૂરા, એહવા શ્રાવક હોયસે, મતિમંત સનુરા
૨૯ લાલચે લાગા થોડિલેં, સુખેં રાચિ રહિયા, ઘરવાસે
આશા અમર, પરમારથ દૂહિયા; વ્રત વયરાગ થકી નહિ,
કોઈ લેશે પ્રાયે, ગજ સુપને ફલ એહ. નેહ નવિ માંહેા-
માંહે. ૩૦ વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા,

આગલ હોસ્યે લાલચિ, લોભી મન ખોટા; આચારજ તે આચારહિણ, પ્રાયે પરમાદિ, ધર્મ ભેદ કરસ્યે ઘણા, સહજે સ્વારથ વાદી. ૩૧ કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા, મુખ મીઠા માયાવિયા, મનમાંહે કુડા; કરસ્યે માંહોમાંહે વાદ, પરવાદે નાસે, બીજા સુપન તણો વિચાર, ઇમ વીર પ્રકાશે. ૩૨ કલ્પવૃક્ષ સરિખા હોસ્યે, દાતાર ભલેરા, દેવ ધર્મ ગુરૂ વાસના, વરિ વારિના વેરા; સરલ વૃક્ષ સવિને દીએ, મનમાં ગહગહતા, દાતા દુરલભ વૃક્ષ રાજ, ફલ ફુલે ત્રહતા. ૩૩ કપટી જિનમતલિંગિયા, વળી બબૂલ સરિખા, ખીર વૃક્ષ આડા થયા, જીમ કંટક તિખા; દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી, ત્રિજા સુપન વિચાર કહ્યો, જિનધર્મ વિધાત્રી. ૩૪ સિંહ કલેવર સારિખો, જિન શાસન સબલો, અતિ દુર્દાંત અગાહનિય, જિનવાયક જમલો; પરશાસન સાવજ અજ, તે દેખી કંપે, ચઉથા સુપન વિચાર ઇમ, જિનમુખથી જંપે. ૩૫ ગચ્છ ગંગાજલ સારીખો, મૂંકી મતિ હિણા, મુનિ મન રાચે છિલ્લરે, જીમ વાયસ દીણા; વંચક આચારજ અનેક, તિણે ભુલવિયા, તે ધર્માંતર આદરે, જડમતિ બહૂ ભવિયાં. ૩૬ પંચમ સુપન વિચાર એહ, સુણીએ રાજાએ, છઠે સોવન કુંભ દીઠ, મઈ લો સુંણિ કાને; કો કો મુનિ દરસણ ચારિત્ર, ગ્યાન પૂરણ દેહા, પાલે પંચાચાર ચારૂ, છંડિ નિજ ગેહા. ૩૭ કો કપટી ચારિત્ર વેષ, લેઈ વિપ્રતારે, મઈ લો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે; છઠા સુપન વિચાર એહ,

સાતમે ઇંદ્રિવર, ઉકરડે ઉત્પતિ થઈ, તે શું કહેા જિણવર. ૩૮ પુણ્યવંત પ્રાણિ હુસ્યે, પ્રાયે મધ્યમ જાતિ, દાતા ભોક્તા ઋદ્ધિવંત, નિરમલ અવદાત; સાધુ અસાધુ જતિ વદે, તવ સરીખા કિજે, તે બહુ ભદ્રક ભવિયણે, સ્યેા ઉલંભેા દીજે. ૩૯ રાજા મંત્રિપરે સુ સાધુ આપેાપું ગેાપી ચારિત્ર સુધુ રાખસ્યે, સવિ પાપ વિલેાપી; સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઇમ કહિયેા, અઠમ સુપન તણેા વિચાર, સુંણિમન ગહગહિએા. ન લહે જિનમતમાત્ર જેહ, તેહ પાત્ર ન કહિએં, દિધાનું પરભવ પુણ્ય ફલ, કાંઈ ન લહિયે; પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભેાલા નવિ લહેસ્યે, પુણ્ય અર્થે તે અર્થ આથ, કુપાત્રે દેહસ્યે. ૪૧ ઉખર ભૂમિ દૃષ્ટ બિજ, તેહનેા ફલ કહિએં. અષ્ટમ સુપન વિચાર ઇમ, રાજા મન ગ્રહિયેં; એહ અનાગત સવિ સરૂપ, જાણિ તિણે કાલે, દીક્ષા લીધી વીર પાસ, રાજા પુન્યપાલે. ૪૨.

ઢાલ ૫ રાગ ગેાડિ

ઇંદ્રભૂતિ અવસર લહિ રે, પુછે કહેા જિનરાય; સ્યું આગલ હવે હેાયસ્યેરે, તારણ તરણ જીહાજો રે. કહે જીન વીરજી. ૪૩ મુજ નિરવાણ સમય થકીરે, ત્રિહુ વરસે નવ માસ; માઠેરા તિહાં બેસસ્યેરે, પંચમ કાલ નિરાસેારે. કહે૦ ૪૪ બારે વરસે મુઝ થકિરે, ગૌતમ તુઝ નિરવાણ; સેાહમ વીશે પામશેરે, વરસે અખય સુખ ઠાંણેારે. કહે૦ ૪૫ બારે વરસે મુઝ થકિરે, જંબૂને નિરવાણ; આથમસે આદિત્ય

થકિરે, અધિકું કેવલ નાંણે રે. કહે૦ ૪૬ મન પજ્જવ પરમાવધિરે, ક્ષપકોપશમ મન આંણ; સંયમ ત્રિણુ જિન કલ્પનીરે, પુલાગાહારગહાંણુરે. કહે૦ ૪૭ સિઝુંભવ અઠાણુવેરે કરસ્યે દસ વૈઆલિય; ચઉદ પૂર્વિ ભદ્ર બાહુથીરે, થાસ્યે સયલ વિલિઓરે. કહે૦ ૪૮ દોયશત પન્નરે મુઝ થકિરે, પ્રથમ સંઘયણ સંઠાણ; પૂવણું ઉગતે નહિ હુસ્યેરે, મહા-પ્રાણ નવિ ઝાંણેારે. કહે૦ ૪૯ ચઉત્રયપને મુઝ થકિરે, હોસ્યે કાલિક સૂર, કરસ્યે ચઉથી પજુસણેરે, વરગુણ રયણનો પૂરોરે. કહે૦ ૫૦ મુઝથી પણ ચોરાશિયેરે, હોસ્યે વયર કુંમાર; દસ પૂર્વિ અધિકલિઓરે, રહસ્યે તિહાં નિરધારોરે. કહે૦ ૫૧ મુઝ નિવાણ થકિ છસેંરે, વિસ પછી વનવાસ; મુકી કરશે નગરમાંરે, આર્ય રક્ષિત મુનિ વાસોરે. કહે૦ ૫૨ સહસેં વરસે મુઝ થકિરે, ચઉદ પૂર્વ વચ્છેદ; જોતિષ અણ મિલતાં હુસેરે, બહુલ મતાંતર ભેદોરે. કહે૦ ૫૩ વિક્રમથી પંચ પંચ્યાશિએંરે, હોસ્યે હરિભદ્ર સૂરિ; જિન શાસન અજુવાલસેરે, જેહથી દૂરિયાં સાવે દૂરોરે. કહે૦ ૫૪ દ્વાદશ સત્ત સત્તર સમેંરે, મુઝથી મુનિ સુર હિર; બપ્પભટ્ટ સુરિ હોયસેરે, તે જિન શાસન વીરરે. કહે૦ ૫૫ મુઝ પ્રતિબિંબ ભરાવસ્યેરે, આંમરાય ભૂપાલ; સાર્દ્ધ ત્રિકોટી સોવન તણોરે. તાસ વયણથી વિશાલોરે. કહે૦ ૫૬ બેાડસ શત ઓગણોતરે રે વરસે મુઝથી મુણિંદ; હેમસૂરિ ગુરુ હોયસ્યે રે, શાસન ગયણ દિણુ દોરે. કહે૦ ૫૭ હેમસૂરિ પડિબોહસે રે; કુમાર-પાલ ભૂપાલ; જીન મંડિત કરસ્યે મહીરે, જિન શાસન

શાસન પ્રતિપાલોરે. કહે૦ ૫૮ ગૌતમ નબળા સમયથીરે, મુજ શાસન મન મેલ; માંહોમાંહે નવિ હોસ્યે રે, મચ્છ ગલાગલ કેલોરે. કહે૦ ૫૯ સુનિ મોટા માયાવિયારે, વેઢીગારા વિશેષ; આપ સવારથ વસી થયારે એ વિટંબસ્યે વેષોરે. કહે૦ ૬૦ લોભિ લખપતિ હોયસ્યેરે, જમ સરિખા ભૂપાલ; સજ્જન વિરોધિ જન હુસેરે, નવિ લજ્જાલુ દયાલોરે. કહે૦ ૬૧ નિરલોભિ નિરમાઇયારે, સુધા ચારિત્રવંત; થોડા મુનિ મહિયલે હૂસેરે સુણ ગૌતમ ગુણવંતરે. કહે૦ ૬૨ ગુરુ ભગતિ શિષ્ય થોડલારે, શ્રાવક ભગતિ વિહીણ; માત પિતાના સુત નહીરે, તે મહિલાના આધિનોરે. કહે૦ ૬૩ દુપસહ સૂરિ ફલ્ગુસિરીરે, નાયક શ્રાવક જાણુ; સચ્ચસિરિ તિમ શ્રાવિકારે, અંતિમ સંઘ વખાણ્યોરે. કહે૦ ૬૪ વરસ સહસ એકવીસતેરે, જિન શાસન વિખ્યાત; અવિચલ ધર્મ ચલાવશેરે, ગૌતમ આગમ વાતોરે. કહે૦ ૬૫ દૂષમે દૂષમા કાલનીરે, તે કહિયે શી વાત; કાયર કંપે હૈડલોરે, જે સુણુતાં અવદાતોરે. કહે૦ ૬૬.

ઢાલ ૬

(પિઉડા ઘરે આવે.—એ દેશી.)

મુજસું અવિહડ નેહ બાંધ્યો, હેજ હૈડા રંગે; દૃઢ મોહ બંધણ સબલ બાંધ્યો, વજ્ર જિમ અભંગ; અલગા થયા મુજ થકિ એહને, ઉપજસેરે કેવલ નિય અંગકે; ગૌતમરે ગુણવંતા. ૬૭ અવસર જાણિ જિનવરે, પુછિયા

ગોયમ સ્વામ; દોહગ દુખિયા જીવને; આવિયે આપણુ કામ; દેવ સર્મા બભણેા, જઈ બુઝવેારે એણે ઢુંકડે ગામકે. ગૌ૦ ૬૮ સાભલી વયણુ જિણુંદનું, આણુંદ અંગ ન માય; ગૌતમ બે કર જોડિ, પ્રણુમ્યા વીર જિનના પાય; પાંગર્યા પૂરવ પ્રીતથી, ચઉનાણિરે મનમાં નરમાયકે. ગૌ૦ ૬૯ ગૌતમ ગુરૂ તિહાં આવિયા, વંદાવિએા તે વિપ્ર; ઉપદેશ અમૃત દીધલેા, પીધલેા તિણે ક્ષિપ્ર; ધસમસ કરતાં બંભણે, બારિ વાગીરે થઇ વેદન વિપ્રકે ગૌ૦ ૭૦ ગૌતમ ગુરુનાં વયણુલાં, નવિ ધર્યાં તિણે કાન; તે મરી તસ શિર કૃમિ થયેા, કામનીને એક તાન; ઉઠીયા ગોયમ જાણિએા, તસ ચરીયેારે પેાતાને જ્ઞાનકે. ગૌ૦ ૭૧.

ઢાલ ૭

(રાગ રામગિરિ)

ચેાસઠ મણુના તે મેાતિ ઝગમગેરે, ગાજે ગુહિર ગંભિર સિરેરે; પુનાં તેત્રીસ સાગર પૂરવે રે, નાદે સિણા લવસત્તમિયા સૂર રે; વીરજી વખાણેરે જગ જન મેાહિયેારે ૭૨ અમૃતથી અધિકી મીઠી વાણીરે, સુણતાં સુખડા જે મનડે સંપજેરે; તે લહેસ્યે જે પેાહેાંચસ્યે નિર્વાણરે. વી૦ ૭૩ વાણિ પડછંદે સુર પડિબેાહીયારે, સુણતાં પામે સુખ સંપત્તિની કેાડરે; બિજા અડલ ઉલટથી ઘણુારે, આવી બેઠા આગલ બે કરજોડ રે. વી૦ ૭૪ સેાહમ ઇંદ્રો શાસન મેાહીયેારે, પૂછે પરમેસરને તુમ આયરે; બે ઘડ વધારેા

સ્વાતિ થકી પરહું રે, તો ભસ્મગ્રહ સઘલો દૂરે જાયરે. વી૦ ૭૫ શાસન શોભા અધિકિ વાધશ્યેરે, સુખીયા હોશે મુનિવરના વૃંદરે; સંઘ સયલને સવિ સુખ સંપદારે, હોશે દિન દિનથી પરમાનંદરે. વી૦ ૭૬ ઇંદ્રા ન કદા રે કહિએ કેહનું રે, કેણે સાંધ્યું નવિ જાએ આયરે; ભાવિ પદારથ ભાવે નિપજેરે, જે જિમ સરજ્યો તે તિમ થાયરે. વી૦ ૭૭ સોલ પહોરની દેતા દેશનારે, પરધાનકનામા રૂઅડો અજ્ઝયણરે; કહેતાં કાર્તિક વદિ કહું પરઘડિરે, વીરજી પોહોતા પંચમી ગતિ રયણરે. ૭૮ જ્ઞાન દીવોરે જબ દૂરે થયો રે, તવ કિધિ દેવે દીવાની શ્રેણીરે; તિમરે ચિહું વરણે દીવા કિધલારે, દિવાલી કહિયેં છે કારણ તેણેરે. વી૦ ૭૯ આંસૂ પરિપૂરણ નયણ આખંડલો રે, મૂકિ ચંદનની ચેહમાં અંગ રે; દિધો દેવે દહન સઘલે મિલિજી રે, હા ધિગ ધિગ સંસાર વિરંગરે. વી૦ ૮૦.

ઢાલ ૮ રાગ વિરાગ

વંદેક્ષુ વેગે જઈ વીરા. ઈમ ગૌતમ ગહગહતા; મારગે આવતાં સાંભલિઉં, વીર મુગતિ માંહે પોહતારે; જિનજી તું. નિસનેહી મોટો, અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં કિધો ખોટોરે. જીનજી૦ ૮૧ હે હે વીર કર્યો અણઘટતો, મુજ મોકલિઓ ગામે; અંતકાલે બેઠા તુજ પાસે, હું સ્યે નાવત કામરે. જી૦ ૮૨ ચૌદ સહસ મુજ સરિખા તાહરે તુજ સરિખો મુજ તુંહિ; વિશવાસી વીરે છેતરીઓ, તે સ્યા અવગુણ મુંહિરે. જી૦ ૮૩ કો કેહને છેહડે નવિ વલગે,

જો મિલતો હોએ સબલો; મિલતાસ્યું જેણે ચિત્ત ચોર્યો, તે તિણે કર્યો નિબલો રે. જી૦ ૮૪ નિહુરં હૈડા નેહ ન કિજે, નિસનેહી નર નિરખી; હૈડાં હેજે મિલે જિહાં હરખી તે પ્રીતલડિ સરીખિરે. જી૦ ૮૫ તેં મુઝને મનડો નવિ દીધો, મુજ મનડો તેં લીધો; આપ સવારથ સઘલો કીધો, મુગતિ જઇને સિદ્ધોરે. જી૦ ૮૬ આજ લગે તુજ મુજસું અંતર, સુપનંતર નવિ હુંતો; હૈડા હેજે હિયાલિ છંડી, મુજને મુકયો રોવતો રે. જી૦ ૮૭ કો કેહશું બહુ પ્રેમ ન કરસ્યો, પ્રેમ વિટંબણ વિરૂઇ; પ્રેમે પરવશ જે દુઃખ પામે, તે કથા ઘણું ગિરૂઇ રે. જી૦ ૮૮ નિસનેહી સુખિયા રહે સઘલે, સ સનેહી દુઃખ દેખે; તેલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષેરે જી૦ ૮૯ સમવસરણ કહિએં હવે હોસે, કહો કુંણ નયણે જોશે; દયા ધેનુ પુરી કુંણ દોહસ્યે, વૃષ દધિ કુણ વિલોસેરે. જી૦ ૯૦ ઈણ મારગે જે વાલ્હા જાવે, તે પાછા નવિ આવે; મુજ હૈડો દુઃખડે ન સમાએ, તે કહો કુણ સમાવેરે. જી૦ ૯૧ ઘો દરિસણ વીરા વા'લાને, જે દરિસણના તરસ્યારે; જો સુહણે કેવારે દેખસું. તો દુઃખ દૂરે કરેશું રે. જી૦ ૯૨ પુણ્ય કથા હવે કુણ કેલવશે, કુંણ વાલ્હા મેલવશે; મુજ મનડો હવે કુંણ ખેલવશે, કુમતિ જિમ તિમ લવસેરે જી૦ ૯૩ કુણ પુછયાનો ઉત્તર દેશે, કુંણ સંદેહ ભાંજશે; સંઘ કમળ વન કિમ વિકસસે, હું છદ્મસ્થા વેસેરે. જી૦ ૯૪ હું પરાપુરવસું અજાણ, મેં જિન વાત ન જાણિ; મોહ કરે સવિ જગ અનાણી, એહવી

જીનજીની વાણીને. જી૦ ૯૫ એહવે જિન વયણે મન વાપ્યો, મોહ સબલ બલ કાપ્યો; ઈણ ભાવે કેવલ સુખ આપ્યો, ઇંદ્રે જિનપદ થાપ્યોરે. જી૦ ૯૬ ઇંદ્રે જુહારયા ભટ્ટારક; જુહાર ભટ્ટારક તેણે; પર્વ પન્હોતું જગમાં વાપ્યું, તે કિજે સવિ કેણેરે. જી૦ ૯૭ રાજા નંદિવર્દ્ધન નુતરીઓ, ભાઈ બહિનર બીજે; તે ભાવડ બીજ હુઈ જગ સઘળે, બેહેન બહુપરે કિજે રે. જી૦ ૯૮.

ઢાળ ૯. (વિવાહલાની)

પહિરીએ નવરંગ ફાલડીએ, માંડિ મૃગમદ કેસર ભાલડીએ; ઝબ ઝબકે શ્રવણે ઝાલડીએ, કરિ કંઠે મુગતાફલ માલડીએ. ૯૯. ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયમ ગુણ જપમાલડીએ; પહોતલો પરવ દીવાલડીએ, રમે રસ ભર રામત બાલડીએ. ૧૦૦. શોક સંતાપ સવિ કાપીઓએ, ઇંદ્રે ગોયમ વીરપદે થાપીઓએ; નારી કહે સાંભલ કંતડાએ, જપો ગોયમ નામ એકંતડાએ. ૧૦૧ લ્યો લખ લાભ લખેશરી એ, ઘો મંગલ કોડી કોડેશરી એ; જાપ જપો થઈ સુતપેસરી એ, જીમ પામીએ ઋદ્ધિ પરમેસરીએ. ૧૦૨. લહિએં દિવાલડી દાડલો એ, એ તો પુણ્યનો ટબકો ટાલુ-ઓએ; સુકૃત સિરિ દૃઢ કરો પાલડીએ, જિમ ઘર હોય નિત્ય દિવાલડીએ. ૧૦૩.

ઢાળ ૧૦.

હવે મુનિ સુવ્રત સીસોરે, જેહની સબલ જગીસો; તે ગુરૂ ગજપુરે આવ્યા રે, વાદી સવિ હાર મનાવ્યા. ૧.

ચાવસ ચઉમાસું રહિયારે, ભવિયણ હઈડે ગહગહીઆરે; નવમો ચક્રવર્તિ પદ્મરે, જસુ હિયડે નવિ છદ્મ. ૨. નમુંચિ તસ નામે પ્રધાનરે, રાજા દિયે બહુ માન; તિણે તિહાં રિઝવી રાયરે માગી મોટો પસાય. ૩. લીધો ષટ ખંડ રાજરે, સાત દિવસ માંડિ આજ; પૂર્વે મુનિસું વિરોધ્યો રે તે કિણે નવિ પ્રતિબોધ્યો. ૪. તે મુનિ સું કહે બંડારે, મુઝ ધરતિ સવિ છંડો; વિનવિઓ મુનિ મોટો રે, નવિ માને કર્મે બોટો. ૫. સાઠસયાં વર્ષ તપ તપિએ રે, જે જિન કિરીયાનો બપીઓ; નામે વિષ્ણુકુમારરે, સયલ લબ્ધિનો ભંડાર. ૬. ઉઠ કમ ભૂમિ લેવારે, જોવા ભાઈની સેવા; લ્યું ત્રિપદિ ભૂમિ દાનરે, ભલે ભલે આવ્યા ભગવાન ૭. ઈણે વયણે ધડહડીઓરે, તેમુનિ બહુ કોપે ચઢિઓ; કિધો અદ્ભૂત રૂપરે, જોયણ લાખ સરૂપ. ૮. પ્રથમ ચરણ પૂર્વે દીધોરે, બીજે પશ્ચિમે કિધો; ત્રિજે તસ પુંઠે થાપ્યો રે, નમુંચિ પાતાલે ચાપ્યો. થરહરીઓ ત્રિભૂવનરે, બલભલિઓ સવિ જન; સલસલિઓ સુર ઇન્દ્રરે, પડયો નવિ સાંભલિએ કન્ન. ૧૦. એ ઉત્પાત અત્યંતરે, દૂરિ કરો ભગવંત; હૈ હૈ લ્યું હવે થાશે રે, બોલે બહુ એક સાસે. ૧૧ કરણે કિન્નર દેવા રે, કડુઆ ક્રોધ સમેવા; મધુર મધુર ગાએ ગીતરે, બે કર જોડી વિનીત ૧૨. વિનય થકી વેગે વલિઓરે, એ જિન શાસન બલિઓ; દાનવ દેવે બમાવ્યો રે, નરનારીએ વધાવ્યો. ૧૩. ગાવલડી ભેંસ ભડકી રે, જે દેખી દૂરે તડકી રે; તે જતને ગ્રહિ છે રે, આરતિ ઉતારી

મેરઈ એ રે. ૧૪. નવલે અવતારે આવ્યા રે, જીવિત ફલ લહિ ફાવ્યા; શેવ સુંહાલી કંસાર રે, ફલ લ્યૂં નવે અવતાર રે. ૧૫ છગણુ તણેા ઘરબાર રે, નમૃંચિ લખ્યું ઘર નારે; તે જીમ જીમ ખેરૂ થાય રે; તિમ તિમ દુખ દૂરે જાય રે. ૧૬ મંદિર મંડાણુ માંડયા રે, દાલિદ્ર દુઃખ દુરે છાંડયા; કાર્તિ વદિ પડવે પરવેરે, ઈમ એ આદરીએા સર્વે. ૧૭ પુણ્યે નરભવ પામિ રે, ધર્મ પુન્ય કરેા નિરધામી; પુન્યે ઋદ્ધિ રસાલિ રે, નિત નિત પુન્યે દિવાલી. ૧૮.

કલશ

જિન તું નિરંજણુ સજલ રંજણુ, દુખ ભંજણુ દેવતા; ઘો સુખ સામિ મુગતિ ગામિ, વીર તુઝ પાયે સેવતા; તપ ગચ્છ ગયણુ દિણુંદ દહ દિસે, દીપતેા જગ જાણિએ; શ્રી હીરવિજય સુરિંદ સહગુરુ, તાસ પાટ વખાણીયે. ૧૯ શ્રી વિજયસેન સુરીસ સહ ગુરુ વિજયદેવ સૂરિસરૂ; જે જપે અહનિશ નામ જેહનેા, વર્ધમાન જિણેશ્વરૂ નિર્વાણુ સ્તવન મહિમા ભવન, વીર જિનનેા જે ભણે; તે લહે લિલાલબ્ધિ લચ્છી, શ્રી ગુણ હર્ષ વધામણે.

ઈતિ શ્રી વીર નિર્વાણ મહિમા
દીપાવિકા સંપૂર્ણ.

શ્રી વીર સ્તવન

વીર હમણે આવે છે મારે મંદિરીએ, મંદિરીએરે વીર મંદિરીએ. વી૦ પાયે પડીને—નેતેા ગેાદ બિછાઉ,

નિત નિત વીનતડી કરીએ. વી૦ ૧ સજન કુટુંબ પુત્રાદીકને હરખે ઈણિ પેરે ઉચ્ચરિએ. વી૦ ૨ જબ પ્રભુ આંગણે વીર પધારે, તવ વચ્છ સનમુખ ડગ ભરીએ. વી૦ ૩ સયણા સુણાને ભવિયણ પડિલાભિજે, તો ભવસાયર તરીએ. વી૦ ૪ અપ્રતિબંધપણે મહાવીરજી, ઘર ઘર ભીક્ષાને ફરીએ. વી૦ ૫ અભિનવ શેઠ તણે ઘેર પારણું, કિધું ફરતાં ગોચરીએ. વી૦ ૬ ઈમ ભાવના કરતાં શ્રવણે સુણી, દેવ દુંદુભી રે ચિત્ત ભરીએ. વી૦ ૭ બારમા કલ્પે જિરણ આયુ બાંધ્યું, વીર જિનને ઉત્તમ ચિત્ત ધરીએ. વી૦ ૮ તસપદ પદ્મની સેવા કરતાં, સેજે શિવ સુંદરી વરીએરે. વી૦ ૯.

॥ ઇતિ વીર સ્તવનમ્ ॥

શ્રી પ્રભંજનાની સજ્ઝાય

ઢાળ પહેલી. (દેશી નાટકીયાની)

ગિરિ વૈતાઢ્યની ઉપરે, ચક્રાંકા નયીરે; લેા અહેા ચક્રાં ચક્રાયુધ રાજા તિહાં, જીત્યા સવિ વયરી રે લેા. અહેા. ૧. મદનલતા તસ સુંદરી, ગુણશીલ અચંભેારે, લેા, અહેા, પુત્રી તાસ પ્રભંજના, રૂપે રતિ રંભા રે લેા, અહેા. ૨. વિદ્યાધર ભૂચર સૂતા, બહુ મલી એક પંતે રે લેા, અહેા, રાધા વેધ મંડાવિયેા, વર વરવા ખંતે રે લેા, અહે.. ૩. કન્યા એક હજારથી, પ્રભંજના ચાલી રે લેા; અહેા. આર્ય-ખંડમાં આવતાં વનખણ્ડ વિચાલી રે લેા અહેા. ૪. નિર્ગંથી

સુપ્રતિષ્ઠિતા, બહુ ગુણણી સંગે રે લેા; અહેા, સાધુ વિહારે વિચિરતા, વંદે મન રંગે રે લેા અહેા. ૫. આર્યા પૂછે એવડેા ઉમાયેા સ્યેા છે રે લેા; અહેા, વિનયે કન્યા વિનવે, વર વરવા ઇચ્છે રે લેા. અહેા. ૬. એ સ્યેા હિત જાણેા તુમે, એહથી નવી સિદ્ધિરે લેા; અહેા. વિષય હલાહલ જિહાં શી અમૃત બુદ્ધિ રે લેા. અહેા. ૭. ભેાગ સંગ કારમા કહ્યા, જિનરાજ સદાઇ રે લેા, અહેા, રાગદ્વેષ સંગે વધે, ભવ ભ્રમણ સદાઈ રે લેા. અહેા. ૮. રાજસુતા કહે સાચએ જે ભાખેા વાણી રે લેા; અહેા, પણ એ ભૂલ અનાદિની, કેમ જાએ છંડાણી રે લેા. અહેા. ૯. જેહ તજે તે ધન્ય છે, સેવક જિનજીના રે લેા; અહેા, અમે જડ પુદ્ગલ રસ રમ્યા, મેાહે લયલાના રે લેા. અહેા. ૧૦. અધ્યાતમ રસ પાનથી, ભીના મુનિરાયા રે લેા, અહેા. તે પર પરિણતિ રતિ તજી, નિજ તત્વ સમાયા રે લેા અહેા. ૧૧. અમને પણ કરવેા ઘટે, કારણ સંયેાગે રે લેા, અહેા. પણ ચેતનતા પરિણમે, જડ પુદ્ગલ ભેાગે રે લેા. અહેા. ૧૨. અવર કન્યા પણ ઉચ્ચરે ચિંતિત હવે કીજે રે લેા, અહેા. પછી પરમ પદ સાધવા ઉદ્યમ સાધી જે રે લેા. અહેા. ૧૩. પ્રભાંજના કહે હે સખી, એ કાયર પ્રાણી રે લેા. અહેા, ધર્મ પ્રથમ કરવેા સદા, દેવચંદ્રની વાણી રે લેા. અહેા. ૧૪.

ઢાળ ૨ (રાગ સારંગ હેા ધન્ના એ દેશી)

કહે સાહુણી સુણ કન્યકા રે ધન્યા, એ સંસાર કલેશ;

જે હિતકારી ગણે રે ધન્યા, તે મિથ્યા આવેશ રે, સુજ્ઞાની કન્યા સભલ હિત ઉપદેશ; જગ હિતકારી જિનેશ છે રે કન્યા૦ કીજે તસુ આદેશ રે સુજ્ઞા૦ સાં ૧. ખ-ડીને જે ધોયવું રે, કન્યા૦ તેહન શિષ્ટાચાર; રત્નત્રયી સાધન કરો રે કન્યા૦ મોહાધીનતા વાર રે સુ૦ સાં ૨. જેહ પુરૂષ વરવા તણી રે કન્યા૦ ઈચ્છે છે તે જીવ; રયો સંબંધપણે ભણે રે કન્યા ધારી કાલ સદૈવ રે સુ૦ સાં ૩. તવ પ્રભં-જના ચિંતવે રે અપ્પા૦ તું છે અનાદિ અનંત; તે પણ મુજ સત્તા સમો રે અ૦ સહજ અકૃત મહંત રે સુ૦ સાં ૪. ભવ ભમતાં સવી જીવથી રે અ૦ પામ્યા સર્વ સંબંધ માતપિતા ભ્રાતા સુતા રે, અ૦ પુત્રવધુ પ્રતિબંધ રે. સુ૦ સાં ૫. રયો સંબંધ ઈહાં કહું રે, અ૦ શત્રુ મિત્ર પણ થાય; મિત્ર શત્રુતા વળી લહે રે, અ૦ એમ સંસરણ સ્વભાવ રે. સુ૦ સાં ૬. સત્તા સમ સવિજીવ છે રે, અ૦ જોતા વસ્તુ સ્વભાવ; એ મ્હારો એહ પારકોરે, અ૦ સવિ આરોપિત ભાવ રે સુ૦ સાં ૭. ગુણી આગળ એહવું રે અ૦ જુઠું કેમ કહેવાય; સ્વપર વિવેચન કીજતા રે અ૦ માહરો કોઈના થાય રે સુ૦ સાં ૮ ભોગ્યપણું પણ ભૂલથી રે, અ૦ મારે પુદ્ગલ બંધ; હું ભોગી નિજ ભાવનો રે, અ૦ પરથી નહિ પ્રતિબંધ રે સુ૦ સાં. ૯. સમ્યક જ્ઞાને વહેંચતા રે, અ૦ હું અમુહૂર્ત ચિદ્રૂપ, કરતા ભોક્તા તત્વનો રે , અ૦ અક્ષય અક્રિય રૂપ રે, સુ૦ સાં. ૧૦ સર્વ વિભાગ થકી જુદો રે, અ૦ નિશ્ચય નિજ અનુભૂત

પુણ્યાનંદી પરમ એહ રે, અ૦ નહિ પર પરિણતિ રીત રે સુ૦ સાં. ૧૧. સિદ્ધ સમો એ સંગ્રહે રે, અ૦ પર રંગે પલટાય; સંગાગી ભાવે કરી રે અ૦ અશુદ્ધ વિભાવ અપાય રે સુ૦ સાં. ૧૨. શુદ્ધ નિશ્ચય નયે કરી રે, અ૦ આતમ ભાવ અનંત; તેહ અશુદ્ધ નયે કરી રે, અ૦ દુષ્ટ વિભાવ મહંત રે સુ૦ સાં. ૧૩ દ્રવ્યકર્મ કર્તા થયો રે, અ૦ નય અશુદ્ધ વ્યવહાર; તેહ નિવારે સ્વપદે રે, અ૦ રમતા શુદ્ધ વ્યવહાર રે, સુ૦ સાં. ૧૪ વ્યવહારે સમરે થકી રે અ૦ સમરે નિશ્ચય આચાર; પ્રવૃત્તિ સમારે વિકલ્પને રે, અ૦ તે સ્થિર પરિણતિ સાર રે. સુ૦ સાં. ૧૫. પુદ્ગલને પર જીવથી રે અ૦ કાંઈ ભેદ વિજ્ઞાન, બાધકતા દૂરે ટલી રે અ૦ હવે કોણ રોકે ધ્યાન રે સુ૦ સા. ૧૬. આલંબન ભાવન વસે રે અ. ધર્મ ધ્યાન પ્રગટાય દેવચંદ્ર પદ સાધવા રે, અ, એહજ શુદ્ધ ઉપાય રે સુ૦ સાં ૧૭.

ઢાળ ૩. (રાગ ધન્યાશ્રી)

આયો આયો રે, અનુભવ આતમ આયો; શુદ્ધ નિમિત્ત આ લંબન ભજતાં, આતમા લંબન પાયો રે આ ॥૧॥ આતમ ક્ષેત્રે ગુણ પર્યાય વિધિ તિહાં ઉપયોગ રમાયો. પર પરિણતિ પર રીતે જાણી, તાસ વિકલ્પ સમાયો રે આ૦ ॥૨॥ પૃથકૃત્વ વિતર્ક શુકલ આરોહી, ગુણ ગુણી એક સમાયો; પરદ્રવ્ય દ્રવ્ય વતર્ક એકતા, દુર ધર મોહ ખપાયો રે આ૦ ॥૩॥ અનંતાનું બંધી સુભટને કાઢી, દર્શન મોહ

ગમાયેા; તિરિગતિ હેતુ પ્રકૃતિ ક્ષય કીધી, થયેા આતમ રસ રાયેા રે. આ૦ ॥૪॥ દ્વિતીય તૃતિય ચેાકડી ખપાવી વેદ યુગલ ક્ષય થાયેા; હાસ્યાદિક સત્તાથી ધ્વંસી, ઉદય વેદ મિટાયેા રે આ૦ ॥૫॥ થઈ અવેદી ને અવિકારી, હણ્યેા સંજ્વલનેા કષાયેા; માર્યો મેાહ ચરણ ક્ષાયક કરી, પૂરણ સમતા સમાયેા રે. આ૦ ॥૬॥ ઘનઘાતિ ત્રિક ચેાધા લડીયા, ધ્યાન એકત્વને ધ્યાયેા; જ્ઞાનાવરણાદિક ભટ પડિયા જીત નિશાન ધૂનાયેા રે આ૦ ॥૭॥ કેવલજ્ઞાન દર્શન ગુણ પ્રગટયા; મહારાજ પદ પાયેા; શેષ અઘાતિ કર્મ ક્ષીણ દલ ઉદય અબાધ દિખાયેા રે. આ૦ ॥૮॥ સયેાગી કેવલી થયા પ્રભંજના, લેાકાલેાક જણાયેા; ત્રણ કાલની ત્રિવિધ વર્તના એક સમયે ઉલખાયેા રે ॥૯॥ સર્વ સાધવીએ વંદના કીધી, ગુણી વિનય ઉપજાયેા, દેવ દેવી તવ સ્તવે ગુણ સ્તુતિ, જગજય પડહ વજાયેા રે, આ૦ ॥૧૦॥ સહસ કન્યકાને દીક્ષા દીધી આશ્રય સર્વ તજાયે; જગ ઉપકારી દેશ વિહારી શુદ્ધ ધર્મ દીપાયેા રે. આ૦ ॥૧૧॥ કારણ યેાગે કારજ સાધે, તેહ ચતુર ગાઇજે; આત્મ સાધન નિર્મલ સાધે પરમાનંદ પઈ જે રે આ૦ ॥૧૨॥ એહ અધિકાર કહ્યો ગુણ રાગે, વૈરાગે મન ભાવી; વસુદેવહિંડી તણે અનુસારે, મુનિ ગુણ ભાવના ભાવી રે આ૦ ॥૧૩॥ મુનિગુણ થુણતાં ભાવ વિશુદ્ધે, ભવ વિચ્છેદન થાવે; પૂર્ણાનંદ ઇહાંથી ઉલસે સાધન શક્તિ જમાવે રે આ૦ ॥૧૪॥ મુનિ ગુણ ગાવેા ભાવેા ભાવના, ધ્યાવેા સહજ સમાધિ; રત્નત્રયી એકત્વે

ખેલેા, મેલી અનાદિ ઉપાધિ રે આ૦ ॥૧૫॥ રાજ સાગર પાઠક ઉપકારી, જ્ઞાનધર્મ દાતારી, દીપચંદ્ર પાઠક ખરતર વર, દેવચંદ્ર સુખ કારી રે, આ૦ ॥૧૬॥ નયર લીંબડી માંહે રહીને; વાચંયમ સ્તુતિ ગાઈ; આત્મરસિક શ્રોતાજન મનને, સાધન રૂચિઉપનાઈ રે આ ॥૧૭॥ એમ ઉત્તમ ગુણ માલા ગાવેા, પાવેા હર્ષ વધાઈ, જૈન ધર્મ માર્ગ રૂચિ કરતાં, મંગલ લીલા સવાઇ રે. આ૦ ॥૧૯॥

શ્રી દશારણ ભદ્રની સજ્ઝાય

(ભેખ રે ઉતારેા રાજા ભરથરી—એ રાગ)

વીર જીણુંદ સમેાસર્યા, દશન પુરે મુનિ રાય રે; સુરનર ઇંદ્ર સેવા કરે. હર્ષ ધરી મુનિ ભાય રે. ૧ દશા રણભદ્ર રાજા ચિંતવે, આણી મન અભિમાન રે; કિણે ન વાંદ્યાં તિમ હું વાંદશું, માહરેા જનમ કરીશ પરમાણ રે. ૨. દશારણ ભદ્ર રાજા ચિંતવે આંકડી ચતુરંગ સૈન્યશું પરિવર્યો, સાથે સવિ પરિવાર રે; ત્રિભુવન તૃણ સમ માનતેા વીર વંદીયા હર્ષ અપાર રે. દશા૦ ૩ સેાહમપતિ અવધિયે કરી, જાણ્યેા અતિ અભિમાન રે; ઈન્દ્ર ઐરાવણ આવિયા દીપતા મેરૂ સમાન રે. દશા૦ ૪ પંચસય બારમુખ શેાભતા, મુખ મુખ આઠ આઠ દંત રે; દંત દંત આઠ આઠ વાવડી, વાવ્યે વાવ્યે કમળ હુંત રે. દશા૦ ૫ કમળ કમળ લાખ પંખડી, પત્રે પત્રે નાટક હેાય રે; પદમ પદમ વિચ કરણીકા તિંહા જીનમંદીર જોય રે. દશા૦ ૬ ઇન્દ્ર ઇન્દ્રાણી

આઠશું, પૂજે જીનબિંબ ભાવ રે; ચોસઠ સહસ ગજ એહવા, આવ્યા વંદવા જીન સુરરાય રે. દશા૦ ૭ ઈન્દ્ર દેખી ભૂપ ઈમ ભણે માન જીપવા કર્યો ઉપાય રે; સિંહ શીયાલ ન હોય સહી, લઈ સંયમ લગાડું પાય રે. દશા૦ ૮ દાને શ્રી શાંતિ જીનેશ્વરૂ, માને શ્રી દશારણ ભદ્ર રે; ભોગે શ્રી શાલીભદ્ર ગુણનીલો, શાલે શ્રી સ્થૂલિભદ્ર રે દશા૦ ૯ તપ બલે કર્મ ક્ષય કરી; પામિયો મુક્તિ નિસ્તંદ્ર રે; આચાર્ય શિવચંદ્ર પાય નમિ, વિનવે મુનિ રામચંદ્ર રે. દશારણ ભદ્ર રાજા ચિંતવે. ૧૦.

નવકારની સજ્ઝાય

(જેમ તરૂ પાકું પાંડદું–એ દેશી)

લવણ સમુદ્ર સરોવરૂ રે, સરોજિત જંબુદ્વીપ; આઠ દિશિ છે પાંખડી રે. મધ્ય મેરૂ સ્વરૂપ. ભવિયણ ૧ કમળ રચો મનોહાર ધ્યાન ધરો નવકારનું રે. જેમ પામો ભવપાર. ભવિયણ ૧ અરિહંત સમરો ઉજળો રે, મધ્ય ભવને સુપ્રસિદ્ધ પૂરવ દિશિના પાંખડી રે. સિદ્ધ રક્તો ફરલિદ્ધ ભવિ૦ ૨ દક્ષિણ દિશિની પાંખડી રે, આચારજ સોવન વન્ન, નીલવર્ણ ઉવજ્ઝાયનો રે, પછિમ સમરો ધન્ન ભવિ૦ ૩ શ્યામ વર્ણ સોહામણા રે, લબ્ધિવંત અણગાર; ઉત્તર દિશિની પાંખડી રે, જે તરીયા સંસાર ભવિ૦ ૪ એસો પંચ નમુક્કારનો રે, અગ્નિ ખુણે સ્વરૂપ સવ્વ પાવપ્પણા સણો રે, નૈરૂત ખૂણે નિરૂપ ભવિ૦ ૫ મંગલાણંચ સવ્વેસિં રે,

વાયવ્ય ખૂણે વિશાલ પદમ હવઈતિ મંગલં રે, ચિંતે ઈશાણે રસાલ ભવિ૦ ૬ ષષ્ટિ ગુણો ભાવે કરી રે, મન નિર્મળ નવકાર, ભવ પાતક જપતાં હરે રે, એ ચૌદ પુરવ સાર. ભવિ૦ ૭ શ્રી હર્ષચંદ્ર હરખે કહે રે શ્રી પાર્શ્વચંદ્ર સૂરિ શિષ ઈણિ ધ્યાને સિદ્ધિ રમણિ વરો રે જેમ પામો ઉદય સુજગીશ ભવિ૦ ૮.

ગુરૂવિનયકી સજ્ઝાય

જે મનમીન વર્તે ન્યારા, તે સાચા શિષ્ય હમારા, ગુરૂની વાણી મીઠી જાણી. જાણી અંતર માંહિ ઉતારે, ગુરૂના ગુણ ગાવામેં, ભક્તિ કયું ન ભુલે કયારે. જે૦ (૧) કડવી શિક્ષા લાગે પ્યારી, કદી ન સામો બોલે; પ્રાણ પડે પણ કરે ન નિંદા, દુષણ કદી હીન બોલે. જે૦ (૨) શેવા સાચી નિશદિન સારે, ગુરૂ પ્રભુ સમધારે; ભમે નહિ ભરમાયો કયારે, નિન્દક જનને વારે. જે૦ (૩) સાનવડે સમજાયું સમજે, મન કપટને ત્યાગે; ગુરૂના મન પ્રમાણે વર્તે, લળી લળી પાય લાગે જે૦ (૪) પરમ પ્રેમથી વિનય કરીને, ભણતો તત્વ વિચારે; સાચા મનથી ગુરૂની શ્રદ્ધા, સમતાની છે કયારે. જે૦ (૫) રીસાતો નહિ ગુરૂની આગે, સામો કદી હિન થાનો; લજાલુ ગંભીર મનનો, આડો નહિ અથડાતો જે૦ (૬) ગુરૂને વંદે કદી ન નિંદે, સ્વાર્થ ત્યાગ બહુ રાગી; એક ટેકથી માને, નિશદિન અંદર માહી જાગી.

જે૦ (૭) મન વચ કાયાથી ગુરૂની, સેવા માંહી મેવા; તત્વ વાતને પૂજે, પ્રેમેધર્માચાર જ દેવા. જે૦ (૮) સમકિત દાયક સદગુરૂ, જાણી જગમાહિ ઉપગારી; પ્રેમે વંદુ પાય પડીને, તારી છે બલીહારી. જે૦ (૯) શુદ્ધ ભાવના એવી લાવી, કરીને ગુરૂનેા શરણેા; ગુરૂ ગમથી સહુ જ્ઞાન ગ્રહે છે, સમામૃતની જરણેા. (૧૦) લધુના મનમાં લાવી, સેવેા ગુરૂ ગીતારથ જ્ઞાની; બુદ્ધિ સાગર સાચુ માની, શિષ્યાની એહ નિશાની. જે૦ (૧૧)

શ્રીસરસ્વતી-શ્રુતદેવી સ્તુતિઃ-

[અનુષ્ટુપ્ શ્લોક-અનુષ્ઠાન]

શ્વેતપદ્માસના દેવી, શ્વેતપદ્મોપશોભિતા.
શ્વેતામ્બરધરા દેવી, શ્વેતગન્ધાનુલેપનાઃ
અર્ચિતામુનિભિઃસર્વૈ-ઋંષિભિઃસ્તૂયતે સદા,
એવં ધ્યાત્વા સદા દેવીં, વાંછિતં લભતે નરઃ ॥૧॥

શ્રી સદ્ગુરુ સ્તુતઃ-

(માલિની છંદ)

ઉદયદ્રિપ્રચિંદ્રાઃ સદ્વચોંડભોધિચંદ્રાઃ
સુકૃતકુમુદચંદ્રા ધ્વાંતવિધ્વંસચંદ્રાઃ
કુમતનલિનચંદ્રાઃ કીર્તિવિખ્યાતચંદ્રાઃ
પ્રમદજનનચંદ્રાઃ શ્રેયસે પાર્શ્વચંદ્રાઃ
શ્રેયસે ભ્રાતૃચંદ્રાઃ ॥૧॥

(સ્રગ્ધરાવૃત્તમ્)

શ્રીમદ્વિદ્યાવતંસાઃ શમદમસહિતા બાલભાવાદ્વિરક્તા,
જ્ઞાનાભ્યાસે પ્રવૃત્તા નિખિલજનમનોહર્ષદાઃસ્વર્ગુણૌઘૈઃ
અન્યથા નાન્યવાકયા દલિતમદબલા ભ્રાતૃચંદ્રાભિધાના,-
ઓ તીર્ણમોહા નિરુપમચરિતાઃ સૂરિરાજા જયન્તુ ॥૨॥